Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ભગવાન શ્રી કુન્દકુન્દ-કહાન જૈન શાસ્ત્રમાલા પુષ્પ-૬૮

# શ્રી

# જૈનસિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા

## (ભાગ ૧-૨)

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates


| | | | |
|---|---|---|---|
| પ્રથમાવૃત્તિ | વી. સં. | ૨૪૮૨ | પ્રત-૨૨૦૦ |
| દ્વિતીયાવૃત્તિ | વી. સં. | ૨૪૮૬ | પ્રત-૨૨૦૦ |
| તૃતિયાવૃત્તિ | વી. સં. | ૨૪૯૫ | પ્રત-૧૧૦૦ |
| ચતુર્થાવૃત્તિ | વી. સં. | ૨૫૦૧ | પ્રત-૧૧૦૦ |
| પંચમાવૃત્તિ | વી. સં. | ૨૫૦૩ | પ્રત-૨૧૦૦ |
| છઠ્ઠી આવૃતિ | વી. સં. | ૨૫૧૬ | પ્રત-૧૦૦૦ |
| સાતમી આવૃતિ | વી. સં. | ૨૫૦૪ | પ્રત-૨૧૦૦ |
| આઠમી આવૃતિ | વી. સં. | ૨૫૨૨ | પ્રત-૨૦૦૦ |
| નવમી આવૃતિ | વી. સં. | ૨૫૫૪ | પ્રત-૩૦૦૦ |

મૂલ્ય રૂા. ૨૫/-

❖ ટાઈપ સેટીંગ ❖

ઋષભ કોમ્પ્યુટર્સ, રાજકોટ

❖ મુદ્રક ❖

કોમ્પ્યુ આર્ટ

૫૨૧, સ્ટાર ચેમ્બર્સ, હરીહર ચોક,

રાજકોટ - ૩૬૦ ૦૦૧.

ફોન : ૨૩૯૩૯૬, ૨૯૪૩૧૯


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated in memory of Monghiben Ladhabhai Shah by Manjula Madhusudan Shah who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Jain Siddhant PrashnottarMala is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | 26 April 2007 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

नमः श्रीसद्गुरुदेवाय ।

# *પ્રકાશકીય નિવેદન*

અધ્યાત્મવિદ્યાની ગંગોત્રી, સ્વાત્માનુભવી સત, પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ યુગમાં અધ્યાત્મની ગંગા વહેવડાવી છે; અને સ્વાત્માનુભવી સંત પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેને પોતાની અનુભવવાણી દ્વારા આ અધ્યાત્મ-ગંગાના નીરની નિર્મળતાને અચળ રાખેલ છે.

તે અધ્યાત્મવિદ્યાને આબાળગોપાળ સૌ સારી રીતે સમજી શકે તે હેતુએ વસ્તુસ્વરૂપ, મોક્ષમાર્ગ વગેરે સમજાવનારા પાયાના સિદ્ધાન્તોને પ્રશ્નોત્તરરૂપે મૂકતાં વસ્તુસ્પષ્ટતા સહજ થઈ શકે; આથી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે આ "શ્રી જૈન સિદ્ધાન્તપ્રશ્નોતરમાળા" છપાવેલ.

આ પુસ્તક ઘણા સમયથી અપ્રાપ્ય હોવાથી, અને શિક્ષણવર્ગ વગેરેમાં ઉપયોગી હોઈ અગાઉની આવૃત્તિ પ્રમાણે ફરીથી ટ્રસ્ટ તરફથી છપાવવામાં આવે છે.

આ પુસ્તક દ્વારા અધ્યાત્મવિદ્યાના પાયારૂપ પ્રયોજનભૂત સિદ્ધાન્તો બરાબર સમજી, મુમુક્ષુ જીવ મોક્ષમાર્ગમાં આગળ વધે એ જ ભાવના.

પ્રકાશનસમિતિ
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ભાગ - ૧

## મુખ્ય વિષયો


| અધિકાર | પૃષ્ઠ |
|---|---|
| પ્રકરણ ૧. દ્રવ્ય | ૨ |
| પ્રકરણ ૨. ગુણ | ૨૮ |
| પ્રકરણ ૩. પર્યાય | ૭૩ |
| પ્રકરણ ૪. અભાવ | ૧૧૫ |
| પ્રકરણ ૫. કર્તા-કર્માદિ છ કારક | ૧૨૫ |
| પ્રકરણ ૬. ઉપાદાન-નિમિત્ત તથા નિમિત્ત-નૈમિત્તિક | ૧૬૦ |

# પ્રસ્તાવના

વિક્રમ સંવત ૨૦૧૦ ના શ્રાવણ માસમાં પ્રૌઢ જૈન શિક્ષણ-વર્ગ ચાલ્યો હતો. તે સમયે અભ્યાસમાં શ્રી લઘુ જૈનસિદ્ધાંત પ્રવેશિકા અને શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકનો નવમો અધિકાર જૈન ધાર્મિક શિક્ષણ તરીકે ચલાવવામાં આવ્યા હતા.

વર્ગમાં જે વિષયોનો અભ્યાસ કરવામાં આવતો હતો તેને લગતા અનેક પ્રશ્નો પાઠશાળાના અધ્યાપક શ્રી હીરાચંદભાઈએ અભ્યાસીઓને લખાવ્યા હતા; તેમ જ વિદ્યાર્થીઓએ પ્રશ્નો તૈયાર કર્યા હતા. શિક્ષણવર્ગ પૂરો થવા વખતે અભ્યાસીઓનો વિચાર આ પ્રશ્નોને વ્યવસ્થિતપણે સંકલિત કરી પુસ્તકરૂપે છપાવી પ્રસિદ્ધ કરવાનો થયેલ હતો અને તેના ફળરૂપે આજે આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે.

આ પુસ્તકમાં ખાસ ઉપયોગી પ્રશ્નો અને તેના અનુસંધાનમાં જે જે નવા ઉપયોગી પ્રશ્નો ઉદ્ભવ્યા તે સર્વનો ઉત્તર સહિત સમાવેશ કરવામાં આવેલ છે. વળી તે સર્વ પ્રશ્નોને અધિકાર પ્રમાણે વર્ગીકરણ કરી માળારૂપે ગૂંથી 'શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા' નામ આપી આજે પ્રસિદ્ધ કરીએ છીએ. આ માળામાં પ્રાથમિક અભ્યાસીને મુખ્યપણે તત્ત્વના જિજ્ઞાસુને, અભ્યાસ માટે જે જે વિષયો બહુ ઉપયોગી હોય તે સર્વ, દ્રવ્ય-ગુણ-પર્યાય,

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, દ્રવ્યના સામાન્ય તથા વિશેષ ગુણો, અભાવ, કર્તા-કર્મ આદિ છ કારક, ઉપાદાન-નિમિત્ત નિમિત્ત-નૈમિત્તિક, નિશ્ચય-વ્યવહાર, સાત તત્ત્વો, નવ પદાર્થ પ્રમાણ-નય-નિક્ષેપ, અનેકાન્ત સ્યાદ્‌વાદ, મોક્ષમાર્ગ, ગુણસ્થાન, સર્વજ્ઞ વગેરે લેવામાં આવ્યા છે.

## ૧. શાસ્ત્રોના અર્થની રીતઃ-

હાલમાં મુખ્યપણે જૈનશાસ્ત્રોના અર્થો કરવા સંબંધમાં ઘણું અજ્ઞાન વર્તે છે. તેથી તે સંબંધી થોડી સ્પષ્ટતા કરવાની જરૂર છે. આની ચોખવટ શ્રી પ્રવચનસારની ગાથા ૨૬૮માં કરવામાં આવેલ છે તેમાં લખેલ અર્થ પૈકી આને લગતો ભાવ નીચે મુજબ છેઃ-

જેણે શબ્દબ્રહ્મનો અને તેના વાચ્યરૂપ સમસ્ત પદાર્થોનો નિશ્ચયનયથી નિર્ણય કર્યો હોય તે જીવ સંયત છે.

ઉપરોક્ત ટીકામાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે સ્પષ્ટ જણાવ્યું છે કે શાસ્ત્રમાં નિશ્ચયનયનું કથન હોય કે વ્યવહારનયનું કથન હોય-તે સર્વમાં નિશ્ચયનયાનુસાર જ અર્થો કરવા.

વ્યવહારનય સત્ય સ્વરૂપને નિરૂપતો નથી. પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે, તે સંયોગ, નિમિત્ત વગેરેનું જ્ઞાન કરાવવા માટે હોય છે. જો વ્યવહારનયના કથનનો અર્થ તેના શબ્દો પ્રમાણે જ

કરવામાં આવે તો નિશ્ચય અંને વ્યવહારના કથનો પરસ્પર વિરુદ્ધ હોવાથી વિરોધ ઉત્પન્ન થાય, પરન્તુ વીતરાગી કથનમાં કોઈ પણ સ્થળે વિરોધ હોઈ શકે જ નહિ, માટે તે વિરોધ મટાડવા વ્યવહારનયના કથનનો અર્થ એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ સમજવું. આ વિષય સંબંધી પં. શ્રી ટોડરમલજીએ શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથમાં નીચેના શબ્દોમાં સ્પષ્ટ કહ્યું છે:-

પ્રશ્નઃ- તો શું કરીએ ? (તો નયમાં શું સમજવું?)

ઉત્તરઃ- નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તે સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.

શ્રી સમયસાર ટીકામાં પણ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે એ જ કહ્યું છે કેઃ-

(શાર્દૂલવિક્રીડિત)

सर्वत्राध्यवसानमेवमखिलं, त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी, निष्कंपमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे, बध्नंति संतो धृतिम्।।७२।।

અર્થ :- સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે

તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.' તો પછી, આ સત્પુરુષો એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી ?

ભાવાર્થઃ– અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે, માટે નિશ્ચયને અંગીકાર કરી નિજમહિમારૂપ પ્રવર્તવું યુક્ત છે. વળી શ્રી કુંદકુંદાચાર્યદેવે શ્રી મોક્ષપ્રાભૃતમાં કહ્યું છે કે :–

जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणे कज्जे ।।३१।।

અર્થઃ– જે વ્યવહારમાં સૂતા છે તે યોગી પોતાના (આત્મધર્મરૂપ) કાર્યમાં જાગે છે તથા જે વ્યવહારમાં જાગે છે તે પોતાના કાર્યમાં સૂતા છે.

માટે વ્યવહારનયનું શ્રદ્ધાન છોડી નિશ્ચયનયનું શ્રદ્ધાન કરવું યોગ્ય છે. વ્યવહારનય, સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે, માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો, વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી

એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

પ્રશ્નઃ- જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ ?

ઉત્તરઃ- જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને 'એમ નથી, પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ જાણવું અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે. પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

પ્રશ્નઃ- જો વ્યવહારનય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો ? એક નિશ્ચયનયનું જ નિરૂપણ કરવું હતું ?

ઉત્તરઃ- એવો જ તર્ક શ્રી સમયસારમાં કર્યો છે; ત્યાં ઉત્તર આપ્યો છે કેઃ-

**जह णवि सक्कमणज्जो अणज्जभासं विणा उ गाहेउं ।**
**तह ववहारेण विणा परमत्थुवएसणमसक्कं ।।८।।**

અર્થઃ- જેમ કોઈ અનાર્ય-મ્લેચ્છને મ્લેચ્છ ભાષા

વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે, તેથી વ્યવહારનો ઉપદેશ છે.

વળી એ જ સૂત્રની વ્યાખ્યામાં કહ્યું છે કે-

एवं म्लेच्छस्थानीयत्वाज्जगतो व्यवहारनयोऽपि म्लेच्छ भाषास्थानीयत्वेन परमार्थप्रतिपादकत्वादुपन्यसनीय; अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः ।।

એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરાવવા માટે વ્યવહારવડે ઉપદેશ આપીએ છીએ, પણ વ્યવહારનય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

વળી શ્રી કુન્દકુન્દાચાર્ય રચિત શ્રી સમયસારની ટીકામાં શ્રી જયસેનાચાર્યે તથા યોગીન્દ્રદેવજી રચિત શ્રી પરમાત્મપ્રકાશની ટીકામાં શ્રી બ્રહ્મદેવજીએ શાસ્ત્રોના અર્થો કરવાની પદ્ધતિ દર્શાવી છે, જે આ પુસ્તક (ભાગ બીજો) ના ૨૮૪મા પૃષ્ઠ પર છે. તેમાં પણ દરેક પ્રસંગે જે નયનું કથન હોય તે નક્કી કરી યથાર્થ અર્થ કરવા.

## ૨. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વગેરે :-

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તે ખરેખર વ્યવહારનયનો વિષય છે તેથી તેનો અર્થ કરવામાં ખાસ કાળજી રાખવાની જરૂર છે, કેમકે નિમિત્તકારણ તે ખરું કારણ નથી માત્ર

તે આરોપિત કારણ છે. દરેક સમયે દરેક દ્રવ્યમાં અનાદિથી અનંતકાળ સુધી પર્યાય થયા કરે છે, અને પર્યાય તે કાર્ય છે. કાર્ય તો ખરેખર ઉપાદાનસદશ થાય છે, પણ તે વખતે જે પદાર્થ ઉપર, કારણ નહિ હોવા છતાં કારણપણાનો આરોપ આવે છે તેને નિમિત્ત કહેવામાં આવે છે; આ નિમિત્તસંબંધીનું જ્ઞાન કરવું આવશ્યક છે, પણ નિમિત્તને લીધે નૈમિત્તિકમાં કાંઈ પણ કાર્ય થાય છે તેમ માનવું તે નિમિત્તને નિમિત્ત નહિ માનતા ખરેખર ઉપાદાન માન્યા બરાબર થાય છે; વ્યવહારકારણ વ્યવહારરૂપે નહિ રહેતાં નિશ્ચયકારણ થઈ જાય છે. જીવ અનાદિથી વ્યવહારને નિશ્ચય માનતો આવ્યો છે, તેથી શાસ્ત્રાભ્યાસ કરતાં પણ જીવ જો વ્યવહારને નિશ્ચયરૂપ માનવાનો અર્થ કરે તો અનાદિથી થતી આવતી ભૂલ તેને ટળતી નથી.

નિમિત્ત વિના કાર્ય ન થાય તેવું કથન પણ વ્યવહારનું છે. એટલે કે એમ નથી. પણ દરેક કાર્ય વખતે ઉચિત નિમિત્ત ઉપસ્થિત હોય છે એમ બતાવવા માટે એવું કથન આવે છે, છતાં જો નિમિત્તની જરૂરિયાત ઉપાદાનને પડે છે અથવા તેની રાહ જોવી પડે છે અથવા તેની સહાયની જરૂર પડે છે અથવા નિમિત્તનો પ્રભાવ પડે છે કે નિમિત્ત વિના ઉપાદાનમાં ખરેખર કાર્ય થતું નથી-એમ માનવામાં આવે તો પર વિના સ્વમાં કાર્ય ન થાય એમ ઠરે. પણ દરેક દ્રવ્યનું કાર્ય પોતપોતાના છ કારકોથી

સ્વતંત્રપણે થાય છે. તેથી એમ નિર્ણય થાય છે કે કાર્ય થતી વખતે નિમિત્તની ઉપસ્થિતિ હોય છે એટલું જ્ઞાન કરાવવા માટે તે દર્શાવેલ હોય છે. નિમિત્તથી કાર્ય થયું એવાં કથન જૈન શાસ્ત્રોમાં આવે છે તેને પણ વ્યવહારનયનું કથન જ સમજવું. ત્યાં એવો અર્થ કરવો કે નિમિત્તથી નૈમિત્તિક કાર્ય થયું નથી પણ નૈમિત્તિકમાં સ્વતંત્રપણે કાર્ય થયું તે વખતે નિમિત્ત કોણ હતું તે બતાવવા માટે એ કથન કરેલ છે.

કોઈ એમ માને છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જીવના પર્યાય અને કર્મ વચ્ચે જ હોય. બીજા કોઈ વચ્ચે ન હોય પણ તે વાત બરાબર નથી. બીજાઓ વચ્ચે પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. માત્ર જ્યારે જ્યારે કારણો બતાવવા હોય ત્યારે ત્યારે ઉપાદાનકારણ અને નિમિત્તકારણ એમ કહેવામાં આવે છે અને બે પદાર્થો વચ્ચેના કારણ-કાર્ય બતાવવા હોય ત્યારે નિમિત્ત કારણ અને નૈમિત્તિક કાર્ય એમ કહેવામાં આવે છે; અને એક જ દ્રવ્યમાં પોતાનું કારણ-કાર્ય બતાવવાનું હોય ત્યારે ઉપાદાન કારણ અને ઉપાદેય કાર્ય કહેવામાં આવે છે. આ સંબંધની ચોખવટ આ પુસ્તકના પ્રશ્નોત્તર ૩૯૩ (પૃ. ૧૬૬)માં કરવામાં આવેલ છે.

કેટલાક એવી માન્યતા ધરાવે છે કે કર્મના ઉદય અનુસાર જીવને degree to degree વિકાર કરવો જ પડે. આવી માન્યતા બે દ્રવ્યની એકત્વબુદ્ધિમાંથી ઉત્પન્ન

થાય છે. કર્મનો જીવમાં સર્વથા અભાવ છે; તે જીવ માટે અદ્રવ્ય અક્ષેત્ર, અકાળ, અભાવ છે; માટે ખરેખર જીવ પોતાના કારણે વિકાર કરે છે ત્યારે નિમિત્ત કર્મ કર્યું છે તે દર્શાવવા માટે શાસ્ત્રમાં કર્મના ઉદયથી જીવમાં વિકાર થાય છે એમ કહેવામાં આવે છે. આ સંબંધીની સ્પષ્ટતા પ્રશ્નોત્તર ૩૭૧ તથા ૩૯૬ માં કરવામાં આવેલ છે. સારાંશ એ છે કે નિમિત્ત, વ્યવહાર અને પરદ્રવ્ય-એ બધાનું જ્ઞાન કરવાની જરૂર છે. કેમકે તેવા જ્ઞાન વિના યથાર્થ જ્ઞાન થતું નથી. પણ તેમાંથી કોઈના આશ્રયે કદાપિ ધર્મ થતો નથી તેમ જ તે ધર્મનું કારણ પણ થતું નથી તેમ ચોક્કસ નિર્ણય ધારવો.

અહીં એટલું જણાવવાનું કે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ રચિત પુરુષાર્થસિદ્ધયુપાય ગ્રંથના ૨૨૫ મા શ્લોકનો જે અર્થ છે તે ઉપયોગી હોઈ તેનું અત્રે અવતરણ આપીએ છીએ.

## ૩. જૈની નીતિ અથવા નયવિવક્ષા:-

एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनीनीतिर्मन्थाननेत्रमिव गोपी ।।२२५।।

અર્થ:- રવઈનું નેતરું ખેંચનારી ગોવાલણની જેમ. જિનેન્દ્ર ભગવાનની જે નીતિ અર્થાત્ નયવિવક્ષા છે તે વસ્તુસ્વરૂપને એક નયવિવક્ષાથી ખેંચતી અને બીજી નયવિવક્ષાથી ઢીલી કરતી થકી અંત અર્થાત્ બંને વિવક્ષાઓ

વડે જયવંત રહો.

ભાવાર્થઃ- ભગવાનની વાણી સ્યાદ્‌વાદરૂપ અનેકાન્તાત્મક છે; વસ્તુનું સ્વરૂપ પ્રધાન તથા ગૌણ નયની વિવક્ષાથી કરવામાં આવે છે; જેમકે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે; દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિક નયની વિવક્ષાથી અનિત્ય છે. આ નયવિવક્ષા છે.

[જુઓ : જિનવાણી પ્રચાર કાર્યાલય-કલકત્તા પ્રકાશિત પુરુષાર્થસિદ્ધયુપાય પૃ. ૧૨૩]

આ શ્લોક એમ બતાવે છે કે-શાસ્ત્રમાં કોઈ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતાથી કથન છે અને કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાથી કથન છે. પણ તેનો અર્થ એવો નથી કે ધર્મ કોઈ વખતે વ્યવહારનય (અભૂતાર્થનય) ને આશ્રયે થાય છે. અને કોઈ વખતે નિશ્ચયનય (ભૂતાર્થનય) ને આશ્રયે થાય છે. પણ ધર્મ તો હંમેશાં નિશ્ચયનય એટલે ભૂતાર્થનયને જ આશ્રયે થાય છે.

આવો ન્યાય એ જ શાસ્ત્રના પાંચમા શ્લોકમાં તથા શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથની ગાથા ૩૧૧-૩૧૨ ના ભાવાર્થમાં આપ્યો છે, માટે આ શ્લોકનો બીજો કોઈ અર્થ કરવો યોગ્ય નથી.

## ૪. મોક્ષમાર્ગ

મોક્ષમાર્ગ તો એક જ છે અને તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. પણ નિશ્ચય અને વ્યવહાર-એમ બે મોક્ષમાર્ગ નથી. પરંતુ નિશ્ચય મોક્ષમાર્ગનું કથન બે પ્રકારનું છે. (૧) નિશ્ચય મોક્ષમાર્ગ, (૨) વ્યવહાર મોક્ષમાર્ગ, એટલે કે, દરેક કાર્યમાં બે કારણો હોય છે. ઉપાદાન અને નિમિત્ત. તેમાં ઉપાદાન તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને તે સમયની અધૂરી રહેલી અને વિકારી દશા તે નિમિત્ત હોવાથી તેને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. ઘણા લોકો બે મોક્ષમાર્ગ હોય એમ માને છે; પણ તે માન્યતા જૂઠી છે. આ સંબંધમાં મોક્ષમાર્ગ પ્રકાશક હિંદી, શ્રી દિગંબર જૈન સંઘ-મથુરા તરફથી બહાર પડેલ છે તેની પ્રસ્તાવના પૃ ૯-૧૦ માં લખ્યું છે કેઃ-

'××× आपने इस बातका खण्डन किया है कि मोक्षमार्ग निश्चय व्यवहाररूप दो प्रकारका है । वे लिखते हैं कि यह मान्यता निश्चयव्यवहारावलम्बी मिथ्यादृष्टियोको हैं, वास्तवमें तो मोक्षमार्ग दो नहीं हैं किन्तु मोक्षमार्ग निरुपणका दो प्रकार है । पाठक देखेंगे कि लोग निश्चयसम्यग्दर्शन, व्यवहारसम्यग्दर्शन, निश्चय रत्नत्रय, व्यवहार-रत्नत्रय, निश्चयमोक्षमार्ग, व्यवहारमोक्षमार्ग इत्यादि दो भेदोंकी रात-दिन चर्चा करते रहते हैं उनके मंतव्यसे पं. जीका मंतव्य कितना भिन्न है ? इसी प्रकार आगे चल कर उन्होने लिखा है कि निश्चय-व्यवहार दोनोंको उपादेय मानना भी भ्रम है, क्योंकि दोनों नयोंका स्वरूप परस्पर विरूद्ध है इसलिये दोनो

नयोंका उपादेयपन नहीं बन सकता । अभी तक तो यही धारणा थी कि न केवल निश्चय उपादेय है और न केवल व्यवहार किन्तु दोनों ही उपादेय हैं किन्तु पंडितजीने उसे मिथ्यादृष्टियोंकी प्रवृत्ति बतलाई हैं । ×××''

## ૫. સર્વજ્ઞ સ્વભાવઃ-

આત્માની અનંત શક્તિઓમાંની 'સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વ' એવી બે શક્તિઓના પૂર્ણ શુદ્ધપર્યાય થતાં આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છેઃ તેમાં સર્વજ્ઞસ્વભાવ વડે જગતના સર્વ દ્રવ્યો, તેના અનંત ગુણો, અનાદિ-અનંત પર્યાયો, અપેક્ષિણ ધર્મો અને તેના અવિભાગ પ્રતિચ્છેદો-એ બધાને યુગપદ્ એક સમયે જાણે છે અને તે જ્ઞાનમાં કોઈ પણ અજાણ્યું રહેતું નથી, તેથી સિદ્ધ થાય છે કે દરેક દ્રવ્યના પર્યાય ક્રમબદ્ધ થાય છે, કોઈ પણ પર્યાય આડાઅવળાં થતાં નથી.

પ્રથમાનુયોગના શાસ્ત્રોમાં શ્રી તીર્થંકર ભગવાનોએ તથા શ્રી કેવળીભગવાનોએ ઘણા જીવોના ભૂત-ભાવી પર્યાયો સ્પષ્ટપણે જણાવેલા છે તથા અવધિજ્ઞાની મુનિઓએ પણ ઘણા જીવોના ભૂત-ભાવીભવોની વાતો કહી છે. તેથી દરેક દ્રવ્યના પર્યાયો ક્રમબદ્ધ હોય છે એમ જો માનવામાં આવે નહિ તો તે શાસ્ત્રો ખોટાં પડે.

કોઈ કહે છે કે ભગવાન અપેક્ષિત ધર્મને ન જાણે. ભવિષ્યના પર્યાય પ્રગટ થયા નથી માટે તે સામાન્યપણે

જાણે પણ વિશેષપણે જાણી શકે નહિ; વળી કોઈ કહે છે કે જો ભગવાન ભૂત-ભાવી સ્પષ્ટ જાણતા હોય તો મારો પહેલો પર્યાય અને છેલ્લો પર્યાય કયો ? તે કહી દે-એ પ્રમાણે અનેક પ્રકારની જૂઠી માન્યતાઓ ચાલી રહી છે, વળી ભગવાને બધું જાણી લીધું હોય તો જીવોએ કોઈ પુરુષાર્થ કરવો રહેતો નથી તેવી ઊંધી માન્યતાઓ પણ કેટલાક ધરાવે છે. પરન્તુ જે જીવ સ્વસન્મુખ થઈ પોતાના સ્વરૂપનો જ્ઞાતા થાય તેને ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થઈ શકે; અને તેવો નિર્ણય યથાર્થ પુરુષાર્થ વિના થતો નથી એ વાત તેમને લક્ષમાં આવતી નથી. તેથી આત્માનો મૂળ જ્ઞાતાસ્વભાવ તેમના જાણવામાં નહિ આવતો હોવાથી 'ણમો અરિહંતાણં' પદનો પણ સત્ય અર્થ તે જાણી શક્તા નથી અને આત્મસ્વભાવના અજ્ઞાત રહે છે.

વસ્તુનો સ્વભાવ એવો છે કે તેમાં ક્રમબદ્ધ પર્યાય થાય જ; તથા કેવળજ્ઞાની પણ વસ્તુસ્વરૂપના પરિપૂર્ણ જ્ઞાતા છે. તેમના જ્ઞાનમાં બધું જાણવામાં આવેલ હોવાથી દરેક દ્રવ્યના ક્રમબદ્ધ પર્યાય થાય છે એમ માન્યા વગર કેવળજ્ઞાનનું સ્વરૂપ યથાર્થપણે જાણવામાં આવતું નથી, માટે દરેક દ્રવ્યના પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ જિજ્ઞાસુઓએ નક્કી કરવું જોઈએ.

**૯. અભાવ :-**

આ 'પ્રશ્નોત્તરમાળા'માં અભાવ નામનું પ્રકરણ જુદું રાખવામાં આવેલ છે તેનો અભ્યાસ કરવાથી માલૂમ પડશે

કે એક વસ્તુનો બીજી વસ્તુમાં 'દ્રવ્યે, ક્ષેત્રે, કાળેઅને ભાવે' ખરેખર અભાવ હોવાથી બીજાનું કાંઈ પણ કરી શકાતું નથી; અને આવું નક્કી કર્યા સિવાય, અનાદિથી ચાલી આવતી પર દ્રવ્યની કર્તાબુદ્ધિ ટળે નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહાર સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક પરમાર્થ અર્થ એ થાય છે કે નૈમિત્તિકે-પોતે પોતાથી કાર્ય કર્યું તેમાં નિમિત્તે કાંઈ કર્યું નથી એટલે કે નિમિત્ત છે ખરું પણ તેણે નૈમિત્તિકનું કાંઈ કર્યું નથી એમ નક્કી કરવામાં ન આવે તો એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ હોવાનું ખરેખર માન્યું ગણી શકાય નહિ.

મુખ્ય વિષયો સંબંધી યોગ્ય માર્ગદર્શન આ પ્રસ્તાવનામાં સંક્ષેપ ને સ્પષ્ટતાથી કરવામાં આવેલ છે, એટલું દર્શાવ્યા પછી નમ્રભાવે જણાવવાનું કે આ પ્રશ્નોત્તરમાળા માત્ર વાંચી જવાથી તત્ત્વનું યથાર્થ જ્ઞાન થઈ શકે નહિ પરંતુ તેનું યથાર્થ જ્ઞાન કરવા માટે જ્ઞાનીઓ પાસેથી ઉપદેશ સીધો સાંભળવો જોઈએ અને તેટલા માટે જિજ્ઞાસુઓએ પરમ પૂજ્ય કૃપાળું સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના આધ્યાત્મિક વ્યાખ્યાનોનો પ્રત્યક્ષ લાભ લેવો જોઈએ. એવો લાભ લેવામાં આવે તો આત્માને વિશેષ લાભનું કારણ થશે.

## ૭. આભારદર્શન :-

આ પુસ્તક તૈયાર કરવામાં બ્ર. ચંદુભાઈ, બ્ર. ગુલાબચંદભાઈ. શ્રી હીરાચંદભાઈ વગેરે જે જે સ્વધર્મી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

બંધુઓએ-ખાસ કરીને ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી B. A. Hons. S. T. C. સોનાસણવાળાએ-ઘણી સેવા આપી છે; તે સર્વનો આભાર માનું છું.

દશલક્ષણીપર્વ **રામજી માણેકચંદ દોશી**

વીર સં. ૨૪૮૬ પ્રમુખ-

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પ્રશ્ન-સૂચી

## (અ)


| પ્રશ્ન | નંબર |
|---|---|
| અગુરુલઘુત્વ | ૧૨૦, ૧૨૫, ૧૨૭ થી ૧૩૩, ૨૦૫ |
| અગૃહીત મિથ્યાત્વ | ૩૦૧ |
| અગોચર | ૧૧૭ |
| અચક્ષુદર્શન | ૧૫૫ |
| અજ્ઞાન મિથ્યાત્વ | ૩૦૨ |
| અચેતનત્વ | …… |
| અમૂર્તત્વ એક સાથે શેમાં ? | ૨૧૦ |
| અજડત્વ પ્રતિજીવી ગુણ | ૨૦૮ |
| અજીવ દ્રવ્યો ક્યાં ? | ૩૨ |
| અંતરંગકારણ | ૪૦૧ |
| અર્થની વ્યવસ્થા ઉપરથી ટૂંકામાં શું સમજવું ? | ૫૮ |
| અર્થ | ૫૭ |
| અર્થપર્યાય | ૨૧૭-૧૮ |
| અર્થાવગ્રહ | ૨૭૪ |
| અનાદિઅનંત, સાદિઅનંત, અનાદિસાંત, સાદિસાંત | ૨૮૪ |
| અધર્મ દ્રવ્ય | ૧૧-૧૨ |
| અધિકરણકારક | ૩૫૨ |
| અન્વયકારણ | ૪૨૩ |
| અનંત પુદ્‌ગલ તથા સ્કંધો આકાશના એક પ્રદેશમાં રહે તોપણ એકબીજાને બાધા ન થાય ? | ૫૩ |
| અનુજીવી ગુણ | ૧૯૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પ્રશ્ન | નંબર |
|---|---|
| અનુમાન | ૨૭૯ |
| અપાદાન કારક | ૩૫૧ |
| અભવ્યત્વગુણ | ૧૭૩ |
| અભાવ | ૩૧૪-૧૫ |
| અભાવની ચર્ચા | ૩૧૬-૩૪૬ |
| અભાવરૂપ નિમિત્ત | ૩૯૫ |
| અમારા કામમાં બીજાની જરૂર, બીજા વિના ન ચાલે એમ માનનારે કયા ગુણ ન માન્યા ? | ૧૪૩ |
| અરૂપી અને અચેતન કેટલા ? | ૫૦ |
| અલખ | ૧૧૭ |
| અલોકાકાશ | ૧૬,૧૮ |
| અવ્યાબાધ પ્રતિજીવી ગુણ | ૨૦૪ |
| અવગ્રહ | ૨૭૦-૭૩ |
| અવાય | ૨૭૦ |
| અવધિદર્શન | ૧૫૬ |
| અવધિજ્ઞાન | ૧૬૨ |
| અવિરત | ૩૦૩ |
| અવાજ | ૨૮૩ |
| અસ્તિત્વગુણ | ૯૨-૯૩ |
| અસ્તિકાય | ૨૭ |
| અસમર્થ કારણ | ૪૨૦ |
| અર્હંત ભગવાન અને અવ્રતી સમ્યગ્દષ્ટિ બેયના સમ્યક્ત્વમાં ફેર છે ? | ૨૯૨ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્ન નંબર

(આ)

આકાર ૨૨૨
આકાશ ૧૩, ૧૪
આકાશને અવગાહનમાં નિમિત્ત કોણ ? ૪૬
આકાશના એક પ્રદેશમાં એક જ જાતના
બે દ્રવ્યો કદી સાથે ન રહેતા તે કોણ ? ૧૯
આકાશના એક પ્રદેશમાં કેટલા પરમાણુ
છૂટા અને કેટલા સ્કંધો રહી શકે ? ૫૧
આ ઉપરથી શું સમજવું ? ૫૬
આત્મા અલખ અગોચર ૧૧૭
આત્માના સ્વ-ચતુષ્ટય ૩૦૯
આત્મા સાકાર-નિરાકાર ૧૩૫
આત્માના અવગ્રહ, ઈહા, અવાય, ધારણા.
આત્માને બ્રાહ્મી તેલ, બદામાદિથી તથા
તથા ચશ્માંથી લાભ થાય ? ૧૨૮- ૨૯
આત્મા તો અરૂપી છે, અલ્પ જ્ઞાનથી
તે કેમ જણાય ? ૧૧૬
આત્માને કેવું શરીર હોય ? ૩૮
આત્મા અવયવ ૬૯
આત્માને પ્રદેશરૂપ અસંખ્ય અવયવ
માનવાથી તેના ખંડ થાય ? ૩૫
આત્મા શેનો કર્તા ? ૩૬૬
આત્માને રાગાદિ સ્વભાવ છે ? ૩૭૨
આત્માને કર્મનું જોર છે ? ૩૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| આદિનાથ ભગવાન વખતે આપણે હતા તેનો આધાર | ૯૪ |
| આહાર વર્ગણા | ૨૫૩ |
| આહારક શરીર | ૨૬૧ |
| **(ઈ)** | |
| ઈન્દ્રિયોના વિષયો સુખ-દુઃખ દાતા છે ? | ૩૭૪ |
| ઈશ્વરે વિશ્વ (જગત) બનાવ્યું છે ? | ૯૫ |
| ઈહા | ૨૭૦ |
| **(ઉ)** | |
| ઉત્પાદ | ૬૧, ૨૩૬ |
| ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્‌ની શાસ્ત્રોક્ત ચર્ચા | ૧૮-૨૧ |
| ઉત્પાદાદિ ત્રણ એક જ સમયમાં | ૨૩૯ |
| ઉત્પાદક સામગ્રીના ભેદ | ૩૮૧ |
| ઉદાસીન નિમિત્ત | ૩૮૭ |
| ઉપાદાનકારણ | ૩૮૨ |
| ઉપાદાન ઉપાદેય | ૩૯૩ |
| ઉપકાર | ૪૨૫ |
| ઉપાદાનકારણથી જ કાર્ય માનવામાં શો દોષ ? | ૪૦૧ |
| ઉપાદાન નિમિત્ત કારણોના બીજા કયા નામો ? | ૪૧૫ |
| ઉપાદાન નિમિત્તની ચર્ચામાં, પર, નિમિત્ત, વ્યવહાર હેય છે અને ધ્રુવ ઉપાદાનના આશ્રયે જ ધર્મ થાય છે તેના શાસ્ત્રાધાર | ૪૩૨ |
| **(એ)** | |
| એક જીવ બીજાનો ઘાત કરે ? | ૩૬૯ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| એક દ્રવ્યના બે કર્તા ? | ૩૬૫ |
| એક જીવને એક સાથે કેટલા શરીર ? | ૨૬૪ |
| એક દ્રવ્યમાં રહેલા ગુણો પરસ્પર એકબીજાનું કામ કરે ? ન કરે તો તેની વ્યવસ્થા શું ? | ૧૨૬ |
| એક પરમાણું જેવડું બીજું કોઈ છે ? | ૨૦ |
| એક જીવ થોડામાં થોડી જગ્યા રોકે તો લોકાકાશના કેટલા પ્રદેશ રોકે ? | ૪૫ |
| એવાં કયા દ્રવ્યો છે કે જે માત્ર ક્રિયા અને ભાવવતી શક્તિવાળા દ્રવ્યોને જ નિમિત્ત થાય ? | ૫૪ |
| એક દ્રવ્યમાંના દરેક ગુણને જુદા શા આધારે જાણશો ? | ૮૨ |
| એવું કયાં દ્રવ્ય છે કે જેમાં સામાન્ય ગુણ ન હોય | ૮૯ |
| એવા કયા વિશેષ ગુણો છે કે જે બે દ્રવ્યોમાં જ હોય ? | ૧૮૩ |
| એક સમયમાં કેટલા કારકો ? | ૩૫૭ |
| એકાન્ત મિથ્યાત્વ | ૩૦૨ |
| ઔદારિકશરીર | ૨૫૯ |


## (ક)


| | |
|---|---|
| કર્તા | ૩૪૭ |
| કર્મ | ૩૪૮ |
| કર્મોદય પ્રમાણે જીવને રાગાદિ છે ? | ૩૭૧-૩૯૬ |
| કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે જીવ પુરુષાર્થ કરી શકે ? | ૩૯૭ |
| કષાય | ૩૦૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કર્મની જોરાવરી ૪૦૯
કાર્માણવર્ગણા ૨૫૭
કર્મબંધનાં કારણો ૨૯૯
કાર્માણશરીર ૨૬૩
કાળથી બધું બદલાય છે માટે બધું કાળને આધીન
છે ? ૧૦૫
કાલદ્રવ્ય ૨૨. ૨૩, ૨૯
કાળ દ્રવ્યો અસંખ્ય છે તેને પરિણમનમાં નિમિત્ત
કોણ ? ૪૭
કાળ અપેક્ષાએ દ્રવ્ય-ગુણ પર્યાય સરખાવો ૩૧૨
કાર્ય કોના જેવું થાય છે ? ૪૨૬
કાર્ય કેવી રીતે થાય છે ? ૩૭૦, ૩૯૮, ૪૨૫
કરણ (-કારણ) ૩૪૯
કારકો ૩૫૩
કારણમાં નિશ્ચય વ્યવહાર ૩૫૪ થી ૩૫૭
કારકો સંબંધી ચર્ચા ૩૫૯ થી ૩૬૪
કારણ સાક્ષાત્-પરંપરા ૪૨૮
કારણ ૩૮૦
કેવળજ્ઞાન ૧૬૪-૨૮૩
કેવળદર્શન ૧૫૭
કેવળજ્ઞાનનો વિષય અને તેનું વિસ્તારથી
સ્પષ્ટીકરણ ૧૯૪
કેટલા દ્રવ્યો અસ્તિકાય ૨૮
કેટલીક વસ્તુનો આકાર ઘણો કાળ એક સરખો દેખાય
છે તો તેને બદલવામાં કેટલો કાળ લાગતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હશે ? ૧૩૮

**પ્રશ્ન** **નંબર**

કયા કયા દ્રવ્યના કયા કયા પર્યાયો હોય છે ? ૨૨૧

કયા દ્રવ્યને કેટલા પ્રદેશ ૪૧

ક્રિયાવતીશક્તિ ૫૨, ૧૬૮

ક્રિયાવતીશક્તિનું કાર્ય તથા તેના જાણવામાં
ધર્મ સંબંધી શું લાભ ? ૧૮૪ -૮૫

કોઈ જગતની રક્ષા કરે છે ? ૯૬

કોઈ જગતનો સંહાર કરે છે ? ૯૭

કોઈ બીજાની ઉત્પત્તિ, રક્ષા તથા સંહાર કરનાર
નથી એ ઉપરથી સિદ્ધાંત ૯૮

કોઈ વાર કર્મનું જોર છે ? ૩૭૩

કોઈ એમ જાણે કે પુદ્‌ગલ નિમિત્તકર્તા થઈ
પરિણમે છે ૩૭૮

ક્ષેત્ર અને કાળથી દ્રવ્ય-ગુણ-પર્યાય ૨૪૬

(ગ)

ગતિહેતુત્વ ગુણ ગમન કરે ? ૧૮૯

ગતિહેતુત્વનો અર્થ, ગતિહેતુત્વ ગુણ
તેના પડોશીને ગતિમાં નિમિત્ત છે ? ૧૯૦, ૧૯૧

ગુણ ૩, ૬૬

ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે એ શબ્દો ઉપરથી
દ્રવ્ય અને ગુણનો સંખ્યાભેદ કહો ૬૭

ગુણની વ્યાખ્યામાંથી ક્ષેત્રવાચક અને કાળવાચક શબ્દ
બતાવો ૭૦

ગુણ દ્રવ્યના પૂરા ભાગમાં એટલે ? ૭૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પ્રશ્ન | નંબર |
|---|---|
| ગુણ સર્વ હાલતોમાં એટલે ? | ૭૨ |
| ગુણની વ્યાખ્યામાંથી 'દ્રવ્યના પૂરા ભાગમાં' એ શબ્દ કાઢી નાખવાથી શો દોષ ? | ૭૫ |
| ગુણની વ્યાખ્યામાંથી કાળ અપેક્ષા બતાવનારા 'સર્વ હાલતોમાં' એ શબ્દ કાઢી નાખવાથી શો દોષ | ૭૬ |
| ગુણ અંશ છે કે અંશી | ૨૪૩ |
| ગુણોના પ્રકાર | ૭૩-૭૮ |
| ગુણથી દ્રવ્ય જાુદું ન પડે કઈ અપેક્ષાએ ? | ૮૩ |
| ગુણની વ્યાખ્યામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવી રીતે આવે છે ? | ૮૫ |
| ગુણના કાર્યક્ષેત્રની મર્યાદા | ૮૮ |
| ગુણસ્થાનક | ૨૨૮ |
| ગુણસ્થાનના નામ | ૭૪ |
| ગૃહિત મિથ્યાત્વ | ૩૦૧-૨ |
| ગુરુનું જ્ઞાન શિષ્યને મળ્યું, શાસ્ત્રોમાંથી મેં જ્ઞાન લીધું, તે બરાબર છે ? | ૧૨૭ |


## (ઘ)


| | |
|---|---|
| ઘડિયાળનું ચાલવું | ૨૮૩ |
| ઘડારૂપ કાર્યમાં ક્ષણિક ઉપાદાન અને ત્રિકાળી ઉપાદાન ઉદાસીન અને પ્રેરક | ૩૮૮ |


## (ચ)


| | |
|---|---|
| ચતુષ્ટય | ૩૦૮ |
| ચક્ષુદર્શન | ૧૫૪ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| ચારિત્રગુણ | ૧૬૬ |
| ચારિત્રગુણના શુદ્ધપર્યાયો | ૨૭૮ |
| ચેતન ચૈતન્ય, ચેતના | ૧૪૮ |
| ચેતના | ૧૪૯-૧૫૦ |
| ચૈતન્યગુણ ગતિ કરે ? | ૧૮૭ |

(છ)

| | |
|---|---|
| છ કારકો-દ્રવ્ય-ગુણ-પર્યાયમાંથી શું છે ? | ૩૫૮ |
| છ દ્રવ્યોના નામ | ૪ |
| છમાં રૂપી કોણ, અરૂપી કોણ ? | ૩૪ |
| છમાં ક્ષેત્રાન્તરરૂપ ક્રિયાવતીશક્તિવાળા અને પરિણમનરૂપ ભાગવતીશક્તિવાળા કેટલા દ્રવ્ય ? | ૫૨ |
| છયે દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયોને જાણવાનું ફળ શું ? | ૬૫ |
| છયે સામાન્ય ગુણોનું ટૂંકામાં પ્રયોજન | ૧૪૬ |
| છયે દ્રવ્યો તથા તેના ગુણ-પર્યાયોની સ્વતંત્રતાની મર્યાદા કયા ગુણથી છે ? | ૧૨૪ |
| છાયા | ૨૮૩ |

(જ)

| | |
|---|---|
| જગતમાં ન જણાય એવો પદાર્થ કોણ ? ન જણાય તો શું દોષ આવે ? | ૧૧૩ |
| જગતમાં ક્ષેત્રે મોટું કોણ ? | ૩૭ |
| જણાવવાની અને જાણવાની એમ બેઉ શક્તિ એક સાથે શેમાં ? | ૧૧૮ |
| જણાવવાની શક્તિનું નામ અને તેનો વ્યુત્પત્તિ | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| અર્થ | ૧૧૯ |
| જડ કર્મ જીવને રાગ કરાવે છે ? | ૩૭૭ |
| જડત્વ કોનો અનુજીવી ગુણ ? | ૨૦૯ |
| જે નથી જાણતા તેવા દ્રવ્યો પણ સ્વતઃ પરિણમે છે તેમાં કયો ગુણ સાબિત થયો ? | ૧૪૨ |
| જે નાશ ન પામે, બીજામાં ન ભળે તે કયા ગુણના કારણે ? | ૧૪૪ |
| જો જીવ શરીરને ચલાવી દેતો નથી તો પછી મડદું કેમ ચાલતું નથી ? | ૧૮૬ |
| જીવત્વગુણ | ૧૭૪ |
| જીવના અનુજીવી-પ્રતિજીવી ગુણ | ૧૦૧-૨ |
| જીવ દ્રવ્ય | ૫ |
| જીવ, પુદ્ગળ, આકાશ અને કાળને બે-બે ભેદમાં મૂકો | ૩૬ |
| જીવ દ્રવ્ય કયા ક્ષેત્રે કદી ન જાય અને તેનું કારણ ? | ૪૪ |
| જીવાદિ દ્રવ્ય કેટલા અને કયાં છે ? | ૨૬ |
| તે છ દ્રવ્યોમાં બે ભેદ પાડો | ૩૧ |
| જીવના અસ્તિત્વગુણ જાણવાથી શુ લાભ ? | ૯૯ |
| જીવ દ્રવ્યમાં અગુરુલઘુગુણના કારણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા બતાવો | ૧૨૧ |
| જીવ દ્રવ્યની ઉપર મુજબની મર્યાદા સમજવાથી શું લાભ ? | ૧૨૨ |
| જીવનો આકાર કેવી રીતે સંકોચ વિસ્તાર પામે ? | ૨૨૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| જીવમાં વિભાવ્ય જનપર્યાય કયાં સુધી ? | ૨૨૮ |
| જીવને બીજાઓ ઉપકાર કરે ? | ૪૨૫ |
| જીવના વિકારીભાવો વિષે | ૩૬૪-૩૬૭ |
| જીવ એકેન્દ્રિય અવસ્થામાં જાય ત્યાં તેના ગુણો ઘટી જાય અને પંચેન્દ્રિય થતાં તેના ગુણો વધી જાય ? | ૧૩૩ |
| જે નથી જાણતાં તેવાં દ્રવ્યો પણ સ્વતઃ પરિણમે છે તેમાં કયો ગુણ કારણપણે સાબિત થાય છે ? | ૧૪૨ |
| ઝાડથી ફળ પડવામાં પૃથ્વીનું આકર્ષણ છે ? | ૧૯૭ |
| **(જ્ઞ)** | |
| જ્ઞાનચેતના | ૧૫૨ |
| જ્ઞાનના ભેદ | ૧૫૯ |
| જ્ઞાન અને ક્રિયા | ૩૩૪ |
| જ્ઞાન ગુણના પર્યાયો | ૨૬૫ |
| જ્ઞાનમાં સ્વભાવઅર્થપર્યાય. વિભાવઅર્થપર્યાય. | ૨૬૬ |
| જ્ઞાની બીજાનું ભલું કરવા ઉપદેશ આપે છે ? | ૩૭૬ |
| **(ત)** | |
| તર્ક | ૨૬૯ |
| તૈજસ વર્ગણા | ૨૫૪ |
| તૈજસ શરીર | ૨૬૨ |
| **(દ)** | |
| દર્શન ઉપયોગ કયારે થાય ? | ૧૫૮ |
| દર્શન ચેતના | ૧૫૧ |
| દર્શન ચેતનાના ભેદ | ૧૫૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરેક દ્રવ્યમાં પોતાનું કામ કરવાનું સામર્થ્ય
શાથી થાય છે ? ૧૦૯
દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વ વગેરે ગુણો ત્રિકાળ રહે
છે ? રહે તો તેનું કારણ શું ? ૧૦૭
દૂધમાં છાશ વડે દહીં થાય છે ? ૧૩૦
દુઃખ ૨૮૩
દ્રવ્ય ૬૦, ૬૩, ૬૮, ૬૯, ૩૧૦
દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સત્ કોણ છે અને
કેવી રીતે ? ૨૩૫
દ્રવ્ય-ગુણ-પર્યાય તેમાંથી જ્ઞેય કોણ ? ૨૪૭
દ્રવ્ય-ગુણ-પર્યાયના આકાર ૧૩૬
દ્રવ્ય અને પર્યાય તેમાં કોનો આકાર મોટો ? ૧૩૭
દ્રવ્યનું 'દ્રવ્ય' એવું નામ શા કારણ ? ૧૦૪
દ્રવ્યનું 'વસ્તુ' એવું નામ શાથી છે ? ૧૦૨
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અનંતપણે
કોની સંખ્યા વધુ છે ? ૫૫
આ ઉપરથી શું સમજવું ૫૬
દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા, અસહાયતા,
અનેકાંન્તતા ૬૧
દ્રવ્ય પહેલું કે ગુણો ? ૭૩
દ્રવ્યથી ગુણો જુદા ન પડે-કઈ અપેક્ષાથી ? ૮૩
દ્રવ્યના ગુણોના પ્રદેશ જુદા જુદા માનવામાં
શો દોષ ? ૮૪
દ્રવ્ય અને તેના ગુણોમાં સંજ્ઞા, સંખ્યા અને
લક્ષણની અપેક્ષાએ ભેદ બતાવો. ૮૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| દ્રવ્ય અને પર્યાયોમાં ભેદ-અભેદ સમજાવો. | ૩૧૩ |
| દ્રવ્યના પ્રત્યેક ગુણમાં નવા નવા પર્યાય થાય છે ? થાય છે તો તેનું કારણ શું ? | ૧૦૬ |
| દ્રવ્ય અને પર્યાયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની ચર્ચા | ૩૦૯ થી ૩૧૩ |
| દ્રવ્યના ભૂતકાળમાં પર્યાયો વધે કે ભવિષ્યના ? | ૨૪૮ |
| દ્રવ્યત્વગુણ | ૧૦૩ |
| દ્રવ્યત્વગુણ પરથી શું સમજવું | ૧૦૮ |
| દ્રવ્યત્વગુણ અને વસ્તુત્વગુણ બેઉના ભાવમા શો ફેર ? | ૧૧૦ |
| દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાનું ફળ | ૨૪૯ |
| દ્રવ્યપ્રાણના ભેદ | ૧૭૬ |
| દેશચારિત્ર | ૨૮૦ |

(ધ)

| | |
|---|---|
| ધર્મદ્રવ્ય | ૧૦ |
| ધરતીકંપ આદિમાં ખરું કારણ ? | ૧૯૪ |
| ધારણા | ૨૭૦ |
| ધ્રૌવ્ય | ૬૨, ૨૩૮ |

(ન)

| | |
|---|---|
| નીચેના બોલ કયા ગુણના કયા પર્યાય ? | ૨૮૩ |
| નિમિત્તકારણ | ૩૮૪, ૪૩૧ |
| નિમિત્ત કારણના ભેદ | ૩૮૫-૪૧૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| નિમિત્ત પ્રેરક-ઉદાસીન | ૩૬૮-૮૭-૯૪-૯૫ |
| નિમિત્તના પ્રકાર ભાવરૂપ-અભાવરૂપ | ૩૯૫ |
| નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને કહે છે ? | ૩૯૩-૪૨૭ |
| નિમિત્ત નૈમિત્તિક સંબંધ કયારે કહેવાય ? | ૪૦૪ |
| નિમિત્ત-નૈમિત્તિક સંબંધના દૃષ્ટાંત | ૪૦૫ |
| નિમિત્તના બળથી, પ્રેરણાથી બીજાનું કાર્ય થાય છે ? | ૩૭૫ |
| નિમિત્તો ઉપાદાનમાં કાંઈ પ્રભાવ, પ્રેરણા, અસર કરે છે ? | ૩૮૯ થી ૩૯૨ |
| નિમિત્ત અકિંચિત્કર | ૩૯૯- ૪૦૦ |
| નિમિત્ત ખરેખર અકિંચિત્કર કેમ ? | ૪૦૩ |
| નિમિત્ત ઉપાદાન સંવાદ બનારસીવિલાસમાંથી અર્થસહિત | ૪૦૬- ૭ |
| નિમિત્ત વિના કાર્ય થાય ? | ૪૦૮ |
| નિમિત્ત પામીને કાર્ય થાય ? | ૪૧૩ |
| નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દ્રવ્યકર્મ સાથે જ છે ? | ૪૨૭ |
| નિમિત્ત ઉપાદાનના પ્રશ્નોમાં શું સિદ્ધાંત છે ? | ૪૩૩-૩૪ |
| નિશ્ચયકાલ | ૨૪ |


(પ)


| | |
|---|---|
| પરમાણુ | ૮ |
| પરમાણુ કાંઈ જાણે નહિ તો કોઈના આધાર વિના વ્યવસ્થિત કેમ રહે ? | ૨૪૫ |
| પરિણમનમાં (કાર્યમાં) ઉપાદાન-નિમિત્ત બેઉ | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | નંબર |
|---|---|
| હોય છે તેમાં નિમિત્તકારણનું કાર્યક્ષેત્ર કેટલું ? | ૩૯૮ |
| પડઘો | ૨૮૩ |
| પુદ્‌ગલ દ્રવ્યના સ્વચતુષ્ટય | ૩૧૦ |
| પુદ્‌ગલ દ્રવ્ય | ૬-૭ |
| પુદ્‌ગળ પરમાણુ એક પ્રદેશી છતાં અસ્તિકાય કેમ ? | ૩૦ |
| પુદ્‌ગલ જીવને રાગાદિરૂપે પરિણમાવે ? | ૩૭૭ |
| પુદ્‌ગળ નિમિત્તકર્તા છે ? | ૩૭૮ |
| પુસ્તકમાં છયે સામાન્ય ગુણ ઉતારો | ૧૪૦ |
| પર્યાય | ૬૫, ૨૧૧, ૨૪૧, ૨૪૨, ૨૪૪ |
| પ્રતિબિંબ | ૨૮૩ |
| પ્રત્યભિજ્ઞાન | ૨૩૮, ૨૬૯ |
| પ્રત્યેક જીવ કેવડો મોટો ? | ૪૨ |
| પ્રતિજીવીગુણ | ૨૦૦ |
| પ્રમાદ | ૩૦૪- ૫ |
| પ્રમેયત્વગુણ | ૧૧૧ |
| પ્રમેયત્વની વ્યાખ્યામાં કોઈ ને કોઈ જ્ઞાન શું ? | ૧૧૨ |
| પ્રમેયત્વ ગુણવાળા પદાર્થ કેટલા છે ? | ૧૧૪ |
| પ્રત્યેક દ્રવ્યનું પરિણમન યોગ્યતાનુસાર | ૪૦૨ |
| પ્રત્યેક દ્રવ્યમાં કયો પર્યાય એક અને કયા પર્યાયો અનંત ? | ૨૨૭ |
| પ્રથમ અર્થપર્યાયોની શુદ્ધતા કોને ? કેવી રીતે ? | ૨૩૨ |
| પ્રદેશ | ૨૧ |
| પ્રદેશત્વગુણ | ૧૩૪ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| પ્રાણના ભેદ | ૧૭૫ |
| પ્રાગભાવ વગેરે પ્રશ્ન | ૩૧૬ થી ૩૪૬ |
| પેટ્રોલથી મોટર ચાલે છે ? | ૧૬૯ |
| પેટ્રોલ વિના મોટર અટકે છે ? | ૧૯૫ |
| પ્રેરક નિમિત્ત | ૩૮૬, ૯૦, ૯૧, ૯૨ |
| પાણીનું ચડવું-પડવું તેમાં કારણ ? | ૧૯૮ |
| પોતે સ્વ-પરને નિમિત્ત એવા કોણ છે? | ૧૯૩ |

(બ)

| | |
|---|---|
| બંધ | ૧૫૧ |
| બધા દ્રવ્યોને ચેતન-અચેતન-દ્રવ્ય એમ બે વિભાગમાં મૂકો | ૪૯ |
| બલાધાન નિમિત્ત | ૪૩૧ |
| બહારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર પર્યાય બદલાય છે એમ માનવામાં શો દોષ ? | ૧૨૩ |
| બે જ દ્રવ્યોને લાગુ પડે એવા અનુજીવી ગુણ | ૨૦૭ |

(ભ)

| | |
|---|---|
| ભગવાનનો દિવ્યધ્વનિ શો છે ? | ૧૯૩ |
| ભયત્વગુણ | ૧૭૨ |
| ભાવપ્રાણ | ૧૭૭- ૭૮ |
| ભાવેન્દ્રિય | ૧૭૯ |
| ભાવબલ | ૧૮૦ |
| ભાષાવર્ગણા | ૨૫૫ |
| ભાવરૂપ નિમિત્ત | ૩૯૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન** | **નંબર**


(મ)

| પ્રશ્ન | નંબર |
|---|---|
| મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના ભેદ | ૨૭૨ |
| મતિજ્ઞાનના ક્રમના ભેદ | ૨૭૦ |
| મતિજ્ઞાનના ભેદ અને લક્ષણ | ૨૬૭-૨૬૯ |
| મતિજ્ઞાન નિશ્ચયથી-વ્યવહારથી | ૧૬૦ |
| મનઃપર્યયજ્ઞાન | ૧૬૩ |
| મનોવર્ગણા | ૨૫૬ |
| માટી વડે ઘડો થયો, કુંભાર વડે નહિ તેમાં ક્યા ગુણની સાબિતી | ૧૪૧ |
| મિથ્યાદર્શન-મિથ્યાત્વ | ૩૦૦-૧ |
| મુખ્ય અને ઉપચાર કારણ | ૪૩૨ |
| મોક્ષ | ૨૮૩ |

(ય)

| પ્રશ્ન | નંબર |
|---|---|
| યથાખ્યાતચારિત્ર | ૨૮૨ |
| યોગ | ૩૦૨ |
| યોગ્યતા | ૩૮૩-૪૦૨ |
| યોગ્યતા શબ્દના આધાર | ૪૦૨ |

(ર)

| પ્રશ્ન | નંબર |
|---|---|
| રેલગાડી વરાળથી ચાલે છે ? | ૧૯૬ |
| રોગથી દુઃખ, તેના અભાવથી સુખ બરાબર છે? | ૩૭૦ |
| રૂપી-અરૂપી | ૩૩ |
| રૂપી પદાર્થો જ્ઞાનમાં જણાય, અરૂપી વસ્તુ ન જણાય એ બરાબર છે ? | ૧૧૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્ન** **નંબર**


## (લ)

લોકાકાશ ૧૫
લોકાકાશ હદ (મર્યાદા) બતાવનાર કોણ ? ૪૮
લોકાકાશ અને અલોકાકાશના રંગમાં ફેર શો ?
અને મોટું કોણ ? ૧૭
લોકાકાશ બરાબર કોણ જીવ ? ૪૩
લોકાકાશમાં અસંખ્ય પ્રદેશો છે તો તેમા અનંત
પ્રદેશોવાળા શી રીતે રહી શકે ? ૫૯

## (વ)

વર્તમાન અજ્ઞાન ટળી સાચું જ્ઞાન થતાં
કેટલો કાળ લાગે ? ૨૪૦
વર્ણ ગુણ ગતિ કરે ? ૧૮૮
વસ્તુનું પ્રત્યેક પરિણમન પોતાની યોગ્યતાથી ૪૦૨
વસ્તુગુણ ૧૦૦
વીર્યગુણ ૧૭૧
વિકારી ભાવની સ્વતંત્રતા ૩૬૭
વિકારભાવ (રાગાદિ) અહેતુક-સહેતુક ૩૬૮
વિકાર જીવથી માનો તો સ્વભાવ થઈ જાય
માટે રાગાદિ કર્મકૃત છે ? ૩૭૨
વૈક્રિયિક શરીર ૨૬૦
વૈભાવિક શક્તિ ૧૮૧
વૈભાવિક શક્તિ ઉપરથી શું સમજવું ૧૮૨
વિનય મિથ્યાત્વ ૩૦૨


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | નંબર |
|---|---|
| વિપરીત મિથ્યાત્વ | ૩૦૨ |
| વિશેષ ગુણો | ૭૯- ૧૪૭ |
| વિશ્વ | ૧ |
| વિશ્વ આખું ત્રણ પદાર્થમાં સમાઈ જાય છે તો તે ત્રણ શું છે ? | ૬૪ |
| વ્યવહારકાળ | ૨૫ |
| વ્યય | ૬૧-૨૩૭- ૪૧૮ |
| વ્યક્ત-અવ્યક્તના ભેદ | ૨૭૭ |
| વ્યંજનપર્યાય | ૨૧૩- ૧૪ |
| વ્યંજનપર્યાયના પ્રશ્નો | ૨૮૫ થી ૨૯૧ |
| વ્યંજનપર્યાય અસમાન અને પર્યાય સમાન કોને ? | ૨૩૦ |
| વ્યંજન અને અર્થપર્યાય ત્રિકાળ શુદ્ધ કોને ? | ૨૩૧ |
| વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહ | ૨૭૫-૭૬ |
| વ્યાપ્ય-વ્યાપકભાવ | ૨૬૩ |

(શ)

| | |
|---|---|
| શરીર કેટલાં | ૨૫૮ |
| શબ્દ આકાશનો ગુણ છે ? | ૨૯૬ |
| શબ્દ ઈચ્છાથી બોલાય છે ? | ૨૯૮ |
| અથવા યોગના કારણે વાણી ખરે છે ? | ૨૯૭ |
| શરીરની ક્રિયાથી મોક્ષમાર્ગ માનનાર કયા અભાવને ભૂલે છે ? | ૩૪૨ |
| શું કર્મથી જીવને રાગાદિ છે ? | ૩૭૧ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | નંબર |
|---|---|
| **(શ્ર)** | |
| શ્રદ્ધા (સમ્યક્ત્વ) ગુણ | ૧૬૫ |
| શ્રુતજ્ઞાન | ૧૬૧ |
| **(સ)** | |
| સકલચારિત્ર | ૨૮૧ |
| સ્કંધ | ૯, ૨૫૦-૫૨ |
| સમર્થ કારણ | ૪૧૯ |
| સમ્યગ્દષ્ટિના શુભભાવ પરંપરાએ કારણ છે ? | ૪૨૯ |
| સમ્યગ્દષ્ટિ નરકમાં | ૪૧૪ |
| સમુદ્ઘાત | ૪૩ |
| સમાન આકારવાળા દ્રવ્યો | ૨૨૫ |
| સંખ્યા અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાય સરખાવો | ૭૪ |
| સંપ્રદાન | ૩૫૦ |
| સંશય મિથ્યાત્વ | ૩૦૨ |
| સંહાર | ૪૧૮ |
| સહકારી કારણ | ૪૨૨-૨૪ |
| સાક્ષાત્ કારણ -પરંપરા કારણ | ૪૨૮ |
| સામાન્ય ગુણ | ૭૮, ૯૧ |
| સામાન્ય ગુણોનું ક્ષેત્ર મોટું કે વિશેષનું ? | ૮૦ |
| સામાન્ય અને વિશેષ ગુણોમાં પ્રથમ કોણ ? | ૮૧ |
| સામાન્ય ગુણ કેટલા ? | ૯૧ |
| સામાન્ય ગુણ કયા દ્રવ્યમાં ન હોય ? | ૯૦ |
| સાધકતમ કારણ | ૪૨૧ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પ્રશ્ન | નંબર |
|---|---|
| સાદિ-અનંત-સ્વભાવપર્યાય | ૨૨૯ |
| સાદિ-સાંત સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવ વ્યંજનપર્યાય એક સાથે કોને શુદ્ધ થાય ? | ૨૩૩ |
| સાંવ્યાવહારિક પ્રત્યક્ષ | ૨૬૮ |
| સૂર્ય-વિમાન | ૨૮૩ |
| સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ | ૨૦૬ |
| સુખગુણ | ૧૬૭ |
| સિદ્ધ ભગવાન કૃતકૃત્ય થયા તો હવે તેમનું શું કાર્ય છે ? | ૧૦૧ |
| સિદ્ધ દશામાં જીવનો આકાર કેવો ? | ૨૨૪ |
| સિદ્ધ ભગવંતો મોટા આકારવાળા વધુ સુખી હશે ? | |
| સિદ્ધ ભગવાન ધર્માસ્તિકાયના અભાવને કારણે લોકાગ્રથી ઉપર જતા નથી ? | ૧૭૦ |
| સોનાના પિંડમાંથી મુગટ થયો તેમાં કયો ગુણ કારણ ? | ૧૩૯ |
| સ્થિર દ્રવ્યોને અધર્માસ્તિકાય નિમિત્ત છે ? | ૧૯૨ |
| સ્વભાવ ગુપ્ત ન રહે તેમાં કયો ગુણ કારણ ? | ૧૪૫ |
| સ્વ-પર ચતુષ્ટય | ૩૦૮ |
| સ્વરૂપાચરણચારિત્ર | ૨૭૯ |
| સ્વભાવઅર્થપર્યાય | ૨૧૯ |
| સ્વભાવવ્યંજનપર્યાય | ૨૧૫ |
| સ્મૃતિ | ૨૬૯ |
| સૌથી મોટો આકાર સૌથી નાનો અને તેની વચ્ચેના આકારવાળા કયાં દ્રવ્યો ? | ૨૨૬ |

ॐ

# શ્રી જૈન સિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાલા
## ભાગ-૧

## मंगलाचरण

णमो अरहंताणं, णमो सिद्धाणं, णमो आइरियाणं।
णमो उवज्झायाणं, णमो लोए सव्वसाहूणं ॥

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधर्मोऽस्तु मंगलम् ॥

आत्मा ज्ञानं स्वयं, ज्ञानं, ज्ञानादन्यत् करोति किम् ।
परभावस्य कर्त्तात्मा, मोहोऽयं व्यवहारिणाम् ॥

अज्ञानतिमिरान्धानाम्, ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

# પ્રકરણ ૧ લું

# દ્રવ્ય અધિકાર

**પ્ર. ૧ [૧]વિશ્વ કોને કહે છે ?**

ઉ. ૧ છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે.

**પ્ર. ૨ દ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૨ ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે.

**પ્ર. ૩ ગુણ કોને કહે છે ?**

ઉ. ૩ દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં જે રહે તેને ગુણ કહે છે.

**પ્ર. ૪ છ દ્રવ્યોના નામ શું ?**

ઉ. ૪ જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ.

**પ્ર. ૫ જીવ દ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૫ જેમાં ચેતના અર્થાત્ જ્ઞાનદર્શનરૂપ શક્તિ હોય તેને જીવ દ્રવ્ય કહે છે.

**પ્ર. ૬ [૨]પુદ્‌ગલ દ્રવ્ય કોને કહે છે ?**

---

૧. વિશ્વ = સમસ્ત પદાર્થો દ્રવ્ય–ગુણ–પર્યાય.
(શ્રી પ્રવચનસાર–ગાથા ૧૨૪ની ફૂટનોટ)

૨. પુદ્‌ગલ શબ્દનો નિરુક્તિ અર્થ–
પુદ્ + ગલ = पूरयन्ति गलयन्ति इति पुद्‌गलाः ।(જૈ. સિ. દર્પણ)
જે પૂરે–ભેગા થાય અને છૂટા પડે તે પુદ્‌ગલ.

ઉ. ૬ જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણ હોય તેને પુદ્ગલ કહે છે.

**પ્ર. ૭ પુદ્ગલના કેટલા ભેદ છે ?**

ઉ. ૭ બે ભેદ છે-એક પરમાણુ અને બીજો સ્કંધ.

**પ્ર. ૮ પરમાણુ કોને કહે છે ?**

ઉ. ૮ જેનો બીજો ભાગ થઈ શકે નહિ એવા સૌથી નાનામાં નાના પુદ્ગલને પરમાણુ કહે છે.

**પ્ર. ૯ સ્કંધ કોને કહે છે ?**

ઉ. ૯ બે અથવા બેથી વધારે પરમાણુઓના બંધને સ્કંધ કહે છે.

**પ્ર. ૧૦ ધર્મદ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૧૦ જે સ્વયં ગમન કરતાં જીવ અને પુદ્ગલોને ગમન કરવામાં નિમિત્ત હોય તેને ધર્મદ્રવ્ય કહે છે; જેમ સ્વયં ગમન કરતી માછલીને ગમન કરવામાં પાણી.

**પ્ર. ૧૧ અધર્મદ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૧૧ સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમેલા જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્ત હોય તેને અધર્મદ્રવ્ય કહે છે; જેમ મુસાફરને સ્થિર રહેવામાં વૃક્ષની છાયા.

**પ્ર. ૧૨ અધર્મ દ્રવ્યની વ્યાખ્યામાં 'ગતિપૂર્વક સ્થિતિ' કરે તેને અધર્મદ્રવ્ય નિમિત્ત કહેલ છે; તેમાં ગતિપૂર્વક શબ્દો કાઢી નાખવામાં આવે તો શો દોષ**

આવે?

ઉ. ૧૨ ગતિપૂર્વક સ્થિતિ કરે એવા જીવ-પુદ્ગલને જ અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત છે એવી મર્યાદા ન રહેતાં સદાય સ્થિર રહેનારાં ધર્માસ્તિકાય, આકાશ અને કાળ દ્રવ્યોને પણ સ્થિતિમાં અધર્મદ્રવ્યનું નિમિત્તપણું આવી પડે.

**પ્ર. ૧૩ આકાશદ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૧૩ જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાને સ્થાન આપે છે, તેને આકાશદ્રવ્ય કહે છે.

**પ્ર. ૧૪ આકાશના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૪ આકાશ એક જ અખંડ દ્રવ્ય છે; પણ ધર્મ-અધર્મદ્રવ્ય તેમાં હોવાથી (આકાશના) બે ભેદ છે-લોકાકાશ અને અલોકાકાશ.

જો ધર્મ-અધર્મ દ્રવ્ય લોકમાં ન હોત તો લોક-અલોક એવા ભેદ જ ન થાત. (પંચાસ્તિકાય ગાથા ૮૭ની ટીકા)

**પ્ર. ૧૫ લોકાકાશ કોને કહે છે ?**

ઉ. ૧૫ જેમાં જીવાદિક સર્વ દ્રવ્ય હોય છે તેને લોકાકાશ કહે છે. અર્થાત્ જ્યાં સુધી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ એ પાંચ દ્રવ્ય છે, ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે.

**પ્ર. ૧૬ અલોકાકાશ કોને કહે છે ?**

ઉ. ૧૬ લોકાકાશની બહારના અનંત આકાશને અલોકાકાશ

કહે છે.

**પ્ર. ૧૭ લોકાકાશ અને અલોકાકાશ–એ બંનેના રંગમાં શો ફેર ? અને બંનેમાં કોણ મોટું ?**

ઉ. ૧૭ આકાશ દ્રવ્ય અરૂપી* હોવાથી તેને રંગ હોય નહિ. આકાશ એક અખંડ દ્રવ્ય છે. જેટલા ભાગમાં છ દ્રવ્યોનો સમૂહ છે તેટલા ભાગને લોકાકાશ કહેવાય છે. તે નાનો ભાગ છે અને બાકીનું ચોતરફ અલોકાકાશ છે તે લોકાકાશથી અનંતગણું મોટું છે.

**પ્ર. ૧૮ અલોકાકાશમાં કેટલાં દ્રવ્યો છે અને તેના પરિણમનમાં કોનું નિમિત્ત છે ?**

ઉ. ૧૮ અલોકાકાશમાં આકાશ સિવાય બીજાં કોઈ દ્રવ્યો નથી. આખા આકાશ દ્રવ્યના પરિણમનમાં લોકાકાશમાં રહેલા કાલાણુ દ્રવ્યો નિમિત્ત છે.

**પ્ર. ૧૯ એક આકાશ પ્રદેશમાં એક જ જાતનાં જ બે દ્રવ્યો કદી સાથે ન રહે, તે દ્રવ્યનું નામ શું ?**

ઉ. ૧૯ કાલાણુ દ્રવ્ય; કેમકે દરેક કાલાણુ દ્રવ્ય લોકાકાશના એક એક પ્રદેશે રત્નની રાશિ સમાન એક એક ભિન્ન ભિન્ન જ રહે છે.

**પ્ર. ૨૦ એક પરમાણુ જેવડું બીજું કોઈ નાનું દ્રવ્ય છે?**

---

* જે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ રહિત હોય તે અરૂપી.

ઉ. ૨૦ હા, કાલાણુ; કેમકે પરમાણુ અને કાલાણુ એક પ્રદેશી દ્રવ્ય છે.

**પ્ર. ૨૧ પ્રદેશ કોને કહે છે ?**

ઉ. ૨૧ એક પુદ્ગલ પરમાણુ, આકાશની જેટલી જગ્યાને રોકે તેટલા ભાગને પ્રદેશ કહે છે. તે એક પ્રદેશ વડે બંધાય દ્રવ્યોના ક્ષેત્રનું માપ નક્કી કરવામાં આવે છે.

**પ્ર. ૨૨ કાલદ્રવ્ય કોને કહે છે ?**

ઉ. ૨૨ પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિક દ્રવ્યોને પરિણમનમાં જે નિમિત્ત હોય તેને કાલદ્રવ્ય કહે છે; જેમ કુંભારના ચાકને ઘૂમવામાં લોઢાની ખીલી.

**પ્ર. ૨૩ કાલના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૩ બે ભેદ છે - નિશ્ચયકાલ અને વ્યવહારકાલ.

**પ્ર. ૨૪ નિશ્ચયકાલ કોને કહે છે ?**

ઉ. ૨૪ કાલદ્રવ્યને નિશ્ચયકાલ કહે છે. લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલાં જ કાલદ્રવ્યો છે અને લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક કાલદ્રવ્ય (કાલાણુ) સ્થિત છે.

**પ્ર. ૨૫ વ્યવહારકાલ કોને કહે છે ?**

ઉ. ૨૫ સમય, પલ, ઘડી, દિવસ, મહિના, વર્ષ વગેરે કાળદ્રવ્યના પર્યાયોને વ્યવહારકાલ કહે છે.

**પ્ર. ૨૬ જીવાદિક દ્રવ્ય કેટલાં કેટલાં છે ? અને તેઓ ક્યાં આવેલાં છે ?**

ઉ. ૨૬ જીવદ્રવ્ય અનંત છે અને તે સંપૂર્ણ લોકાકાશમાં ભરેલાં છે. જીવદ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્‌ગલ દ્રવ્યો છે અને તે સંપૂર્ણ લોકાકાશમાં ભરેલાં છે. ધર્મ અને અધર્મ દ્રવ્ય એક એક છે અને તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આકાશદ્રવ્ય એક છે અને તે લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાલદ્રવ્ય અસંખ્યાત છે અને તે લોકાકાશમાં (દરેક પ્રદેશે એક એક એવી રીતે વ્યાપ્ત છે.)

**પ્ર. ૨૭ અસ્તિકાય કોને કહે છે ?**

ઉ. ૨૭ બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે.

**પ્ર. ૨૮ કેટલાં દ્રવ્યો અસ્તિકાય છે ?**

ઉ. ૨૮ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશ-એ પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' છે.

**પ્ર. ૨૯ કાલદ્રવ્ય અસ્તિકાય કેમ નથી ?**

ઉ. ૨૯ કાલદ્રવ્ય એક પ્રદેશી છે, તેથી તે અસ્તિકાય નથી.

**પ્ર. ૩૦ પુદ્‌ગલ પરમાણુ પણ એક પ્રદેશી છે, તો તે અસ્તિકાય કેવી રીતે છે ?**

ઉ. ૩૦ જોકે પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે, પણ એનામાં સ્કંધરૂપ બની બહુપ્રદેશી થવાની શક્તિ છે; તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે.

**પ્ર. ૩૧ જીવાદિ છ દ્રવ્યોમાં બે ભેદ કઈ રીતે પાડશો?**

ઉ. ૩૧ (૧) જીવ, અજીવ; (૨) રૂપી, અરૂપી;* (૩)

* જુઓ પ્રશ્ન-૫૨.

ક્રિયાવતી શક્તિ અને ભાવવતી શક્તિવાળા; (૪) બહુપ્રદેશી અને એકપ્રદેશી.

**પ્ર. ૩૨ અજીવ દ્રવ્યો કયાં ?**

ઉ. ૩૨ પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલ.

**પ્ર. ૩૩ રૂપી એટલે શું ? અને અરૂપી એટલે શું?**

ઉ. ૩૩ જે સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સહિત હોય તે રૂપી અને તેનાથી જે રહિત હોય તે અરૂપી.

**પ્ર. ૩૪ છ દ્રવ્યોમાં રૂપી કોણ અને અરૂપી કોણ?**

ઉ. ૩૪ એક પુદ્ગલ દ્રવ્ય રૂપી છે; બાકીનાં પાંચ દ્રવ્યો અરૂપી છે.

**પ્ર. ૩૫ આત્માને પ્રદેશરૂપ અસંખ્ય અવયવો માનવાથી તેના ખંડ થાય કે નહિ ?**

ઉ. ૩૫ ના; કારણ કે આત્મા ક્ષેત્ર દ્વારા અખંડિત હોવાના કારણથી તેના ખંડ થઈ શકે નહિ.

(પંચાધ્યાયી ભા. ૧, ગાથા-૪૧૪)

**પ્ર. ૩૬ જીવ, પુદ્ગલ, આકાશ અને કાલને બે બે ભેદમાં મૂકો.**

ઉ. ૩૬ (૧) જીવ-સંસારી અને સિદ્ધ.
(૨) પુદ્ગલ-પરમાણુ અને સ્કંધ.
(૩) આકાશ-લોકાકાશ અને અલોકાકાશ.
(૪) કાળ-નિશ્ચય કાળ અને વ્યવહાર કાળ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૩૭ જગતમાં ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય કોણ?**

ઉ. ૩૭ આકાશ દ્રવ્ય.

**પ્ર. ૩૮ આત્મા (જીવ) ને શરીર હોય ? હોય તો કેવું હોય ?**

ઉ. ૩૮ નિત્ય ચૈતન્યમય અનંત ગુણોનો સમૂહ (શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, સુખાદિ ગુણોનો સમાજ) તે આત્માનું વાસ્તવિક શરીર છે. તેથી આત્માને જ્ઞાન શરીરી કહે છે. સંયોગરૂપ જે જડ શરીર છે તે ખરેખર આત્માનું શરીર નથી, પણ પુદ્‌ગલનું છે અને તેથી જડ શરીરને પુદ્‌ગલાસ્તિકાય કહેલ છે.

**પ્ર. ૩૯ આત્માને અવયવ હોય ? હોય તો કેવા હોય?**

ઉ. ૩૯

(૧) દરેક આત્માને તેના જ્ઞાનાદિ અનંત ગુણો છે અને દરેક ગુણ પરમાર્થે આત્માનો અવયવ છે; આત્મા તે અવયવી છે.

(૨) ક્ષેત્ર અપેક્ષાએ દરેક આત્માને પોતાના અખંડ અસંખ્ય પ્રદેશ છે. તેમાંનો એક એક પ્રદેશ આત્માનો અવયવ છે, પણ જડ શરીરના હાથ, પગ વગેરે જીવના અવયવો નથી. તે જડ શરીરના જ અવયવો છે.

**પ્ર. ૪૦ આ ઉપરથી સિદ્ધાંત શું સમજવો ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૪૦

(૧) જીવ સદાય અરૂપી હોવાથી તેના અવયવ પણ સદા અરૂપી જ છે, તેથી કોઈ કાળે નિશ્ચયથી કે વ્યવહારથી હાથ, પગ વગેરેને ચલાવવા, સ્થિર રાખવા આદિ પર દ્રવ્યની કોઈ અવસ્થા જીવ કરી શકતો નથી-એમ નિર્ણય કરવો. આમ પદાર્થોથી સ્વતંત્રતાનો નિર્ણય કરે તો જ જીવ પરથી ભેદવિજ્ઞાન કરીને જ્ઞાતાસ્વભાવની શ્રદ્ધા કરી શકે અને જ્ઞાતાપણે રહી શકે.

(૨) શાસ્ત્રમાં આત્માને વ્યવહારે શરીરાદિના કર્તાપણાનું કથન આવે છે. તેનો અર્થ-''એમ નથી પણ નિમિત્તની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'' એમ સમજવું. (મોક્ષમાર્ગ પ્રકાશક-પૃ. ૨૫૬)

(૩) નિમિત્તની મુખ્યતાથી કથન આવે છે પણ નિમિત્તની મુખ્યતાથી કાર્ય થતું નથી-એમ વ્યવહાર કથનનો અભિપ્રાય જાણવો.

**પ્ર. ૫૧ કયા દ્રવ્યને કેટલા પ્રદેશ છે ?**

ઉ. ૫૧ જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશને અસંખ્યાત પ્રદેશ છે, પુદ્‌ગલને સંખ્યાત, અસંખ્યાત અને અનંત એ પ્રમાણે ત્રણે પ્રકારના પ્રદેશ છે; કાલદ્રવ્ય અને પુદ્‌ગલ પરમાણુ એકપ્રદેશી છે. આકાશ અનંતપ્રદેશી છે.

**પ્ર. ૪૨ પ્રત્યેક જીવ કેટલો મોટો છે ?**

ઉ ૪૨ પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યા અપેક્ષાએ લોકાકાશની બરોબર અસંખ્ય પ્રદેશવાળો છે, પરંતુ સંકોચ- વિસ્તારના કારણે તે પોતાના શરીરપ્રમાણ છે, અને મુક્ત જીવ છેલ્લા શરીરપ્રમાણ, પણ તે શરીરથી કિંચિત્ ન્યૂન આકારે હોય છે.

**પ્ર. ૪૩ લોકાકાશની બરોબર કોણ જીવ હોય છે ?**
ઉ. ૪૩ મોક્ષ જવા પહેલાં કેવલ *સમુદ્ઘાત કરવા-વાળો જીવ લોકાકાશની બરોબર મોટો હોય છે.

**પ્ર. ૪૪ જીવદ્રવ્ય કયા ક્ષેત્રે કદી ન જાય ? અને તેનું કારણ શું ?**
ઉ. ૪૪ તે અલોકાકાશમાં ન જાય, કારણ કે તે લોકનું દ્રવ્ય છે.

**પ્ર. ૪૫ એક જીવ થોડામાં થોડી જગ્યા રોકે તો લોકાકાશના કેટલા પ્રદેશ રોકે ?**
ઉ. ૪૫ જીવની જઘન્ય અવગાહના પણ અસંખ્ય પ્રદેશમાં જ હોય. જીવની સંખ્યાત કે એકપ્રદેશી અવગાહના કદી પણ ન હોય.

**પ્ર. ૪૬ આકાશને અવગાહનમાં કોણ નિમિત્ત છે ?**
ઉ. ૪૬ પોતે પોતાને જ અવગાહનમાં નિમિત્ત છે.

---

* મૂલ શરીરને છોડયા સિવાય આત્માના પ્રદેશોનું બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે.

**પ્ર. ૪૭ કાલદ્રવ્ય અસંખ્ય છે તેને પરિણમનમાં કોણ નિમિત્ત છે ?**

ઉ. ૪૭ તે પોતે પોતાને જ પરિણમનમાં નિમિત્ત છે.

**પ્ર. ૪૮ લોકાકાશની હદ બતાવનારાં કયાં દ્રવ્યો છે?**

ઉ. ૪૮ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય.

**પ્ર. ૪૯ બધાં દ્રવ્યોને ચેતન, અચેતન (જડ)–એમ બે વિભાગમાં મૂકો.**

ઉ. ૪૯ ચેતન ફક્ત જીવ છે અને બાકીનાં પાંચ દ્રવ્યો અચેતન (જડ) છે.

**પ્ર. ૫૦ અરૂપી અને અચેતન એવાં કેટલાં દ્રવ્યો છે?**

ઉ. ૫૦ ચાર છે:– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલ.

**પ્ર. ૫૧ આકાશના એક પ્રદેશમાં કેટલાં પરમાણુ છૂટા તથા કેટલા સ્કંધો રહી શકે ?**

ઉ. ૫૧

(૧) આકાશના એક પ્રદેશમાં સર્વ પરમાણુઓને સ્થાન દેવાનું સામર્થ્ય છે.

(૨) સર્વ પરમાણુ તથા સૂક્ષ્મ સ્કંધોને અવકાશ દેવામાં તે એક પ્રદેશ સમર્થ છે.)

(બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા ૨૭ અને તેની ટીકા)

**પ્ર. પ૨ છ દ્રવ્યોમાં ક્ષેત્રાંતરરૂપ *ક્રિયાવતી-શક્તિ-વાળાં કેટલાં અને પરિણમનરૂપ ભાવવતી-શક્તિ-વાળા કેટલાં દ્રવ્યો છે ?**

ઉ. જીવ અને પુદ્ગલ-એ બે દ્રવ્યો ક્ષેત્રાન્તર કરવાની શક્તિ વાળાં હોવાથી તેઓ ક્રિયાવતી-શક્તિ-વાળા છે; અને છએ દ્રવ્યાં, નિરંતર પરિણમનશીલ હોવાથી, ભાવવતી શક્તિવાળાં છે.

**પ્ર, પ૩ અનંત પુદ્ગલ પરમાણુઓ તથા સૂક્ષ્મ સ્કંધો લોકાકાશના એક પ્રદેશમાં અવગાહના પામે-એક પ્રદેશને રોકે, તો એકબીજાને બાધા થાય કે નહિ?**

ઉ. પ૩ ના; સર્વ પદાર્થોને એક જ 'કાળમાં અવકાશ-દાન દેવાનો અસાધારણ ગુણ આકાશનો છે તથા બીજા સૂક્ષ્મ પદાર્થમાં પણ અવકાશદાન દેવાનો ગુણ છે. એક આકાશપ્રદેશમાં અમર્યાદિત અવકાશદાનશક્તિ છે.

**પ્ર. પ૪ એવાં કયાં દ્રવ્યો છે કે જે માત્ર ક્રિયાવતી-શક્તિ- વાળાં દ્રવ્યો હોય તેમને જ નિમિત્ત થાય ?**

ઉ. પ૪ જીવ અને પુદ્ગલ દ્રવ્યો જ ક્રિયાવતી શક્તિ-વાળાં, ગતિ કરનારા અને ગતિપૂર્વક સ્થિર થનારા દ્રવ્યો

---

* જીવ અને પુદ્ગલમાં ક્રિયાવતી શક્તિ નામનો ગુણ નિત્ય છે. તે શક્તિના કારણે તે બન્ને દ્રવ્યો તે સમયની યોગ્યતાનુસાર સ્વતઃ ગમન કરે છે યા સ્થિર રહે છે. કોઈ દ્રવ્ય (જીવ યા પુદ્ગલ) એકબીજાને ગમન યા સ્થિર કરાવી શકતું નથી.

છે; તેમને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અનુક્રમે નિમિત્ત છે.

**પ્ર. ૫૫ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અનંતપણે કોની કોની સંખ્યા વધારે છે તે બતાવો.**

ઉ. ૫૫

(૧) દ્રવ્ય અપેક્ષાએ પુદ્‌ગલપરમાણુ દ્રવ્યોની સંખ્યા સૌથી મોટી છે. તેમની સંખ્યા અનંત જીવરાશિથી અનંતાનંતગુણી છે.

(૨) ક્ષેત્ર અપેક્ષાએ ત્રિકાલવર્તી સમયોની સંખ્યાથી અનંતગુણી સંખ્યા આકાશદ્રવ્યના પ્રદેશોની છે. તેથી ક્ષેત્ર અપેક્ષાએ આકાશદ્રવ્ય સૌથી મોટું છે.

(૩) કાળ અપેક્ષાએ દરેક દ્રવ્યના સ્વકાળરૂપ અનાદિ અનંત પર્યાયો પુદ્‌ગલ દ્રવ્યની સંખ્યાથી અનંતગુણી છે. તે કાળ અપેક્ષાએ અનંત છે; અથવા ભૂતકાળના અનંત સમયો કરતાં ભવિષ્યકાળના સમયોની સંખ્યા અનંતગુણી વધારે છે.

(૪) ભાવ અપેક્ષાએ જીવદ્રવ્યના જ્ઞાનગુણના એક સમયના કેવળજ્ઞાન પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યા સૌથી અનંતગુણી છે; તે ભાવ અપેક્ષાએ અનંત છે.

**પ્ર. ૫૬ આ ઉપરથી શું સમજવું ?**

ઉ. ૫૬ કેવળજ્ઞાનમાં ત્રિકાલવર્તી સર્વ પદાર્થોનું સંપૂર્ણ સ્વરૂપ પ્રત્યેક સમયમાં સર્વ પ્રકારે યુગપત્ (એક સાથે)

સ્પષ્ટ જણાય છે. એવી કેવળજ્ઞાનની અચિંત્ય અપાર શક્તિ છે, અને દરેક આત્માનો શક્તિપણે એવો જ સ્વભાવ છે.

**પ્ર. ૫૭ 'અર્થ' કોને કહે છે ?**

ઉ. ૫૭ દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયોને 'અર્થ' નામથી કહ્યા છે. તેમાં, ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે.

(અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ-સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) એમ જિનેન્દ્રનો ઉપદેશ છે.

(પ્રવચનસાર ગા. ૮૭)

'ऋ' ધાતુમાંથી 'અર્થ' શબ્દ બન્યો છે; 'ऋ' એટલે પામવું, પ્રાપ્ત કરવું, પહોંચવું, જવું. 'અર્થ' એટલે જે પામે-પ્રાપ્ત કરે પહોંચે તે, અથવા જેને પમાય-પ્રાપ્ત કરાય-પહોંચાય તે.

જેઓ ગુણોને અને પર્યાયોને પામે-પ્રાપ્ત કરે-પહોંચે છે અથવા જેઓ ગુણો અને પર્યાયોવડે પમાય-પ્રાપ્ત કરાય-પહોંચાય છે એવા 'અર્થો' તે દ્રવ્યો છે, જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે-પ્રાપ્ત કરે-પહોંચે છે અથવા જેઓ આશ્રયભૂત દ્રવ્યોવડે પમાય-પ્રાપ્ત કરાય-પહોંચાય છે એવા 'અર્થો' તે ગુણો છે, જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે-પ્રાપ્ત (કરે) પહોંચે છે અથવા જેઓ દ્રવ્યોવડે ક્રમપરિણામથી (ક્રમે થતા પરિણામથી) પમાય-પ્રાપ્ત કરાય-પહોંચાય એવા 'અર્થો' તે પર્યાયો છે.

(પ્રવચનસાર ગા. ૮૭ ની ટીકા)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૫૮ ઉપર કહેલ 'અર્થ'ની વ્યવસ્થા ઉપરથી સંક્ષેપમાં શું સમજવું ?**

ઉ. ૫૮ અર્થો (પદાર્થો) એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો, એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે. આમ હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયોરૂપ અંશે પણ થતા નથી, સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે;-આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના નિમિત્તભૂત પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે.

(પ્રવચનસાર ગાથા ૮૭નો ભાવાર્થ)

**પ્ર. ૫૯ લોકાકાશમાં અસંખ્યાત જ પ્રદેશો છે, તો તેમાં અનંત પ્રદેશવાળા પુદ્‌ગલ દ્રવ્ય તથા બીજા દ્રવ્યો પણ શી રીતે રહી શકે ?**

ઉ. ૫૯ "પુદ્‌ગલ દ્રવ્યમાં બે પ્રકારનું પરિણમન થાય છે-એક સૂક્ષ્મ, બીજું સ્થૂલ. જ્યારે તેનું સૂક્ષ્મ પરિણમન થાય છે ત્યારે લોકાકાશના એક પ્રદેશમાં પણ અનંત પ્રદેશવાળો પુદ્‌ગલ સ્કંધ રહી શકે છે. વળી બધાં દ્રવ્યોમાં એકબીજાને અવગાહન દેવાનું સામર્થ્ય છે, તેથી અલ્પ ક્ષેત્રમાં જ સમસ્ત દ્રવ્યોને રહેવામાં કાંઈ બાધા થતી નથી. આકાશમાં બધા દ્રવ્યોને એકી સાથે સ્થાનદાન દેવાનું સામર્થ્ય છે, તેથી એક પ્રદેશમાં અનંતાનંત પરમાણુ રહી શકે છે; જેમ ઓરડામાં એક દીવાનો પ્રકાશ રહી શકે છે અને તે જ ઓરડામાં તેટલા જ વિસ્તારમાં પચાસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દીવાનો પ્રકાશ રહી શકે છે તેમ.”

(મોક્ષશાસ્ત્ર-ગુ. આવૃત્તિ. અ. ૫. સૂ. ૧૦ ની ટીકા)

**પ્ર. ૬૦ દ્રવ્યનું લક્ષણ શું ?**

ઉ. ૬૦ ૧-सद्‌द्रव्यलक्षणम् । (મોક્ષશાસ્ત્ર-અ. ૫, સૂ.૨૯)

અર્થઃ- દ્રવ્યનું લક્ષણ સત્ (અસ્તિત્વ) છે.

વિશેષાર્થઃ-

‘છે’ પણું (અસ્તિત્વ) જેને હોય તે દ્રવ્ય છે. ‘અસ્તિત્વ’ ગુણ દ્વારા ‘દ્રવ્ય’ ને ઓળખી શકાય છે, માટે આ સૂત્રમાં ‘સત્’ ને દ્રવ્યનું લક્ષણ કહ્યું છે; જેને જેને અસ્તિત્વ હોય તે તે દ્રવ્ય છે-એમ આ સૂત્ર પ્રતિપાદન કરે છે.

સામાન્ય ગુણોમાં ‘સત્’ (અસ્તિત્વ) મુખ્ય છે, કારણ કે તેના વડે દ્રવ્યનું હોવાપણું નક્કી થાય છે. જો દ્રવ્ય હોય તો જ બીજા ગુણો હોઈ શકે માટે ‘સત્’ ને અહીં દ્રવ્યનું લક્ષણ કહ્યું છે.

દ્રવ્ય સત્ છે, માટે તે પોતાથી છે એમ ‘સત્’ લક્ષણ કહેવાથી સિદ્ધ થયું. તેનો અર્થ એ થયો કે તે સ્વપણે છે અને પરપણે નથી. એમ ‘અનેકાંત’ સિદ્ધાન્તથી આ સૂત્ર જણાવે છે કે એક દ્રવ્ય પોતે પોતાનું બધું કરી શકે પણ બીજા દ્રવ્યનું કદી કાંઈ કરી શકે નહિ.

દરેક દ્રવ્ય ‘સત્’ લક્ષણવાળું છે, તેથી તે સ્વતઃસિદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. તે કોઈની અપેક્ષા રાખતું નથી. તે સ્વતંત્ર છે.
(જુઓ, ગુ. મોક્ષશાસ્ત્ર પા. ૪૪૨, ૪૪૪)

૨. એક દ્રવ્યમાં ગુણોના પરિણમનરૂપ અર્થપર્યાયો તથા દ્રવ્યના આકારાદિ પરિણમનરૂપ વ્યંજનપર્યાયો, ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંબંધી જેટલા માત્ર છે તેટલા માત્રને દ્રવ્ય જાણવું; કેમકે દ્રવ્ય તેનાથી જુદું નથી. સર્વ પર્યાયોનો સમૂહ તે દ્રવ્ય છે.
(ગોમ્મટસાર જીવકાંડ નાનો ગાથા ૫૮૧)

**પ્ર. ૬૧ સત્‌નું લક્ષણ શું ?**

ઉ. ૬૧

(૧) उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । (મોક્ષશાસ્ત્ર- અ.૫.સૂ.૩૦)

અર્થઃ- જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત હોય તે સત્ છે.

ઉત્પાદઃ- દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે; જેમ કે;-માટીમાંથી ઘડાનો ઉત્પાદ.

વ્યયઃ- પૂર્વ પર્યાયના નાશને વ્યય કહે છે; જેમ ઘટ પર્યાયનો ઉત્પાદ થતાં માટીના પિંડપર્યાયનો વ્યય.

ધ્રૌવ્યઃ- બન્ને પર્યાયોમાં (ઉત્પાદ અને વ્યયમાં) દ્રવ્યનું સદૃશતારૂપ કાયમ રહેવું તેને ધ્રૌવ્ય કહે છે; જેમ કે-પિંડ અને ઘડાના પર્યાયમાં માટીનું કાયમ

ટકી રહેવું.

(૨) દ્રવ્યનું લક્ષણ સત્ છે, માટે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી યુક્ત સત્ જ દ્રવ્યનું લક્ષણ છે. એ ત્રણેથી યુગપત્ (એક જ સમયે) યુક્ત માનવાથી સત્ સિદ્ધ થાય છે. વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તે જ પ્રમાણે એ સ્વતઃ પરિણમનશીલ પણ છે; તેથી અહીં એ સત્ નિયમથી ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્યસ્વરૂપ છે.

(જુઓ, પંચાધ્યાયી, ભા. ૧લો. ગા. ૮૬, ૮૯)

(૩) "પ્રત્યેક પદાર્થમાં પૂર્વ પર્યાયનો નાશ થઈને જ નવીન પર્યાયનો ઉત્પાદ થાય છે, પણ એમ હોવા છતાં તે પોતાની (પ્રવાહરૂપ) ધારાને છોડતો નથી. એથી જ્ઞાત થાય છે કે પદાર્થ ઉત્પાદાદિ ત્રયાત્મક છે; પણ અહીં એ ઉત્પાદ અને વ્યયને ભિન્ન કાલવર્તી ન લેતાં એક કાલવર્તી (એક સમયવર્તી) જ લેવાં જોઈએ, કારણ કે પૂર્વ પર્યાયના વ્યયનો જે સમય છે તે જ નવીન પર્યાયના ઉત્પાદનો સમય છે. દૂધનો વિનાશ અને દહીંનો ઉત્પાદ ભિન્ન કાલવર્તી નથી. આ પ્રમાણે ઉત્પાદ અને વ્યય એક કાલવર્તી સિદ્ધ થતાં સત્ યુગપદ્ ઉત્પાદાદિ ત્રયાત્મક સિદ્ધ થાય છે....."

(પં. ફૂલચંદજી સંપાદિત-પંચાધ્યાયી-પ્રથમ અધ્યાય,
પાનું ૨૧, ગા. ૮૫ થી ૯૬ નો વિશેષાર્થ)

(૪) દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી 'સત્' છે.

તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ પરિણામ છે. જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. દરેક પરિણામ સ્વ-કાળમાં પોતાના રૂપે ઉપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એક પ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્યમાં સમયભેદ નથી, ત્રણે ય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે."

(શ્રી પ્રવચનસાર-ગા. ૯૯ નો ભાવાર્થ)

(૫) "બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું) ત્રણે એકી સાથે છે. આ રીતે નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય, બીજ-અંકુર-વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી; માટે આ બધાંય, એક વૃક્ષ જ છે. એ જ પ્રમાણે નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ-એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકી સાથે છે. આ

રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે અને ધ્રૌવ્ય ટકતા ભાવને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય, તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી; માટે આ બધાંય એક દ્રવ્ય જ છે.''

(શ્રી પ્રવચનસાર-ગા. ૧૦૧ નો ભાવાર્થ)

(૬) ''આ સૂત્રમાં સત્‌નું અનેકાન્તપણું બતાવ્યું છે જો કે ત્રિકાળ અપેક્ષાએ સત્ 'ધ્રુવ' છે તોપણ સમયે સમયે નવો પર્યાય ઉત્પન્ન થાય છે અને જૂનો પર્યાય વ્યય પામે છે એટલે કે દ્રવ્યમાં સમાઈ જાય છે, વર્તમાનકાળની અપેક્ષાએ અભાવરૂપ થાય છે. આ રીતે કથંચિત્ નિત્યપણું અને કથંચિત્ અનિત્યપણું તે દ્રવ્યનું અનેકાંતપણું છે.''

(ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૫. સૂ. ૩૦ ની ટીકા)

(૭) ''આ સૂત્રમાં પર્યાયનું પણ અનેકાંતપણું બતાવ્યું છે. ઉત્પાદ તે અસ્તિરૂપ પર્યાય છે અને વ્યય તે નાસ્તિરૂપ પર્યાય છે. પોતાનો પર્યાય પોતાથી થાય અને પરથી થાય નહિ એમ 'ઉત્પાદ' થી બતાવ્યું, પોતાના પર્યાયની નાસ્તિ-અભાવ પણ પોતાથી જ થાય છે, પરથી થાય નહિ. ''દરેક દ્રવ્યનો ઉત્પાદ અને વ્યય સ્વતંત્ર તે તે દ્રવ્યથી છે.'' -એમ જણાવી દ્રવ્ય, ગુણ તથા પર્યાયની સ્વતંત્રતા જાહેર કરી

–પરનું અસહાયકપણું જણાવ્યું.''

(ગુ. મો. શાસ્ત્ર–અ. ૫. સ. ૩૦ ની ટીકા)

(૮) ''ધર્મ (શુદ્ધતા) આત્મામાં દ્રવ્યરૂપે ત્રિકાળ ભરપૂર છે; અનાદિથી જીવને પર્યાયરૂપે ધર્મ પ્રગટ થયો નથી, પણ જીવ જ્યારે પર્યાયમાં ધર્મ વ્યક્ત કરે ત્યારે તે વ્યક્ત થાય છે. એમ 'ઉત્પાદ' શબ્દ વાપરી બતાવ્યું અને તે જ વખતે વિકારનો વ્યય થાય છે–એમ 'વ્યય' શબ્દ વાપરી બતાવ્યું. તે અવિકારી ભાવ પ્રગટ થવાનો અને વિકારી ભાવ જવાનો લાભ ત્રિકાળ ટકનાર એવા ધ્રુવ દ્રવ્યને પ્રાપ્ત થાય છે–એમ 'ધ્રૌવ્ય' શબ્દ છેલ્લો મૂકી બતાવ્યું.''

(ગુ. મો. શાસ્ત્ર–અ. ૫. સૂ. ૩૦ ની ટીકા)

**પ્ર. ૬૨ સત્, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રયાત્મક છે. એ કથનમાં આધ્યાત્મિક રહસ્ય શું રહેલું છે ?**

ઉ. ૬૨ ''દરેક દ્રવ્ય એક સમયમાં પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ ત્રિસ્વભાવને સ્પર્શે છે; તે જ વખતે નિમિત્તો હોવા છતાં, દ્રવ્ય તેમને સ્પર્શતું નથી. સમ્યગ્દર્શન થયું ત્યાં, તે સમ્યગ્દર્શનના ઉત્પાદને, મિથ્યાત્વના વ્યયને અને શ્રદ્ધાપણે પોતાની ધ્રુવતાને આત્મા સ્પર્શે છે. પણ સમ્યક્ત્વનાં નિમિત્તભૂત એવાં દેવ, ગુરુ કે શાસ્ત્રને આત્મા સ્પર્શતો નથી. તે તો જુદા સ્વભાવવાળા પદાર્થો છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ, મિથ્યાત્વનો વ્યય તથા શ્રદ્ધાપણાની સળંગતારૂપ ધ્રુવતા–એ ત્રણેય આત્મામાં જ સમાય છે; પણ તે

સિવાયનાં જે બાહ્ય નિમિત્તો છે તેઓ આત્મામાં સમાતાં નથી. સમયે સમયે ઉત્પાદ-વ્યય ધ્રુવતારૂપ પોતાનો સ્વભાવ છે; તે સ્વભાવને જ દરેક દ્રવ્ય-સ્પર્શે છે એટલે પોતાના સ્વભાવપણે જ વર્તે છે, પણ પર દ્રવ્યને કારણે કોઈના ઉત્પાદ વ્યય-ધ્રુવતા નથી. પરદ્રવ્ય પણ તેના પોતાના જ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવમાં અનાદિ-અનંત વર્તે છે, ને આ આત્મા પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવમાં જ અનાદિ-અનંત વર્તે છે; એટલે આવું સમજનાર જ્ઞાનીને પોતાના આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સિવાય બહારમાં કિંચિત્ પણ કાર્ય પોતાનું ભાસતું નથી, એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ જ પોતાનો આત્મા તેના આશ્રયે નિર્મળતાનો જ ઉત્પાદ થતો જાય છે, મલિનતાનો વ્યય થતો જાય છે ને ધ્રુવતાનું અવલંબન રહ્યા જ કરે છે-આનું નામ ધર્મ છે.

અજીવ દ્રવ્ય પણ પોતાના ઉત્પાદ-વ્યય- ધ્રુવરૂપ ત્રિસ્વભાવને જ સ્પર્શે છે, પરને તે સ્પર્શતું નથી; જેમ કે માટીના પિંડમાંથી ઘડો થયો; ત્યાં પિંડ અવસ્થાના વ્યયને ઘટ અવસ્થાના ઉત્પાદને તથા માટીપણાની ધ્રુવતાને તે માટી સ્પર્શે છે, પણ કુંભારને ચાકને, દોરીને કે બીજા કોઈ પર દ્રવ્યને તે માટી સ્પર્શતી નથી, અને કુંભાર પણ હાથના હલનચલનરૂપ પોતાની અવસ્થાનો જે ઉત્પાદ થાયો તે ઉત્પાદને સ્પર્શે છે, પણ પોતાથી બહાર એવા ઘડાને તે કુંભાર સ્પર્શતો નથી.

જગતમાં છ યે દ્રવ્યો એક જ ક્ષેત્રે રહેલાં હોવા

છતાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના સ્વભાવને સ્પર્શતું નથી, પોત-પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ સ્વભાવમાં જ દરેક દ્રવ્ય વર્તે છે એટલે પોતાના સ્વભાવને જ તે સ્પર્શે છે. જુઓ, આ સર્વજ્ઞદેવે કહેલું વીતરાગી ભેદજ્ઞાન ! નિમિત્ત-ઉપાદાનનો ખુલાસો પણ આમાં આવી જાય છે, ઉપાદાન અને નિમિત્ત એ બંને પદાર્થો એક સાથે વર્તતા હોવા છતાં ઉપાદાનરૂપ પદાર્થ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ સ્વભાવને જ સ્પર્શે છે, નિમિત્તને જરા પણ સ્પર્શતો નથી; તેમજ નિમિત્તભૂત પદાર્થ પણ તેના પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવતારૂપ સ્વભાવને જ સ્પર્શે છે, ઉપાદાનને તે જરા પણ સ્પર્શતું નથી. ઉપાદાન અને નિમિત્ત-બંને જુદેજુદા પોતપોતાના સ્વભાવમાં જ વર્તે છે.

અહો ! પદાર્થોનો આ એક ઉત્પાદ-વ્યય- ધ્રુવસ્વભાવ બરાબર ઓળખે તો ભેદજ્ઞાન થઈને સ્વ-દ્રવ્યના જ આશ્રયે નિર્મળ પર્યાયનો ઉત્પાદ થાય ને મલિનતાનો વ્યય થાય. તેનું નામ ધર્મ છે; ને તે જ સર્વજ્ઞ ભગવાનના સર્વ ઉપદેશનું તાત્પર્ય છે.”

[વીર સં. ૨૪૮૧, આસો માસનો ‘આત્મધર્મ’ નો અંક [પાના ૩૦૧-૩૦૨માંથી ઉદ્ધૃત]

## પ્ર. ૬૩ દ્રવ્યનું બીજી રીતે શું લક્ષણ છે ?

ઉ. ૬૩

(૧)-गुणपर्यायवत् द्रव्यम् । (મો. શાસ્ત્ર અ. ૫. સૂ. ૩૮)

અર્થઃ- દ્રવ્ય ગુણપર્યાયવાળું છે.

(૨)-गुणपर्यायसमुदायो द्रव्यम्(પંચાધ્યાયી ભા. ૧, ગા. ૭૨)

અર્થઃ-ગુણ તથા પર્યાયોનો સમુદાય (સમૂહ) તે દ્રવ્ય.

(૩) गुणसमुदायो द्रव्यम् (પંચા. ભા-૧, ગા. ૭૩)

અર્થઃ- ગુણોનો સમુદાય તે દ્રવ્ય.

(૪) समगुणपर्यायो द्रव्यम् (પંચા. ભાગ-૧, ગા. ૭૩)

અર્થઃ- સમગુણ પર્યાયોને (યુગપત્ સંપૂર્ણ ગુણપર્યાયોને જ) દ્રવ્ય કહે છે.

સ્પષ્ટાર્થઃ- દેશ,* દેશાંશ, ગુણ અને ગુણાંશરૂપ સ્વચતુષ્ટયને એક સાથ એક શબ્દ દ્વારા દ્રવ્ય કહે છે. ભેદ વિવક્ષાથી દ્રવ્યનું સ્વરૂપ સમજાવવા માટે સ્વચતુષ્ટયનું નિરૂપણ કર્યું છે; તેને જ અભેદ-વિવક્ષાથી એક શબ્દમાં 'દ્રવ્ય' કહેવામાં આવે છે. એ જ 'સમગુણપર્યાય' શબ્દનો ખુલાસો છે.

(પંચા. ભા.-૧, ગા. ૭૪, ગુ. આવૃત્તિ)

(૫)"द्रव्यत्वयोगाद् द्रव्यम् ।"

અર્થાત્ દ્રવ્યત્વના સંબંધથી દ્રવ્ય છે. એ પણ પ્રમાણ છે. કઈ રીતે ? ગુણપર્યાયોને દ્રવ્યા વગર 'દ્રવ્ય ન હોય, તેથી દ્રવવાપણું દ્રવ્યત્વગુણથી છે;

---

* દેશ-દ્રવ્ય; દેશાંશ-ક્ષેત્ર; ગુણ-ભાવ; ગુણાંશ-પર્યાયકાળ

(દ્રવ્ય પોતે) દ્રવીને ગુણ-પર્યાયમાં વ્યાપીને તેને પ્રગટ કરે છે. તેથી ગુણ-પર્યાયનું પ્રગટ કરવાપણું દ્રવ્યત્વગુણથી છે. માટે દ્રવ્યત્વના (ગુણ) ની વિવક્ષાથી 'द्रव्यत्वयोगाद् द्रव्यम्' દ્રવ્યત્વના સંબંધથી દ્રવ્ય છે........દ્રવ્ય, ગુણપર્યાયોને દ્રવે છે, ગુણ-પર્યાયો દ્રવ્યને દ્રવે છે. તેથી તેઓ 'દ્રવ્ય' એવું નામ પામે છે.... પોતાના સ્વભાવરૂપે દ્રવ્ય સ્વતઃ પરિણમે છે તેથી (તે) સ્વતઃ સિદ્ધ કહેવાય છે.

[આ રીતે 'સત્તા', 'ગુણપર્યાયવાળું', 'ગુણોના સમુદાય', 'દ્રવ્યત્વનો સંબંધ' વગેરે લક્ષણો પ્રમાણ છે, તેમાંથી કોઈ એકને જ્યારે મુખ્ય કરીને કહેવામાં આવે ત્યારે બાકીનાં લક્ષણો પણ તેમાં ગર્ભિતપણે આવી જ જાય છે એમ જાણવું.)

(ચિદ્‌વિલાસ-ગુ. આવૃત્તિ, પાનું. ૩).

વિશેષાર્થઃ-

(૧) ''અહીં મુખ્યતાથી દ્રવ્યના લક્ષણનો વિચાર કરવામાં આવ્યો છે. એમ કરતાં ગ્રંથકારે વિવિધ આચાર્યોના અભિપ્રાય અનુસાર ત્રણ લક્ષણો કહ્યાં, પ્રથમ લક્ષણમાં દ્રવ્યને ગુણ-પર્યાયવાળું બતાવ્યું છે; વાત એ છે કે પ્રત્યેક દ્રવ્ય, અનન્ત ગુણોનો અને ક્રમથી થવા વાળા તેમના પર્યાયોનો પિંડમાત્ર છે. એનો અર્થ એ છે કે-જેનાથી ધારામાં (પ્રવાહમાં) એકરૂપતા બની રહે છે તે ગુણ છે અને જેથી તેમાં ભેદ પ્રતીત થાય

છે તે પર્યાય છે. જીવમાં જ્ઞાનની ધારાનો વિચ્છેદ કદી થતો નથી. તેથી જ્ઞાન એ ગુણ છે; પણ કોઈક વાર તે મતિજ્ઞાનરૂપ થાય છે અને કોઈક વાર અન્યરૂપ થાય છે, માટે મતિજ્ઞાન આદિ તેના પર્યાયો છે. દ્રવ્ય સદાય ગુણ પર્યાયોરૂપ રહે છે, તેથી તેને ગુણ-પર્યાયવાળું કહ્યું છે.

આ પ્રકારે જોકે દ્રવ્ય, ગુણપર્યાયવાળું આ ગુણ અને પર્યાયોનો સમુદાયમાત્ર પ્રાપ્ત થાય છે. તોપણ કેટલાક આચાર્યો ગુણના સમુદાયને દ્રવ્ય કહે છે. આ લક્ષણમાં વિવિધ અવસ્થાઓની અવિવક્ષા કરીને (ગૌણ કરીને) આ કથન કરવામાં આવ્યું છે, તેથી તેને પૂર્વોક્ત લક્ષણનું વિરોધી નહિ માનતા તેનું પૂરક જ માનવું જોઈએ.

તથાપિ ગુણ-પર્યાયવાળું અથવા ગુણવાળું દ્રવ્ય છે એમ કથન કરવાથી ગુણ અને પર્યાય ભિન્ન પ્રતીત થાય છે. અને દ્રવ્ય ભિન્ન પ્રતીત થાય છે; તેથી આ દોષના નિવારણ માટે કેટલાક આચાર્યો દ્રવ્યનું લક્ષણ સમગુણપર્યાય કહે છે. આથી એ સ્પષ્ટ થાય છે કે દેશ, દેશાંશ તથા ગુણ અને ગુણાંશ એ પૃથક્ પૃથક્ નહિ હોતાં પરસ્પરમાં (એકમેક) મળેલાં છે. એમાંથી કોઈને પણ જુદું કરવું શકય નથી; જેમ થડ, ડાળી આદિ રૂપ વૃક્ષ હોય છે તેમજ દેશ, દેશાંશ, ગુણ અને ગુણાંશમય દ્રવ્ય

છે....પર્યાયાર્થિકનયની અપેક્ષાએ ગુણ, ગુણાંશ વગેરે જુદાં-જુદાં કહેવામાં આવે છે, પણ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એક અખંડ દ્રવ્ય જ છે....''

[પંચાધ્યાયી-પ્ર. અ.-ગા. ૭૨ થી ગા. ૭૪ સુધીના વિશેષાર્થમાંથી - પં. ફૂલચંદજી સંપાદિત હિંદી આવૃત્તિ ઉપરથી.]

(૨) ''મોક્ષશાસ્ત્ર-અ. ૫. સૂ. ૩૯, ૩૦માં કહેવામાં આવેલા લક્ષણથી (ગુણપર્યયવત્ દ્રવ્યમ્) આ લક્ષણ જુદું નથી; શબ્દભેદ છે, પરંતુ ભાવભેદ નથી, પર્યાયથી ઉત્પાદ-વ્યયની અને ગુણથી ધ્રૌવ્યની પ્રતીતિ થઈ જાય છે.

ગુણને અન્વય, સહવર્તી પર્યાય કે અક્રમવર્તી પર્યાય પણ કહે છે; તથા પર્યાયને વ્યતિરેકી અથવા ક્રમવર્તી કહે છે. દ્રવ્યનો સ્વભાવ ગુણ-પર્યાયરૂપ છે. એમ સૂત્રમાં કહીને દ્રવ્યનું અનેકાંતપણું સિદ્ધ કર્યું.

દ્રવ્ય, ગુણ અને પર્યાય-વસ્તુપણે અભેદ-અભિન્ન છે. નામ, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ભેદ છે, પરંતુ પ્રદેશથી અભેદ છે-એમ વસ્તુનું ભેદાભેદ સ્વરૂપ સમજવું.''

(ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૫. સૂ. ૩૮ની ટીકા)

# પ્રકરણ બીજું
# ગુણ અધિકાર

## સામાન્ય ગુણો

**પ્ર. ૬૪ આખું વિશ્વ ત્રણ પદાર્થમાં સમાઈ જાય છે, તો તે ત્રણ પદાર્થ કયા ?**

ઉ. ૬૪ છ દ્રવ્યો, તેના ગુણો અને *તેના પર્યાયો.

**પ્ર. ૬૫ છએ દ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાનું ફળ શું ?**

ઉ. ૬૫ સ્વપરનું ભેદજ્ઞાન અને પરપદાર્થની કર્તૃત્વબુદ્ધિનો અભાવ.

**પ્ર. ૬૬ ગુણ કોને કહે છે ?**

ઉ. ૬૬ જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં (અવસ્થામાં) રહે તેને ગુણ કહે છે.

**પ્ર. ૬૭ 'ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે' -એ શબ્દો પરથી દ્રવ્ય અને ગુણનો સંખ્યા ભેદ કહો.**

ઉ. ૬૭ દ્રવ્ય એક; ગુણો અનેક.

**પ્ર. ૬૮ કોથળીમાં રૂપિયા છે તેમ દ્રવ્યમાં ગુણો હશે?**

ઉ. ૬૮ ના

**પ્ર. ૬૯ ત્યારે દ્રવ્યમાં ગુણો કેવી રીતે રહે છે ?**

ઉ. ૬૯ જેમ ગોળમાં ગળપણ, રંગ વગેરે એકમેકપણે રહે

---

* ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

છે તેમ દ્રવ્યમાં ગુણો એકમેકપણે રહે છે.

**પ્ર. ૭૦ ગુણની વ્યાખ્યામાંથી ક્ષેત્રવાચક અને કાળ વાચક શબ્દો બતાવો.**

ઉ. ૭૦ 'પૂરા ભાગમાં'-એ ક્ષેત્ર બતાવે છે; 'સર્વ હાલતોમાં' -એ કાળ બતાવે છે.

**પ્ર. ૭૧ 'પૂરા ભાગમાં' -એ કથનથી શું સમજ્યા ?**

ઉ. ૭૧ જેટલું દ્રવ્યનું ક્ષેત્ર તેટલું જ ગુણોનું ક્ષેત્ર હોય છે; કોઈનું ઓછુવત્તું ક્ષેત્ર કદી હોતું નથી.

**પ્ર. ૭૨ 'સર્વ હાલતો' -એટલે શું ?**

ઉ. ૭૨ દ્રવ્યની અનાદિ-અનંત ત્રણે કાલની અવસ્થાઓ.

**પ્ર. ૭૩ દ્રવ્ય પહેલું કે ગુણો પહેલા ?**

ઉ. ૭૩ બંને અનાદિ-અનંત હોવાથી પહેલું પછી કોઈ નથી.

**પ્ર. ૭૪ સંખ્યા અપેક્ષાએ દ્રવ્ય, ગુણ, પર્યાય સરખાવો.**

ઉ. ૭૪ દ્રવ્ય એક અને તેના ગુણ તથા પર્યાય અનેક.

**પ્ર. ૭૫ ગુણની વ્યાખ્યામાંથી 'દ્રવ્યના પૂરા ભાગમાં' -એ શબ્દો કાઢી નાખવાથી શો દોષ આવે ?**

ઉ. ૭૫ ક્ષેત્ર અપેક્ષાએ ગુણો દ્રવ્યના પૂરા ભાગમાં વ્યાપક છે. વ્યાખ્યામાંથી 'પૂરા ભાગમાં'-એ શબ્દો કાઢી નાંખતાં નીચેના દોષો આવે:-

(૧) ગુણ દ્રવ્યના અધૂરા ભાગમાં રહેવાથી બાકીના ભાગનું દ્રવ્ય ગુણરહિત થાય, અને એમ થતાં દ્રવ્યનો પણ નાશ થાય.

(૨) જેમ, જેટલો મોટો સાકરનો ગાંગડો છે તેના તેટલા જ ભાગમાં તેના ગળપણ આદિ ગુણો છે; તેમ, જેટલા ભાગમાં દ્રવ્ય, તેનાં તેટલા ભાગમાં ગુણ-એવી જે ક્ષેત્ર અપેક્ષા છે તે મર્યાદા ન રહે.

**પ્ર. ૭૬ ગુણની વ્યાખ્યામાંથી કાળ અપેક્ષા બતાવનારા 'સર્વ હાલતોમાં' -એ શબ્દો કાઢી નાખવાથી શો દોષ આવે?**

ઉ. ૭૬ કાળ અપેક્ષાએ દ્રવ્યમાં અનાદિ-અનંત સર્વ હાલતોમાં રહે તે ગુણ-એવી વ્યાખ્યા ન બને અને તેથી નીચે મુજબ દોષ આવેઃ-

(૧) ગુણ, દ્રવ્યના અમુક કાળમાં રહે તેથી બાકીના કાળ માં દ્રવ્ય ગુણરહિત થવાથી દ્રવ્યનો જ નાશ થઈ જાય.

(૨) કોઈ કાળે જ ગુણની હયાતી (સત્તા) માનતાં દ્રવ્યની સર્વ અવસ્થામાં વ્યાપક રહેવારૂપ ગુણની મર્યાદા ન રહે.

**પ્ર. ૭૭ ગુણોના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૭૭ બે છે (૧) સામાન્ય અને (૨) વિશેષ.

**પ્ર. ૭૮ સામાન્ય ગુણ કોને કહે છે ?**

ઉ. ૭૮ જે. સર્વ દ્રવ્યોમાં હોય તેને સામાન્ય ગુણ કહે છે.

**પ્ર. ૭૯ વિશેષ ગુણ કોને કહે છે ?**

ઉ. ૭૯ જે બધાં દ્રવ્યોમાં ન હોય, પણ પોતપોતાના દ્રવ્યમાં (ખાસપણે) હોય તેને વિશેષ ગુણ કહે છે.

**પ્ર. ૮૦ સામાન્ય ગુણોનું ક્ષેત્ર મોટું કે વિશેષ ગુણોનું ક્ષેત્ર મોટું ?**

ઉ. ૮૦ દરેક દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ ગુણોનું ક્ષેત્ર સરખું જ હોય છે, કેમકે ગુણનું લક્ષણ બતાવ્યું તેમાં કહ્યું હતું કે ગુણ દ્રવ્યના પૂરા ભાગમાં રહે છે.

**પ્ર. ૮૧ સામાન્ય અને વિશેષ ગુણોમાં પ્રથમ કોણ અને પછી કોણ ?**

ઉ. ૮૧ બંને સાથે અનાદિના છે; પહેલા કે પછી કોઈ નથી.

**પ્ર. ૮૨ એક દ્રવ્યમાંના દરેક ગુણને જુદા શા આધારે જાણશો ?**

ઉ. ૮૨ દરેક ગુણના જુદા-જુદા લક્ષણથી.

**પ્ર. ૮૩ કઈ અપેક્ષાએ દ્રવ્યથી ગુણો જુદા ન પડે?**

ઉ. ૮૩ પ્રદેશ અપેક્ષાએ જુદા ન પડે, કેમકે દ્રવ્ય અને ગુણોનું ક્ષેત્ર એક જ છે.

**પ્ર. ૮૪ દરેક દ્રવ્યના ગુણોના પ્રદેશ જુદા-જુદા માનવામાં શો દોષ આવે ?**

ઉ. ૮૪ એક માનવામાં આવે તો દ્રવ્યના આશ્રયે ગુણ ન રહે; અને જેટલા ગુણ છે તેટલાં અલગ અલગ દ્રવ્યો થઈ જાય તથા દ્રવ્યનો આ ગુણ છે એવી મર્યાદા ન રહે.

**પ્ર. ૮૫ ગુણની વ્યાખ્યામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ કેવી રીતે આવે છે ?**

ઉ. ૮૫ (૧) 'દ્રવ્ય' દ્રવ્ય બતાવે છે.
(૨) 'પૂરા ભાગમાં'-એ ક્ષેત્ર બતાવે છે.
(૩) 'સર્વ હાલતો'-એ કાળ બતાવે છે.
(૪) 'ગુણ'-એ ભાવ બતાવે છે.

**પ્ર. ૮૬ દ્રવ્ય અને તેના ગુણોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સરખાવો.**

ઉ. ૮૬ દ્રવ્ય અને ગુણનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ સરખાં છે, પણ તેમના ભાવમાં ફેર છે.

**પ્ર. ૮૭ દ્રવ્ય અને ગુણોમાં સંજ્ઞા, સંખ્યા અને લક્ષણની અપેક્ષાએ ભેદ બતાવો.**

ઉ. ૮૭

(૧) સંજ્ઞા-બંનેના નામમાં ભેદ છે.
(૨) સંખ્યા-દ્રવ્ય એક અને ગુણો અનેક હોય છે.
(૩) લક્ષણ-'ગુણોનો સમૂહ તે દ્રવ્ય' એ દ્રવ્યનું લક્ષણ છે અને 'જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ

હાલતોમાં રહે તે ગુણ'-એ ગુણનું લક્ષણ છે. એવી રીતે લક્ષણથી પણ દ્રવ્ય અને ગુણમાં ભેદ છે.

**પ્ર. ૮૮ દરેક ગુણના કાર્યક્ષેત્રની મર્યાદા શી છે ?**

ઉ. ૮૮ દરેક ગુણ પોતાના સ્વદ્રવ્યના ક્ષેત્રમાં નિરન્તર પોતાનું જ કાર્ય કરે છે, કદી પરનું કે બીજા ગુણનું કાર્ય કરે નહિ-એ દરેક ગુણના કાર્યક્ષેત્રની મર્યાદા છે.

**પ્ર. ૮૯ એવું કયું દ્રવ્ય છે કે જેમાં સામાન્ય ગુણો ન હોય ?**

ઉ. ૮૯ એવું કોઈ દ્રવ્ય હોય નહિ; કેમકે દરેક દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ બન્ને પ્રકારના ગુણો હોય છે.

**પ્ર. ૯૦ દ્રવ્યમાં સામાન્ય ગુણ ન હોય તો શું દોષ? વિશેષ ગુણ ન હોય તો શું દોષ ?**

ઉ. ૯૦

(૧) સામાન્ય ગુણ ન હોય તો દ્રવ્યપણું જ ન રહે.

(૨) વિશેષ ગુણ ન હોય તો એક દ્રવ્ય બીજા દ્રવ્યથી જુદું ન જણાય, અર્થાત્ કોઈ દ્રવ્ય પર દ્રવ્યથી જુદું ઓળખી શકાય નહિ.

**પ્ર. ૯૧ સામાન્ય ગુણો કેટલા છે ?**

ઉ. ૯૧ સામાન્ય ગુણો અનેક છે, પણ મુખ્યપણે જાણવા યોગ્ય છ છે:- **અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ.**

## (૧) અસ્તિત્વ ગુણ

**પ્ર. ૯૨ અસ્તિત્વ ગુણને 'ગુણની વ્યાખ્યામાં' ઉતારો.**
ઉ. ૯૨ અસ્તિત્વ ગુણ છએ દ્રવ્યના પોતપોતાના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં રહે છે.

**પ્ર. ૯૩ અસ્તિત્વ ગુણ કોને કહે છે ?**
ઉ. ૯૩ જે શક્તિના કારણે દ્રવ્યનો કદી અભાવ ન હોય તેને અસ્તિત્વ ગુણ કહે છે, કેમકે દ્રવ્ય અનાદિ અનંત છે.

**પ્ર. ૯૪ શ્રી આદિનાથ (ૠષભદેવ) ભગવાન બિરાજતા હતા ત્યારે આપણે વિદ્યમાન હતા તે શા આધારે માનશો?**
ઉ. ૯૪ આપણામાં અસ્તિત્વ ગુણ છે, તેથી તે કાળે લોકમાં કોઈ પણ ક્ષેત્રે આપણે વિદ્યમાન હતા એમ સાબિત થાય છે.

**પ્ર. ૯૫ ઈશ્વરે વિશ્વ (જગત્) બનાવ્યું-એ ખરું છે?**
ઉ. ૯૫ ના; અસ્તિત્વ ગુણના કારણે વિશ્વ એટલે અનંતા જીવ, પુદ્‌ગલ વગેરે છએ દ્રવ્યો સ્વયંસિદ્ધ અનાદિ અનંત છે, તેથી તેને કોઈએ બનાવ્યું નથી.

**પ્ર. ૯૬ કોઈ જગતની રક્ષા કરે છે ?**
ઉ. ૯૬

(૧) ના, દરેક વસ્તુ પોતાની અનંત શક્તિથી સ્વયંરક્ષિત છે.

(૨) દરેક દ્રવ્યમાં અસ્તિત્વ ગુણ હોવાથી પોતાની રક્ષા (હયાતી) માટે બીજા કોઈની જરૂર પડતી નથી.

**પ્ર. ૯૭ કોઈ જગતનો સંહાર (નાશ) કરે છે ?**

ઉ. ૯૭ ના; અસ્તિત્વ ગુણના કારણે કોઈ દ્રવ્યનો કદી નાશ થતો નથી; પણ દ્રવ્યત્વ ગુણના કારણે દરેક દ્રવ્ય પોતે જ સદાય પોતાના નવા નવા પર્યાયો (અવસ્થાઓ) ઉત્પન્ન કરે છે. અને પોતે જ પોતાની પૂર્વ અવસ્થાઓનો નાશ કરે છે, અર્થાત્ નિરંતર બદલે છે અને દ્રવ્યપણે નિત્ય ટકી રહે છે.

**પ્ર. ૯૮ આ ઉપરથી સિદ્ધાંન્ત શું સમજવો ?**

ઉ. ૯૮ દરેક દ્રવ્ય ત્રિકાળ જુદેજુદું સ્વતંત્ર છે અને દરેક દ્રવ્યમાં પોતપોતાના કારણે પર્યાય અપેક્ષાએ નવી અવસ્થાનું ઊપજવું, પૂર્વ પર્યાયનો નાશ થવો અને દ્રવ્ય અપેક્ષાએ નિત્ય ટકી રહેવું-એવી સ્થિતિ ત્રિકાળ થઈ રહી છે.

**પ્ર. ૯૯ જીવના અસ્તિત્વ ગુણને જાણવાથી શો લાભ થાય ?**

ઉ. ૯૯ હું સ્વતંત્ર અનાદિ-અનંત મારાથી ટકી રહેનારો છું; કોઈ પરથી અને કોઈ સંયોગથી મારી ઉત્પત્તિ થઈ નથી તથા મારો કદી નાશ થતો નથી. એમ અસ્તિત્વ ગુણને જાણવાથી લાભ થાય છે અને તેથી મરણનો ભય

ટળી જાય છે.

## (૨) વસ્તુત્વ ગુણ

**પ્ર. ૧૦૦ વસ્તુત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૦૦ જે શક્તિના કારણે દ્રવ્યમાં અર્થક્રિયા (પ્રયોજનભૂત ક્રિયા) હોય; જેમ કે આત્માની અર્થક્રિયા જાણવું વગેરે છે.

**પ્ર. ૧૦૧ સિદ્ધ ભગવાન કૃતકૃત્ય થયા, તો હવે તેમને કાર્ય કરવું અટકી ગયું ?**

ઉ. ૧૦૧ ના; કારણ કે તેમનામાં વસ્તુત્વ ગુણના કારણે દરેક ગુણનું પ્રયોજનભૂત કાર્ય (નિર્મળ સ્વભાવરૂપ પરિણમન) સમયે-સમયે થઈ રહ્યું છે.

**પ્ર. ૧૦૨ દ્રવ્યનું 'વસ્તુ' એવું નામ શાથી છે ?**

ઉ. ૧૦૨

(૧) વસ્તુત્વ ગુણની મુખ્યતાથી દ્રવ્યને વસ્તુ કહે છે.

(૨) જેમાં ગુણ પર્યાય વસે છે તેને વસ્તુ કહે છે. (ગોમ્મટસાર જીવકાંડ-ગાથા ૬૭૨ ટીકા)

(૩) જેમાં સામાન્ય-વિશેષ સ્વભાવ હોય તેને વસ્તુ કહે છે.

(૪) દરેક દ્રવ્ય પોતાનું પ્રયોજનભૂત કાર્ય કરે છે તેથી તેને વસ્તુ કહે છે.

'વસ્તુ' એવું નામ એમ પણ બતાવે છે કે દરેક

દ્રવ્યના ગુણ, પર્યાય પોતપોતાના દ્રવ્યમાં જ વસે છે, તેથી જીવના ગુણ, પર્યાય શરીરમાં કે પરદ્રવ્યમાં વસતા નથી. દરેક જીવના ગુણ, પર્યાય તે તે જીવમાં વસે છે, તેથી જીવને બીજા કોઈ દ્રવ્યનું આલંબન ખરેખર લેવું પડે એ સંભવતું જ નથી. દરેક દ્રવ્ય પોતામાં પરિપૂર્ણ જ છે.

## (૩) દ્રવ્યત્વ ગુણ

**પ્ર. ૧૦૩ દ્રવ્યત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૦૩ જે શક્તિના કારણે દ્રવ્યની અવસ્થા નિરંતર બદલતી રહે તેને દ્રવ્યત્વ ગુણ કહે છે.

**પ્ર. ૧૦૪ દ્રવ્યનું 'દ્રવ્ય' નામ શા કારણે છે ?**

ઉ. ૧૦૪ દ્રવ્યત્વ ગુણની મુખ્યતાથી.

**પ્ર. ૧૦૫ કાળથી બધું બદલાય છે-પરિવર્તન થયા કરે છે, માટે બધું કાળને આધીન છે ?**

ઉ. ૧૦૫ ના; કેમકે જગતના છએ દ્રવ્યો નિરંતર પોતાની દ્રવ્યત્વ શક્તિથી જ પરિવર્તન કરે છે. તેમાં કાળ દ્રવ્ય તો નિમિત્ત માત્ર છે. વસ્તુની શક્તિ કોઈની અપેક્ષા રાખતી નથી; માટે કાળને આધીન કહેવું તે વ્યવહાર-કથન છે.

**પ્ર. ૧૦૬ દ્રવ્યના પ્રત્યેક ગુણમાં નવા-નવા પર્યાય થાય છે ? થાય છે તો તેનું કારણ શું ?**

ઉ. ૧૦૬ હા; કારણ કે બધા ગુણો નિરન્તર પરિણામ-સ્વભાવી હોય છે, અને તેમાં દ્રવ્યત્વ ગુણ નિમિત્ત છે.

**પ્ર. ૧૦૭ દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વ વગેરે ગુણો ત્રિકાલ રહે છે ? અને રહે છે તો તેનું કારણ શું ?**

ઉ. ૧૦૭

(૧) હા, દ્રવ્યમાં દ્રવ્યત્વાદિ ગુણો પોતપોતાના કારણે સ્વયં ત્રિકાલ રહે છે, તેમાં અસ્તિત્વ નામનો સામાન્ય ગુણ નિમિત્ત છે.

(૨) જેમ દ્રવ્યનો કદી નાશ થતો નહિ હોવાથી દ્રવ્ય અનાદિ-અનંત છે, તેમ દ્રવ્યના બધા ગુણો પણ અસ્તિત્વ ગુણના નિમિત્તે કદી નાશ પામતા નથી, તેથી તેઓ પણ અનાદિ-અનંત છે.

**પ્ર. ૧૦૮ દ્રવ્યત્વ ગુણ ઉપરથી શું સમજવું જોઈએ?**

ઉ. ૧૦૮

(૧) બધાં દ્રવ્યોની અવસ્થાંઓનું પરિવર્તન (બદલવું) નિરંતર તેના પોતાથી પોતામાંથી જ થયા કરે છે, પણ બીજો કોઈ તેની અવસ્થા બદલતો નથી.

(૨) જીવનો કોઈ પર્યાય અજીવથી-કર્મથી, શરીરાદિથી બદલાતો નથી અને શરીરાદિ કોઈ પર દ્રવ્યથી અવસ્થા બદલાતી નથી.

(૩) જીવમાં અજ્ઞાન દશા છે તે સદાય એક સરખી રહેતી

નથી.

(૪) પ્રથમ ઓછું જ્ઞાન હોય અને પછી વધે છે ત્યાં જ્ઞાનનો ફેરફાર થવામાં દ્રવ્યત્વ ગુણ કારણ છે અને જ્ઞાનનો વિકાસ જ્ઞાનગુણમાંથી જ થાય છે, પણ શાસ્ત્રાદિથી -બહારથી જ્ઞાન આવતું નથી.

(૫) માટીમાંથી ઘડો દ્રવ્યત્વ ગુણના કારણે થયો છે. કુંભારાદિ તો નિમિત્ત માત્ર છે. નિશ્ચયથી જોતાં કુંભારે ઘડો કર્યો નથી. માટીની અવસ્થા કુંભારે બદલાવી, એવું માનનારે દ્રવ્યત્વ ગુણ માન્યો નહિ. પદાર્થના એક ગુણનો નકાર કરતાં સંપૂર્ણ દ્રવ્યનો નકાર થાય છે અને એ રીતે તેણે પોતાના અભિપ્રાયમાં સર્વ દ્રવ્યોનો અભાવ માન્યો.

**પ્ર. ૧૦૯ દરેક દ્રવ્યમાં પોતાનું કામ કરવાનું સામર્થ્ય શાથી છે ?**

ઉ. ૧૦૯ દરેક દ્રવ્ય દ્રવ્યત્વ ગુણના કારણે નિત્ય પરિણમનશક્તિ વાળું છે, માટે નિરંતર પોતપોતાનું કામ કર્યા કરે છે અને તેમાં પોતાનો વસ્તુત્વં ગુણ નિમિત્ત કારણ છે.

**પ્ર. ૧૧૦ દ્રવ્યત્વ ગુણ અને વસ્તુત્વ ગુણના ભાવમાં શો ફેર ?**

ઉ. ૧૧૦ દરેક દ્રવ્યમાં નિરંતર *સમયે સમયે નવી નવી

* સમય = જેનો ભાગ ન પડી શકે તેવો નાનામાં નાનો કાળ (વખત).

અવસ્થા થયા કરે છે-એમ દ્રવ્યત્વ ગુણ બતાવે છે, અને દરેક દ્રવ્યમાં પ્રયોજનભૂત ક્રિયા પોતાથી થઈ રહી છે, કોઈ દ્રવ્ય પોતાનું કામ કર્યા વિના રહેતું નથી, એમ વસ્તુત્વ ગુણ બતાવે છે.

## (૪) પ્રમેયત્વ ગુણ

**પ્ર. ૧૧૧ પ્રમેયત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૧૧ જે શક્તિના કારણે દ્રવ્ય કોઈ ને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્વ ગુણ કહે છે.

**પ્ર. ૧૧૨ 'કોઈ ને કોઈ જ્ઞાન' એટલે શું ?**

ઉ. ૧૧૨ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન એ પાંચમાંથી કોઈ પણ એક અથવા વધારે જ્ઞાન.

**પ્ર. ૧૧૩ જગતમાં કોઈ પદાર્થ એવો છે કે જણાયા વિના રહે ? જો તે જણાયા વિના રહે તો શો દોષ આવે ?**

ઉ. ૧૧૩ એવો કોઈ પદાર્થ નથી કે જે જણાયા વિનાનો રહે. જો તે જણાયા વિનાનો રહે તો પ્રમેયત્વ ગુણનો નાશ થાય, અને એક ગુણનો નાશ થતાં તેની સાથેના અસ્તિત્વાદિ સમસ્ત ગુણોનો નાશ થાય. તેમ થતાં દ્રવ્ય જ ન રહે.

**પ્ર. ૧૧૪ જગતમાં કેટલાં દ્રવ્યો પ્રમેયત્વગુણવાળાં છે ? તેનું કારણ આપો.**

ઉ. ૧૧૪ બધાંય દ્રવ્યો પ્રમેયત્વગુણવાળાં છે, કારણ કે તે ગુણ બધાં દ્રવ્યોનો સામાન્ય ગુણ છે.

**પ્ર. ૧૧૫ રૂપી પદાર્થો જ્ઞાનમાં જણાય પણ અરૂપી પદાર્થો ન જણાય-એ કથન બરોબર છે ?**

ઉ. ૧૧૫ ના; કેમકે દરેક દ્રવ્ય પ્રમેયત્વગુણવાળું છે. દરેક પદાર્થ કોઈને કોઈ જ્ઞાનનો વિષય થતો હોવાથી રૂપી અને અરૂપી બંને પદાર્થો અવશ્ય બરાબર જણાય છે.

**પ્ર. ૧૧૬ આત્મા તો અરૂપી છે અને અમારું જ્ઞાન ઘણું અલ્પ છે; તો આત્માનું જ્ઞાન કેમ થઈ શકે ?**

ઉ. ૧૧૬ એમ હોવા છતાં પણ આત્માનું જ્ઞાન બરોબર થઈ શકે છે; કેમ કે તેનામાં (આત્મામાં) પણ પ્રમેયત્વગુણ રહેલો છે, તેમ જ તે સમ્યગ્ મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય થઈ શકે છે, માટે યથાર્થ સમજણનો પુરુષાર્થ કરવામાં આવે તો આત્માનું જ્ઞાન અવશ્ય થઈ શકે.

**પ્ર. ૧૧૭ 'આત્મા અલખ-અગોચર છે' એટલે શું ?**

ઉ. ૧૧૭ જડ ઈન્દ્રિયોથી, વિકલ્પ (રાગ) થી અને પરાશ્રયથી આત્મા જણાય તેવો નથી, તેથી તેને અલખ-અગોચર કહે છે; પરંતુ આત્મામાં જ્ઞાન ગુણ તેમ જ પ્રમેયત્વ ગુણ હોવાથી સ્વસંવેદન જ્ઞાનથી આત્મા અવશ્ય જણાય અનુભવાય તેવો છે-એમ તેનો અર્થ જાણવો.

**પ્ર. ૧૧૮ જાણવાની અને જણાવાની એમ બંને શક્તિ એકી સાથે કોનામાં છે ?**

ઉ. ૧૧૮ જાણવાની જ્ઞાનશક્તિ અને જણાવાની પ્રમેયત્વ-શક્તિ બંને એકી સાથે જીવ દ્રવ્યમાં જ છે.

**પ્ર. ૧૧૯ જણાવાની શક્તિનું નામ અને તેનો વ્યુત્પત્તિ અર્થ શો ?**

ઉ. ૧૧૯ જણાવાની શક્તિનું નામ પ્રમેયત્વ ગુણ છે. તેનો વ્યુત્પત્તિ અર્થ નીચે પ્રમાણે છે :-

પ્રમેયત્વ = પ્ર+મેય+ત્વ.

પ્ર = પ્રકૃષ્ટપણે, વિશેષ કરીને.

મેય = માપમાં આવવા યોગ્ય (मा ધાતુનું વિધ્યર્થ કૃદન્ત)

ત્વ = પણું (ભાવવાચક પ્રત્યય).

પ્રમેયત્વ = પ્રકૃષ્ટપણે માપમાં (જ્ઞાનમાં-ખ્યાલમાં) આવવા યોગ્યપણું.

## (૫) અગુરુલઘુત્વ ગુણ

**પ્ર. ૧૨૦ અગુરુલઘુત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૨૦ જે શક્તિના કારણે દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્:-

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થાય,

(૨) એક ગુણ બીજા ગુણરૂપ ન થાય,

(૩) દ્રવ્યમાં રહેલા અનંત ગુણો વિખરાઈને અલગ-અલગ થઈ ન જાય, તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે.

**પ્ર. ૧૨૧ જીવ દ્રવ્યમાં અગુરુલઘુત્વ ગુણના કારણે**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની મર્યાદા બતાવો.**

ઉ. ૧૨૧

(૧) અનંતગુણોના પિંડરૂપ જીવનું સ્વદ્રવ્યપણું કાયમ રહે છે અને તે શરીરાદિરૂપ કદી થતું નથી.

(૨) જીવનું અસંખ્યાત પ્રદેશી સ્વક્ષેત્ર કદી પરરૂપ ન થાય, પરમાં ભળી ન જાય અને બે જીવનું સ્વક્ષેત્ર પણ કદી એક ન થાય.

(૩) જીવના એક ગુણનો પર્યાય [illegible] અન્ય ગુણના પર્યાયરૂપ ન થાય (બીજાનું કંઇ કરે, [illegible] ઊપજે-બદલે એમ ન થાય).

(૪) ભાવ એટલે ગુણ; જેટલા જે રૂપે છે તેટલા તે રૂપે સત્ રહે, વિખરાય નહિ.

**પ્ર. ૧૨૨ જીવ દ્રવ્યની ઉપર પ્રમાણેની મર્યાદા સમજવાથી શો લાભ ?**

ઉ. ૧૨૨

(૧) છએ દ્રવ્યો તથા તેના ગુણો અને પર્યાયોની સ્વતંત્રતા જાણતાં પોતાનું ભલું-બૂરું પોતાથી પોતામાં જ થાય છે એવું યથાર્થ જ્ઞાન થાય છે.

(૨) કોઈ પણ દ્રવ્યકર્મ અથવા કોઈ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ આ જીવને લાભ કે નુકશાન કરી શકે નહિ એવો નિર્ણય થાય છે.

(૩) હું સ્વતંત્ર જ્ઞાન-આનંદ સ્વભાવી પદાર્થ છું અને જગતના સમસ્ત પદાર્થ મારાથી ત્રિકાળ ભિન્ન છે-એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદજ્ઞાનરૂપ જ્યોતિનો ઉદય થાય. તે જ સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપ ધર્મ છે.

**પ્ર. ૧૨૩ બહારનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ અનુસાર પર્યાય બદલાય છે એમ માનવામાં શો દોષ ?**

ઉ. ૧૨૩ બે દ્રવ્યોને જુદાં-જુદાં સ્વતંત્ર ન માન્યાં અને દ્રવ્યમાં અગુરુલઘુત્વ ગુણ ન માન્યો. આથી દ્રવ્યનો પણ નાશ થાય વગેરે દોષો આવે છે.

**પ્ર. ૧૨૪ છયે દ્રવ્યો તથા તેમના ગુણ-પર્યાયની સ્વતંત્રતાની મર્યાદા કયા ગુણથી છે ?**

ઉ. ૧૨૪ અગુરુલઘુત્વગુણથી.

**પ્ર. ૧૨૫ અગુરુલઘુત્વગુણ ઉપરથી વિશેષ શું સમજવું?**

ઉ. ૧૨૫

(૧) કોઈ પણ દ્રવ્ય બીજા દ્રવ્યને આધીન નથી.

(૨) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહિ.

(૩) દ્રવ્યનો એક ગુણ તે જ દ્રવ્યના બીજાગુણનું કાંઈ કરી શકે નહિ.

(૪) કોઈ દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાયમાં કાંઈ કરી શકે નહિ, તેઓ એકબીજાને આધીન નથી.

(૫) અગુરુલઘુત્વ ગુણનું આવું યથાર્થ સ્વરૂપ જાણતાં જગતનાં છયે દ્રવ્યોનાં દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન-ભિન્ન અને સ્વતંત્ર છે અને તે બધાથી હું જ્ઞાનસ્વભાવી આત્મા ભિન્ન છું-એ પ્રકારે ભેદજ્ઞાનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૧૨૬ એક દ્રવ્યમાં રહેલા ગુણો પરસ્પર એકબીજાનું કામ કરે ? ન કરે તો તેની વ્યવસ્થા શી રીતે છે?**

ઉ. ૧૨૬ અગુરુલઘુત્વના કારણે એક ગુણ બીજા ગુણરૂપ ન થાય, તેથી એક ગુણનું કાર્યક્ષેત્ર બીજામાં ન જાય; આમ હોવાથી એક દ્રવ્યમાં પણ એક ગુણ બીજા ગુણના કાર્યને કરી શકે નહિ, પણ દરેક ગુણ નિત્ય પરિણામસ્વભાવી હોવાથી દરેક સમયે પોતાના નવા-નવા પર્યાય ઉત્પન્ન કરે છે; તેમાં બીજા ગુણના પર્યાયો નિમિત્તમાત્ર કહેવાય છે. એક ગુણના વર્તમાન પર્યાયમાં કાર્ય થતાં બીજા ગુણનો વર્તમાન પર્યાય નિમિત્ત કહેવાય છે એમ એક દ્રવ્યને આશ્રિત ગુણોમાં પણ સ્વતંત્રતા હોવાથી એક ગુણને બીજા ગુણ સાથે કર્તા-કર્મ સંબંધ નથી.

પંચાધ્યાયી અ. ૨, ગાથા ૧૦૦૮-૧૦ માં પણ કહ્યું છે કે, "કોઈ પણ ગુણ કોઈ રીતે બીજા ગુણમાં અન્તર્ભૂત થતો નથી (એક ગુણમાં બીજા ગુણો સમાઈ જતા નથી.) પરસ્પર આધાર-આધેય તથા ઉપાદાન-ઉપાદેયરૂપ (કારણ-કાર્યપણે) બે ગુણોને સંબંધ નથી, પરંતુ બધા ગુણો પોત-પોતાની શક્તિના યોગથી સ્વતંત્ર છે અને તે જુદા-જુદા લક્ષણવાળા અનેક છે, તોપણ સ્વદ્રવ્યની સાથે પરસ્પરમાં મળેલા છે."

**પ્ર. ૧૨૭ ગુરુનું જ્ઞાન શિષ્યને મળ્યું; શાસ્ત્રોમાંથી મેં જ્ઞાન લીધું-તે બરાબર છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૧૨૭ ના; કેમકે એક દ્રવ્યના અનંત ગુણોમાંથી એક ગુણ બીજા ગુણમાં ન જાય; તો પછી ભિન્ન દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યમાં કેમ જાય ? એક વસ્તુનો કોઈ ગુણ બીજાને મળે-એમ માનનાર અગુરુલઘુત્વ ગુણને માનતો નથી; તે સ્વતંત્ર વસ્તુ જ માનતો નથી.

**પ્ર. ૧૨૮ હું ચશ્માથી પુસ્તક વાંચું છું અને તે વડે મને જ્ઞાન થાય છે-એમ માનવું તે બરાબર છે ?**

ઉ. ૧૨૮ ના; અગુરુલઘુત્વ ગુણના કારણે એમ થતું નથી; કારણ કે-

(૧) પરથી આત્માનું અને આત્માથી પરનું કાર્ય થાય તો દ્રવ્ય પલટીને નાશ પામે, પણ એમ બનતું નથી.
(૨) આત્મા નિશ્ચયથી સ્વપરપ્રકાશક પોતાના આત્માને જાણે છે, અને
(૩) પુસ્તકના શબ્દોને, જીવ પોતાના જ્ઞાન વડે વ્યવહારથી જાણે છે, અને ચશ્મા તેમાં નિમિત્ત માત્ર બને છે.

**પ્ર. ૧૨૯ બ્રાહ્મી તેલના વપરાશથી કે બદામ વગેરે ખાવાથી બુદ્ધિ વધે-એ માન્યતા બરાબર છે ?**

ઉ. ૧૨૯ ના; કેમકે એક દ્રવ્યની શક્તિ બીજા દ્રવ્યનું કોઈ કામ કરી શકે નહિ, તેથી બ્રાહ્મી તેલના માલિશ વગેરેથી બુદ્ધિ વધે એ માન્યતા ખોટી છે-એમ અગુરુલઘુત્વ ગુણ બતાવે છે.

**પ્ર. ૧૩૦ દૂધમાં છાશ પડવાથી દહીં થાય-એમ માનવું**

**તે બરાબર છે ?**

ઉ. ૧૩૦ ના; છાશ પડવાથી દહીં થાય તો પાણીમાં પણ છાશ પડવાથી દહીં થવું જોઈએ; છાશના પરમાણુ જુદા અને દૂધના પરમાણુ જુદા છે. છાશરૂપ પર્યાયવાળા પરમાણુમાં પણ દરેકમાં અગુરુલઘુત્વ ગુણ હોવાથી તે દૂધના પરમાણુમાં પ્રવેશી શકે નહિ, પણ દ્રવ્યત્વ ગુણના કારણે દૂધરૂપ પર્યાયવાળા પરમાણુઓ સ્વયં પલટીને દહીંરૂપ થાય છે. તેમાં છાશ તો નિમિત્તમાત્ર છે. જ્યારે દૂધના પરમાણુ પોતાના ક્ષણિક ઉપાદાનની યોગ્યતાથી દહીં થવારૂપ કાર્ય કરે છે, ત્યારે છાશ વગેરેને નિમિત્તમાત્ર કહેવાય છે.

**પ્ર. ૧૩૧ આ ઉપરથી શું સિદ્ધાંન્ત સમજવો ?**

ઉ. ૧૩૧ જીવ જ્યારે પોતે પોતાથી સ્વસન્મુખ થઈ પોતાનું સ્વરૂપ સમ્યક્પણે સમજે છે ત્યારે સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ વગેરે તેને નિમિત્તરૂપે હોય છે. એ રીતે સર્વત્ર ઉપાદાનથી જ કાર્ય થાય છે. કોઈ નિમિત્તની કદી પણ રાહ જોવી પડતી નથી પણ નિમિત્ત તે સમયે હોય છે ખરું.

**પ્ર. ૧૩૨ આત્મા મોક્ષદશા પામતાં તેજમાં તેજ ભળી ગયું એમ માનવામાં આવે તો શો દોષ આવે?**

ઉ. ૧૩૨

(૧) એમ માનનારે અગુરુલઘુત્વ ગુણ અને અસ્તિત્વ ગુણને સ્વીકાર્યા નહિ.

(૨) મોક્ષ જનાર જીવ સ્વતંત્ર અને સુખી ન થયો પણ

નાશ પામ્યો.

આથી મોક્ષદશા પામે તે બીજામાં ભળી જાય એમ માનનારો પોતાનો પણ મોક્ષમાં નાશ માને છે; માટે પોતાનો નાશ થાય એવો ધર્મ કોણ ડાહ્યો પુરુષ કરે ? અર્થાત્ ન જ કરે.

**પ્ર. ૧૩૩ જીવ સંસાર-દશામાં એકેન્દ્રિયપણાને પામે, ત્યારે તેના ગુણો ઘટી જાય અને પંચેન્દ્રિયપણાને પામે ત્યારે તેના ગુણો વધી જાય-એમ બને ?**

ઉ. ૧૩૩ ના; કારણ કે-

(૧) દ્રવ્યમાં અગુરુલઘુત્વ નામનો ગુણ છે, તેથી તેના કોઈ ગુણોની સંખ્યા કદી પણ વધતી કે ઘટતી નથી.

(૨) દ્રવ્ય તથા ગુણો તો સદાય બધી હાલતોમાં પૂર્ણ શક્તિવાળાં જ રહે છે.

(૩) પોતાના કારણે ગુણના વર્તમાન પર્યાયમાં જ ફેરફાર (પરિણમન) થાય છે.

## (૬) પ્રદેશત્વ ગુણ

**પ્ર. ૧૩૪ પ્રદેશત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૩૪ જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

**પ્ર. ૧૩૫ આત્માને સાકાર તથા નિરાકાર કેવી રીતે કહેવાય ?**

ઉ. ૧૩૫ પ્રદેશત્વ ગુણના કારણે દરેક આત્માને પોતાનો

અરૂપી આકાર છે જ; પણ રૂપી આકાર નથી તે અપેક્ષાએ તે નિરાકાર કહેવાય છે આત્માનો અરૂપી આકાર ઈન્દ્રિયગમ્ય નથી, એ અપેક્ષાએ નિરાકાર છે અને આત્માનો આકાર જ્ઞાનગમ્ય છે, તેથી તે આકારવાન છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પાનું, ૧૧૫)

**પ્ર. ૧૩૬ દ્રવ્ય, ગુણ, પર્યાય-ત્રણેના જુદા-જુદા અથવા નાના-મોટા આકાર હોય ?**

ઉ. ૧૩૬ ના; દ્રવ્યનો આકાર તે જ ગુણ અને પર્યાયનો આકાર છે, કારણ કે ત્રણેનું ક્ષેત્ર એક છે; માટે ત્રણેનો આકાર સરખો અને એક છે.

**પ્ર. ૧૩૭ દ્રવ્ય ત્રિકાળ અને પર્યાય એક સમય પૂરતો છે, તેમાં કોનો આકાર મોટો ?**

ઉ. ૧૩૭ બંનેનો આકાર સરખો છે.

**પ્ર. ૧૩૮ કેટલીક વસ્તુનો આકાર તો ઘણો કાળ એકસરખો દેખાય છે, તો તેને બદલવામાં કેટલો કાળ લાગતો હશે?**

ઉ. ૧૩૮ તેઓ નિરન્તર દરેક સમયે બદલાયા જ કરે છે, પણ સ્થૂલ દૃષ્ટિથી લાંબો કાળ તેનો એકસરખો આકાર દેખાય છે.

**પ્ર. ૧૩૯ સોનાના પિંડમાંથી મુકુટ થયો તેમાં કયો ગુણ કારણ છે ?**

ઉ. ૧૩૯ આકાર થયો તેમાં પ્રદેશત્વ ગુણ અને જૂની

અવસ્થા બદલી નવી થઈ તેમાં, દ્રવ્યત્વ ગુણ કારણ છે.

**પ્ર. ૧૪૦ આ 'પુસ્તકમાં' છએ સામાન્ય ગુણો ઉતારો.**

ઉ. ૧૪૦

(૧) આ પુસ્તકમાં તેના પરમાણુનો કદી નાશ થતો નથી, કેમકે તેમાં અસ્તિત્વ ગુણ છે.

(૨) તેમાં અર્થક્રિયા છે, કેમકે તેમાં વસ્તુત્વ ગુણ છે;

(૩) તેના પર્યાયમાં નિરંતર સમયે સમયે નવું પરિવર્તન થાય છે; કેમકે તેમાં દ્રવ્યત્વ ગુણ છે.

(૪) તે જાણાવા યોગ્ય છે, કેમકે તેમાં પ્રમેયત્વ ગુણ છે.

(૫) તેનો કોઈ પણ પરમાણુ પલટીને બીજા રૂપે થતો નથી. તેના દરેક ગુણ-પર્યાય પણ તેની મર્યાદામાં વ્યવસ્થિત છે, કેમકે તેમાં અગુરુલઘુત્વ ગુણ છે.

(૬) આકારવાન છે, કેમકે તેમાં પ્રદેશત્વ ગુણ છે.

**પ્ર. ૧૪૧ માટી વડે ઘડો થયો છે. કુંભાર વડે ઘડો થયો નથી. તેમાં કયા ગુણોની સાબિતી છે ?**

ઉ. ૧૪૧ દ્રવ્યત્વ અને અગુરુલઘુત્વ ગુણોની.

**પ્ર. ૧૪૨ જે નથી જાણતાં તેવાં જડ દ્રવ્યો પણ સ્વતઃ પરિણમે છે, તેમાં કયો ગુણ સાબિત થયો ?**

ઉ. ૧૪૨ દ્રવ્યત્વ ગુણ.

**પ્ર. ૧૪૩ અમે મનુષ્ય છીએ, માટે અમારા કામમાં બીજાની જરૂર પડે, બીજા વિના ન ચાલે-એવું માનનારે કયા ગુણ ન માન્યા ?**

ઉ. ૧૪૩ મનુષ્ય તો અસમાન જાતીય દ્રવ્ય પર્યાય છે. શરીર અજીવ રૂપી પુદ્ગલ દ્રવ્ય છે અને જીવ સદા અરૂપી ચેતન દ્રવ્ય છે તેનો સંયોગ-એક ક્ષેત્રાવગાહ સંબંધ બંધપણે છે. એક દ્રવ્યને બીજાની જરૂર પડે એમ માનનારે વસ્તુત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વાદિ ગુણો માન્યા નહિ.

**પ્ર. ૧૪૪ જે દ્રવ્યો છે તેનો કદી નાશ નથી અને તે બીજામાં ભળતાં નથી-તેમાં કયા ગુણો કારણભૂત છે ?**

ઉ. ૧૪૪ અસ્તિત્વ ગુણ અને અગુરુલઘુત્વ ગુણ.

**પ્ર. ૧૪૫ જે સ્વભાવ છે તે ગુપ્ત રહે નહિ, તે કોઈમાં ભળે નહિ, નાશ પામે નહિ, બદલ્યા વિના રહે નહિ-તેમાં કયા ગુણ કારણભૂત છે ?**

ઉ. ૧૪૫ તેમાં અનુક્રમે, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, અસ્તિત્વ અને દ્રવ્યત્વ ગુણ કારણભૂત છે.

**પ્ર. ૧૪૬ છએ સામાન્ય ગુણોનું પ્રયોજન ટૂંકમાં શું છે?**

ઉ. ૧૪૬

(૧) કોઈ દ્રવ્યની કદી ઉત્પત્તિ કે નાશ નથી, માટે કોઈ કોઈનો કર્ત્તા નથી-એમ અસ્તિત્વ ગુણ સૂચવે છે.

(૨) દરેક દ્રવ્ય નિરંતર પોતાની જ પ્રયોજનભૂત ક્રિયા કરે છે, તેથી કોઈ દ્રવ્ય એક સમય પણ પોતાના કામ (કાર્ય) વિના નકામું હોતું નથી-એમ વસ્તુત્વ

ગુણ બતાવે છે.

(૩) દરેક દ્રવ્ય નિરંતર પ્રવાહક્રમે પ્રવર્તતી પોતાની નવી નવી અવસ્થાઓને સદાય પોતે જ બદલે છે, માટે કોઈના કારણે પર્યાય પ્રવર્તે કે રોકાય એવું પરાધીન કોઈ દ્રવ્ય નથી-એમ દ્રવ્યત્વ ગુણ બતાવે છે.

(૪) દરેક દ્રવ્યમાં જણાવા યોગ્યપણું હોવાથી જ્ઞાનથી કોઈ અજાણ્યું (ગુપ્ત) રહી શકે નહિ, તેથી કોઈ એમ માને કે આપણે અલ્પજ્ઞને નવ તત્ત્વો શાં ? આત્મા શું? ધર્મ શું ? -એ ન જણાય; તો તેની તે માન્યતા ખોટી છે; કેમ કે જો યથાર્થ સમજવાનો પુરુષાર્થ કરે તો સત્ય અને અસત્યનું સ્વરૂપ (સમ્યગ્ મતિ-શ્રુતજ્ઞાનનો વિષય હોવાથી) તેના જ્ઞાનમાં અવશ્ય જણાય-એમ પ્રમેયત્વ ગુણ બતાવે છે.

(૫) દરેક દ્રવ્યની દ્રવ્યતા કાયમ વ્યવસ્થિત રહે છે, તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ; પર્યાય દ્વારા પણ કોઈ બીજા ઉપર અસર, પ્રભાવ, પ્રેરણા, લાભ-નુકસાનાદિ કાંઈ કરી શકે નહિ.

દરેક દ્રવ્ય પોતાના ક્રમબદ્ધ ધારાવાહી પર્યાય વડે પોતાનામાં જ વર્તે છે. એ રીતે દરેક દ્રવ્ય પોતામાં વ્યવસ્થિત નિયત મર્યાદાવાળું હોવાથી કોઈ દ્રવ્યને બીજાની જરૂર પડતી નથી, એમ અગુરુલઘુત્વ ગુણ બતાવે છે.

(૬) કોઈ વસ્તુ પોતાના સ્વક્ષેત્રરૂપ આકાર વિના હોય નહિ; અને આકાર નાનો-મોટો હોય તે લાભ-નુકસાનનું કારણ નથી, છતાં દરેક દ્રવ્યને સ્વઅવગાહનારૂપ પોતાનો સ્વતંત્ર આકાર અવશ્ય હોય છે, એમ પ્રદેશત્વ ગુણ બતાવે છે.

આમ છએ સામાન્ય ગુણો દરેક દ્રવ્યની સ્વતંત્ર વ્યવસ્થા બતાવે છે.

## વિશેષ ગુણો

**પ્ર. ૧૪૭ પ્રત્યેક દ્રવ્યમાં કયા કયા વિશેષ ગુણો છે?**

ઉ. ૧૪૭

(૧) જીવ દ્રવ્યમાં-ચૈતન્ય (દર્શન-જ્ઞાન), શ્રદ્ધા (સમ્યક્ત્વ), ચારિત્ર, સુખ, વીર્ય, ક્રિયાવતી શક્તિ, વૈભાવિક શક્તિ વગેરે.

(૨) પુદ્ગલ દ્રવ્યમાં-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ, વૈભાવિક શક્તિ વગેરે.

(૩) ધર્માસ્તિકાય દ્રવ્યમાં-ગતિહેતુત્વ વગેરે.

(૪) અધર્માસ્તિકાય દ્રવ્યમાં-સ્થિતિહેતુત્વ વગેરે.

(૫) આકાશ દ્રવ્યમાં-અવગાહનહેતુત્વ વગેરે.

(૬) કાળ દ્રવ્યમાં-પરિણમનહેતુત્વ વગેરે.

**પ્ર. ૧૪૮ ચેતન, ચૈતન્ય અને ચેતના કોને કહે છે?**

ઉ. ૧૪૮

(૧) જીવ દ્રવ્યને ચેતન કહે છે.

(૨) ચૈતન્ય તે ચેતન દ્રવ્યનો ગુણ છે. તેમાં દર્શન અને જ્ઞાન–એ બંને ગુણોનો સમાવેશ થઈ જાય છે.
(૩) ચૈતન્ય ગુણના પર્યાયને ચેતના કહેવામાં આવે છે.
(૪) ચૈતન્ય ગુણને પણ ચેતના ગુણ કહેવામાં આવે છે.

**પ્ર. ૧૪૯ ચેતના કોને કહે છે ?**

ઉ. ૧૪૯ જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે.

**પ્ર. ૧૫૦ ચેતનાના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૫૦ બે ભેદ છે. દર્શનચેતના (દર્શનોપયોગ) અને જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ).

**પ્ર. ૧૫૧ દર્શનચેતના કોને કહે છે ?**

ઉ. ૧૫૧ જેમાં પદાર્થોના ભેદરહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) હોય તેને દર્શન ચેતના કહે છે; જેમ કે જ્ઞાનનો ઉપયોગ ઘડા તરફ હતો ત્યાંથી છૂટી બીજા પદાર્થો સંબંધી જ્ઞાનોપયોગ શરૂ થાય તે પહેલાં જે ચૈતન્યનો સામાન્ય પ્રતિભાસ રૂપ વ્યાપાર થાય તે દર્શનોપયોગ છે.

**પ્ર. ૧૫૨ જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ) કોને કહે છે ?**

ઉ. ૧૫૨ જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાનોપયોગ કહે છે, અર્થાત્ જ્ઞાનગુણને અનુસરીને વર્તનારો ચૈતન્યપરિણામ તે જ્ઞાનોપયોગ છે.

**પ્ર. ૧૫૩ દર્શનચેતનાના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૫૩ ચાર ભેદ છેઃ- ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને કેવલદર્શન. તેઓ દર્શન ગુણને અનુસરી વર્તનારા ચૈતન્ય પરિણામ છે.

**પ્ર. ૧૫૪ ચક્ષુદર્શન કોને કહે છે ?**

ઉ. ૧૫૪ ચક્ષુઈન્દ્રિય દ્વારા મતિજ્ઞાન થાય પહેલાં જે સામાન્ય પ્રતિભાસ થાય તેને ચક્ષુદર્શન કહે છે.

**પ્ર. ૧૫૫ અચક્ષુદર્શન કોને કહે છે ?**

ઉ. ૧૫૫ ચક્ષુઈન્દ્રિયને છોડી બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા મતિજ્ઞાન થયા પહેલાં જે સામાન્ય પ્રતિભાસ થાય તેને અચક્ષુદર્શન કહે છે.

**પ્ર. ૧૫૬ અવધિદર્શન કોને કહે છે ?**

ઉ. ૧૫૬ અવધિજ્ઞાનના પહેલાં થવાવાળા સામાન્ય પ્રતિભાસને અવધિદર્શન કહે છે.

**પ્ર. ૧૫૭ કેવળદર્શન કોને કહે છે ?**

ઉ. ૧૫૭ કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને કેવળદર્શન કહે છે.

(આત્મા સ્વ-પરનો દર્શક અને સ્વ-પરનો જ્ઞાયક છે).

**પ્ર. ૧૫૮ દર્શનોપયોગ ક્યારે ઉત્પન્ન થાય છે ?**

ઉ. ૧૫૮ દર્શનોપયોગ છદ્મસ્થ જીવોને જ્ઞાનોપયોગ પહેલાં અને કેવલજ્ઞાનીઓને જ્ઞાનોપયોગ સાથે જ થાય છે.

**પ્ર. ૧૫૯ જ્ઞાનના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૫૯ જ્ઞાનગુણ તો નિત્ય એકરૂપ જ હોય છે, પણ તેના સમ્યક્પર્યાયના પાંચ ભેદ છે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન-આ પાંચે સમ્યગ્જ્ઞાનના ભેદ છે.

મિથ્યાજ્ઞાનના ત્રણ પર્યાયો છે તે કુમતિ, કુશ્રુત અને કુઅવધિ છે. એમ આઠ પર્યાયો છે.

**પ્ર. ૧૬૦ મતિજ્ઞાન કોને કહે છે ?**

ઉ. ૧૬૦

(૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને દર્શનોપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

(૨) ઈન્દ્રિય અને મન જેમાં નિમિત્ત માત્ર છે એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

**પ્ર. ૧૬૧ શ્રુતજ્ઞાન કોને કહે છે ?**

ઉ. ૧૬૧

(૧) મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

(૨) આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે.

**પ્ર. ૧૬૨ અવધિજ્ઞાન કોને કહે છે ?**

ઉ. ૧૬૨ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક જે રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને અવધિજ્ઞાન કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૧૬૩ મનઃપર્યયજ્ઞાન કોને કહે છે ?**

ઉ. ૧૬૩ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક બીજાના મનમાં રહેલા રૂપી પદાર્થ સંબંધી વિચારોને તથા રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને મનઃપર્યયજ્ઞાન કહે છે. (શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક દ્રવ્યમાં ક્રમબદ્ધ પર્યાય થાય છે-આગળ-પાછળ થતા નથી.)

**પ્ર. ૧૬૪ કેવળજ્ઞાન કોને કહે છે ?**

ઉ. ૧૬૪ જે ત્રણ લોક-ત્રણ કાલવર્તી સર્વ પદાર્થોને (*અનંત ધર્માત્મક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને) પ્રત્યેક સમયમાં યથાસ્થિત પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક સાથે જાણે તેને કેવલજ્ઞાન કહે છે.

**પ્ર. ૧૬૫ શ્રદ્ધા (સમ્યક્ત્વ) ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૬૫ (૧) જે ગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીતિ) થાય તેને શ્રદ્ધા (સમ્યક્ત્વ) કહે છે.

---

* દ્રવ્ય, ગુણ, પર્યાયોને કેવલી ભગવાન જાણે છે. પણ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી-એમ માનવું તે અસત્ય છે. તેઓ અનંતને અથવા માત્ર પોતાના આત્માને જ જાણે પરંતુ સર્વને ન જાણે-એમ માનવું તે પણ ન્યાયથી વિરુદ્ધ છે. કેવળજ્ઞાની ભગવાન સર્વજ્ઞ હોવાથી અનેકાન્તાત્મક પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણે છે, કેવલીના જ્ઞાનમાં કાંઈ પણ જણાયા વિના રહેતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૨) સમ્યગ્દષ્ટિને નીચે મુજબની પ્રતીતિ હોય છેઃ-

(૧) સાચા દેવ, ગુરુ અને ધર્મમાં દૃઢ પ્રતીતિ.
(૨) જીવાદિ સાત તત્ત્વોની સાચી પ્રતીતિ.
(૩) સ્વ-પરનું શ્રદ્ધાન.
(૪) આત્મશ્રદ્ધાન.

ઉપરોક્ત લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધા થાય છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. [આ પર્યાયનો ધારક શ્રદ્ધા (સમ્યક્ત્વ) ગુણ છે; સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેના પર્યાયો છે.]

**પ્ર. ૧૬૬ ચારિત્ર ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૬૬ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરવુ-રમવું. પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે. તે ચારિત્ર, મિથ્યાત્વ અને અસ્થિરતા રહિત અત્યંત *નિર્વિકાર એવો જીવનો પરિણામ છે, અને એવા પર્યાયોને ધારણ કરનાર ગુણને ચારિત્રગુણ કહે છે.

**પ્ર. ૧૬૭ સુખગુણ કોને કહે છે ?**

ઉ. ૧૬૭ નિરાકુલ આનંદસ્વરૂપ આત્માના પરિણામ વિશેષને સુખ કહે છે, અને તે પર્યાય ધારણ કરનાર

---

* એવા પરિણામોને સ્વરૂપસ્થિરતા, નિશ્ચલતા, વીતરાગતા, સામ્ય, ધર્મ અને ચારિત્ર કહે છે. જ્યારે આત્માને ચારિત્રગુણનો એવો શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે બાહ્ય અને આભ્યંતર ક્રિયાનો યથાસંભવ (ભૂમિકાનુસાર) નિરોધ થઈ જાય છે.

ગુણને સુખગુણ કહે છે.

સુખ અથવા આનંદ નામનો આત્મામાં અનાદિઅનંત એક ગુણ છે. તેનું સમ્યક્પરિણમન ચાલુ થતાં મન, ઈન્દ્રિયો અને તેના વિષયોથી નિરપેક્ષ પોતાના આત્માશ્રિત નિરાકુળતા લક્ષણવાળું સુખ ઉત્પન્ન થાય છે. તેના કારણરૂપ શક્તિ તે સુખગુણ છે.

અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ આત્મામાં નિત્ય છે. (સમયસાર-૪૭ શક્તિઓ પૈકી).

**પ્ર. ૧૬૮ ક્રિયાવતીશક્તિ કોને કહે છે ?**

ઉ. ૧૬૮ જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં ક્રિયાવતી શક્તિ નામે વિશેષ ગુણ છે. તેના કારણે જીવ અને પુદ્ગલને પોતપોતાની યોગ્યતાનુસાર કદી ગમન-ક્ષેત્રાન્તર ગતિરૂપ પર્યાય થાય છે અને કદી સ્થિરરૂપ પર્યાય થાય છે.

[કોઈ દ્રવ્ય (જીવ-પુદ્ગલ) એકબીજાને ગમન વા સ્થિર કરી શકતા નથી. તે બંને દ્રવ્યો પોતાની ક્રિયાવતી શક્તિની તે સમયની યોગ્યતાનુસાર સ્વતઃ ગમન કરે છે અથવા સ્થિર રહે છે.]

**પ્ર. ૧૬૯ મોટર પેટ્રોલથી ચાલે છે કે ડ્રાઈવર તેને ચલાવે છે ?**

ઉ. ૧૬૯ મોટર પેટ્રોલ કે ડ્રાઈવરથી ચાલતી નથી, પણ મોટરના દરેક પરમાણુમાં ક્રિયાવતી શક્તિ છે. તેના

ક્ષણિક ઉપાદાનની યોગ્યતાથી જ તે ચાલે છે. સ્થિર રહેવા લાયક હોય તે સમયે, તેની ક્રિયાવતી શક્તિના કારણે તે સ્થિર રહે છે. અન્ય તો નિમિત્તમાત્ર છે. નિમિત્તથી ઉપાદાનનું કાર્ય થતું નથી પણ સંયોગનું જ્ઞાન કરાવવા માટે ઉપચારથી તેવું કથન થાય છે.

**પ્ર. ૧૭૦ 'સિદ્ધ ભગવાન થયા તે લોકાગ્રે જ સ્થિર રહ્યા. તેઓ ખરેખર ધર્માસ્તિકાયના અભાવથી લોકથી ઉપર જતા નથી'-એ બરોબર છે ?**

ઉ. ૧૭૦ ના; કારણ કે જે જીવ સિદ્ધ પરમાત્મદશાને પ્રગટ કરે તે પણ લોકનું દ્રવ્ય છે, તેથી તે લોકાગ્રપર્યંત જ એક સમયમાં જવાની ખાસ યોગ્યતા ધરાવે છે.

ધર્માસ્તિકાયના અભાવને તેનું કારણ કહેવું તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનયનું કથન છે; નિશ્ચયે યોગ્યતા જ એવી જ હોય તો નિમિત્તમાં એ રીતે કારણપણાનો આરોપ આવી શકે નહિ.

**પ્ર. ૧૭૧ વીર્ય ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૭૧ આત્માની શક્તિ-સામર્થ્ય (બલ)ને વીર્ય કહે છે;

અર્થાત્

સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ શક્તિને વીર્યગુણ કહે છે.

(સમયસાર-૪૭ શક્તિઓમાંથી)

અર્થાત્

પુરુષાર્થરૂપ પરિણામોના કારણભૂત જીવની ત્રિકાલી શક્તિને વીર્યગુણ કહે છે.

**પ્ર. ૧૭૨ ભવ્યત્વગુણ કોને કહે છે ?**

ઉ. ૧૭૨ જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે છે તે ગુણને ભવ્યત્વગુણ કહે છે.

[ભવ્યત્વગુણ સદા ભવ્ય જીવોમાં જ છે અને અભવ્યત્વગુણ સદા અભવ્ય જીવોમાં છે.]

**પ્ર. ૧૭૩ અભવ્યત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૭૩ જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા હોતી નથી તે ગુણને અભવ્યત્વ ગુણ કહે છે.

**પ્ર. ૧૭૪ જીવત્વ ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૭૪ આત્મદ્રવ્યને કારણભૂત ચૈતન્યમાત્રભાવરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે તે શક્તિને જીવત્વગુણ કહે છે.

**પ્ર. ૧૭૫ પ્રાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૭૫ બે ભેદ છે-દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

**પ્ર. ૧૭૬ દ્રવ્યપ્રાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૭૬ દશ ભેદ છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ બલ, શ્વાસોચ્છ્વાસ અને આયુ.

(એ સર્વ પુદ્ગલ દ્રવ્યનાં પર્યાયો છે. આ દ્રવ્યપ્રાણોના સંયોગ-વિયોગથી જીવોની જીવન-મરણરૂપ અવસ્થા

વ્યવહારથી કહેવાય છે.)

**પ્ર. ૧૭૭ ભાવપ્રાણ કોને કહે છે ?**

ઉ. ૧૭૭ ચૈતન્ય અને (ભાવ) બલપ્રાણને ભાવપ્રાણ કહે છે.

**પ્ર. ૧૭૮ ભાવપ્રાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૭૮ બે ભેદ છે-ભાવેન્દ્રિય અને બલપ્રાણ.

આ ભેદ સંસારી જીવોમાં છે. ભાવેન્દ્રિયો બધી ચેતન છે અને તે જ્ઞાનના મતિરૂપ પર્યાયો છે.

ભાવબલપ્રાણ જીવના વીર્યગુણનો પર્યાય છે. દ્રવ્યબલપ્રાણ પુદ્ગલોનો પર્યાય છે.

**પ્ર. ૧૭૯ ભાવેન્દ્રિયના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૭૯ પાંચ ભેદ છેઃ- જીવની ભાવસ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય-તે લબ્ધિ અને ઉપયોગરૂપ છે.

**પ્ર. ૧૮૦ ભાવબલપ્રાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૮૦ ત્રણ ભેદ છે-મનબલ, વચનબલ અને કાયબલ.

**પ્ર. ૧૮૧ વૈભાવિક શક્તિ કોને કહે છે ?**

ઉ. ૧૮૧ આ એક વિશેષ ભાવવાળો ગુણ છે. તે ગુણના કારણે પરદ્રવ્ય (નિમિત્ત)ના સંબંધપૂર્વક, સ્વયં પોતાની યોગ્યતાથી અશુદ્ધ પર્યાયો થાય છે.

આ વૈભાવિક શક્તિ નામનો ગુણ, જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યોમાં જ છે, બાકીના ચાર દ્રવ્યોમાં નથી.

જીવના ગુણોમાં સ્વયંસિદ્ધ એક વૈભાવિક શક્તિ છે. તે જીવની સંસાર અવસ્થામાં પોતાને કારણે પોતે જ (અનાદિકાળથી) વિકૃત થઈ રહી છે.

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૯૪૬)

મુક્ત અવસ્થામાં વૈભાવિક શક્તિનું શુદ્ધ પરિણમન થાય છે.

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૮૧)

મુક્ત–છૂટા પુદ્‌ગલપરમાણુઓ જ્યાં સુધી છૂટા (અબંધ પર્યાયરૂપ) રહે ત્યાં સુધી તેમને આ ગુણનો શુદ્ધપર્યાય થાય છે.

## પ્ર. ૧૮૨ આ વૈભાવિક શક્તિ ઉપરથી વિશેષ શું સમજવું?

ઉ. ૧૮૨ જીવની વૈભાવિક શક્તિ તે ગુણ હોવાથી બંધનું કારણ નથી. તેનું પરિણમન પણ બંધનું કારણ નથી, કારણ કે તેનું પરિણમન તો સિદ્ધ ભગવાનોને પણ હોય છે.

જો જીવ પર પદાર્થને વશ થાય તો તેના પર્યાયમાં વિકાર (અશુદ્ધતા) થાય. તે જીવનો પોતાનો અપરાધ છે. જીવ જે પરપદાર્થને વશ થાય છે તે

પરપદાર્થને નિમિત્ત કહેવામાં આવે છે. જીવે વિકાર કર્યો (અશુદ્ધ ભાવે પોતે પરિણમ્યો) ત્યારે કયા પર પદાર્થને વશ થયો તે બતાવવા માટે તે પરપદાર્થને નિમિત્તકારણ અને વિકારને નૈમિત્તિક (કાર્ય) કહેવામાં આવે છે. આ કથન ભેદજ્ઞાન કરાવવા માટે છે, પણ નિમિત્ત-નૈમિત્તિકને કાંઈ અસર કરી અથવા તેના ઉપર પ્રભાવ પાડયો-એવું બતાવવા માટે તે કથન નથી, કારણ કે તેમ માનવામાં આવે તો બે દ્રવ્યોની એકતા માનવારૂપ મિથ્યાત્વ થાય; માટે એમ સમજવું કે જીવના પોતાના દોષથી જ અશુદ્ધતા થાય છે અને તે જીવ પોતે કરતો હોવાથી તે ટાળી શકાય છે.

જીવ વિકારો (અશુદ્ધ અવસ્થા) પોતાના દોષથી કરે છે, તેથી અશુદ્ધ નિશ્ચયનયથી તે સ્વકૃત છે; પણ તે સ્વભાવ દૃષ્ટિના પુરુષાર્થ વડે પોતામાંથી ટાળી શકાય છે માટે શુદ્ધ નિશ્ચયનયથી તે પરકૃત છે.

આ વિકારો શુદ્ધ નિશ્ચયનયથી નીચેનાં નામોથી ઓળખાય છેઃ

પરકૃત, પરભાવ, પરાકાર, પુદ્ગલભાવ, કર્મજન્યભાવ, પ્રકૃતિશીલ સ્વભાવ, પરદ્રવ્ય, કર્મકૃત, તદ્ગુણાકાર સંક્રાન્તિ, પરગુણાકાર, કર્મપદસ્થિત, જીવમાં થતા અજીવભાવ, તદ્ગુણાકૃતિ, પરયોગકૃત, નિમિત્તકૃત વગેરે પણ તેથી તેઓ પરકૃતાદિ થઈ જતા નથી. માત્ર પોતાનામાંથી જ તે ટાળી શકાય છે એટલું જ તે દર્શાવે છે.

(જુઓ, પંચાધ્યાયી ભા. ૨, ગાથા. ૭૨નો ભાવાર્થ)

તે પર્યાયમાં પોતાનો જ દોષ છે, બીજા કોઈનો તેમાં જરાપણ હાથ કે દોષ નથી. પંચાધ્યાયી ભા. ૨ ની ગાથા ૬૦ અને ૭૬ માં 'જીવ પોતે જ અપરાધવાન છે' એમ કહ્યું છે. માટે પરદ્રવ્ય કે કર્મનો ઉદય જીવમાં વિકાર કરે-કરાવે કે કર્મના ઉદયના કારણે જીવને વિકાર કરવો પડે એમ માનવું તે મિથ્યા છે. નિમિત્તકારણ છે તે ઉપચરિત કારણ છે પણ વાસ્તવિક કારણ નથી. તેથી તેને પંચાધ્યાયી ભા. ૨ ગા. ૩૫૧ માં अहेतुवत् અકારણવત્ કહ્યું છે.

**પ્ર. ૧૮૩ એવા કયા વિશેષ ગુણો છે કે જે બે દ્રવ્યમાં જ રહે ?**

ઉ. ૧૮૩ ક્રિયાવતી શક્તિ અને વૈભાવિક શક્તિ-એ બે ગુણો જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોમાં જ હોય છે.

**પ્ર. ૧૮૪ ક્રિયાવતી શક્તિનું કાર્ય શું !**

ઉ. ૧૮૪ એક ક્ષેત્રથી ક્ષેત્રાન્તર થવું અથવા ગતિપૂર્વક સ્થિરપણે રહેવું.

**પ્ર. ૧૮૫ ક્રિયાવતી શક્તિ જાણવામાં ધર્મ સંબંધી શો લાભ થાય ?**

ઉ. ૧૮૫ હું શરીરને ચલાવી શકું, સ્થિર રાખી શકું, શરીર મને અન્ય ક્ષેત્રે લઈ જાય. હું આ બોજો ઉપાડી લાવું વગેરે પરવસ્તુની ગતિ-સ્થિતિની (પરનું ક્ષેત્રાન્તર થવું અને સ્થિર રહેવું તેની) સ્વતંત્રતા નહિ માનવારૂપ ઘોર

અજ્ઞાન ટળી જાય અને પોતાના જ્ઞાતાસ્વભાવથી હું સદાય જ્ઞાયકસ્વરૂપ જ છું-એવો સાચો નિર્ણય થાય-તે જ ધર્મનું મૂળ છે.

**પ્ર. ૧૮૬ જો જીવ શરીરને ચલાવી દેતો નથી તો પછી મડદું કેમ ચાલતું નથી ?**

ઉ. ૧૮૬ મડદું એ પુદ્‌ગલ દ્રવ્યના અનેક સ્કંધોનો પિંડ છે. તેના દરેક પરમાણુમાં ક્રિયાવતી શક્તિ છે, તેથી તેની યોગ્યતાનુસાર કોઈ વખતે તે પરમાણુની ગતિ અર્થાત્ ક્ષેત્રાન્તર પર્યાય થાય છે. અને કોઈ વખતે તેની યોગ્યતાનુસાર સ્થિર રહેવારૂપ પર્યાય થાય છે. માટે મડદાના પરમાણુઓની તે વખતની પોતાની યોગ્યતાના કારણે સ્થિરતારૂપ પર્યાય થાય છે, તેથી મડદું ચાલતું નથી. જ્યારે મડદાને ઘર બહાર જતું જોવામાં આવે છે ત્યારે તેનું જવું તેની ક્રિયાવતી શક્તિના કારણે છે; માણસો તો નિમિત્તમાત્ર છે.

**પ્ર. ૧૮૭ ચૈતન્ય ગુણ ગતિ કરી શકે ?**

ઉ. ૧૮૭ હા; જ્યારે જીવ ક્ષેત્રાન્તરરૂપ ગમન કરે છે ત્યારે ચૈતન્ય ગુણ (દર્શન અને જ્ઞાનગુણ) જીવ સાથે અભેદ હોવાથી તેનું પણ ગમન થાય છે. તેમાં જીવની ક્રિયાવતી શક્તિ નિમિત્ત છે.

**પ્ર. ૧૮૮ વર્ણ ગુણ ગમન કરી શકે ?**

ઉ. ૧૮૮ હા; પુદ્‌ગલ દ્રવ્ય પોતાની ક્રિયાવતી શક્તિથી ગમન કરે છે. વર્ણગુણ તેની સાથે અભેદ હોવાથી તે પણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગમન કરે છે.

**પ્ર. ૧૮૯ ગતિહેતુત્વ ગુણ એક સ્થળેથી બીજા સ્થળે જાય છે ?**

ઉ. ૧૮૯ ના; કારણ કે ગતિહેતુત્વ ગુણ ધર્માસ્તિકાય દ્રવ્યનો છે. અને તે દ્રવ્ય તો ત્રિકાલ સ્થિર રહેનાર છે તેમાં ક્રિયાવતી શક્તિ નથી.

**પ્ર. ૧૯૦ ત્યારે ગતિહેતુત્વનો અર્થ શું ?**

ઉ. ૧૯૦ જ્યારે જીવ અને પુદ્‌ગલ સ્વયં પોતાની ક્રિયાવતી શક્તિના કારણે ગતિરૂપ પરિણમે ત્યારે તેમને લોકમાં સ્થિર અને લોકમાં સર્વ વ્યાપક રહેલા ધર્મ દ્રવ્યનો તે ગુણ નિમિત્ત થાય છે. એટલો જ ગતિહેતુત્વનો અર્થ છે.

**પ્ર. ૧૯૧ ગતિહેતુત્વ ગુણ પોતે તેની સાથે રહેલા બીજા ગુણોને ગતિમાં નિમિત્ત છે ?**

ઉ. ૧૯૧ ના; કારણ કે ધર્માસ્તિકાય પોતે સદાય સ્થિર છે; તેથી તેના ગુણો પણ ગતિ કરે જ નહિ; તે તો સ્વયં ગમનરૂપ પરિણમતા જીવ પુદ્‌ગલને જ ગતિમાં નિમિત્ત છે.

**પ્ર. ૧૯૨ આકાશ, ધર્મદ્રવ્ય અને કાળદ્રવ્ય તો સ્થિર છે; તેને અધર્મ દ્રવ્યનું નિમિત્ત છે ?**

ઉ. ૧૯૨ ના; કારણ કે તેઓ કદી પણ ગતિ પૂર્વક સ્થિર રહેવાવાળા દ્રવ્યો નથી, પણ તેઓ ત્રિકાળ સ્થિર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પ્ર. ૧૯૩ પોતે પોતાને તથા પરને નિમિત્ત થાય એવાં દ્રવ્યો કોણ છે.**

ઉ. ૧૯૩ આકાશ અને કાળદ્રવ્ય.

**પ્ર. ૧૯૪ ધરતીકંપ, સમુદ્રમાં થતાં ભરતી-ઓટ, જ્વાલામુખી, પર્વતનું ફાટવું, લાવા રસનું વહેવું-તેનું ખરું કારણ શું?**

ઉ. ૧૯૪ તે બધા પુદ્ગલ દ્રવ્યના સ્કંધરૂપ પર્યાયો છે, અને તે તે દ્રવ્યોના દ્રવ્યત્વ ગુણ અને ક્રિયાવતી શક્તિના કારણે તે અવસ્થાઓ થાય છે.

**પ્ર. ૧૯૫ પેટ્રોલ ખૂટયું અને મોટર અટકી તેમાં મોટર અટકવાનું કારણ શું ?**

ઉ. ૧૯૫ મોટરની તે કાળની ક્રિયાવતી શક્તિની સ્થિરતા રૂપ પરિણામના કારણે મોટર અટકી. તેમાં પેટ્રોલનું ખૂટવું તે તો નિમિત્તમાત્ર છે.

**પ્ર. ૧૯૬ રેલગાડી વરાળથી ચાલે છે. તે બરાબર છે ?**

ઉ. ૧૯૬ ના; તેના ચાલવામાં તેની ક્રિયાવતી શક્તિનું ક્ષેત્રાન્તરરૂપ પરિણમન છે તે ખરું કારણ છે. વરાળ વગેરે તો નિમિત્તમાત્ર છે.

**પ્ર. ૧૯૭ ઝાડનું ફળ નીચે પડયું તેમાં પૃથ્વીનું આકર્ષણ કારણ છે-એ સિદ્ધાન્ત બરોબર છે ?**

ઉ. ૧૯૭ ના; તેના પરમાણુઓની ક્રિયાવતી શક્તિનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગમનરૂપ પરિણમનના કારણે તે પડે છે. ફળના ડીંટાનું સડી જવું, પવનનું વાવું વગેરે તો નિમિત્તમાત્ર છે.

**પ્ર. ૧૯૮ ફુવારામાંથી ઊંચે પાણી ઉછળે છે અને ધોધમાંથી પાણી નીચે પડે છે, તેનું શું કારણ ?**

ઉ. ૧૯૮ બંનેમાં તે-તે પરમાણુઓની ક્રિયાવતી શક્તિનું ગમનરૂપ પરિણમન કારણ છે.

## અનુજીવી અને પ્રતિજીવી ગુણો

**પ્ર. ૧૯૯ અનુજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. ૧૯૯ ભાવસ્વરૂપ ગુણને અનુજીવી ગુણ કહે છે, જેમકે-જીવના અનુજીવી ગુણો-ચેતના (દર્શન-જ્ઞાન), શ્રદ્ધા, ચારિત્ર, સુખ વગેરે; અને પુદ્‌ગલના અનુજીવી ગુણો-સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ.

**પ્ર. ૨૦૦ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**

ઉ. ૨૦૦ વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે; જેમ કે-નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ વગેરે.

**પ્ર. ૨૦૧ જીવના અનુજીવી ગુણો કયા-કયા છે ?**

ઉ. ૨૦૧ ચેતના (દર્શન-જ્ઞાન), શ્રદ્ધા, (સમ્યક્‌ત્વ), ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિકત્વ, કર્તૃત્વ, ભોકતૃત્વ, ક્રિયાવતીશક્તિ વગેરે અનંત ગુણો.

**પ્ર. ૨૦૨ જીવના પ્રતિજીવી ગુણો કયા-કયા છે ?**

ઉ. ૨૦૨ અવ્યાબાધત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ, ઈત્યાદિ.

**પ્ર. ૨૦૩ અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**
ઉ. ૨૦૩ વેદનીય કર્મના અભાવપૂર્વક જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને (તે ગુણને) અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કહે છે.

**પ્ર. ૨૦૪ અવગાહનત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?**
ઉ. ૨૦૪ આયુ કર્મના અભાવપૂર્વક જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને (તે ગુણને) અવગાહનત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

**પ્ર. ૨૦૫ અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**
ઉ. ૨૦૫ ગોત્રકર્મના અભાવપૂર્વક જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે અને ઉચ્ચ-નીચનો વ્યવહાર પણ દૂર થાય છે, તે ગુણને અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

**પ્ર. ૨૦૬ સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?**
ઉ. ૨૦૬ નામકર્મના અભાવપૂર્વક જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

**પ્ર. ૨૦૭ બે જ દ્રવ્યોને લાગુ પડે એવા અનુજીવી ગુણો ક્યા ?**
ઉ. ૨૦૭ ક્રિયાવતીશક્તિ અને વૈભાવિકશક્તિ–એ બંને ગુણો જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોમાં જ છે.

**પ્ર. ૨૦૮ અજડત્વ કયા દ્રવ્યનો પ્રતિજીવી ગુણ છે?**

ઉ. જીવ દ્રવ્યનો.

**પ્ર. ૨૦૯ જડત્વ કોનો અનુજીવી ગુણ છે ?**

ઉ. ૨૦૯ પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ દ્રવ્યોનો.

**પ્ર. ૨૧૦ અચેતનપણું અને અમૂર્તપણું-એ બંને પ્રતિજીવી ગુણો એકી સાથે કયા દ્રવ્યોમાં છે ?**

ઉ. ૨૧૦ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં.

# પ્રકરણ ત્રીજું
# પર્યાય અધિકાર

**પ્ર. ૨૧૧ પર્યાય કોને કહે છે ?**

ઉ. ૨૧૧ ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

**પ્ર. ૨૧૨ પર્યાયના કેટલા ભેદો છે ?**

ઉ. ૨૧૨ બે ભેદ-વ્યંજનપર્યાય અને અર્થપર્યાય.

**પ્ર. ૨૧૩ વ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. ૨૧૩ દ્રવ્યના પ્રદેશત્વ ગુણના વિશેષ કાર્યને વ્યંજનપર્યાય કહે છે.

**પ્ર. ૨૧૪ વ્યંજનપર્યાયના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૧૪ બે ભેદ; સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવ-વ્યંજનપર્યાય.

**પ્ર. ૨૧૫ સ્વભાવવ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. ૨૧૫ પરનિમિત્તના સંબંધરહિત દ્રવ્યને જે આકાર હોય તેને સ્વભાવવ્યંજનપર્યાય કહે છે; જેમ કે સિદ્ધ ભગવાનનો આકાર.

**પ્ર. ૨૧૬ વિભાવવ્યંજનપર્યાય કોને કહે છે ?**

ઉ. ૨૧૬ પર નિમિત્તના સંબંધવાળા દ્રવ્યને જે આકાર હોય તેને વિભાવવ્યંજનપર્યાય કહે છે; જેમ કે જીવના નર, નારકાદિ પર્યાય.

**પ્ર. ૨૧૭ અર્થપર્યાય કોને કહે છે ?**
ઉ. ૨૧૭ પ્રદેશત્વ ગુણ સિવાયના બાકી સંપૂર્ણ ગુણોના વિશેષ કાર્યને અર્થપર્યાય કહે છે.

**પ્ર. ૨૧૮ અર્થપર્યાયના કેટલા ભેદ છે ?**
ઉ. ૨૧૮ બે ભેદ; સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થપર્યાય.

**પ્ર. ૨૧૯ સ્વભાવઅર્થપર્યાય કોને કહે છે ?**
ઉ. ૨૧૯ પરનિમિત્તના સંબંધરહિત જે અર્થપર્યાય થાય છે તેને સ્વભાવઅર્થપર્યાય કહે છે; જેમકે જીવનો કેવલજ્ઞાનપર્યાય.

**પ્ર. ૨૨૦ વિભાવઅર્થપર્યાય કોને કહે છે ?**
ઉ. ૨૨૦ પરનિમિત્તના સંબંધવાળો જે અર્થપર્યાય થાય તેને વિભાવઅર્થપર્યાય કહે છે; જેમકે જીવને રાગ-દ્વેષ વગેરે.

**પ્ર. ૨૨૧ કયા-કયા દ્રવ્યમાં કયા-કયા પર્યાયો હોય છે?**
ઉ. ૨૨૧ (અ) જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોમાં ચાર પર્યાયો હોય છેઃ-

(૧) સ્વભાવઅર્થપર્યાય, (૨) વિભાવઅર્થપર્યાય,
(૩) સ્વભાવવ્યંજનપર્યાય, (૪) વિભાવવ્યંજનપર્યાય.

(બ) ધર્મ, અધર્મ, આકાશ અને કાલ દ્રવ્યોનાં ફક્ત બે પર્યાયો છે.
(૧) સ્વભાવઅર્થપર્યાય, (૨) સ્વભાવવ્યંજનપર્યાય.

**પ્ર. ૨૨૨ 'આકાર' એટલે શું ?**

ઉ. ૨૨૨ આકાર–એ પ્રદેશત્વ ગુણનો વ્યંજનપર્યાય છે, તેથી તે દ્રવ્યના પૂરા ભાગમાં હોય છે. દ્રવ્યની માત્ર બાહ્યાકૃતિને આકાર કહેવાય નહિ, પણ તેના કદ (volume) ને આકાર કહેવાય.

**પ્ર. ૨૨૩ જીવનો આકાર કેવી રીતે સંકોચ–વિસ્તાર પામે છે તે દૃષ્ટાંતથી સમજાવો.**

ઉ. ૨૨૩

૧. ભીના–સૂકા ચામડાની માફક જીવના પ્રદેશો પોતાની શક્તિથી સંકોચ–વિસ્તારરૂપ થાય છે.

૨. નાના–મોટા શરીરપ્રમાણ સંકોચ–વિસ્તાર થવા છતાં અને પોતાના એક–એક પ્રદેશમાં પોતાના બીજા પ્રદેશો અવગાહના પામવા છતાં મધ્યના આઠ રુચકાદિ પ્રદેશો સદાય અચલિત રહે છે, અર્થાત્ તેઓ એકબીજામાં અવગાહના પામતા નથી.

**પ્ર. ૨૨૪ સિદ્ધ દશામાં જીવનો આકાર કેવડો અને કેવો હોય છે ?**

ઉ. ૨૨૪ સિદ્ધનો આકાર છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન (ઊણો) અને પુરુષાકાર હોય છે.

(બૃહદ્ દ્રવ્યસંગ્રહ–ગાથા ૧૪, ૫૧ તથા ટીકા)

**પ્ર. ૨૨૫ સમાન આકારવાળાં દ્રવ્યો ક્યાં છે ?**

ઉ. ૨૨૫ ૧. કાલાણુ અને પરમાણુ પુદ્ગલ દ્રવ્ય;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય.

**પ્ર. ૨૨૬ સૌથી મોટો આકાર, સૌથી નાનો આકાર અને તે બંનેની વચ્ચેનાં આકારવાળાં કયાં દ્રવ્યો છે ?**

ઉ. ૨૨૬ સૌથી મોટો આકાર અનંતપ્રદેશાત્મક આકાશનો, સૌથી નાનો આકાર એકપ્રદેશી પરમાણુ તથા કાલાણુનો હોય છે, અને તે બન્નેની વચ્ચેની આકારવાળાં અસંખ્યપ્રદેશી જીવ દ્રવ્ય, ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય હોય છે.

**પ્ર. ૨૨૭ પ્રત્યેક દ્રવ્યમાં કયો પર્યાય એક અને કયા પર્યાયો અનંત હોય છે ?**

ઉ. ૨૨૭ પ્રત્યેક દ્રવ્યમાં પ્રદેશત્વ ગુણના કારણે વ્યંજનપર્યાય એક હોય છે, અને તે (દ્રવ્ય) માં અનંત ગુણો હોવાથી તેના અર્થપર્યાયો અનંત હોય છે.

**પ્ર. ૨૨૮ જીવદ્રવ્યમાં વિભાવવ્યંજનપર્યાય કયાં સુધી હોય છે ?**

ઉ. ૨૨૮ ચૌદમા ગુણસ્થાન સુધી સર્વ સંસારી જીવોને

---

* મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશેષને ગુણસ્થાન કહે છે. ગુણસ્થાન ૧૪ છેઃ–

૧. મિથ્યાત્વ, ૨. સાસાદન, ૩. મિશ્ર, ૪. અવિરત સમ્યગ્દષ્ટિ, ૫. દેશવિરતિ, ૬. પ્રમત્તવિરત, ૭. અપ્રમત્તવિરત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિકરણ, ૧૦.સૂક્ષ્મસામ્પરાય, ૧૧. ઉપશાંતમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગીકેવલી; ૧૪. અયોગીકેવલી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિભાવવ્યંજનપર્યાય હોય છે, કારણ કે ત્યાં સુધી જીવને પરનિમિત્ત (પૌદ્ગલિક કર્મ) સાથે સંબંધ રહે છે.

**પ્ર. ૨૨૯ સાદિઅનંત સ્વભાવવ્યંજનપર્યાય અને સાદિઅનંત સ્વભાવઅર્થપર્યાય કોને હોય છે ?**

ઉ. ૨૨૯ સિદ્ધ ભગવાનને; કારણ કે તેમને વિકાર અને પરનિમિત્તનો સંબંધ સર્વથા છૂટી ગયો છે.

**પ્ર. ૨૩૦ આકારમાં (વ્યંજનપર્યાયમાં) તફાવત હોય પણઅર્થપર્યાયમાં સમાનતા હોય એવાં દ્રવ્યો કયાં અને કેટલાં છે ?**

ઉ. ૨૩૦ એવા સિદ્ધ ભગવાનો છે અને તે અનંત છે.

**પ્ર. ૨૩૧ ત્રિકાલ સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાય કયા દ્રવ્યોને હોય છે ?**

ઉ. ૨૩૧ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલ-એ ચાર દ્રવ્યોને હોય છે.

**પ્ર. ૨૩૨ પ્રથમ અર્થપર્યાય શુદ્ધ થાય અને પછી વ્યંજનપર્યાય શુદ્ધ થાય-એમ કયા દ્રવ્યમાં બને છે ?**

ઉ. ૨૩૨ તેમ જીવ દ્રવ્યમાં બને છે, જેમકે ચોથા. ગુણસ્થાને શ્રદ્ધા ગુણનો પર્યાય પ્રથમ શુદ્ધ થાય છે; બારમે ગુણસ્થાને ચારિત્રગુણનો અર્થપર્યાય શુદ્ધ થાય છે; તેરમા ગુણસ્થાને જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય ગુણના પર્યાય પરિપૂર્ણ શુદ્ધ થાય છે; ચૌદમા ગુણસ્થાને યોગ ગુણનો પર્યાય શુદ્ધ થાય છે, અને સિદ્ધદશા થતાં વૈભાવિક

ગુણ, ક્રિયાવતીશક્તિ તથા ચાર પ્રતિજીવી ગુણો-અવ્યાબાધ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ ઈત્યાદિના અર્થપર્યાય શુદ્ધ થાય છે અને તે જ સમયે વ્યંજનપર્યાય (પ્રદેશત્વ ગુણના પર્યાય) શુદ્ધ થાય છે, પણ તે પહેલાં શુદ્ધ થતાં નથી.

**પ્ર. ૨૩૩ સાદિ સાન્ત સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાય કયા દ્રવ્યને એકી સાથે હોય છે ?**

ઉ. ૨૨૩ એક પુદ્ગલ પરમાણુને તે બંને એકી સાથે હોય છે. જ્યારે તે સ્કંધમાંથી છૂટું પડે છે ત્યારે તે શુદ્ધ હોય છે, પણ જ્યારે તે ફરીથી સ્કંધરૂપ પરિણમે છે ત્યારે તે અશુદ્ધ બને છે.

**પ્ર. ૨૩૪ સવા પાંચસો ધનુષ્યની મોટી અવગાહના-વાળા (આકારવાળા) સિદ્ધ ભગવાનોને વધુ આનંદ અને નાની અવગાહનાવાળા સિદ્ધોને ઓછો આનંદ-એમ હશે ખરું ?**

ઉ. ૨૩૪ ના; કારણ કે સિદ્ધોનો આનંદ તે સુખગુણનો સ્વભાવઅર્થપર્યાય છે, તેથી બધા સિદ્ધ ભગવાનોને સદાય એકસરખું જ અનંત સુખ (આનંદ) હોય છે. સુખને વ્યંજનપર્યાય (ક્ષેત્ર-આકાર) સાથે કંઈ સંબંધ નથી.

**પ્ર. ૨૩૫ દ્રવ્ય, ગુણ અને પર્યાય-એ ત્રણમાં સત્ કોણ છે ? કેવી રીતે છે ?**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૨૩૫ એ ત્રણે સત્ છે. સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ પર્યાય-એ રીતે સત્તાગુણનો વિસ્તાર છે, તેમાં સદૃશ સામાન્ય સત્ દ્રવ્ય તથા ગુણ નિત્ય સત્ છે અને પર્યાય એક સમય પૂરતું અનિત્ય સત્ છે.

(પ્રવચનસાર ગાથા-૧૦૭.).

**પ્ર. ૨૩૬ ઉત્પાદ કોને કહે છે ?**

ઉ. ૨૩૬ દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

**પ્ર. ૨૩૭ વ્યય કોને કહે છે ?**

ઉ. ૨૩૭ દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે.

**પ્ર. ૨૩૮ ધ્રૌવ્ય કોને કહે છે ?**

ઉ. ૨૩૮ *પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ એક અવસ્થાની નિત્યતાને ધ્રૌવ્ય કહે છે.

**પ્ર. ૨૩૯ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એક સમયમાં જ હોય કે જુદા-જુદા સમયનાં ?**

ઉ. ૨૩૯ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-એ ત્રણે એક જ સમયમાં સાથે જ વર્તે છે.

**પ્ર. ૨૪૦ વર્તમાન અજ્ઞાન ટળી સાચું જ્ઞાન થતાં કેટલો કાળ લાગે ?**

---

* સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં એકરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે, જેમકે-આ તે જ મનુષ્ય છે કે જેને કાલે જોયો હતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૨૪૦ એક સમય; કેમકે પર્યાય સમયે સમયે બદલાય છે.

**પ્ર. ૨૪૧ પર્યાયો શામાંથી ઉત્પન્ન થાય છે ?**

ઉ. ૨૪૧ દ્રવ્ય તથા ગુણોમાંથી પર્યાયો ઉત્પન્ન થાય છે.

(પ્રવચનસાર ગાથા-૯૩).

**પ્ર. ૨૪૨ પર્યાય તો અનિત્ય છે, તો તે સત્‌ છે કે અસત્‌?**

ઉ. ૨૪૨ સત્‌ દ્રવ્ય, સત્‌ ગુણ અને સત્‌ પર્યાય-એમ સત્‌નો વિસ્તાર છે; તેથી પર્યાય પણ એક સમય પૂરતો સત્‌ છે.

(પ્રવચનસાર ગા. ૧૦૭)

**પ્ર. ૨૪૩ ગુણ અંશ છે કે અંશી ?**

ઉ. ૨૪૩ દ્રવ્યની અપેક્ષાએ ગુણ એ દ્રવ્યનો અંશ છે અને પર્યાયની અપેક્ષાએ તે અંશી છે.

**પ્ર. ૨૪૪ પર્યાય કોનો અંશ છે ?**

ઉ. ૨૪૪ તે ગુણનો એક સમય પૂરતો અંશ છે, તેથી તે દ્રવ્યનો પણ એક સમય પૂરતો અંશ છે.

**પ્ર. ૨૪૫ પુદ્‌ગલપરમાણુ વગેરે પાંચ અજીવ (અચેતન) દ્રવ્યો છે તે કંઈ જાણતા નથી; તો તે કોઈના આધાર (સહાય) વિના વ્યવસ્થિત કેમ રહે ?**

ઉ. ૨૪૫ તેઓ અસ્તિત્વાદિ ગુણો સહિત હોવાથી તથા

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણે સત્‌લક્ષણવાળાં હોવાથી તેમને કોઈના આધારની જરૂર નથી. તેમને સ્વસત્તાના આધારે નિરન્તર ક્રમબદ્ધ ઉત્પાદ-વ્યયરૂપ વ્યવસ્થિત અવસ્થા થયા જ કરે છે.

**પ્ર. ૨૪૬ ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાયને સરખાવો.**

ઉ. ૨૪૬(૧) ત્રણેનું ક્ષેત્ર સરખું અર્થાત્‌ એક જ છે.
(૨) કાલની અપેક્ષાએ દ્રવ્ય-ગુણો ત્રિકાલ અને પર્યાય એક સમય પૂરતો છે.

**પ્ર. ૨૪૭ દ્રવ્ય-ગુણ-પર્યાય-એ ત્રણમાંથી જણાવા યોગ્ય (પ્રમેય) કોણ કોણ છે ?**

ઉ. ૨૪૭ તે ત્રણેય જાણાવા યોગ્ય છે.

**પ્ર. ૨૪૮ દ્રવ્યના ગયા કાળના પર્યાયોની સંખ્યા વધારે કે આગામી (ભવિષ્ય) કાળના પર્યાયોની સંખ્યા વધારે?**

ઉ. ૨૪૮ "દ્રવ્યના પર્યાયોમાં અતીત (થઈ ગયેલા) પર્યાય અનંત છે, અનાગત (ભવિષ્ય) પર્યાયો તેનાથી અનંતગુણા છે, તથા વર્તમાન પર્યાય એક જ છે.

સર્વ દ્રવ્યોના અનંત સમયરૂપ ભૂતકાળ તથા તેનાથી અનંતગુણા સમયરૂપ ભવિષ્યકાળ છે."
(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગા. ૨૨૧ મૂળ તથા ગા. ૩૦૨ નો ભાવાર્થ).

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભૂતકાળથી ભવિષ્યકાળ એક સમય અધિક છે અને ભવિષ્યકાળ કરતાં ભૂતકાળ એક સમય ન્યૂન છે-એવી માન્યતા ખરી નથી.

**પ્ર. ૨૪૯ છએ દ્રવ્યોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવાનું ફળ શું ?**

ઉ. ૨૪૯ સ્વ-પરનું ભેદજ્ઞાન અને પરપદાર્થની કર્તૃત્વબુદ્ધિનો અભાવ થાય-તે જાણવાનું ફલ છે.

**પ્ર. ૨૫૦ સ્કંધ કોને કહે છે ? તે કોનો કયો પર્યાય છે?**

ઉ. ૨૫૦ બે અથવા બેથી અધિક પરમાણુઓના બંધને સ્કંધ કહે છે. તે પુદ્‌ગલદ્રવ્યનો વિભાવ અર્થપર્યાય છે.

**પ્ર. ૨૫૧ બંધ કોને કહે છે ?**

ઉ. ૨૫૧ અનેક વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન કરાવવા-વાળા સંબંધવિશેષને બંધ કહે છે.

**પ્ર. ૨૫૨ સ્કંધના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૫૨ આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્માણવર્ગણા વગેરે ૨૨ ભેદ છે.

**પ્ર. ૨૫૩ આહારવર્ગણા કોને કહે છે ?**

ઉ. ૨૫૩ જે પુદ્‌ગલસ્કંધ ઔદારિક, વૈક્રિયિક, અને આહારક-એ ત્રણે શરીરરૂપે પરિણમન કરે છે તેને આહારવર્ગણા કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પ્ર. ૨૫૪ તૈજસવર્ગણા કોને કહે છે ?**

ઉ. ૨૫૪ જે વર્ગણાથી તૈજસ શરીર બને છે તેને તૈજસવર્ગણા કહે છે.

**પ્ર. ૨૫૫ ભાષાવર્ગણા કોને કહે છે ?**

ઉ. ૨૫૫ જે વર્ગણા (પુદ્‌ગલ સ્કંધ) શબ્દરૂપ પરિણમે છે તેને ભાષાવર્ગણા કહે છે.

**પ્ર. ૨૫૬ મનોવર્ગણા કોને કહે છે ?**

ઉ. ૨૫૬ જે પુદ્‌ગલસ્કંધથી આઠ પાંખડીવાળા કમલના આકારે દ્રવ્યમનની રચના થાય છે તેને મનોવર્ગણા કહે છે.

**પ્ર. ૨૫૭ કાર્માણવર્ગણા કોને કહે છે ?**

ઉ. ૨૫૭ જે પુદ્‌ગલસ્કંધથી કાર્માણ શરીર બને છે તેને કાર્માણવર્ગણા કહે છે.

**પ્ર. ૨૫૮ શરીર કેટલાં છે ?**

ઉ. ૨૫૮ શરીર પાંચ છે-૧. ઔદારિક, ૨. વૈક્રિયિક, ૩. આહારક, તૈજસ અને કાર્માણ.

**પ્ર. ૨૫૯ ઔદારિક શરીર કોને કહે છે ?**

ઉ. ૨૫૯ મનુષ્ય અને તિર્યંચના સ્થૂલશરીરને ઔદારિક શરીર કહે છે.

**પ્ર. ૨૬૦ વૈક્રિયિક શરીર કોને કહે છે ?**

ઉ. ૨૬૦ જે નાના, મોટા, એક, અનેક વગેરે જુદા-જુદા

પ્રકારની ક્રિયાઓને કરે એવા દેવ અને નારકીઓનાં શરીરને વૈક્રિયિક શરીર કહે છે.

**પ્ર. ૨૯૧ આહારક શરીર કોને કહે છે ?**

ઉ. ૨૯૧ આહારક ઋદ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા થવાથી અથવા જિનાલયાદિની વંદના કરવા માટે, મસ્તકમાંથી એક હાથપ્રમાણ સ્વચ્છ, સફેદ, સપ્તધાતુરહિત મનુષ્યાકાર જે પૂતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે.

**પ્ર. ૨૯૨ તૈજસ શરીર કોને કહે છે ?**

ઉ. ૨૯૨ ઔદારિક, વૈક્રિયિક અને આહારક-એ ત્રણ શરીરોમાં કાન્તિ ઉત્પન્ન થવામાં જે નિમિત્ત છે તે શરીરને તૈજસ શરીર કહે છે.

**પ્ર. ૨૯૩ કાર્માણ શરીર કોને કહે છે ?**

ઉ. ૨૯૩ જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે.

**પ્ર. ૨૯૪ એક જીવને એકસાથે કેટલાં શરીરનો સંયોગ હોઈ શકે છે ?**

ઉ. ૨૯૪

૧. એકસાથે ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર શરીરનો સંયોગ હોય છે.

૨. *વિગ્રહગતિમાં તૈજસ અને કાર્માણશરીરનો સંયોગ

---

* × એક શરીરને છોડીને બીજા શરીરની પ્રાપ્તિ માટે ગમન કરવું તે વિગ્રહગતિ છે. (વિગ્રહ=શરીર) विग्रहार्था गतिर्विग्रहगतिः ॥

હોય છે.

૩. મનુષ્ય અને તિર્યંચને ઔદારિક, તૈજસ અને કાર્માણ-ત્રણ શરીર હોય છે, પણ આહારક ઋદ્ધિધારી મુનિને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્માણ-એમ ચાર શરીર હોય છે.

૪. દેવ અને નારકીઓને વૈક્રિયિક, તૈજસ અને કાર્માણ-ત્રણ શરીર હોય છે.

**પ્ર. ૨૬૫ જ્ઞાનગુણના કયા કયા પર્યાયો છે ?**

ઉ. ૨૬૫ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન-એ સમ્યગ્જ્ઞાનના પર્યાયો છે, અને કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને કુઅવધિજ્ઞાન-એ મિથ્યાજ્ઞાનના પર્યાયો છે. એ રીતે જ્ઞાનગુણના આઠ પર્યાયો છે.

**પ્ર. ૨૬૬ ઉપરોક્ત આઠ પર્યાયોમાં સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થપર્યાય કયા ?**

ઉ. ૨૬૬

(૧) કેવળજ્ઞાન સ્વભાવઅર્થપર્યાય છે.

(૨) સમ્યગ્મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન-એ કેવળજ્ઞાનની અપેક્ષાએ વિભાવઅર્થપર્યાય છે; અને તે જ ચાર જ્ઞાન સમ્યગ્જ્ઞાનના પર્યાયો છે; તેથી તેઓને એકદેશ સ્વભાવઅર્થપર્યાય કહેવામાં આવે છે.

(૩) કુમતિ, કુશ્રુત અને કુઅવધિજ્ઞાન-તે વિભાવઅર્થપર્યાય છે.

**પ્ર. ૨૬૭ મતિજ્ઞાનના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૬૭ બે ભેદ છે:- ૧. સાંવ્યાવહારિક પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ.

**પ્ર. ૨૬૮ સાંવ્યાવહારિક પ્રત્યક્ષ કોને કહે છે ?**

ઉ. ૨૬૮ જે ઈન્દ્રિય અને મનના નિમિત્તના સંબંધે પદાર્થને એકદેશ (ભાગ) સ્પષ્ટ જાણે તેને સાંવ્યાવહારિક પ્રત્યક્ષ કહે છે.

**પ્ર. ૨૬૯ મતિજ્ઞાનના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૬૯ ચાર ભેદ છે:- ૧. સ્મૃતિ, ૨. પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક અને ૪. અનુમાન.

(૧) સ્મૃતિ-પહેલાં જાણેલા, સાંભળેલા કે અનુભવ કરેલા પદાર્થનું વર્તમાનમાં સ્મરણ થાય તે સ્મૃતિ છે.

(૨) પ્રત્યભિજ્ઞાન-વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં 'આ પદાર્થ તે જ છે કે જેને પહેલાં જોયો હતો,' એ રીતે સ્મરણ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે.

(૩) તર્ક-કોઈ ચિહ્ન દેખીને 'અહીં તે ચિહ્નવાળો જરૂર હોવો જોઈએ' એવો વિચાર તે તર્ક (ચિંતા) છે. આ જ્ઞાનને ઉહ અથવા વ્યાપ્તિજ્ઞાન પણ કહે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૪) અનુમાન-સન્મુખ ચિહ્નાદિ દેખી તે ચિહ્નવાળા પદાર્થનો નિર્ણય કરવો તેને અનુમાન (અભિનિબોધ) કહે છે.

**પ્ર. ૨૭૦ મતિજ્ઞાનના ક્રમના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૭૦ ચાર ભેદ છે-૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય અને ૪. ધારણા.

(૧) અવગ્રહ-ઈન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં રહેવાથી સામાન્ય પ્રતિભાસરૂપ દર્શનની પછી અવાન્તર સત્તાસહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે; જેમકે:- આ મનુષ્ય છે.

(૨) ઈહા-અવગ્રહજ્ઞાનથી જાણેલા પદાર્થના વિશેષમાં ઉત્પન્ન થએલા સંશયને દૂર કરતા એવા અભિલાષસ્વરૂપ જ્ઞાનને ઈહા કહે છે; જેમકે-તે ઠાકુરદાસજી છે.

આ જ્ઞાન એટલું કમજોર છે કે કોઈપણ પદાર્થની ઈહા થઈને છૂટી જાય તો તેના વિષયમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ થઈ જાય છે.

(૩) અવાય-ઈહાથી જાણેલા પદાર્થમાં આ તે જ છે, અન્ય નથી-એવા દૃઢ જ્ઞાનને અવાય કહે છે; જેમકે:- તે ઠાકુરદાસજી જ છે, બીજો કોઈ નથી.

અવાયથી જાણેલા પદાર્થમાં સંશય તો થતો નથી, પરંતુ વિસ્મરણ થઈ જાય છે.

(૪) ધારણા-જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંશય તથા વિસ્મરણ ન થાય તેને ધારણા કહે છે.

**પ્ર. ૨૭૧ આત્માના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૨૭૧ જીવને અનાદિથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે, માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળીને યુક્તિ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો નિર્ણય કરવો.....પછી.....

પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણે જે ઈન્દ્રિય દ્વારા તથા મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ તેને મર્યાદામાં લાવીને એટલે પર પદાર્થો તરફથી પોતાનું લક્ષ ખેંચી આત્મા પોતે જ્યારે સ્વસન્મુખ લક્ષ કરે છે ત્યારે પ્રથમ સામાન્ય સ્થૂળ પણે આત્મા સંબંધી જ્ઞાન થયું તે અવગ્રહ; પછી વિચારના નિર્ણય તરફ વળ્યો તે ઈહા; 'આત્માનું સ્વરૂપ આમ જ છે અન્યથા નથી' એમ સ્પષ્ટ નિર્ણય થયો તે અવાય; અને નિર્ણય કરેલા આત્માના બોધને દૃઢપણે ધારી રાખવો તે ધારણા. ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનમાં ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો. પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિસ્વરૂપે છે એમ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. અંદર સ્વલક્ષમાં મન-ઈન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી અંશે જાુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી તેમાં ઠરી શકે છે.

(જાુઓ મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂત્ર ૧૫ ની ટીકા-પાનું ૬૮-૬૯)

**પ્ર. ૨૭૨ મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના કેટલા**

**ભેદ છે?**

ઉ. ૨૭૨ બે ભેદ છેઃ- ૧. વ્યક્ત અને ૨. અવ્યક્ત.

**પ્ર. ૨૭૩ અવગ્રહાદિક જ્ઞાન બન્નેય પ્રકારના પદાર્થોમાં થઈ શકે છે ?**

ઉ. ૨૭૩ વ્યક્ત (પ્રગટરૂપ) પદાર્થમાં અવગ્રહાદિક ચારે જ્ઞાન હોય છે. પરંતુ અવ્યક્ત (અપ્રગટરૂપ) પદાર્થનું માત્ર અવગ્રહ જ્ઞાન જ હોય છે.

**પ્ર. ૨૭૪ અર્થાવગ્રહ કોને કહે છે ?**

ઉ. ૨૭૪ વ્યક્ત (પ્રગટ) પદાર્થના અવગ્રહજ્ઞાનને અર્થાવગ્રહ કહે છે.

**પ્ર. ૨૭૫ વ્યંજનાવગ્રહ કોને કહે છે ?**

ઉ. ૨૭૫ અવ્યક્ત (અપ્રગટ) પદાર્થના અવગ્રહને વ્યંજનાવગ્રહ કહે છે.

**પ્ર. ૨૭૬ વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહની માફક સર્વ ઈન્દ્રિયો અને મન દ્વારા થાય છે કે કેવી રીતે ?**

ઉ. ૨૭૬ વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન સિવાય બાકીની સર્વે ઈન્દ્રિયોથી થાય છે.

**પ્ર. ૨૭૭ વ્યક્ત અને અવ્યક્ત પદાર્થોના કેટલા ભેદ છે?**

ઉ. ૨૭૭ દરેકના બાર બાર ભેદ છે-બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, નિઃસૃત, અનિઃસૃત, ઉક્ત, અનુક્ત,

ધ્રુવ, અધ્રુવ.

**પ્ર. ૨૭૮ ચારિત્રગુણના શુદ્ધ પર્યાયો કયા કયા છે ?**

ઉ. ૨૭૮ ચાર છે- સ્વરૂપાચરણચારિત્ર, દેશચારિત્ર, સકલચારિત્ર અને યથાખ્યાતચારિત્ર.

**પ્ર. ૨૭૯ સ્વરૂપાચરણચારિત્ર કોને કહે છે ?**

ઉ. ૨૭૯ નિશ્ચયસમ્યગ્દર્શન થતાં આત્માનુભવપૂર્વક આત્મસ્વરૂપમાં, અનંતાનુબંધી કષાયોના અભાવસ્વરૂપ જે સ્થિરતા હોય છે તેને સ્વરૂપાચરણચારિત્ર કહે છે.

**પ્ર. ૨૮૦ દેશચારિત્ર કોને કહે છે ?**

ઉ. ૨૮૦ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની કંઈક વિશેષ શુદ્ધિ થતાં (અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિવિશેષને દેશચારિત્ર કહે છે.

[આ શ્રાવકદશામાં વ્રતાદિરૂપ શુભભાવ હોય છે. શુદ્ધ દેશચારિત્રથી ધર્મ થાય છે અને વ્યવહારવ્રતથી બંધ થાય છે. નિશ્ચયચારિત્ર વિના સાચું વ્યવહારચારિત્ર હોઈ શકે નહિ.]

**પ્ર. ૨૮૧ સકલચારિત્ર કોને કહે છે ?**

ઉ. ૨૮૧ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની શુદ્ધિની વૃદ્ધિ થતાં, (અનંતાનુબંધી આદિ ત્રણ પ્રકારના કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન (ભાવલિંગી મુનિપદને યોગ્ય) આત્માની શુદ્ધિવિશેષને સકલચારિત્ર કહે છે.

મુનિપદમાં ૨૮ મૂળગુણાદિનો જે શુભભાવ થાય છે તેને વ્યવહારસકલચારિત્ર કહે છે.

[નિશ્ચયચારિત્ર આત્માશ્રિત હોવાથી તે મોક્ષમાર્ગ છે–ધર્મ છે, અને વ્યવહારચારિત્ર પરાશ્રિત હોવાથી ખરેખર બંધમાર્ગ છે–ધર્મ નથી.]

**પ્ર. ૨૮૨ યથાખ્યાતચારિત્ર કોને કહે છે ?**

ઉ. ૨૮૨ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની પૂર્ણ શુદ્ધતા થતાં, કષાયોના સર્વથા અભાવપૂર્વક ઉત્પન્ન આત્માની શુદ્ધિવિશેષને યથાખ્યાતચારિત્ર કહે છે.

**પ્ર. ૨૮૩ નીચેના બોલ કયા ગુણના કયા પર્યાય છે ?**

અવાજ, પડઘો, પડછાયો, પ્રતિબિંબ, સૂર્યનું વિમાન, ઘડિયાળ ના લોલકનું હાલવું, દુઃખ, મોક્ષ અને કેવળજ્ઞાન.

ઉ. ૨૮૩

(૧) અવાજ તે પુદ્ગલ દ્રવ્યના ભાષાવર્ગણારૂપ સ્કંધમાંથી ઉત્પન્ન થયેલ ધ્વનિરૂપ પર્યાય છે. એક પુદ્ગલ પરમાણુ ધ્વનિરૂપે પરિણમતો નથી, તેથી તે કોઈ ખાસ ગુણનો પર્યાય નથી, પણ સ્પર્શગુણના કારણે થયેલ સ્કંધનો વિશેષ પ્રકારનો પર્યાય છે અને તે સ્કંધનો આકાર તે વિભાવવ્યંજનપર્યાય છે.

(૨) પડઘો પણ ઉપર મુજબ ભાષાવર્ગણામાંથી ઉત્પન્ન થયેલા સ્કંધરૂપ પર્યાય અને તેનો આકાર તે

વિભાવવ્યંજન- પર્યાય છે.

(૩) પડછાયો અને પ્રતિબિંબ, પુદ્‌ગલ દ્રવ્યના વર્ણ ગુણનો વિભાવઅર્થપર્યાય છે.

(૪) સૂર્યવિમાન, પુદ્‌ગલદ્રવ્યના અનેક સ્કંધોનો અનાદિઅનંત પિંડ છે. સૂર્યમાં જે તેજ (પ્રકાશ) છે તે વર્ણગુણનો વિભાવઅર્થપર્યાય છે.

[સૂર્યલોકમાં વસનારા જ્યોતિષી દેવોનું નામ પણ સૂર્ય છે. દેવગતિનામકર્મના ધારાવાહી ઉદયને વશવર્તી સ્વભાવવડે તે દેવ છે.-પ્રવચનસાર ગાથા ૬૮ ની ટીકા.]

(૫) ઘડિયાળના લોલકનું ચાલવું તે પુદ્‌ગલદ્રવ્યની ક્રિયાવતીશક્તિના કારણે થતો ગમનરૂપ વિભાવઅર્થપર્યાય છે.

(૬) દુઃખ તે જીવદ્રવ્યના સુખગુણનો આકુલતારૂપ વિભાવઅર્થપર્યાય છે.

(૭) મોક્ષ તે જીવદ્રવ્યના બધા ગુણનો સ્વભાવઅર્થપર્યાય અને પ્રદેશત્વગુણનો સ્વભાવવ્યંજનપર્યાય છે.

(૮) કેવળજ્ઞાન તે જીવદ્રવ્યના જ્ઞાનગુણનો પરિપૂર્ણ સ્વભાવઅર્થપર્યાય છે.

**પ્ર. ૨૮૪ અનાદિઅનંત, સાદિઅનંત, અનાદિસાંત અને સાદિસાંત-એને દાખલા આપી સમજાવો.**

ઉ. ૨૮૪

(૧) અનાદિઅનંત-જેના આદિ તથા અંત ન હોય તેને અનાદિઅનંત કહે છે. દ્રવ્ય અને ગુણ અનાદિઅનંત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અભવ્ય જીવનો સંસારી પર્યાય અનાદિઅનંત છે.

(૨) સાદિઅનંત-ક્ષાયિકસમ્યક્ત્વ, કેવળજ્ઞાન વગેરે ક્ષાયિકભાવો તથા મોક્ષપર્યાય નવા પ્રગટ થાય છે તે અપેક્ષાએ તેઓ સાદિ (આદિ સહિત) અને તે પર્યાયો બદલવા છતાં એવા ને એવા અનંત કાળ સુધી થયા જ કરે છે તેથી તેમને અનંત કહેલ છે.

(૩) અનાદિસાંત-સંસારપર્યાય અનાદિનો છે, પણ જે ભવ્ય જીવનને સંસારદશારૂપ અશુદ્ધ પર્યાયનો અંત આવે છે, તેથી તેને અનાદિસાંત કહેલ છે.

(૪) સાદિસાંત-સમ્યગ્દ્રષ્ટિને મોક્ષમાર્ગ સંબંધી ક્ષયોપશમ તથા ઉપશમભાવ નવા નવા થાય છે તેથી તેઓ સાદિ અને તેમનો અંત આવે છે, માટે સાંત છે.

**પ્ર. ૨૮૫ સાયંકાળના વાદળામાં શું બદલાતું દેખાય છે?**

ઉ. ૨૮૫ તેમાં વર્ણ બદલાય છે. તે પુદ્ગલ દ્રવ્યના વર્ણ ગુણનો વિભાવઅર્થપર્યાય છે, અને તેમાં જે આકાર બદલાય છે તે તેના પ્રદેશત્વગુણનો વિભાવવ્યંજન-પર્યાય છે.

**પ્ર. ૨૮૬ મહાવીરપ્રભુ અને ૠષભદેવ ભગવાન-એ બંનેનો વ્યંજનપર્યાય અને અર્થપર્યાય સરખાવો.**

ઉ. ૨૮૬ બંનેના આકારમાં-ઊંચાઈ વગેરેમાં ફેર હોઈ તેમના વ્યંજનપર્યાયમાં ફેર છે, પણ તેમના પ્રદેશત્વગુણ સિવાયના બાકીના ગુણોના પર્યાયો સમાન હોઈ તેમના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અર્થપર્યાયો સરખા છે.

**પ્ર. ૨૮૭ બે પરમાણું દ્રવ્યના વ્યંજનપર્યાય તથા અર્થપર્યાય સરખાવો તથા તેમને જીવના સિદ્ધપર્યાય સાથે સરખાવો.**

ઉ. ૨૮૭

(૧) બે છૂટા પરમાણુ છૂટા રહે છે ત્યાં સુધી તેમના સ્વભાવવ્યંજનપર્યાય સરખા રહે છે.

સ્વભાવઅર્થપર્યાય શુદ્ધ હોવા છતાં તેના સ્પર્શાદિગુણોના પરિણમનમાં પરસ્પર ફેર હોય છે.

પરમાણુનો બંધસ્વભાવ હોવાથી તેમાં ફરી સ્કંધ થવાની લાયકાત (યોગ્યતા) છે, તેથી તેના સ્પર્શગુણના કારણે તેઓ બંધદશાને પ્રાપ્ત કરે છે.

(૨) બે સિદ્ધાત્માઓના પરસ્પર સ્વભાવવ્યંજનપર્યાય સરખા હોતા નથી, પણ છૂટા બે પરમાણુના વ્યંજનપર્યાય સરખા હોય છે.

બે સિદ્ધાત્માઓના સ્વભાવઅર્થપર્યાયો કાયમ સરખી રીતે શુદ્ધ પરિણમે છે, પણ બે છૂટા પુદ્ગલપરમાણુઓમાં તેમ થતું નથી.

સિદ્ધ ભગવાન શુદ્ધ થયા તે થયા, ફરી કદી પણ બંધ અવસ્થાને પ્રાપ્ત થતા નથી. પણ બે પુદ્ગલ પરમાણુઓ ફરીફરીને બંધ અવસ્થાને પ્રાપ્ત થાય છે.

**પ્ર. ૨૮૮ કેરી (આમ્રફળ) નો વ્યંજનપર્યાય તેના ઉપરના ભાગમાં હોય કે કેમ ? તે કારણ આપી સમજાવો.**

ઉ. ૨૮૮ ના; કેમકે તે અનંત પરમાણુઓનો પિંડ છે અને તેના બધા ભાગમાં તે તે પરમાણુઓનો વ્યંજનપર્યાય છે. (દરેક પરમાણુ દ્રવ્યનો વ્યંજનપર્યાય પણ જુદો જુદો અર્થાત્ સ્વતંત્ર છે.)

**પ્ર. ૨૮૯ સ્વભાવવ્યંજનપર્યાય હોય તેને વિભાવ-અર્થપર્યાય હોય ? હોય તો કારણ આપો.**

ઉ. ૨૮૯ ના; કેમકે જીવદ્રવ્યમાં મોક્ષદશા થયા વિના સ્વભાવ વ્યંજનપર્યાય પ્રગટ થતો નથી, માટે જેનો સ્વભાવ-વ્યંજનપર્યાય હોય તેને વિભાવઅર્થપર્યાય હોઈ શકે નહિ.

પુદ્ગલદ્રવ્યમાં પણ સ્વભાવવ્યંજનપર્યાય હોય તે કાળે વિભાવઅર્થપર્યાય (સ્કંધરૂપ પર્યાય) ન હોય.

**પ્ર. ૨૯૦ ચાર પ્રકારના પર્યાયમાંથી ત્રણ જાતના પર્યાય કોને હોય ?**

ઉ. ૨૯૦ સંસારી સમ્યગ્દષ્ટિ જીવને ત્રણ જાતના પર્યાયો હોય છે, કારણકે-

(૧) ક્ષાયિકસમ્યક્ત્વરૂપ સ્વભાવઅર્થપર્યાય કોઈને ચોથા ગુણસ્થાનથી હોય છે; અને બારમા ગુણસ્થાનથી ચારિત્રગુણનો સ્વભાવઅર્થપર્યાય હોય છે; તેરમા ગુણસ્થાનથી જ્ઞાનાદિના પૂર્ણ શુદ્ધ અર્થપર્યાય હોય છે.

(૨) યોગગુણનો સ્વભાવઅર્થપર્યાય તેરમા ગુણસ્થાનના અંતે પ્રગટે છે.

(૩) ૧૪મા ગુણસ્થાન સુધી પ્રદેશત્વગુણનો વિભાવવ્યંજનપર્યાય હોય છે, અને

(૪) બાકીના જે જે ગુણોનું અશુદ્ધ પરિણમન છે તેના વિભાવઅર્થપર્યાય ૧૪મા ગુણસ્થાન સુધી હોય છે.

[આત્માવલોકન હિંદી, પૃષ્ઠ ૧૦૦-૧૦૧.]

**પ્ર. ૨૯૧ અર્હત્ ભગવાનને વિભાવવ્યંજનપર્યાય હોય ?**

ઉ. ૨૯૧ હા; કારણ કે તેમને પણ પ્રદેશત્વગુણનું અશુદ્ધ પરિણમન છે, અને તે ૧૪મા ગુણસ્થાનના અંત સુધી હોય છે.

**પ્ર. ૨૯૨ અર્હત્ ભગવાન, સિદ્ધભગવાન અને અવ્રતી સમ્યગ્દષ્ટિ-એ ત્રણેનું સમ્યગ્દર્શન સમાન છે કે કંઈ ફેર હોય ?**

ઉ. ૨૯૨ સમાન છે. જેમ છદ્મસ્થને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે તેમ કેવળી અને સિદ્ધભગવાનને કેવળ જ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. જે સાત તત્ત્વોનું સ્વરૂપ પહેલાં નિર્ણીત કર્યું હતું તે જ હવે કેવળજ્ઞાન વડે જાણ્યું એટલે ત્યાં પ્રતીતિમાં પરમ અવગાઢપણું થયું તેથી જ ત્યાં પરમાવગાઢ સમ્યક્ત્વ કહ્યું છે; પણ પૂર્વે શ્રદ્ધાન કર્યું હતું તેને જો જૂઠું જાણ્યું હોત તો ત્યાં અપ્રતીતિ થાત, પરંતુ જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને થયું હતું

તેવું જ કેવળી-સિદ્ધભગવાનને પણ હોય છે, માટે જ્ઞાનાદિકની હીનતા, અધિકતા હોવા છતાં પણ તિર્યંચાદિક અને કેવલી સિદ્ધભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાન જ કહ્યો.''

(મોક્ષમાર્ગ પ્રકાશક-અધિકાર નવમો-પા. ૩૨૩)

## પ્ર. ૨૯૩ ભગવાનનો દિવ્યધ્વનિ શું છે ?

ઉ. ૨૯૩ દિવ્યધ્વનિ તે પુદ્‌ગલ દ્રવ્યનો પર્યાય છે. તેરમા ગુણસ્થાનવર્તી શ્રી અર્હત્‌દેવની જે ઉપદેશાત્મક ભાષાવર્ગણા નીકળે છે તેને દિવ્યધ્વનિ કહે છે. ભગવાનનું આત્મદ્રવ્ય અખંડ વીતરાગભાવે અને અખંડ કેવલજ્ઞાનરૂપે પરિણમી ગયું હોવાથી, યોગના નિમિત્તે જે દિવ્યધ્વનિ છૂટે છે તે પણ અખંડ એટલે કે નિરક્ષર (અનક્ષર) સ્વરૂપ હોય છે.

ભગવાનનો દિવ્યધ્વનિ દેવ, મનુષ્ય, તિર્યંચ-સર્વે જીવો પોતપોતાની ભાષામાં પોતાના જ્ઞાનની યોગ્યતાનુસાર સમજે છે. તે નિરક્ષર ધ્વનિને ૐकार ધ્વનિ પણ કહે છે. શ્રોતાઓના કર્ણપ્રદેશ સુધી તે ધ્વનિ ન પહોંચે ત્યાં સુધી તે અનક્ષર જ છે, અને જયારે તે શ્રોતાઓના કર્ણ વિષે પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્ષરરૂપ થાય છે.

(જાુઓ, ગોમ્મટસાર જીવકાંડ-ગા. ૨૨૭ ની ટીકા)

ભગવાનના દિવ્યધ્વનિ સંબંધી વિશેષ આધારો માટે જાુઓ:-

૧. 'જિનકી ધુનિ હૈ ૐકારરૂપ, નિરક્ષરમય મહિમા અનૂપ.' (પં. દ્યાનતરાયકૃત જયમાલા)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. સર્વાર્થસિદ્ધિ ટીકા  અ.પ.  સૂત્ર ૨૪ની ટીકા
૩.
તત્ત્વાર્થ રાજવાર્તિક ટીકા "  "  "  "
૪. શ્લોકવાર્તિક ટીકા.  "  "  "  "
૫. અર્થપ્રકાશિકા.  "  "  "  "
૬. શ્રુતસાગરી ટીકા.  "  "  "  "
૭. તત્ત્વાર્થસૂત્ર ૫મો અધ્યાય. અંગ્રેજી ટીકા. ઈન્દોર પ્રકાશન.
૮. તત્ત્વાર્થસાર. અજીવ અધિકાર. સૂ. ૨૨.
૯. નિયમસાર ગા. ૧૦૮ ની ટીકા.
૧૦. ચર્ચાસમાધાન. પૃ. ૨૬-૨૭.
૧૧. બૃહદ્ દ્રવ્યસંગ્રહ ગા. ૧૬ ની ટીકા.
૧૨. સમવસરણ પાઠ બ્ર. ભગવાનસાગરજીકૃત પૃ. ૧૭૪.
૧૩. પંચાસ્તિકાય. પૃ. ૪ તથા ૧૩૫ (જયસેનાચાર્યની ટીકા)
૧૪. બનારસી વિલાસ-જ્ઞાન બાવની.
૧૫. વિદ્વજ્જ બોધક. ભા. ૧, પૃ. ૧૫૬ થી ૧૫૯ તથા તેમાં લખેલા આધારો.
૧૬. બિહારીદાસજી કૃત જિનેન્દ્ર સ્તુતિઃ-
'ઈચ્છા વિના ભવિભાગ્યતૈ તુમ ધ્વનિ સુ હોય નિરક્ષરી.'
૧૭. 'એકરૂપ નિરક્ષર ઉપજત, ઉચરત નેક પ્રસંગ.'
(પ્રાચીન કવિ.)

**પ્ર. ૨૯૪ સર્વજ્ઞ ભગવાનના કેવળજ્ઞાનનો શો વિષય છે?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૨૯૪ ૧. सर्वद्रव्यपर्यायेषु केवलस्य ।

(મોક્ષશાસ્ત્ર અ. ૧, સૂત્ર ૨૯)

અર્થ:- કેવલજ્ઞાનનો વિષય, સર્વદ્રવ્યો (ગુણો સહિત) અને તેમના સર્વ પર્યાયો છે-અર્થાત્ કેવલજ્ઞાન એકસાથે સર્વ પદાર્થોને અને તેમના સર્વ ગુણો અને પર્યાયોને જાણે છે.

૨. શ્રી કુન્દકુન્દાચાર્યકૃત પ્રવચનસાર-ગા. ૩૭માં કહ્યું છે કે:-

तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं ।
वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं ॥ ३७ ॥

અર્થ:- "તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના સમસ્ત વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો, તાત્કાલિક (વર્તમાન) પર્યાયોની માફક, વિશિષ્ટતાપૂર્વક (પોત-પોતાના ભિન્ન-ભિન્ન સ્વરૂપે) જ્ઞાનમાં વર્તે છે."

આ શ્લોકની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત સંસ્કૃત ટીકામાં કહ્યું છે કે:-

"(જીવાદિ) સમસ્ત દ્રવ્યજાતિઓના પર્યાયોની ઉત્પત્તિની મર્યાદા ત્રણે કાળની મર્યાદા જેટલી હોવાથી (અર્થાત્ તેઓ ત્રણે કાળ ઉત્પન્ન થયા કરતા હોવાથી), તેમના (તે સમસ્ત દ્રવ્યજાતિઓના) **ક્રમપૂર્વક તપતી સ્વરૂપ સંપદાવાળા** (એક પછી એક પ્રગટતા), **વિદ્યમાનપણાને અને અવિદ્યમાનપણાને પામતા**

(ભૂતકાળ અને ભવિષ્યકાળના) **જે કોઈ જેટલા પર્યાયો છે, તે બધાય,** તાત્કાલિક (વર્તમાનકાલીન) **પર્યાયોની માફક, અત્યંત મિશ્રિત હોવા છતાં સૌ પર્યાયોમાં વિશિષ્ટ લક્ષણ સ્પષ્ટ જણાય તે રીતે, એક ક્ષણે જ જ્ઞાનમહેલમાં સ્થિતિ પામે છે.**

આ ગાથાની સં. ટીકામાં શ્રી જયસેનાચાર્યે કહ્યું છે કેઃ–

"....જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો એકી સાથે જણાવા **છતાં દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ–પ્રદેશ, કાળ, આકાર વગેરે વિશેષતાઓ સ્પષ્ટ જણાય છે;** સંકર–વ્યતિકર થતા નથી....."

૩. "તેમને (કેવલી ભગવાનને) **સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું અક્રમે ગ્રહણ** હોવાથી સમક્ષ સંવેદનને (પ્રત્યક્ષ જ્ઞાનને) આલંબનભૂત સમસ્ત દ્રવ્ય–પર્યાયો પ્રત્યક્ષ જ છે."

(શ્રી પ્રવચનસાર ગુ. આ. ગાથા ૨૧ ની ટીકા)

૪. "જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે, તે (પર્યાયો) ખરેખર અવિદ્યમાન હોવા છતાં **જ્ઞાનપ્રતિનિયત હોવાથી** (જ્ઞાનમાં નિશ્ચિત–સ્થિર–ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકા, પત્થરના સ્તંભમાં કોતરાયેલા ભૂત અને ભાવિ

દેવોની (તીર્થંકર દેવોની) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને અર્પતા એવા (તે પર્યાયો), વિદ્યમાન જ છે.''

(શ્રી પ્રવચનસાર ગાથા ૩૮ ની ટીકા)

૫. ''ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી) તત્કાળ વર્તતા કે અતીત, અનાગત કાળે વર્તતા સમસ્ત પદાર્થોને-કે જેમનામાં પૃથક્‌પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મી (દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી) થી અલોકિત અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે....તેમને જાણે છે. ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ **સર્વદા સર્વત્ર સર્વથા સર્વેને** (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવરૂપે) જાણે છે.

(શ્રી પ્રવચનસાર-ગાથા ૪૭ ની ટીકા)

૬. ''જે એકી સાથે (युगपत्) **ત્રૈકાલિક ત્રિભુવનસ્થ** (ત્રણે કાળના અને ત્રણે લોકના) પદાર્થોને જાણતો નથી તેને પર્યાય સહિત એક દ્રવ્ય પણ જાણવું શકય નથી.''

(શ્રી પ્રવચનસાર ગા. ૪૮)

૭. ''એક જ્ઞાયકભાવનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી, **ક્રમે પ્રવર્તતા અનંત, ભૂત-વર્તમાન-ભાવી-વિચિત્ર પર્યાય સમૂહવાળાં,** અગાધ સ્વભાવ અને ગંભીર એવા સમસ્ત દ્રવ્ય માત્રને-જાણે કે તે દ્રવ્યો

જ્ઞાયકમાં કોતરાઈ ગયાં હોય, ચીતરાઈ ગયાં હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયા હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબ થયાં હોય એમ-**એક ક્ષણમાં જ** જે (શુદ્ધ આત્મા) પ્રત્યક્ષ કરે છે....."

(શ્રી પ્રવચનસાર ગા. ૨૦૦ ની ટીકા)

૮. "ઘાતિકર્મનો નાશ થતાં અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય એ અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. ત્યાં અનંતદર્શન-જ્ઞાનથી તો છ દ્રવ્યોથી ભરેલો જે આ લોક છે, તેમાં જીવ અનંતાનંત અને પુદ્ગલ તેનાથી પણ અનંતાનંત ગુણા છે, અને ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યો તથા અસંખ્ય કાલદ્રવ્ય **એ સર્વ દ્રવ્યોના ભૂત-ભાવી-વર્તમાનકાળ સંબંધી અનંતપર્યાયોને ભિન્ન ભિન્ન એકકાળમાં** દેખે છે અને જાણે છે."

(અષ્ટપાહુડ-ભાવપાહુડ-ગા. ૧૫૦ ની પં. જયચંદજીકૃત ટીકા)

૯. શ્રી પંચાસ્તિકાયની શ્રી જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકામાં પાનું ૮૭ ગા. ૫ માં કહ્યું છે કેઃ-

...णाणाणाणां च नत्थि केवलिणो . (ગા. ૫.)

કેવલી ભગવાનને જ્ઞાનાજ્ઞાન હોતું નથી, એટલે કે તેમને કોઈ વિષયમાં જ્ઞાન વર્તે છે અને કોઈ વિષયમાં વળી અજ્ઞાન વર્તે છે એમ હોતું નથી, **પરંતુ સર્વત્ર જ્ઞાન જ વર્તે છે.**

૧૦. ''કેવલી ભગવાન, ત્રિકાલાવચ્છિન્ન લોક–અલોક સંબંધી સંપૂર્ણ ગુણ–પર્યાયોમાંથી સમન્વિત અનંત દ્રવ્યોને જાણે છે. **એવું કોઈ જ્ઞેય હોઈ શકે નહિ કે જે કેવલી ભગવાનના જ્ઞાનનો વિષય ન હોય.....**જ્યારે મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પણ આ જીવ વર્તમાન ઉપરાંત ભૂત તથા ભવિષ્યત્ કાલની વાતોનું પરિજ્ઞાન કરે છે, તો કેવલી ભગવાન અતીત (ભૂતકાળના), અનાગત (ભવિષ્યકાળના), અને વર્તમાન કાળના બધા પદાર્થોનું ગ્રહણ કરે તે યુક્ત–યુક્ત જ છે. ... ... ... ... **જો ક્રમપૂર્વક કેવલી ભગવાન અનન્તાનન્ત પદાર્થોને જાણતા તો સંપૂર્ણ પદાર્થોનો સાક્ષાત્કાર ન થાત.** અનન્તકાલ વ્યતીત હોવા છતાં પણ પદાર્થોની અનન્ત ગણના અનંત જ રહે. આત્માની અસાધારણ નિર્મલતા હોવાને કારણે એક સમયમાં જ સકલ પદાર્થોનું ગ્રહણ (જ્ઞાન) થાય છે.

'જ્યારે જ્ઞાન એક સમયમાં સંપૂર્ણ જગતના યા વિશ્વના તત્ત્વોનો બોધ (જ્ઞાન) કરી ચૂકે ત્યારપછી તે કાર્યહીન થઈ જશે' એવી આશંકા પણ યુક્ત નથી; કારણ કે કાલદ્રવ્યના નિમિત્તથી તથા અગુરુલઘુત્વના કારણે સમસ્ત વસ્તુઓમાં ક્ષણે ક્ષણે પરિણમન–પરિવર્તન થાય છે. જે કાલે ભવિષ્યત્ હતો તે આજે વર્તમાન બની આગળ અતીતનું રૂપ ધારણ કરે છે. આવી રીતે પરિવર્તનનું ચક્ર સદા ચાલતું રહેવાના

કારણે જ્ઞેયના પરિણમન અનુસાર જ્ઞાનમાં પણ પરિણમન થાય છે. **જગતના જેટલા પદાર્થો છે તેટલી જ કેવળજ્ઞાનની શક્તિ યા મર્યાદા નથી. કેવલજ્ઞાન અનન્ત છે. જો લોક અનન્તગુણિત પણ હોત તો કેવલજ્ઞાનસિન્ધુમાં તે બિન્દુતુલ્ય સમાઈ જાત.......** અનંત કેવલજ્ઞાન દ્વારા અનંત જીવ તથા અનંત આકાશાદિનું ગ્રહણ હોવા છતાં તે પદાર્થ સાન્ત થતા નથી. અનન્તજ્ઞાન, અનન્ત પદાર્થ યા પદાર્થોને અનન્તરૂપથી બતાવે છે. એ કારણથી જ્ઞેય અને જ્ઞાનની અનન્તતા અબાધિત રહે છે.''

[મહાબંધ-મહાધવલા સિદ્ધાન્ત-શાસ્ત્ર પ્રથમ ભાગ, પ્રકૃતિબન્ધાધિકાર પાનું ૨૭, હિંદી અનુવાદ ઉપરથી. ધવલા પુસ્તક ૧૩, પાના ૩૪૬ થી ૩૫૩.]

ઉપરના આધારોથી નીચેના મંતવ્યો ખોટાં ઠરે છે:

(૧) કેવલી ભગવાન ભૂત અને વર્તમાન કાલવર્તી પર્યાયોને જ જાણે અને ભવિષ્યત્ પર્યાયોને તે થાય ત્યારે જાણે.

(૨) સર્વજ્ઞ ભગવાન અપેક્ષિત ધર્મોને જાણે.

(૩) કેવલી ભગવાન ભૂત-ભવિષ્યત્ પર્યાયોને સામાન્યપણે જાણે પણ વિશેષપણે ન જાણે.

(૪) કેવલી ભગવાન ભવિષ્યત્ પર્યાયોને સમગ્રપણે જાણે, ભિન્ન-ભિન્નપણે ન જાણે.

(૫) જ્ઞાન ફક્ત જ્ઞાનને જ જાણે.

(૬) સર્વજ્ઞના જ્ઞાનમાં પદાર્થ ઝળકે છે પરંતુ ભૂતકાળ તથા ભવિષ્યકાળના પર્યાય સ્પષ્ટપણે ઝળકતા નથી. –એ વગેરે મંતવ્યો સર્વજ્ઞને અલ્પજ્ઞ માનવા બરોબર છે.

**પ્ર. ૨૯૫ શબ્દ શું છે ? શું તે આકાશનો ગુણ છે?**

ઉ. ૨૯૫ શબ્દ તે પુદ્ગલ દ્રવ્યનો સ્કંધરૂપ પર્યાય છે, તે આકાશનો ગુણ નથી, કારણ કે આકાશ તો સદાય અમૂર્તિક છે અને શબ્દ મૂર્તિક છે. તે કાને અથડાય છે; તેની અવાજરૂપ ગર્જના થાય છે. આમ શબ્દ ઈન્દ્રિય દ્વારા જણાય છે માટે તે પુદ્ગલ છે.

જગતમાં ભાષાવર્ગણા નામના પુદ્ગલોની જાતિ ભરી પડી છે. તે તેના કાળે, તેના કારણે સ્વયં શબ્દરૂપે પરિણમે છે. જે સમયે તે પુદ્ગલો શબ્દરૂપે પરિણમે છે તે સમયે કોઈ ને કોઈ જીવ યા અન્ય પદાર્થ નિમિત્ત હોય છે પણ જીવના કારણે ખરેખર ભાષાવર્ગણા શબ્દરૂપે પરિણમતી નથી. ભાષાવર્ગણા શબ્દરૂપે પરિણમે તે સમયે જીવની ઈચ્છા અથવા યોગ હોય તો તે નિમિત્ત માત્ર છે.

**પ્ર. ૨૯૬ શબ્દને આકાશનો ગુણ માનવામાં આવે તો શો દોષ આવે ?**

ઉ. ૨૯૬ શબ્દ મૂર્તિક પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે, અને આકાશ અમૂર્તિક દ્રવ્ય છે, માટે તે અમૂર્તદ્રવ્યનો ગુણ નથી, કારણ કે–

"...ગુણ-ગુણીને અભિન્નપ્રદેશપણું હોવાને લીધે તેઓ (ગુણ-ગુણી) એક વેદનથી વેદ્ય હોવાથી અમૂર્તદ્રવ્યને પણ શ્રવણોન્દ્રિયના વિષયભૂતપણું આવી પડે."

(પ્રવચનસાર-ગા. ૧૩૨ ની ટીકા)

"નૈયાયિકો શબ્દને આકાશનો ગુણ માને છે, પણ તે માન્યતા અપ્રમાણ છે. ગુણ-ગુણીના પ્રદેશો અભિન્ન હોય છે, તેથી ગુણ જે ઈન્દ્રિયથી જણાય છે તે જ ઈન્દ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ કર્ણેન્દ્રિયથી જણાય છે, માટે આકાશ પણ કર્ણેન્દ્રિયથી જણાવું જોઈએ; પણ આકાશ તો કોઈ ઈન્દ્રિયથી જણાતું નથી; માટે શબ્દ, આકાશ વગેરે અમૂર્તિક દ્રવ્યોનો ગુણ નથી."

(શ્રી પ્રવચનસાર ગા. ૧૩૨ ની ફુટનોટ)

## પ્ર. ૨૯૭ જીભથી શબ્દો (વાણી) બોલાય છે ? શું તે જીવની ઈચ્છાથી બોલાય છે ?

ઉ. ૨૯૭

૧. ના; કારણ કે જીભ આહારવર્ગણામાંથી બને છે. અને શબ્દો (વાણી) ભાષાવર્ગણામાંથી રચાય છે. આહારવર્ગણા અને ભાષાવર્ગણા વચ્ચે અન્યોન્યાભાવ છે; તેથી જીભ વડે વાણી બોલાતી નથી.

૨. ના; કારણ કે જીવ અને વાણી વચ્ચે અત્યંતાભાવ છે. ઈચ્છા વિના પણ કેવળજ્ઞાનીને વાણી ખરે છે; સશક્ત મનુષ્ય જે સમયે બોલવા ઈચ્છે તે સમયે કોઈવાર ભાષા બોલી શકતો નથી; જેને લકવો

થાય અથવા જેને તોતડાપણું હોય તે મનુષ્ય વ્યવસ્થિતપણે બોલવાની ઘણી ઈચ્છા કરે છે છતાં તેની વ્યવસ્થિત ભાષા નીકળતી નથી. જ્યારે પુદ્‌ગલની ભાષારૂપ પરિણમવાની યોગ્યતા હોય ત્યારે જ ભાષા નીકળે છે અને ત્યારે જ ઈચ્છા વગેરે નિમિત્તભૂત હોય છે.

**પ્ર. ૨૯૮ તીર્થંકર ભગવાનને ઈચ્છા નથી, છતાં યોગના કારણે વાણી ખરે છે તે ખરું છે ?**

ઉ. ૨૯૮ ના; કારણ કે ત્યાં પણ પુદ્‌ગલની શક્તિની યોગ્યતાથી વાણીરૂપ પર્યાય તેના કાળે જ થાય છે. વાણી થાય ત્યારે યોગ તો નિમિત્તમાત્ર છે.

જીવના યોગ ગુણનો પર્યાય અને પુદ્‌ગલની શક્તિ વચ્ચે અત્યંત અભાવ છે. જો યોગથી વાણી થતી હોય તો તેરમા ગુણસ્થાને તેમને નિરન્તર યોગ ગુણનું કંપન છે, તેથી નિરન્તર વાણી થવી જોઈએ; પણ એમ તો થતું નથી.

વળી મૂક-કેવલી યોગસહિત છે, છતાં તેમને વાણી હોતી નથી; માટે વાણી જીવના યોગને આધીન નથી તથા ઈચ્છાને પણ આધીન નથી, પરંતુ તે સ્વતંત્રપણે તેના કાળે, તેના કારણે, તેની યોગ્યતાનુસાર પરિણમે છે.

**પ્ર. ૨૯૯ કર્મબંધનાં કારણો કયાં ?**

ઉ. ૨૯૯ मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगा बन्धहेतवः।

(મોક્ષશાસ્ત્ર-અ. ૮, સૂ. ૧)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થઃ- મિથ્યાદર્શન, અવિરતિ પ્રમાદ, કષાય અને યોગ-એ પાંચ કર્મબંધનાં કારણો છે.

**પ્ર. ૩૦૦ મિથ્યાદર્શન (મિથ્યાત્વ) કોને કહે છે ?**

ઉ. ૩૦૦ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના ઊલટા શ્રદ્ધાનને તથા અદેવ (કુદેવ) ને દેવ માનવા, અતત્ત્વને તત્ત્વ માનવું, અધર્મ (કુધર્મ) ને ધર્મ માનવો; ઈત્યાદિ વિપરીત શ્રદ્ધાનને મિથ્યાત્વ કહે છે. (તે શ્રદ્ધાગુણનો વિપરીત પર્યાય છે.)

**પ્ર. ૩૦૧ મિથ્યાદર્શનના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૩૦૧ તેના બે પ્રકાર છે-૧. અગૃહીત મિથ્યાત્વ અને ૨. ગૃહીત મિથ્યાત્વ.

**૧. અગૃહીત મિથ્યાત્વ-**

જીવ પરદ્રવ્યનું કાંઈ કરી શકે કે શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવી અનાદિથી ચાલી આવતી માન્યતા તે મિથ્યાત્વ છે. અને તે કોઈના શીખવવાથી થયું માટે તે અગૃહીત છે.

**૨. ગૃહીત મિથ્યાત્વ-**

જન્મ થયા પછી પરોપદેશના નિમિત્તથી જીવ જે અતત્ત્વશ્રદ્ધા ગ્રહણ કરે છે તે ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે.

[અગૃહીત મિથ્યાત્વને નિસર્ગજ મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વને બાહ્ય પ્રાપ્ત મિથ્યાત્વ પણ કહે છે. જેને ગૃહીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મિથ્યાત્વ હોય તેને તો અગૃહીત મિથ્યાત્વ હોય જ.]

**પ્ર. ૩૦૨ ગૃહીત મિથ્યાત્વના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૦૨ તેના પાંચ ભેદ છે- ૧. એકાંત મિથ્યાત્વ, ૨. વિપરીત મિથ્યાત્વ, ૩. સંશય મિથ્યાત્વ, ૪. અજ્ઞાન મિથ્યાત્વ અને ૫. વિનય મિથ્યાત્વ.

**૧. એકાંત મિથ્યાત્વ-**

આત્મા, પરમાણુ આદિ પદાર્થનું સ્વરૂપ અનેકાન્તમય (અનેક ધર્મોવાળું) હોવા છતાં તેને સર્વથા એક જ ધર્મવાળો માનવો તે એકાંત મિથ્યાત્વ છે; જેમકે આત્માને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય જ માનવો; ગુણગુણીનો સર્વથા ભેદ યા અભેદ જ માનવો વગેરે.

**૨. વિપરીત મિથ્યાત્વ-**

આત્માના સ્વરૂપને અન્યથા માનવાની રુચિને વિપરીત મિથ્યાત્વ કહે છે; જેમકે-

૧. શરીરને આત્મા માનવો.

૨. વસ્ત્ર-પાત્રાદિ સહિતને (સગ્રંથને) નિર્ગ્રંથ ગુરુ માનવા.

૩. સ્ત્રીનું શરીર હોવા છતાં તેને મુનિદશા અને મોક્ષ માનવા.

૪. કેવલી ભગવાનને ગ્રાસાહાર (કવલાહાર રોગ) રોગ,, ઉપસર્ગ, વસ્ત્ર, પાત્ર, પાટાદિ સહિત તથા ક્રમિક ઉપયોગ માનવો.

૫. પુણ્યથી અર્થાત્ શુભરાગથી તથા નિમિત્તથી ધર્મ માનવો, વગેરે.

## ૩. સંશય મિથ્યાત્વ-

'ધર્મનું સ્વરૂપ આવું છે અથવા તેવું છે'-એમ પરસ્પર વિરુદ્ધ બંનેરૂપ શ્રદ્ધાનને સંશય મિથ્યાત્વ કહે છે; જેમકે- આત્મા પોતાના કાર્યનો કર્તા થતો હશે કે પરવસ્તુના કાર્યનો કર્તા થતો હશે ? નિમિત્ત અને વ્યવહારના આલંબનથી ધર્મ થશે યા પોતાના શુદ્ધાત્માના આલંબનથી ધર્મ થશે ? વગેરે પ્રકારે સંશય રહેવો.

## ૪. અજ્ઞાન મિથ્યાત્વ-

જ્યાં હિત-અહિતનો કાંઈપણ વિવેક ન હોય કે કાંઈ પણ પરીક્ષા કર્યા વગર ધર્મની શ્રદ્ધા કરવી તે અજ્ઞાન મિથ્યાત્વ છે; જેમકે પશુવધમાં અથવા પાપમાં ધર્મ માનવો.

## ૫. વિનય મિથ્યાત્વ-

સમસ્ત દેવને તથા સમસ્ત ધર્મમતોને સરખા માનવા તે વિનય મિથ્યાત્વ છે.

[સર્વ પ્રકારના બંધનું મૂળ કારણ મિથ્યાત્વ છે. સૌથી પ્રથમ તેના ટળ્યા સિવાય અવિરતિ આદિ બંધનાં કારણો પણ ટળતાં નથી, માટે સૌથી પ્રથમ મિથ્યાત્વ (ગૃહીત અને અગૃહીત) ટાળવું જોઈએ.]

## પ્ર. ૩૦૩ અવિરતિ કોને કહે છે ?

ઉ. ૩૦૩

૧. નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અવ્રતપરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે.

૨. ષટ્કાયના જીવોની (પાંચ સ્થાવર અને એક ત્રસજીવની) હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો તથા પાંચ ઈન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી-એમ બાર પ્રકારે અવિરતિ છે.

**પ્ર. ૩૦૪ પ્રમાદ કોને કહે છે ?**

ઉ. ૩૦૪ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય (ક્રોધ, માન, માયા, લોભ) ના ઉદયમાં જોડાવાથી તથા સંજ્વલન અને નોકષાયની તીવ્ર ઉદયમાં જોડાવાથી ચારિત્ર ન પાળવામાં અથવા નિરતિચાર ચારિત્ર પાળવામાં અનુત્સાહને (સ્વરૂપની અસાવધાનતાને) પ્રમાદ કહે છે. (મિથ્યાદષ્ટિથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમાદની વ્યાખ્યા તેની ભૂમિકા અનુસાર જાણવી).

**પ્ર. ૩૦૫ પ્રમાદના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૦૫ તેના પંદર ભેદ છેઃ-૪ વિકથા (સ્ત્રીકથા, રાષ્ટ્રકથા, ભોજનકથા અને રાજકથા), ૪ કષાય (ક્રોધ, માન, માયા અને લોભ), ૫-પાંચ ઈન્દ્રિયોના વિષય, ૧-નિદ્રા અને ૧-પ્રણય (સ્નેહ).

**પ્ર. ૩૦૬ કષાય કોને કહે છે ?**

ઉ. ૩૦૬ મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને કષાય કહે છે.

તેના ૨૫ પ્રકાર છેઃ ૪ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, ૪ અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધાદિ, ૪ પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધાદિ, ૪ સંજ્વલન ક્રોધાદિ એમ ૧૬ કષાય અને ૯ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને નોકષાય કહે છે.

[પ્રમાદ અને કષાયમાં સામાન્ય વિશેષનો તફાવત છે.]

**પ્ર. ૩૦૭ યોગ કોને કહે છે ?**

ઉ. ૩૦૭ મન, વચન, કાયના આલંબનથી આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તેને યોગ કહે છે.

[યોગગુણના અશુદ્ધ પર્યાયમાં કંપનપણાને દ્રવ્યયોગ અને કર્મ નોકર્મના ગ્રહણમાં નિમિત્તરૂપ યોગ્યતાને ભાવયોગ કહે છે.]

યોગના પંદર ભેદ છેઃ-

૪ મનોયોગ (સત્ય મનોયોગ, અસત્ય મનોયોગ ઉભય મનોયોગ અને અનુભય મનોયોગ), ૭ કાયયોગ (ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિયિક, વૈક્રિયિકમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્માણ), ૪ વચનયોગ (સત્ય વચનયોગ, અસત્યવચનયોગ, ઉભયવચનયોગ અને અનુભયવચનયોગ.)

## ચતુષ્ટય

**પ્ર. ૩૦૮ સ્વચતુષ્ટય અને પરચતુષ્ટય એટલે શું ?**

ઉ. ૩૦૮ સ્વચતુષ્ટય એટલે પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ; અને પરચતુષ્ટય એટલે પોતાથી ભિન્ન એવા પરપદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

## પ્ર. ૩૦૯ આત્માના સ્વચતુષ્ટય સમજાવો.

ઉ. ૩૦૯

(૧) **સ્વદ્રવ્ય**–પોતાના જ્ઞાનાદિ ગુણો અને પર્યાયોથી અભિન્ન તે સ્વદ્રવ્ય.

(૨) **સ્વક્ષેત્ર**–લોકપ્રમાણ પોતાના અસંખ્ય પ્રદેશ છે તે આત્માનું સ્વક્ષેત્ર.

(૩) **સ્વકાળ**–જે નિત્ય સ્વભાવને છોડયા વિના નિરન્તર ક્રમબદ્ધ પોતપોતાના અવસરે નવાનવા પર્યાયોનો ઉત્પાદ થયા કરે તે નિજ પરિણામનું નામ સ્વકાળ

(૪) **સ્વભાવ**–દ્રવ્યના આશ્રયે રહેલ ત્રિકાલી શક્તિરૂપ અનંત ગુણો છે તે સ્વભાવ.

## પ્ર. ૩૧૦ પુદ્‌ગલ પરમાણુના સ્વચતુષ્ટય સમજાવો.

ઉ. ૩૧૦

(૧) **દ્રવ્ય**–પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, અસ્તિત્વાદિ અનંત ગુણોથી તેમ જ તેના સર્વ પર્યાયોરૂપ અખંડ વસ્તુ તે પુદ્‌ગલનું સ્વદ્રવ્ય.

(૨) **ક્ષેત્ર**–પુદ્‌ગલ પરમાણુનો એક પ્રદેશ તે તેનું સ્વક્ષેત્ર.

(૩) **કાળ**–નિત્ય સ્વભાવને નહિ છોડીને નિરન્તર ક્રમબદ્ધ પોતપોતાના અવસરે નવા નવા પર્યાયોનો ઉત્પાદ થયા કરે છે તે પુદ્‌ગલના નિજ પરિણામનું નામ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વકાળ.

(૪) **ભાવ**-પુદ્ગલ દ્રવ્યના આશ્રયે રહેલા જે સ્પર્શાદિ અનંત ગુણો છે તે તેનો સ્વભાવ.

**પ્ર. ૩૧૧ ક્ષેત્રની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાયને સરખાવો.**

ઉ. ૩૧૧ ત્રણેનું ક્ષેત્ર સરખું અર્થાત્ એક છે.

**પ્ર. ૩૧૨ કાળ અપેક્ષાએ દ્રવ્ય-ગુણ-પર્યાય સરખાવો.**

ઉ. ૩૧૨ દ્રવ્ય અને ગુણો ત્રિકાલ અને પર્યાય એક સમય પૂરતો.

**પ્ર. ૩૧૩ દ્રવ્ય અને પર્યાયમાં ભેદ-અભેદ સમજાવો.**

ઉ. ૩૧૩ સંખ્યાથી દ્રવ્ય એક અને તેના પર્યાયો-અનંત; કાલથી દ્રવ્ય-ત્રિકાલ અને પર્યાય-એક સમયનો; ભાવથી ભેદ; કેમકે દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ જાુદું જાુદું છે. ક્ષેત્ર બંનેનું સરખું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રકરણ ચોથું
# 'અભાવ' અધિકાર

**પ્ર. ૩૧૪ અભાવ કોને કહે છે ?**

ઉ. ૩૧૪ એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવાપણું તેને અભાવ કહે છે.

**પ્ર. ૩૧૫ અભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૧૫ ચાર ભેદ છે-(૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસાભાવ (૩) અન્યોન્યાભાવ અને (૪) અત્યંતાભાવ.

**પ્ર. ૩૧૬ પ્રાગભાવ કોને કહે છે ?**

ઉ. ૩૧૬ વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ-તેને પ્રાગભાવ કહે છે.

**પ્ર. ૩૧૭ પ્રધ્વંસાભાવ કોને કહે છે ?**

ઉ. ૩૧૭ એક દ્રવ્યના વર્તમાન પર્યાયનો તે જ દ્રવ્યના આગામી (ભવિષ્યના) પર્યાયમાં અભાવ-તેને પ્રધ્વંસાભાવ કહે છે. [પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ-બંને એક જ દ્રવ્યની પર્યાયોને લાગુ પડે છે.]

**પ્ર. ૩૧૮ શ્રુતજ્ઞાન (વર્તમાનમાં) છે. તેમાં પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ બતાવો.**

ઉ. ૩૧૮ શ્રુતજ્ઞાનનો મતિજ્ઞાનમાં પ્રાગભાવ છે અને શ્રુતજ્ઞાનનો કેવળજ્ઞાનમાં પ્રધ્વંસાભાવ છે.

**પ્ર. ૩૧૯ દહીંને વર્તમાન પર્યાય તરીકે લઈ તેનો**

**પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ સમજાવો.**

ઉ. ૩૧૯ દહીંનો પૂર્વપર્યાય દૂધ હતો, તેમાં દહીંનો અભાવ હતો, તેથી તેનો પ્રાગભાવ છે; અને છાશ તે દહીંનો ભવિષ્યનો પર્યાય છે. તેમાં દહીંનો અભાવ છે, તેથી તેનો પ્રધ્વંસાભાવ છે.

**પ્ર. ૩૨૦ અન્યોન્યાભાવ કોને કહે છે ?**

ઉ. ૩૨૦ એક પુદ્‌ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયનો બીજા પુદ્‌ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યાભાવ કહે છે.

**પ્ર. ૩૨૧ દૂધ, દહીં અને છાશ–એ ત્રણ વર્તમાન ચીજો છે. તેમાં કેટલા અને કયા અભાવ છે ?**

ઉ. ૩૨૧ ત્રણે પુદ્‌ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયો છે, તેથી તેમાં એક જ અન્યોન્યાભાવ છે.

**પ્ર. ૩૨૨ છાપરાને ભીંતનો આધાર છે અને ઉપરના નળિયાને છાપરાનો આધાર છે, એ બરોબર છે ?**

ઉ. ૩૨૨ ના; કેમકે તેમનામાં અન્યોન્યાભાવ છે. દરેકની ભિન્નભિન્ન સત્તા હોવાથી બધાય્ પોતપોતાના ક્ષેત્રના આધારે છે. એક પરમાણુના પર્યાય બીજા કોઈ દ્રવ્યના આધારે નથી.

**પ્ર. ૩૨૩ તૈજસ શરીર અને કાર્માણ શરીર વચ્ચે કયો અભાવ છે ?**

ઉ. ૩૨૩ અન્યોન્યાભાવ; કારણ કે બન્ને પુદ્‌ગલદ્રવ્યના

વર્તમાન પર્યાયો છે.

**પ્ર. ૩૨૪ અત્યંતાભાવ કોને કહે છે?**

ઉ. ૩૨૪ એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં (ત્રિકાલ) અભાવ હોય તેને અત્યંતાભાવ કહે છે.

**પ્ર. ૩૨૫ કુંભાર અને ઘડા વચ્ચે તથા પુસ્તક અને જીવ વચ્ચે કયો અભાવ છે ?**

ઉ. ૩૨૫

(૧) કુંભાર (જીવ) અને ઘડા વચ્ચે અત્યંતાભાવ;

(૨) પુસ્તક અને જીવ વચ્ચે અત્યંતાભાવ; કારણ કે દરેકમાં બંને જુદી-જુદી જાતનાં દ્રવ્યો છે.

**પ્ર. ૩૨૬ જીવે સિદ્ધ-પરમાત્મદશા પ્રગટ કરી તેમાં પ્રાગભાવ બતાવો.**

ઉ. ૩૨૬ સિદ્ધદશાનો સંસારદશામાં અભાવ તે પ્રાગભાવ છે.

**પ્ર. ૩૨૭ ચાર અભાવમાં દ્રવ્યસૂચક અને પર્યાયસૂચક અભાવ કયાં છે ?**

ઉ. ૩૨૭ અત્યંતાભાવ દ્રવ્યસૂચક છે અને બાકીના ત્રણ પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ અને અન્યોન્યાભાવ પર્યાયસૂચક છે.

**પ્ર. ૩૨૮ ચારે અભાવ કયા દ્રવ્યમાં લાગુ પડે છે?**

ઉ. ૩૨૮ પુદ્‌ગલ દ્રવ્યમાં.

**પ્ર. ૩૨૯ પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ કેટલા દ્રવ્યોમાં લાગુ પડે છે ?**

ઉ. ૩૨૯ છએ દ્રવ્યોના પોતપોતાના પર્યાયોમાં.

**પ્ર. ૩૩૦ અન્યોન્યાભાવ કેટલામાં લાગુ પડે છે ?**

ઉ. ૩૩૦ પરસ્પર પુદ્ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયમાં જ.

**પ્ર. ૩૩૧ અત્યંતાભાવ કેટલાં દ્રવ્યોમાં લાગુ પડે છે?**

ઉ. ૩૩૧ છ દ્રવ્યોમાં.

**પ્ર. ૩૩૨ આ ચાર અભાવ ન માનવામાં આવે તો શો દોષ આવે ?**

ઉ. ૩૩૨

(૧) પ્રાગભાવ ન માનવામાં આવે તો કાર્ય અનાદિ ઠરે.

(૨) પ્રધ્વંસાભાવ ન માનવામાં આવે તો કાર્ય અનંત કાલ રહે.

(૩) અન્યોન્યાભાવ ન માનવામાં આવે તો એક પુદ્ગલ દ્રવ્યના વર્તમાન પર્યાયનો બીજા પુદ્ગલદ્રવ્યના વર્તમાન પર્યાયમાં અભાવ છે તે ન રહે.

(૪) અત્યંતાભાવ ન માનવામાં આવે તો પ્રત્યેક પદાર્થની ભિન્નતા ન રહે. જગતના સર્વ દ્રવ્યો એકરૂપ થઈ જાય.

**પ્ર. ૩૩૩ આ ચાર પ્રકારના અભાવ સમજવાથી ધર્મ સંબંધી શો લાભ ?**

ઉ. ૩૩૩

(૧) પ્રાગભાવથી એમ સમજવું કે અનાદિ કાળથી આ જીવ, અજ્ઞાન-મિથ્યાત્વ, રાગાદિ દોષ નવા નવા કરતો આવે છે; તેણે ધર્મ કદી કર્યો નથી, છતાં વર્તમાનમાં નવા પુરુષાર્થથી ધર્મ કરી શકે છે, કારણ કે વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ વર્તે છે.

(૨) પ્રધ્વંસાભાવથી એમ સમજવું કે વર્તમાન અવસ્થામાં ધર્મ કર્યો નથી, તોપણ જીવ નવીન પુરુષાર્થથી અધર્મ દશાનો તુરત જ વ્યય કરી પોતાનામાં સત્ય ધર્મ પ્રગટ કરી શકે છે.

(૩) અન્યોન્યાભાવથી એમ સમજવું કે એક પુદ્ગલદ્રવ્યનો વર્તમાન પર્યાય બીજા પુદ્ગલના વર્તમાન પર્યાયને, પરસ્પર અભાવને લીધે કંઈ કરી શકતો નથી, અર્થાત્ એકબીજાને મદદ, અસર પ્રભાવ, સહાય, પ્રેરણાદિ કંઈ કરી શકે નહિ. એ સજાતિમાં પણ પરનું કરી શકે નહિ તો તેઓ (પુદ્ગલો) જીવનું શું કરી શકે?

(૪) અત્યંતાભાવથી એમ સમજવું કે પ્રત્યેક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો ત્રિકાળ અભાવ છે. તેથી એક દ્રવ્ય અન્ય દ્રવ્યના પર્યાયને કંઈ કરી શકે નહિ. અર્થાત્ મદદ, અસર, પ્રભાવ, સહાય, પ્રેરણાદિ કંઈ કરી શકે નહિ.

શાસ્ત્રમાં જે કંઈ અન્યનું કરવા-કરાવવા આદિનું કથન છે તે 'ઘીના ઘડા' ની જેમ માત્ર વ્યવહારનું જ્ઞાન કરાવે છે તે સત્યાર્થસ્વરૂપ નથી-એમ સમજવું.

**પ્ર. ૩૩૪ 'ज्ञानक्रियाभ्याम् मोक्षः' આ સૂત્રનો અર્થ**

**'આત્માનું જ્ઞાન અને શરીરની ક્રિયા–એ બંનેથી મોક્ષ થાય'– એવો જે કરે તે કયા અભાવને માનતો નથી?**

ઉ. ૩૩૪ અત્યંતાભાવ; કારણ કે પરસ્પર અત્યંતાભાવને લીધે કોઈ આત્મા શરીરની ક્રિયા કરી શકતો નથી; માત્ર પર પદાર્થ સંબંધી અહંકારવાળી માન્યતા કરે છે. શરીરની ક્રિયાથી આત્માને લાભ થાય એમ માનનારને જીવ-અજીવ તત્ત્વનું અજ્ઞાન વર્તે છે.

**પ્ર. ૩૩૫ નીચેની દરેક જોડમાં કયો અભાવ છે ? (૧) ઈચ્છા અને ભાષા (૨) ચશ્માં અને જ્ઞાન (૩) શરીર અને વસ્ત્ર (૪) શરીર અને જીવ.**

ઉ. ૩૩૫

(૧) ઈચ્છા અને ભાષા વચ્ચે અત્યંતાભાવ, કારણ કે ઈચ્છા તે જીવના ચારિત્રગુણનો વિકારી પર્યાય છે અને ભાષા તે પુદ્ગલની ભાષાવર્ગણાનો પર્યાય છે.

(૨) ચશ્માં અને જ્ઞાન વચ્ચે અત્યંતાભાવ; કારણ કે ચશ્માં પુદ્ગલ સ્કંધ છે અને જ્ઞાન જીવના જ્ઞાનગુણનો પર્યાય છે.

(૩) શરીર અને વસ્ત્ર વચ્ચે અન્યોન્યાભાવ; કારણ કે શરીર પુદ્ગલપિંડ છે અને વસ્ત્ર પણ પુદ્ગલ સ્કંધ છે.

(૪) શરીર અને જીવ વચ્ચે અત્યંતાભાવ છે, કારણ કે બંને ભિન્ન દ્રવ્યો છે.

**પ્ર. ૩૩૬ કુંભારે ચક્ર અને દંડ વડે ઘડો કર્યો–એમ**

**નિશ્ચયથી માનનારે કયા અભાવની ભૂલ કરી ? તથા તેમાં શો દોષ થયો ?**

ઉ. ૩૩૬ ઘડાનો ચક્ર અને દંડમાં અન્યોન્યાભાવ છે, તથા કુંભાર અને ઘડા વચ્ચે અત્યંતાભાવ છે. તે આ બંને અભાવને ભૂલે છે, તેથી બે દ્રવ્યમાં એકતા-બુદ્ધિરૂપ મિથ્યાત્વ થાય છે.

**પ્ર. ૩૩૭ વર્તમાનમાં સમ્યગ્દર્શન પ્રગટ થયું; તેમાં જે અભાવ લાગુ પડે તે સમજાવો.**

ઉ. ૩૩૭ સમ્યગ્દર્શનપર્યાયનો મિથ્યાદર્શનરૂપ પર્યાયમાં પ્રાગભાવ અને તે પછી શ્રદ્ધાગુણમાંથી નવા નવા પર્યાયો થાય તેમાં વર્તમાન સમ્યગ્દર્શનપર્યાયનો અભાવ તે પ્રધ્વંસાભાવ.

[શરીર, દ્રવ્યકર્મ, દેવ, ગુરુ, શાસ્ત્રાદિ સર્વ પરપદાર્થોમાં તે સમ્યગ્દર્શન પર્યાયનો અત્યંતાભાવ છે, અર્થાત્ શરીર, દ્રવ્યકર્માદિથી સમ્યગ્દર્શન-પર્યાયની ઉત્પત્તિ નથી.]

**પ્ર. ૩૩૮ ઘાતિકર્મના (જ્ઞાનાવરણ કર્મના) નાશથી કેવળ જ્ઞાન થાય એમ માનવું તે બરાબર છે ?**

ઉ. ૩૩૮ નાં, કારણ કે કર્મ અને જ્ઞાન વચ્ચે અત્યંતાભાવ છે. જીવ જ્યારે શુદ્ધ ઉપયોગ વડે કેવળજ્ઞાન અવસ્થા પ્રગટ કરે ત્યારે ઘાતીદ્રવ્યકર્મનો સ્વયં આત્યંતિક ક્ષય થાય છે. ઘાતીકર્મના (જ્ઞાનાવરણકર્મના) ક્ષયથી કેવળજ્ઞાન થાય છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનયનું

કથન છે.

**પ્ર. ૩૩૯ આત્મા પરનું કાર્ય કરી શકે એમ માનનારે કયો અભાવ તથા કયો ગુણ ન માન્યો ?**

ઉ. ૩૩૯ અત્યંતાભાવ અને અગુરુલઘુત્વગુણને ન માન્યો.

**પ્ર. ૩૪૦ કર્મોદયથી જીવને મિથ્યાત્વ અને રાગાદિ થાય છે એમ ખરેખર માનનાર કયા અભાવને તથા કયા ગુણને ભૂલે છે ? અને તેનું કારણ શું ?**

ઉ. ૩૪૦ તે અત્યંતાભાવ અને અગુરુલઘુત્વગુણને ભૂલે છે, કારણ કે એક દ્રવ્યનો (કર્મનો) બીજા દ્રવ્યમાં (જીવના મિથ્યાત્વાદિ ભાવમાં) અત્યંતાભાવ હોવાથી કર્મના ઉદયથી જીવમાં કંઈ વિકાર થઈ શકે નહિ. કર્મોદયથી જીવને વિકાર થવાનું કથન આવે ત્યાં એમ સમજવું કે **'એમ નથી'** પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે તે વ્યવહારનું કથન છે; નિમિત્તથી ઉપાદાનનું કાય થાય છે એવું જ્ઞાન કરાવવા માટે કથન નથી.

**પ્ર. ૩૪૧ કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયથી જીવમાં ખરેખર (નિશ્ચયથી) ઔદયિક, ઔપશમિકાદિ ભાવો થાય છે એમ માને તો તે કયા અભાવને તથા કયા ગુણને ભૂલે છે ?**

ઉ. ૩૪૧ તે અત્યંતાભાવ અને અગુરુલઘુત્વ ગુણને ભૂલે છે. (વિશેષ ખુલાસા માટે જુઓ ઉપરના પ્રશ્ન નં. ૩૪૦ નો ઉત્તર.)

**પ્ર. ૩૪૨ શરીરની ક્રિયાથી (વ્રત, ઉપવાસ, પૂજાદિમાં થતી શરીરની ક્રિયાથી) મોક્ષમાર્ગ સધાય છે એમ માનનાર કયા અભાવને ભૂલે છે ?**

ઉ. ૩૪૨ શરીરની ક્રિયા પુદ્‌ગલદ્રવ્યનો પર્યાય છે અને મોક્ષમાર્ગ તે જીવદ્રવ્યનો શુદ્ધ પર્યાય છે. તે બંને વચ્ચે અત્યંતાભાવ છે; તેને તે ભૂલે છે.

મોક્ષમાર્ગ સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધ પર્યાય છે, તેથી સ્વદ્રવ્યના આશ્રયરૂપ એકાગ્રતાથી જ મોક્ષમાર્ગ સાધી શકાય છે. જ્યાં વીતરાગભાવરૂપ સાચો મોક્ષમાર્ગ હોય ત્યાં બાહ્ય-નગ્ન નિર્ગ્રન્થદશા તથા મહાવ્રતાદિ મૂલગુણોના જે વિકલ્પો તે ભૂમિકામાં સહચરપણે હોય છે તે નિમિત્ત કહેવાય છે.

**પ્ર. ૩૪૩ નિમિત્તથી ખરેખર નૈમિત્તિક (કાર્ય) થાય એમ માનનાર કયા અભાવને ભૂલે છે ?**

ઉ. ૩૪૩

(૧) કોઈ પણ એક જીવના નિમિત્તથી ખરેખર બીજા જીવનું કાર્ય થવું માને અથવા જીવના નિમિત્તથી ખરેખર પુદ્‌ગલનું (શરીરાદિકનું) કાર્ય થવું માને તે અત્યંતાભાવને ભૂલે છે.

(૨) એક પુદ્‌ગલ અથવા અનેક પુદ્‌ગલના પર્યાયના નિમિત્તથી ખરેખર બીજા પુદ્‌ગલના પર્યાય થાય એમ માને તે અન્યોન્યાભાવને ભૂલે છે.

**પ્ર. ૩૪૪ આત્માનું જ્ઞાન તે નિશ્ચય અને શરીરની ક્રિયા કરવી તે વ્યવહાર-એમ માનનાર કયા અભાવને**

**તથા કયા ગુણને ભૂલે છે ? તે સાત તત્ત્વોમાં કયા ભેદને માનતો નથી ?**

ઉ. ૩૪૪

(૧) તે અત્યંતાભાવ અને અગુરુલઘુત્વ ગુણને ભૂલે છે.

(૨) શરીર, પુદ્‌ગલ-પરમાણુ દ્રવ્યની અવસ્થા હોવાથી તેની ક્રિયા (અવસ્થા) જીવ કરી શકે એમ માનનાર સાત તત્ત્વોમાંથી જીવ અને અજીવ તત્ત્વની ભિન્નતાને સમજતો નથી.

**પ્ર. ૩૪૫ જીવ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને અનુકૂળ અથવા પ્રતિકૂળ માને છે તે કયા અભાવને ભૂલે છે?**

ઉ. ૩૪૫ તે અત્યંતાભાવને ભૂલે છે.

**પ્ર. ૩૪૬ આ ઉપરથી સાચું શું સમજવું ?**

ઉ. ૩૪૬ ખરેખર કોઈ પણ પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ, કોઈ જીવને માટે અનુકૂળ અથવા પ્રતિકૂળ છે જ નહિ, તે તો માત્ર જ્ઞેય જ છે. વાસ્તવમાં અજ્ઞાન-રાગદ્વેષરૂપ મલિન ભાવ જીવને પોતાને માટે પ્રતિકૂળ છે, તથા નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગભાવ તે જ પોતાને માટે અનુકૂળ છે.

# પ્રકરણ પાંચમું
# કર્તા-કર્માદિ છ કારક અધિકાર

**પ્ર. ૩૪૭ કર્તા કોને કહે છે ?**

ઉ. ૩૪૭ જે સ્વતંત્રતાથી (સ્વાધીનતાથી) પોતાના પરિણામને કરે તે કર્તા છે.

[પ્રત્યેક દ્રવ્ય પોતાનામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાના જ પરિણામનો સ્વતંત્રપણે કર્તા છે.]

**પ્ર. ૩૪૮ કર્મ (કાર્ય) કોને કહે છે ?**

ઉ. ૩૪૮ કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે તે પરિણામ તેનું કર્મ છે.

**પ્ર. ૩૪૯ કરણ કોને કહે છે ?**

ઉ. ૩૪૯ તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

**પ્ર. ૩૫૦ સંપ્રદાન કોને કહે છે ?**

ઉ. ૩૫૦ કર્મ (પરિણામ-કાર્ય) જેને આપવામાં આવે યા જેને માટે કરવામાં આવે તેને સંપ્રદાન કહે છે.

**પ્ર. ૩૫૧ અપદાન કોને કહે છે ?**

ઉ. ૩૫૧ જેમાંથી કર્મ કરવામાં આવે તે ધ્રુવ વસ્તુને અપાદાન કહે છે.

**પ્ર. ૩૫૨ અધિકરણ કોને કહે છે ?**

ઉ. ૩૫૨ જેમાં અથવા જેના આધારે કર્મ (કાર્ય) કરવામાં આવે તેને અધિકરણ કહે છે.

[સર્વ દ્રવ્યના પ્રત્યેક પર્યાયમાં આ છ કારકો એક સાથે વર્તે છે, તેથી આત્મા અને પુદ્‌ગલ શુદ્ધ દશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં છએ કારકરૂપ પરિણમન કરે છે અને બીજા કારકોની (અર્થાત્ નિમિત્તકારણોની) અપેક્ષા રાખતા નથી]

(જુઓ પંચાસ્તિકાય ગાથા ૬૨-સં. ટીકા)

“નિશ્ચયથી પરની સાથે આત્માને કારણપણાનો સંબંધ નથી, કે જેથી શુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો (નકામા) પરતંત્ર થાય છે.

(પ્રવચનસાર-ગાથા ૧૬ ટીકા)

**પ્ર. ૩૫૩ કારકો કેટલાં પ્રકારના છે ?**

ઉ. ૩૫૩ “આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે. જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર-કારકો છે અને જ્યાં પોતાના જ ઉપાદાનકારણથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય-કારકો છે.”

(પ્રવચનસાર ગા. ૧૬-ભાવાર્થ)

**પ્ર. ૩૫૪ વ્યવહાર-કારકો દૃષ્ટાંત આપી સમજાવો.**

પ્ર. ૩૫૪ “કુંભાર કર્તા છે; ઘડો કર્મ છે; દંડ, ચક્ર, દોરી વગેરે કરણ છે; જલ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે તેથી જળ ભરનાર સંપ્રદાન છે; ટોપલામાંથી માટી લઈ ને ઘડો કરે છે તેથી ટોપલો અપાદાન છે; જમીનના

આધારે ઘડો કરે છે તેથી જમીન અધિકરણ છે.

આમાં બધાંય કારકો જુદાં જુદાં છે. અન્ય કર્તા છે, અન્ય કર્મ છે, અન્ય કરણ છે, અન્ય સંપ્રદાન, અન્ય અપાદાન અને અન્ય અધિકરણ છે.

પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તા હર્તા થઈ શકતું નથી, માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.''

(શ્રી પ્રવચનસાર ગાથા ૧૬-ભાવાર્થ)

**પ્ર. ૩૫૫ નિશ્ચય-કારકો દૃષ્ટાંત આપી સમજાવો.**

ઉ. ૩૫૫ ''માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે-પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે અને ઘડો કર્મ છે; અથવા ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે; પોતાના પરિણમનંસ્વભાવવડે માટીએ ઘડો કર્યો, તેથી માટી પોતે જ કરણ છે, માટીએ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું, તેથી માટી પોતે જ સંપ્રદાન છે. માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી, તેથી પોતે જ અપાદાન છે; માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો તેથી પોતે જ અધિકરણ છે.

આ રીતે નિશ્ચયથી છયે કારકો એક જ દ્રવ્યમાં છે. પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું

હોવાથી અને દ્રવ્ય પોતેજ, પોતાને, પોતાનાવડે, પોતાને માટે, પોતાનામાંથી, પોતાનામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.

ઉપર્યુકત રીતે દ્રવ્ય પોતે જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતે જ છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી મદદ કરી શકતી નથી...."

(શ્રી પ્રવચનસાર ગાથા ૧૬ ભાવાર્થ)

**પ્ર. ૩૫૬ આત્મા પ્રજ્ઞા વડે ભેદજ્ઞાન કરે છે, તેમાં ક્યાં કારકો છે ?**

ઉ. ૩૫૬ આત્મા-કર્તા; પ્રજ્ઞા-કરણ; ભેદજ્ઞાન-કર્મ; એમ ત્રણ કારકો છે.

**પ્ર. ૩૫૭ એક સમયમાં કેટલા કારકો હોય ?**

ઉ. ૩૫૭ દરેક સમયે છ યે કારકો હોય છે.

**પ્ર. ૩૫૮ આ છ કારકો શું છે ? દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય ?**

ઉ. ૩૫૮ આ છ કારકો-કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ-તે દ્રવ્યમાં રહેલા સાંમાન્ય અને અનુજીવી ગુણો છે. દરેક સમયે તેઓના છ પર્યાયો નવા-નવા થયા કરે છે.

**પ્ર. ૩૫૯ આત્મામાંથી જ આત્મા વડે શુદ્ધતા પ્રગટ થાય છે. તેમાં કેટલાં કારકો છે ?**

ઉ. ૩૫૯ આત્મામાંથી-અપાદાન, આત્માવડે-કરણ, અને શુદ્ધતા પ્રગટ થાય છે તે કર્મ છે; એમ ત્રણ કારકો છે.

**પ્ર. ૩૬૦ એક દ્રવ્યનું પર્યાયરૂપી કાર્ય ખરેખર બીજાઓ વડે થઈ શકે છે, બીજાના આધારે થઈ શકે છે-એમ માનવામાં કેટલાં કારકોની ભૂલ છે ?**

ઉ. ૩૬૦ બધાં કારકોની ભૂલ છે; કારણ કે એક કારકને જેણે સ્વતંત્ર ન માનતાં પરાધીન માન્યું તેણે છ યે ખરાં કારકો માન્યાં નહિ.

**પ્ર. ૩૬૧ આત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમાં છયે કારક કેવી રીતે લાગુ પડે ?**

ઉ. ૩૬૧ "....કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા ઈચ્છનાર **આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે.** શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે આત્મા પોતે અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે; પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન કર્મ છે, અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ કર્મ છે; પોતાના અનંત શક્તિવાળા પરિણમનસ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધનવડે કેવળ જ્ઞાન કરતો હોવાથી આત્મા પોતે જ કરણ છે; પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી આત્મા પોતે જ સંપ્રદાન છે; પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને કેવળ જ્ઞાન કરતો હોવાથી અને પોતે જ સહજ જ્ઞાનસ્વભાવવડે

ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાન છે, પોતાનામાં જ અર્થાત્ પોતાના જ આધારે કેવળજ્ઞાન કરતો હોવાથી પોતે જ અધિકરણ છે. આ રીતે સ્વયં (પોતે જ) છ કારણરૂપ થતો હોવાથી 'સ્વયંભૂ' કહેવાય છે."

(શ્રી પ્રવચનસાર ગાથા ૧૬-ભાવાર્થ)

**પ્ર. ૩૬૨ વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તા-કર્મની સ્થિતિ હોઈ શકે ?**

ઉ. ૩૬૨ ના; વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તા-કર્મની સ્થિતિ ન જ હોઈ શકે.

व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ?

અર્થ:- વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના કર્તા-કર્મની સ્થિતિ કેવી ? (શ્રી સમયસાર-કલશ ૪૯)

**પ્ર. ૩૬૩ વ્યાપ્યવ્યાપકભાવ એટલે શું ?**

ઉ. ૩૬૩ "જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે (તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે, **દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે....... આમ હોઈ ને દ્રવ્ય** પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્યવડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય; અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય.

જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તા-કર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તા-કર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્‌ગલને અને આત્માને કર્તા-કર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તા-કર્મભાવરહિત થાય છે અને જ્ઞાતા-દ્રષ્ટા જગતનો સાક્ષીભૂત થાય છે.

(શ્રી સમયસાર-કલશ ૪૯ ભાવાર્થ)

વ્યાપ્યવ્યાપકભાવ કે કર્તા-કર્મભાવ એક જ પદાર્થમાં લાગુ પડે છે; ભિન્ન ભિન્ન પદાર્થોમાં તે લાગુ પડી શકતો નથી.

ખરેખર કોઈ બીજાનું ભલું-બૂરું કરી શકે, કર્મ જીવને સંસારમાં રખડાવે, વગેરે માનવું તે અજ્ઞાનતા છે.

નિમિત્ત વિના કાર્ય થાય નહિ, નિમિત્ત પામીને કાર્ય થાય, એ કથનો વ્યવહારનયનાં છે. તેને નિશ્ચયનયનું કથન માનવું તે પણ અજ્ઞાનતા છે.

**પ્ર. ૩૬૪ જીવના વિકારી પરિણામ અને પુદ્‌ગલના વિકારી પરિણામ (કર્મ) ને પરસ્પર કર્તા-કર્મપણું છે?**

ઉ. ૩૬૪ ના કારણ કે-

૧. "જીવ કર્મના ગુણોને કરતો નથી, તેમ જ કર્મ, જીવના ગુણોને કરતું નથી; પરંતુ પરસ્પર નિમિત્તથી બંનેના પરિણામ જાણો. આ કારણે **આત્મા પોતાના જ ભાવથી કર્તા છે. પરંતુ પુદ્‌ગલ કર્મથી કરવામાં આવેલા સર્વ ભાવોનો કર્તા નથી."**

૨. "....જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરતો હોવાથી, જીવ પોતાના ભાવોનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી, તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશકય હોવાથી (જીવ) પુદ્‌ગલ ભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે."

(શ્રી સમયસાર ગા. ૮૦ થી ૮૨ ની ટીકા)

૩. "...સંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્ય-વ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને **સંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા નિઃસંસાર એવા પોતાને કરતો થકો પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો....."**

(શ્રી સમયસાર ગાથા ૮૩ ની ટીકા)

૪. "આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો. આત્માની અને પુદ્‌ગલની-બંનેની ક્રિયા એક આત્માજ કરે છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય એ મોટો દોષ ઉપજે."

(શ્રી સમયસાર ગા. ૮૬ નો ભાવાર્થ)

૫. "…..માટે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય….પરદ્રવ્ય પરિણામસ્વરૂપે કર્મ, તેને નહિ કરતું હોવાથી, તે પુદ્ગલ દ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી."

(શ્રી સમયસાર ગા. ૭૯ ની ટીકા)

૬. "…..કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે. માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે. વળી કદાચિત્ પોતે ઈચ્છે તેમ જ પદાર્થ પરિણમે તોપણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમ્યો નથી, પણ જેમ ચાલતા ગાડાને બાળક ધકેલી એમ માને કે "આ ગાડાને હું ચલાવું છું." એ પ્રમાણે તે અસત્ય માને છે.

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક-અધિકાર ચોથો પાનું ૯૨)

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવના ભાવનું પરિણમન અને પૌદ્ગલિક કર્મનું પરિણમન એક બીજાથી નિરપેક્ષ સ્વતંત્ર છે તેથી જીવમાં રાગાદિ ભાવો ખરેખર દ્રવ્યકર્મના ઉદયના કારણે થાય છે, જીવ ખરેખર દ્રવ્યકર્મને કરે છે અને તેના ફલને ભોગવે છે, વગેરે માન્યતા તે વિપરીત માન્યતા છે. જીવના રાગાદિ ભાવના કારણે કર્મ આવ્યાં અને કર્મનો ઉદય આવ્યો એટલે જીવમાં રાગાદિ ભાવ થયો-એમ છે જ નહિ. જીવના ભાવકર્મ અને દ્રવ્યકર્મ વચ્ચે ફક્ત નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે,

કર્તા-કર્મભાવ નથી, કારણ કે બન્ને વચ્ચે અત્યંતાભાવ છે.

**પ્ર. ૩૬૫ એક દ્રવ્યના (દ્રવ્યંના પર્યાયના) બે કર્તા હોઈ શકે ?**

ઉ. ૩૬૫ ના; કારણ કે-દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર છે; તે કોઈ દ્રવ્ય કેં નિમિત્તની મદદની અપેક્ષા રાખતું નથી. તે સ્વયં કાર્યરૂપે પરિણમે છે.

१. 'यः परिणमति स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया॥५१॥

અર્થઃ- જે પરિણમે છે તે કર્તા છે, (પરિણમનારનું) જે પરિણામ તે કર્મ છે અને જે પરિણતિ છે તે ક્રિયા છે, એ ત્રણે ય વસ્તુપણે ભિન્ન નથી.''

(કર્તા, કર્મ અને ક્રિયા-એ ત્રણે ય દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.)

(શ્રી સમયસાર ગા. ૮૬, કલશ-૫૧)

२. ''एकः परिणति सदा परिणामो जायते सदैकस्य।
एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥ ५२ ॥

અર્થઃ- વસ્તુ એક જ સદા પરિણમે છે, એકનાં જ સદા પરિણામ થાય છે (અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે) અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે કારણ કે અનેક રૂપ થવા છતાં એક જ વસ્તુ છે, ભેદ નથી.''

(શ્રી સમયસાર, કલશ-૫૨)

૩. "नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा ॥५३॥

અર્થઃ– બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી, બે દ્રવ્યોનું એક પરિણમન થતું નથી અને બે દ્રવ્યોની એક પરિણતિ–ક્રિયા થતી નથી; કારણ કે અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે (પલટીને એક થઈ જતાં નથી.)"

(શ્રી સમયસાર–કલશ ૫૩)

૪. नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।
नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात् ॥५४॥

અર્થઃ– એક દ્રવ્યના બે કર્તા ન હોય, વળી એક દ્રવ્યનાં બે કર્મ ન હોય અને એક દ્રવ્યની બે ક્રિયા ન હોય; કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.

(શ્રી સમયસાર, કલશ–૫૪)

આથી સમજવું કે જીવ શરીરાદિ પરની ક્રિયા કરી શકે નહિ; નિમિત્તથી ખરેખર કાર્ય થાય એમ માનવું તે એક ભ્રમ છે, કારણ કે એક કાર્યના બે કર્તા હોઈ શકે નહિ.

**પ્ર. ૩૬૬ આત્મા શાનો કર્તા છે ?**

ઉ. ૩૬૬ આત્મા પોતાના પરિણામનો જ–શુભ, અશુભ કે શુદ્ધ ભાવોનો જ કર્તા છે, પણ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મનો કદી પણ કર્તા છે જ નહિ; કારણ કેઃ–

१. ''अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित् ॥६१॥

અર્થઃ- આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો આત્મા પોતાના જ ભાવનો કર્તા છે; પરભાવનો (પુદ્‌ગલ ભાવોનો) કર્તા તે કદી નથી.

(શ્રી સમયસાર કલશ ૬૧)

२. आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किं ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥६२॥

અર્થઃ- આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય (જાણવા સિવાય) બીજું શું કરે? આત્મા પરભાવનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

(શ્રી સમયસાર-કલશ ૬૨)

3. 'પ્રથમ તો આત્માનો પરિણામ ખરેખર પોતે આત્મા જ છે, કારણ કે પરિણામી પરિણામના સ્વરૂપનો કરનાર હોવાને લીધે પરિણામથી અનન્ય છે; અને જે તેનો (આત્માનો) તથાવિધ પરિણામ છે તે જીવમયી જ ક્રિયા છે.... અને વળી જે (જીવમયી) ક્રિયા છે તે આત્માવડે સ્વતંત્રપણે પ્રાપ્ય હોવાથી કર્મ છે, માટે પરમાર્થથી આત્મા પોતાના પરિણામસ્વરૂપ એવા તે ભાવકર્મનો જ કર્તા છે પરંતુ પુદ્‌ગલપરિણામસ્વરૂપ દ્રવ્યકર્મનો નહિ.''

(શ્રી પ્રવચનસાર-ગાથા ૧૨૩ ની ટીકા)

૪. "વ્યવહારનયથી (લોકો) માને છે કે જગતમાં આત્મા, ઘડો, કપડું, રથ, ઈત્યાદિ વસ્તુઓને, વળી ઈન્દ્રિયોને, અનેક પ્રકારનાં ક્રોધાદિ દ્રવ્યકર્મોને અને શરીરાદિ નોકર્મોને કરે છે." (શ્રી પ્રવચનસાર ગાથા ૯૮) પણ આવું માનવું તે વ્યવહારી જીવોનો વ્યામોહ (ભ્રાંતિ-અજ્ઞાન) છે, કારણકે-

"જો નિશ્ચયથી આત્મા પરદ્રવ્યસ્વરૂપ કર્મને કરે તો પરિણામ-પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નહિ હોવાથી, તે (આત્મા) નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય; પરંતુ તે તન્મય તો નથી, કારણ કે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ (દોષ) આવે; માટે આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી પરદ્રવ્ય સ્વરૂપ કર્મનો કર્તા નથી." (શ્રી સમયસાર ગા.૯૯ ટીકા)

"યોગ એટલે (મન-વચન-કાયાના નિમિત્તથી) આત્મપ્રદેશોનું ચલન; અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુકત થવું-જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘટાદિક તથા ક્રોધાદિકને નિમિત્ત છે. તેથી તેમને તો ઘટાદિક તથા ક્રોધાદિકના નિમિત્તકર્તા કહેવાય, પરંતુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસાર- અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ-ઉપયોગનો કર્તા કહી શકાય.

તાત્પર્ય એ છે કેઃ- "દ્રવ્યદૃષ્ટિથી કોઈ દ્રવ્ય અન્ય

કોઈ દ્રવ્યનું કર્તા નથી; પરંતુ પર્યાયદ્રષ્ટિથી કોઈ દ્રવ્યનો પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યના પર્યાયને નિમિત્ત થાય છે, તેથી આ અપેક્ષાએ એક દ્રવ્યનાં પરિણામ અન્ય દ્રવ્યનાં પરિણામનાં નિમિત્તકર્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામનું કર્તા છે, અન્યના પરિણામનું અન્ય દ્રવ્ય કર્તા નથી.'' (શ્રી સમયસાર ગા. ૧૦૦ નો ભાવાર્થ)

જે આવી રીતે આત્માનું સ્વરૂપ સમજે છે તેને સંયોગની પૃથકતા, વિભાવની વિપરીતતા અને સ્વભાવના સામર્થ્યનું ભાન હોવાથી સ્વસન્મુખતા પ્રાપ્ત થાય છે.

''જે પુરુષ એ રીતે 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા જ છે' -એમ નિશ્ચય કરીને ખરેખર પરદ્રવ્યરૂપે પરિણમતો નથી, તે જ પુરુષ, પરદ્રવ્ય સાથે સંપર્ક જેને અટકી ગયો છે અને દ્રવ્યની અંદર પર્યાયો જેને પ્રલીન થયા છે એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરે છે; પરંતુ અન્ય કોઈ (પુરુષ) એવા શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરતો નથી.''

(શ્રી પ્રવચનસાર ગાથા ૧૨૬ ટીકા)

## પ્ર. ૩૬૭ જીવ વિકાર સ્વતંત્રપણે કરે છે કે કેમ ?

ઉ. ૩૬૭ હા; કારણ કે-

૧. ''...પૂર્વે બંધાયેલાં દ્રવ્યકર્મોનું *નિમિત્ત પામી જીવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની અશુદ્ધ ચૈતન્યશક્તિ દ્વારા રાગાદિ ભાવોનો (વિકારોનો) કર્તા બને છે, ત્યારે (તે જ સમયે) પુદ્ગલ દ્રવ્ય, રાગાદિ ભાવોનું *નિમિત્ત પામીને પોતાની શક્તિથી (**પોતાના ઉપાદાન કારણથી**) અષ્ટકર્મરૂપ ભાવને પ્રાપ્ત કરે છે.

"જેમ ચંદ્ર વા સૂર્યના પ્રકાશનું નિમિત્ત પામી સંધ્યાના સમયે આકાશમાં અનેક વર્ણ, વાદળું, ઈન્દ્રધનુષ, મંડલાદિક નાના પ્રકારના પુદ્ગલસ્કંધો, બીજા કોઈ કર્ત્તાની અપેક્ષા રાખ્યા સિવાય (**એટલે કે પોતાની શક્તિથી**) જ અનેક પ્રકારે થઈ પરિણમે છે, તેમ જ જીવદ્રવ્યના અશુદ્ધ ચેતનાત્મક ભાવોનું નિમિત્ત પામી પુદ્ગલવર્ગણાઓ પોતાની જ શક્તિથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારે કર્મદશારૂપે થઈ પરિણમે છે." (શ્રી પંચાસ્તિકાય ગા.-૬૬ ની હિંદી ટીકા)

બંધપ્રકરણવશાત્ અશુદ્ધ નિશ્ચયનયથી, જીવના રાગાદિ વિભાવ-પરિણામને પણ (જીવનો) સ્વભાવ કહેવામાં આવ્યો છે. ( જુઓ, પંચાસ્તિકાય--ગાથા ૬૫ની શ્રી જયસેનાચાર્યકૃત સં. ટીકા.)

---

* ઉપાદાનથી થતું આ કાર્ય વિકારી છે, સ્વભાવભાવ નથી; પણ અવસ્તુભાવ છે--એમ બતાવવા તથા નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે 'નિમિત્ત પામીને' (એ) શબ્દ વાપરવામાં આવે છે.
(જુઓ--હિન્દી આત્માવલોકન -પૃષ્ઠ ૫૫)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૩. "જો કે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું, પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ (આત્માને) અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ-એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે...."

(શ્રી સમયસાર ગાથા ૮૯ ની ટીકા).

૪. "આત્માને રાગાદિક ઊપજે છે તે પોતાનાં જ અશુદ્ધ પરિણામ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્ય દ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી; અન્ય દ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે; કારણ કે અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્ય-ગુણપર્યાય ઉપજાવતું નથી એ નિયમ છે જેઓ એમ માને છે-એવો એકાંત કરે છે-કે 'પરદ્રવ્ય જ મને રાગાદિક ઉપજાવે છે, તેઓ નયવિભાગને સમજ્યા નથી, મિથ્યાદૃષ્ટિ છે. એ રાગાદિક જીવના સત્ત્વમાં ઉપજે છે, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે-એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે."

(શ્રી સમયસાર ગાથા-૩૭૨ ભાવાર્થ)

૫. ....પરમાર્થથી આત્મા પોતાના પરિણામસ્વરૂપ એવા તે ભાવકર્મનો જ કર્તા છે. × × × પરમાર્થથી પુદ્ગલ પોતાના પરિણામસ્વરૂપ એવા તે દ્રવ્યકર્મનું જ કર્તા છે, પરંતુ આત્માના કર્મસ્વરૂપ ભાવકર્મનું નહિ."

(જુઓ પ્રવચનસાર ગા. ૧૨૨ ની ટીકા)

૬. "...જ્યાં સુધી સ્વરૂપનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી તો તેને રાગાદિકનો-પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો-કર્તા માનો, અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો, આમ એક જ આત્મામાં કર્તાપણું ને તથા અકર્તાપણું-એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્‌વાદ મત જૈનોનો છે... આવું (સ્યાદ્‌વાદ અનુસાર) માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે; સર્વથા એકાન્ત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે."

(શ્રી સમયસાર કલશ-૨૦૫ નો ભાવાર્થ)

૭. "જીવ આ વિકારો પોતાના દોષથી કરે છે તેથી તે સ્વકૃત છે, પણ તે સ્વભાવદૃષ્ટિના પુરુષાર્થ વડે પોતાનામાંથી ટાળી શકાય છે... અશુદ્ધ નિશ્ચયનયથી તે સ્વકૃત છે અને ટાળી શકાય છે માટે નિશ્ચયનયથી તે પરકૃત છે... પણ તે પરકૃતાદિ થઈ જતા નથી, માત્ર પોતામાંથી જ ટાળી શકાય છે એટલું જ તે દર્શાવે છે."

(પંચાધ્યાયી ગુજરાતી ઉત્તરાર્દ્ધ ગા. ૭૨ નો ભાવાર્થ)

"**પંચાધ્યાયી ઉત્તરાર્ધમાં**" આ વિકારી ભાવને ગા. ૭૬ માં તદ્‌ગુણાકૃતિ' કહેલ છે. ગા. ૧૦૬ માં 'તદ્‌ગુણાસંક્રાંતિ' કહેલ છે, ગાથા ૧૩૯માં પરગુણાકાર સ્વ ગુણચ્યુતિ કહેલ છે તથા ગા. ૨૪૨ માં

'સ્વસ્વરૂપચ્યુત' કહેલ છે. વળી તે પર્યાયમાં પોતાંનો જ દોષ છે, બીજા કોઈનો તેમાં જરાપણ હાથ કે દોષ નથી-એમ જણાવવા તેને ગા. ૬૦ અને ૭૬ માં 'જીવ પોતે અપરાધવાન છે એમ કહ્યું છે. માટે પરદ્રવ્ય કે કર્મનો ઉદય જીવમાં વિકાર કરે-કરાવે છે એમ માનવું મિથ્યા છે. નિમિત્ત કારણ છે તે ઉપચરિત કારણ છે પણ વાસ્તવિક કારણ નથી, તેથી તેને ગા. ૩૫૧ માં 'अहेतुवत्'-'અકારણ સમાન કહ્યું છે.

(પંચાધ્યાયી ઉત્તરાર્દ્ધ-ગુજ. અનુ. ગા. ૭૨ નો ભાવાર્થ)

૮. વિકાર તે આત્મ દ્રવ્યનો ત્રિકાળી સ્વભાવ નથી. પણ ક્ષણિક યોગ્યતારૂપ પર્યાયસ્વભાવ છે, તે ઉદયભાવ હોવાથી પર્યાય અપેક્ષાએ જીવનું સ્વતત્ત્વ છે.

"જડ કર્મની સાથે જીવને અનાદિનો સંબંધ છે અને જીવ તેને વશ થાય છે, તેથી વિકાર થાય છે, પણ કર્મના કારણે વિકારભાવ થતો નથી એમ પણ ઔદયિકભાવ સાબિત કરે છે." (જુઓ મોક્ષશાસ્ત્ર ગુજરાતી બીજી આવૃત્તિ પૃ. ૨૦૮)

"કોઈ નિમિત્ત વિકાર કરાવતું નથી, પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે. જીવ જયારે પારિણામિકભાવરૂપ પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરી સ્વાધીનપણું પ્રગટ કરે છે ત્યારે નિમિત્તાધીનપણું ટળી શુદ્ધતા પ્રગટે છે-એમ ઔપશમિકભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ-એ

ત્રણે સાબિત કરે છે.

(જુઓ, મોક્ષશાસ્ત્ર–ગુજરાતી, બીજી આવૃત્તિ અધ્યાય ૨, સૂત્ર ૧ ની ટીકા–પૃ. ૨૦૯).

૯. બંધનું સંક્ષેપ સ્વરૂપ એવું છે કેઃ-

"રાગપરિણામ જ આત્માનું કાર્ય છે, તે જ પુણ્ય–પાપરૂપ દ્વૈત છે, રાગપરિણામનો જ આત્મા કર્તા છે, તેને જ ગ્રહનાર અને છોડનાર છે; –આ, શુદ્ધદ્રવ્યના નિરૂપણસ્વરૂપ નિશ્ચયનય છે....."

(પ્રવચનસાર ગાથા, ૧૭૯ ની ટીકા.)

૧૦. "મનુષ્યાદિ પર્યાયોમાં, કર્મ કાંઈ જીવના સ્વભાવને હણતું કે આચ્છાદિત કરતું નથી, પરંતુ ત્યાં જીવ પોતે જ પોતાના દોષથી કર્મ અનુસાર પરિણમે છે, તેથી તેને પોતાના સ્વભાવની ઉપલબ્ધિ નથી. જેમ પાણીનું પૂર પ્રદેશની અપેક્ષાએ વૃક્ષોરૂપે પરિણમતું થકું પોતાના પ્રવાહીપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું–અનુભવતું નથી, અને સ્વાદની અપેક્ષાએ વૃક્ષોરૂપે પરિણમતું થકું પોતાના સ્વાદિષ્ટપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતું નથી, તેમ આત્મા પણ પ્રદેશની અપેક્ષાએ સ્વકર્મ અનુસાર પરિણમતો થકો પોતાના અમૂર્તપણારૂપ સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી અને ભાવની અપેક્ષાએ સ્વકર્મરૂપે પરિણમતો થકો ઉપરાગ વિનાની વિશુદ્ધિ-વાળાપણારૂપ પોતાના સ્વભાવને ઉપલબ્ધ કરતો નથી. આથી એમ નિર્ધાર થાય છે કે મનુષ્યાદિ પર્યાયોમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવોને પોતાના જ દોષથી પોતાના સ્વભાવની અનુપલબ્ધિ છે, કર્માદિક બીજા કોઈ કારણથી નહિ. 'કર્મ જીવના સ્વભાવનો પરાભવ કરે છે' એમ કહેવું તે તો ઉપચારકથન છે; પરમાર્થે એમ નથી."

(શ્રી પ્રવચનસાર-ગાથા ૧૧૮ નો ભાવાર્થ)

**પ્ર. ૩૬૮ વિકારભાવ અહેતુક છે કે સહેતુક ?**

ઉ. ૩૬૮ નિશ્ચયથી વિકારભાવ અહેતુક છે, કેમકે દરેક દ્રવ્ય પોતાનું પરિણમન સ્વતંત્રપણે કરે છે, પણ વિકારી પર્યાય વખતે નિમિત્તનો આશ્રય હોય છે તેથી વ્યવહારનયે તે સહેતુક છે.

"....પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ, તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે, જડ નથી; અશુદ્ધનિશ્ચય નયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે. એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમના કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતન કર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે, અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે, પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે, ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદદૃષ્ટિમાં તો કર્તા- કર્મભાવ જ નથી. શુદ્ધ ચેતનામાત્ર જીવ વસ્તુ છે....."

(શ્રી સમયસાર ગા. ૩૨૮ થી ૩૩૧ નો ભાવાર્થ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[વધુ ખુલાસા માટે જુઓ આગળના પ્રશ્નનો ઉત્તર]

વળી બીજી રીતે જોતાં આત્મા સ્વતંત્રપણે વિકાર કરતો હોવાથી તે પોતાનો હેતુ છે, તેથી તે અપેક્ષાએ સહેતુક છે અને પર તેનો ખરો હેતુ નથી તેથી તે અપેક્ષાએ અહેતુક છે.

**પ્ર. ૨૬૯ એક જીવ બીજા જીવનો ઘાત કરી શકે ?**

ઉ. ૨૬૯ ના; કારણ કે-

૧. અસ્તિત્વગુણના કારણે કોઈ જીવ કે પદાર્થનો કદી નાશ થતો નથી; તેથી કોઈ કોઈને મારી કે જીવાડી શકે નહિ.

૨. સંયોગરૂપ જડ શરીર પણ સ્વતંત્ર પુદ્ગલ દ્રવ્ય છે, તેનો પણ કોઈ નાશ કરી શકે નહિ.

૩. શરીરનો વિયોગ થાય તેનો વ્યવહારે ઘાત (નાશ) કહેવાય. જીવ અને શરીરનો વિયોગ પોતપોતાની યોગ્યતાથી થાય છે, તેમાં આયુકર્મ પૂરું થયું તે નિમિત્ત છે.

૪. ઘાત કરનાર જીવ બીજાને ઘાત કરવાનો કષાયભાવ કરી પોતાના શુદ્ધ ચૈતન્યભાવનો જ ફક્ત ઘાત કરી શકે બીજું કંઈ કરી શકે નહિ.

૫. પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તા-હર્તા થઈ શકતું નથી. (પ્રવચનસાર ગા. ૧૬ ભાવાર્થ)

૬. જગતમાં છએ દ્રવ્યો નિત્ય ટકીને પ્રત્યેક સમયે પોતાની અવસ્થાનો ઉત્પાદ-વ્યય કર્યા કરે છે; એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત જડ-ચેતન દ્રવ્યો એક બીજાથી સ્વતંત્ર છે; માટે ખરેખર કોઈનો નાશ થતો નથી, કોઈ નવાં ઉત્પન્ન થતાં નથી. તેમજ બીજા તેની રક્ષા કરી શકતા નથી; અર્થાત્ આ જગતમાં કોઈ પરને ઉપજાવવાવાળો, રક્ષા કરવાવાળો કે વિનાશ કરવાવાળો છે જ નહિ.

૭. "....જીવ પર જીવોને દુઃખી-સુખી આદિ કરવાની બુદ્ધિ કરે છે. પરંતુ પર જીવો તો પોતાના કર્યા દુઃખી-સુખી થતાં નથી; તેથી તે બુદ્ધિ નિરર્થક હોવાથી મિથ્યા છે-ખોટી છે." (શ્રી સમયસાર ગા. ૨૬૬ ભાવાર્થ)

**પ્ર. ૩૭૦ રોગના કારણે દુઃખ અને તેના અભાવે સુખ થાય છે-એવી માન્યતામાં સત્યાસત્યપણું શું છે?**

ઉ. ૩૭૦ રોગ શરીરની અવસ્થા છે, શરીર તો પુદ્ગલ-જડ છે. તેને સુખ-દુઃખ હોય નહિ. જીવ પોતાની અજ્ઞાનતાથી શરીરમાં એકત્વબુદ્ધિ કરે તો તેને સુખ-દુઃખ લાગે, એકત્વબુદ્ધિ ન કરે તો તેને સુખ-દુઃખની લાગણીની ન ઉદ્ભવે.

જ્ઞાની, શરીરની રોગગ્રસ્ત દશાના કારણે પોતાને જરાય દુઃખ થયું માનતો નથી. તેને પોતાની સહનશક્તિની નબળાઈથી અલ્પ દુઃખ થાય છે, પણ તે ગૌણ છે, કારણ કે તે દુઃખનો સ્વામી થતો નથી. તેને પોતાના ધ્રુવસ્વભાવની દૃષ્ટિના બળે રાગ-દ્વેષ ટળતો જાય છે, અને જેમ જેમ કષાયનો અભાવ થતો જાય છે તેમ તેમ તેને સુખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુભવ નિરંતર વર્તતો રહે છે.

"સુખી-દુઃખી થવું ઈચ્છાના અનુસાર જાણવું, પણ બાહ્ય કારણોને આધીન નથી......ઈચ્છા થાય છે તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમથી થાય છે તથા ઈચ્છામાત્ર આકુળ-તામય છે. અને આકુળતા એ જ દુઃખ છે....મોહના સર્વથા અભાવથી જ્યારે ઈચ્છાનો સર્વથા અભાવ થાય ત્યારે સર્વ દુઃખ મટી સત્ય સુખ પ્રગટે."

(જુઓ મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આ. પા. ૭૫-૭૬)

**પ્ર. ૩૭૧ શું કર્મના ઉદય પ્રમાણે જીવ વિકાર કરે છે?**

ઉ. ૩૭૧ ના; કારણ કેઃ-

૧. "મોહકર્મનો વિપાક થતાં જીવ જે પ્રકારનો વિકાર કરે તે પ્રકારે જીવે ફળ ભોગવ્યું કહેવાય છે. તેનો અર્થ એટલો છે કે જીવને વિકાર કરવામાં મોહકર્મનો વિપાક નિમિત્ત છે. કર્મનો વિપાક કર્મમાં થાય, જીવમાં થાય નહિ. જીવને પોતાના વિભાવભાવનો અનુભવ થાય તે જીવનો વિપાક-અનુભવ છે. (ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૮, સૂ. ૨૧ ની ટીકા)

૨. "....ઔદયિકભાવ'માં સર્વ ઔદયિકભાવો બંધનું કારણ છે એમ ન સમજવું, પણ માત્ર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ-એ ચાર ભાવો બંધનું કારણ છે એમ સમજવું. (શ્રી ધવલા પુસ્તક ૭, પા. ૯-૧૦)

૩. 'औदयिका भावाः बंधकारणम्' -તેનો અર્થ એટલો જ છે કે જો જીવ મોહના ઉદયમાં જોડાય તો બંધ થાય. દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં જો જીવ શુદ્ધાત્મ-ભાવનાના બળ વડે ભાવમોહરૂપે ન પરિણમે તો બંધ થતો નથી, જો જીવને કર્મના ઉદય માત્રથી બંધ થતો હોય તો સંસારીને સર્વદા કર્મના ઉદયની વિદ્યમાનતાથી સર્વદા બંધ જ થાય, કદી મોક્ષ ન જ થાય; માટે એમ સમજવું કે કર્મનો ઉદય બંધનું કારણ નથી, પણ જીવનું ભાવમોહરૂપે પરિણમન થવું તે બંધનું કારણ છે.

(હિંદી પ્રવચનસાર પા. ૫૮-૫૯ શ્રી જયસેનાચાર્યકૃત ગાથા ૪૫ નીચેની ટીકા)

૪. तेषां जीवगतरागादिभावप्रत्ययानामभावे, द्रव्यप्रत्ययेषु विद्यमानेष्वपि सर्वष्टानिष्टविषयममत्वाभावपरिणता जीवा न वध्यन्त इति । तथाहि-यदि जीवगतरागाद्यभावेऽपि द्रव्यप्रत्ययोदयमात्रेण बंधो भवति तर्हि सर्वदैव बन्ध एव । कस्मात् । संसारिणां सर्वदैव कर्मोदयस्य विद्यमानत्वादिति ।"

અર્થઃ- દ્રવ્યાસ્રવ વિદ્યમાન હોવા છતાં, જીવના રાગાદિ ભાવાસ્રવના અભાવે, સર્વ ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં મમત્વભાવે નહિ પરિણમતા જીવો બંધાતા નથી; **વળી જે જીવને રાગાદિનો અભાવ છતાં દ્રવ્યાસ્રવના ઉદયમાત્રથી બંધ થાય તો સંસારી**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જીવોને, સર્વદા જ કર્મોનો ઉદય થવાથી, સર્વદા બંધ જ થાય.

(શ્રી પંચાસ્તિકાય ગા. ૧૪૯ ની શ્રી જયસેનાચાર્યકૃત ટીકા)

૫. "....જ્ઞાનીને જો પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો વિદ્યમાન છે, તો ભલે હો; તથાપિ તે (જ્ઞાની) તો નિરાસ્રવ જ છે, કારણ કે કર્મોદયનું કાર્ય જે રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવભાવ-તેના અભાવમાં દ્રવ્ય પ્રત્યયો બંધનાં કારણ નથી. (જેમ પુરુષને રાગભાવ હોય તો જુવાની પામેલી સ્ત્રી તેને વશ કરી શકે છે, તેમ જીવને આસ્રવભાવ હોય તો જ ઉદય પ્રાપ્ત દ્રવ્યપ્રત્યયો નવો બંધ કરી શકે છે."

(શ્રી સમયસાર ગા. ૧૭૩ થી ૧૭૬ ની ટીકા)

૬. આથી સિદ્ધ થાય છે કે કર્મોદય જીવને વિકાર કરાવે અર્થાત્ કર્મનો જેવો ઉદય આવે તે પ્રમાણે જીવને વિકાર કરવો પડે -એમ નથી. જીવ પોતાની અજ્ઞાનતાવશ કર્મોદયમાં જોડાય તો જ તે કર્મોદય પોતાના વિકારને નિમિત્તભૂત કહેવાય; પણ જો તે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થઈ કર્મોદયમાં ન જોડાય તો તે કર્મોદય તેનામાં વિકારનું નિમિત્ત થાય નહિ અને તેથી કર્મના નવા બંધનું નિમિત્તકારણ બને નહિ, પણ તે નિર્જરાનું કારણ બને.

૭. ".....એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે; તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વ ન જોડે તો જડનું (કર્મનું) તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાંઈ જોર નથી.''

(શ્રી દીપચંદજીકૃત-અનુભવ પ્રકાશ-ગુ. આવૃત્તિ પાનું ૩૭)

૮. અજ્ઞાની જીવ રાગ-દ્વેષ ઉત્પત્તિ પરદ્રવ્ય (કર્માદિ) થી થતી માનીને પર દ્રવ્ય ઉપર કોપ કરે છે કે, 'આ પરદ્રવ્ય મને રાગ-દ્વેષ ઉપજાવે છે, તેને દૂર કરું.' એવા અજ્ઞાની જીવને સમજાવવાને આચાર્યદેવ ઉપદેશ કરે છે કે-રાગ-દ્વેષની ઉત્પત્તિ અજ્ઞાનથી આત્મામાં જ થાય છે અને તે આત્માનાં જ અશુદ્ધ પરિણામ છે, માટે એ અજ્ઞાનનો નાશ કરો, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો; આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એમ અનુભવ કરો; પરદ્રવ્યને રાગ-દ્વેષનું ઉપજાવનારું માનીને તેના પર કોપ ન કરો.

(શ્રી સમયસાર-કલશ ૨૨૦ નો ભાવાર્થ)

૯. કર્મનો ઉદય જીવને કાંઈ અસર કરી શકતો નથી, તે બાબત શ્રી સમયસાર નાટકના સર્વવિશુદ્ધિ દ્વારમાં નીચે પ્રમાણે સમજાવી છે :-

''કોઉ શિષ્ય કહે સ્વામી રાગદોષ પરિનામ,
તાકૌ મૂલ પ્રેરક કહહુ તુમ કૌન હૈ;
પુગ્ગલ કરમ જોગ કિંધૌં ઈન્દ્રિનિકૌ ભોગ,
કિંધૌં ધન કિંધૌં પરિજન કિંધૌં ભૌન હૈ.''

અર્થઃ- શિષ્ય પૂછે છે-હે સ્વામી ! રાગ-દ્વેષ પરિણામોનું મૂળ પ્રેરક કોણ છે તે તમે કહો. (શું તે) પૌદ્‌ગલિક કર્મ છે ? યોગ (મન-વચન-કાયની ક્રિયા)

છે ? ઈન્દ્રિયોનો ભોગ છે ? ધન છે ? (પરિજન (ઘરના લોક) છે ? કે મકાન છે ?

"ગુરુ કહૈં છહૌ દર્વ અપને અપને રૂપ,
સબનિકૌ સદા અસહાઈ પરિનૌન હૈ;
કોઉ દરવ કાહુકૌ ન પ્રેરક કદાચિ તાતૈં,
રાગદોષ મોહ મૃષા મદિરા અચૌન હૈ."

અર્થ:- ગુરુ સમાધાન કરે છે કે-છયે દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં સહાય અસહાય પરિણમન કરે છે; તેથી કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યની પરિણતિ માટે કદી પણ પ્રેરક થતાં નથી, માટે રાગ-દ્વેષનું મૂલ કારણ મોહ-મિથ્યાત્વનું મદિરાપાન છે.

(જુઓ સમયસાર નાટક, પાનું ૩૫૧-૩૫૨)

૧૦. ભાવકર્મનો કર્તા અજ્ઞાની જીવ જ છે-એમ શ્રી આચાર્યદેવ શ્રી સમયસારમાં યુક્તિ દ્વારા નીચે પ્રમાણે સિદ્ધ કરે છે-

"જો મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રવૃત્તિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે એમ માનવામાં આવે તો તારા મતમાં અચેતન પ્રકૃતિ (મિથ્યાત્વભાવની) કર્તા બની! (તેથી મિથ્યાત્વ અચેતન ઠર્યો.)" (ગાથા. ૩૨૮)

"અથવા, આ જીવ પુદ્ગલ દ્રવ્યના મિથ્યાત્વને કરે છે એમ માનવામાં આવે તો પુદ્ગલદ્રવ્ય મિથ્યાદૃષ્ટિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઠરે !-જીવ નહિ !" (ગાથા ૩૨૯)

અથવા જો જીવ તેમજ પ્રકૃતિ-બંને પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ કરે છે એમ માનવામાં આવે, તો જે બંને વડે કરવામાં આવ્યું તેનું ફળ બંને ભોગવે !" (ગા. ૩૩૦)

"અથવા જો પુદ્‌ગલદ્રવ્યને, મિથ્યાત્વભાવરૂપ નથી પ્રકૃતિ કરતી કે નથી જીવ કરતો (બેમાંથી કોઈ કરતું નથી) એમ માનવામાં આવે, તો પુદ્‌ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વ-ભાવરૂપ ઠરે! તે શું ખરેખર મિથ્યા નથી?" (ગા. ૩૩૧)

૧૧. જીવે જ પોતાની અજ્ઞાનતાથી ભૂલ કરી છે. તેમાં બિચારું કર્મ શું કરે ? કહ્યું છે કે-

*"કર્મ બચારે કૌન ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ."

અર્થઃ- કર્મ બિચારું કોણ ? (શી ગણતરીમાં?) ભૂલ તો મોટી મારી છે. જેમ અગ્નિ લોઢાની સંગતિ કરે છે તો તેને ઘણના ઘા સહન કરવા પડે છે, (તેમ જો જીવ કર્મના ઉદયમાં જોડાય તો તેને

---

* 'भद्राणामपि नश्यंति गुणाः येषां संसर्गः खलैः ।
ऽ वैश्वानरो लोहेन मिलितः तेन पिट्टयते घनैः ॥११०॥
અર્થઃ- દુષ્ટો (કર્મ) સાથે જેઓને સંબંધ છે, તે ભદ્ર (વિવેકી) પુરુષોના પણ ગુણો નાશ પામે છે, જેમ અગ્નિ લોઢા સાથે મળી જાય છે ત્યારે તે ઘણોથી પિટાય છે-કુટાય છે.
(જુઓ પરમાત્મપ્રકાશ-અ. ૨, શ્લો. ૧૧૦)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રાગદ્વેષાદિ વિકારો થાય.)

૧૨. "....વળી તત્ત્વનિર્ણય કરવામાં કાંઈ કર્મનો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઈચ્છે અને પોતાનો દોષ કર્માદિકમાં લગાવે છે ! પણ જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. તારે વિષય-કષાયરૂપ જ રહેવું છે માટે આવું જૂઠ બોલે છે. જો મોક્ષની સાચી અભિલાષા હોય તો તું આવી યુક્તિ શા માટે બનાવે ?...." (મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ પાનું ૩૧૨-૩૧૩)

१३. "कर्म खलु स्वयमेव षट्कारकीरुपेण व्यवतिष्ठमानं न कारकान्तरमपेक्षते । एवं जीव....स्वयमेव षट्कारकीरुपेण व्यवतिष्ठमानो न कारकान्तरमपेक्षते । अतः कर्मणः कर्तुर्नास्ति जीवः कर्ता, जीवस्य कर्तुर्नास्ति कर्म कर्तृ निश्चयेनेति !"

અર્થઃ- કર્મ ખરેખર....સ્વયં જ ષટ્કારકરૂપે પરિણમતું હોઈ અન્ય કારકો (અન્યનાં ષટ્કારકો) ની અપેક્ષા રાખતું નથી. તેવી જ રીતે જીવ....સ્વયં જ ષટ્કારકરૂપે પરિણમતો હોઈ અન્યનાં ષટ્કારકોની અપેક્ષા રાખતો નથી, તેથી નિશ્ચયથી કર્મનો કર્તા જીવ નથી અને જીવનો કર્તા કર્મ નથી.

ભાવાર્થઃ- નિશ્ચયથી પુદ્ગલદ્રવ્ય, જ્ઞાનાવરણાદિ કર્મ-યોગ્ય પુદ્ગલ સ્કંધોરૂપે પરિણમે છે, અને જીવદ્રવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પોતાના ઔદયિકાદિ ભાવોરૂપે સ્વયં પરિણમે છે. જીવ અને પુદ્ગલ-બંને એકબીજાના કર્તવ્યની અપેક્ષા રાખતાં નથી.

(શ્રી પંચાસ્તિકાય ગા. ૬૨ ની સં. ટીકા)

**પ્ર. ૩૭૨ આત્મા પોતાની યોગ્યતાથી જ રાગ (વિકાર) કરે છે, એમ માનવાથી તો વિકાર તે આત્માનો સ્વભાવ થઈ જશે, માટે રાગાદિક વિકારને કર્મકૃત માનવા જોઈએ-એ બરાબર છે ?**

ઉ. ૩૭૨ વિકાર તે આત્મદ્રવ્યનો ત્રિકાલી સ્વભાવ નથી, પણ ક્ષણિક યોગ્યતારૂપ પર્યાયસ્વભાવ છે. વર્તમાન પર્યાયમાં સ્વને ચૂકીને પરદ્રવ્યનું અવલંબન કરવામાં આવે તો પર્યાયમાં નવો નવો વિકાર થાય છે; પણ જો સ્વસન્મુખતા કરવામાં આવે તો ટળી શકે છે.

જીવ રાગ-દ્વેષરૂપ વિકાર, પર્યાયમાં પોતે કરે છે; માટે અશુદ્ધ નિશ્ચયનયથી તે જીવનો છે. સ્વભાવમાં વિકાર નથી. સ્વભાવમાં લીન થતાં તે વિકાર ટળી જાય છે. વિકારી પર્યાય પોતાની છે માટે નિશ્ચય કહ્યો, પણ વિકાર પોતાનો કાયમી નથી, માટે તે અશુદ્ધ છે. તેથી અશુદ્ધ નિશ્ચયનયથી તે જીવકૃત વિકાર છે એમ કહ્યું.

**પ્ર. ૩૭૩ કોઈ વાર જીવની ઉપર જડ કર્મનું જોર વધી જાય છે અને કોઈ વાર જડ કર્મ ઉપર જીવનું જોર વધી જાય છે-એ બરોબર છે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧. ના; એ માન્યતા યથાર્થ નથી, કારણ કે જીવ અને જડ કર્મ-એ બે પદાર્થો ત્રિકાળ ભિન્ન-ભિન્ન છે, તેમનો પરસ્પર અત્યંત અભાવ છે; તેથી કોઈ કોઈના ઉપર જોર ચલાવતું નથી.

૨. જીવ જ્યારે વિપરીત પુરુષાર્થ કરે ત્યારે તે પોતાનું વિપરીત વલણ કર્મ તરફ જોડાવાનું કરે છે; તે અપેક્ષાએ કર્મનું જોર આરોપથી કહેવાય છે; અને જ્યારે જીવ પોતાના જ્ઞાયકસ્વભાવમાં સાવધાન થઈ સવળો પુરુષાર્થ કરે છે ત્યારે તે પોતાનું બળ પોતાનામાં વધારતો જઈ, કર્મ તરફનું વલણ ક્રમશઃ છોડતો જાય છે, તેથી જીવ બળવાન થયો એમ કહેવાય છે.

૩. દરેક દ્રવ્યનું જોર અને શક્તિ તેના સ્વદ્રવ્યમાં છે. કર્મની શક્તિ જીવમાં જઈ શકે નહિ, તેથી કર્મો જીવને કદી પણ આધીન કરી શકે નહિ.

## પ્ર. ૩૭૪ ઈન્દ્રિયોના વિષયો પણ આત્માને સુખ-દુઃખ આપી શકતા નથી તેનું કારણ શું ?

ઉ. ૩૭૪

૧. "સ્પર્શનાદિક ઈન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઈષ્ટ વિષયોને પામીને (પોતાના અશુદ્ધ) સ્વભાવે પરિણમતો થકો આત્મા સ્વયમેવ સુખરૂપ (ઈન્દ્રિયસુખરૂપ) થાય છે; દેહ સુખરૂપ થતો નથી."

(શ્રી પ્રવચનસાર ગાથા ૬૫ અન્વયાર્થ)

૨. “શરીર સુખ-દુઃખ કરતું નથી. દેવનું ઉત્તમ વૈક્રિયિક શરીર સુખનું કારણ નથી કે નારકનું શરીર દુઃખનું કારણ નથી; આત્મા પોતે જ -અનિષ્ટ વિષયોને વશ થઈ સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે છે.”

(શ્રી પ્રવચનસાર ગાથા ૬૬ નો ભાવાર્થ)

૩. “સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની મેળે જ સુખરૂપ પરિણમે છે; તેમાં વિષયો અકિંચિત્કર છે અર્થાત્ કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે !”

(શ્રી પ્રવચનસાર ગાથા ૬૭ નો ભાવાર્થ)

૪. સ્વ-પરના ભેદજ્ઞાનના અભાવે અજ્ઞાની જીવ પરમાં (ઈન્દ્રિયોના વિષયોમાં) સુખ-દુઃખની મિથ્યા કલ્પના કરી, તેમાં ઈષ્ટ-અનિષ્ટની બુદ્ધિ કરી પોતાને સુખી-દુઃખી માને છે, પણ વિષયો તો જડ છે, તે ઈષ્ટ-અનિષ્ટ છે જ નહિ. વળી વસ્તુસ્વભાવ જ એવો છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહિ.

૫. “....એ પ્રમાણે પદાર્થોમાં તો ઈષ્ટ-અનિષ્ટપણું છે નહિ. જો પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણું હોય તો જે પદાર્થ ઈષ્ટરૂપ હોય તે સર્વને ઈષ્ટરૂપ જ થાય; તથા જે અનિષ્ટ હોય તે અનિષ્ટરૂપ જ થાય; પણ એમ તો થતું નથી. માત્ર આ જીવ પોતે જ કલ્પના કરી તેને ઈષ્ટ-અનિષ્ટ રૂપ માને છે, પણ એ કલ્પના જૂઠી છે.”

(મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ, પાનું ૯૩)

## પ્ર. ૩૭૫ શું નિમિત્તના બળથી કે પ્રેરણાથી કાર્ય થાય?

ઉ. ૩૭૫

૧. ના; વાત એ છે કે, જેમ કોઈ પણ કાર્ય અન્યને આધીન નથી, તેમ જ તે (કાર્ય અન્યની) બુદ્ધિ અથવા પ્રયત્નને પણ આધીન નથી; કારણ કે કાર્ય તો પોતાની પરિણમનશક્તિથી જ થાય છે. જો તેનો બુદ્ધિ અને પ્રયત્ન સાથે મેળ બેસી ગયો તો (અજ્ઞાની) એમ માને છે કે આ કાર્ય બુદ્ધિ અને પ્રયત્નથી થયું છે, અને જો તેનો, અન્ય બાહ્ય નિમિત્તો સાથે મેળ બેસી ગયો તો (અજ્ઞાની) એમ સમજે છે કે આ કાર્ય નિમિત્તથી થયું છે.

પણ તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો પ્રત્યેક કાર્ય પોત પોતાની યોગ્યતાથી જ થાય છે, કેમકે અન્વય અને વ્યતિરેક પણ તેનાં તેની સાથે હોય છે; માટે નિમિત્તને કોઈ પણ હાલતમાં પ્રેરક-કારણ માનવું ઉચિત નથી.

(પં૦ શ્રી ફૂલચંદજી સંપાદિત શ્રી તત્ત્વાર્થ સૂત્ર પૃ. ૨૫૧)

૨. "જેમ શંખ પરદ્રવ્યને ભોગવે-ખાય તો પણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી, કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્) કારણ બની શકતું નથી...."

(શ્રી સમયસાર ગા. ૨૨૦ થી ૨૨૩ ની ગુ. ટીકા)

**પ્ર. ૩૭૬ જ્ઞાની ધર્માત્મા પરજીવોનું ભલું કરવા માટે ઉપદેશ આપે છે–એ વિધાન બરાબર છે ?**

ઉ. ૩૭૬ ના; એ વાત બરોબર નથી; કારણ કે જ્ઞાની જાણે છે કે કોઈ જીવ પર, આત્માનું ભલું-બુરું કરી શકતો નથી. સામો જીવ પોતાની યોગ્યતાથી (સત્ય સમજવાના પ્રયત્નવડે) સમજે તો ઉપદેશને નિમિત્ત કહેવાય છે. છદ્મસ્થ જ્ઞાનીને પોતાની નબળાઈના કારણે ઉપદેશ આપવાનો વિકલ્પ ઊઠે છે અને વાણી વાણીના કારણે નીકળે છે. તેમાં ઉપદેશનો વિકલ્પ (રાગ) તો નિમિત્ત માત્ર છે. જ્ઞાની રાગ અને વાણીનો સ્વામી નથી, પણ રાગ અને વાણીનો વ્યવહારે જ્ઞાતા છે.

**પ્ર. ૩૭૭ પુદ્ગલ, જીવને વિકારરૂપે પરિણમાવે છે, એ-વાત સાચી છે ?**

ઉ. ૩૭૭

૧. ના; "એમ તો કયારે પણ થતું નથી, કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યની પરિણતિનો કર્તા હોતું નથી."

('આત્માવલોકન' પા. ૪૬)

૨. "કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરિણમાવે નહિ. કેમ કે કોઈ દ્રવ્ય નિઃપરિણામી (અપરિણામી) નથી, સર્વ- દ્રવ્ય પરિણામી છે....."

(આત્માવલોકન પા. ૭૩-૭૪)

**પ્ર. ૩૭૮ "કોઈ એમ જાણે કે ચિદ્વિકારપણે તો**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જીવ પરિણમે છે, પરંતુ તેમ થવામાં (પરિણમવામાં) પુદ્ગલ પોતે નિમિત્તકર્તા હોય છે, એટલે કે આ જીવ વિકારરૂપ પરિણમે તે માટે પુદ્ગલ પોતે નિમિત્તકર્તા થઈ પ્રવર્તે છે-એ બરોબર છે ?**

ઉ. ૩૭૮ ના; "એમ તો કદી પણ બને નહિ, કારણકે-

(૧) જો પુદ્ગલ, એ ચિદ્‌વિકાર થવામાં જાણી કરીને પોતે કર્મનિમિત્તરૂપ હોય તો તે પુદ્ગલ જ્ઞાનવંત થયું. તે તો અનર્થ ઊપજ્યો. જે અચેતન હતું તે ચેતન થયું. આ એક દૂષણ.

(૨) જો જીવને વિકાર થવામાં પુદ્ગલ કર્મત્વપણે નિમિત્ત થયા જ કરે, તો એ દૂષણ ઊપજે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું વૈરી નથી, છતાં અહીં પુદ્ગલ જીવનું વેરી થયું...."

(આત્માવલોકન પા. ૪૬-૪૭)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રકરણ છઠ્ઠું
# ઉપાદાન-નિમિત્ત અધિકાર
# તથા
# નિમિત્ત-નૈમિત્તિક અધિકાર

**પ્ર. ૩૭૯ કાર્ય કેવી રીતે થાય છે ?**

ઉ. ૩૭૯ 'कारणानुविधायित्वादेव कार्याणि ।'

(સમયસાર ગા. ૧૩૦-૧૩૧ ટીકા)

'कारणानुविधायीनि कार्याणि ।' (સમયસાર ગા. ૬૮ ટીકા) કારણને અનુસરીને જ કાર્યો હોય છે.

કાર્યને કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ અને પરિણતિ પણ કહે છે.

(અહીં કારણને ઉપાદાનકારણ સમજવું, કારણ કે ઉપાદાનકારણ તે જ સાચું કારણ છે.)

**પ્ર. ૩૮૦ કારણ કોને કહે છે ?**

ઉ. ૩૮૦ કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

**પ્ર. ૩૮૧ ઉત્પાદક સામગ્રીના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૮૧ બે ભેદ છે-ઉપાદાન અને નિમિત્ત. ઉપાદાનને નિજશકિત અથવા નિશ્ચય કહે છે અને નિમિત્તને પરયોગ અથવા વ્યવહાર કહે છે.

**પ્ર. ૩૮૨ ઉપાદાનકરણ કોને કહે છે ?**

ઉ. ૩૮૨

(૧) જે દ્રવ્ય સ્વયં કાર્યરૂપ પરિણમે તેને ઉપાદાનકારણ કહે છે; જેમકે ઘડાની ઉત્પત્તિમાં માટી તેનું **ત્રિકાલી ઉપાદાનકારણ** છે. [દ્રવ્યાર્થિક નયે છે.]

(૨) અનાદિકાલથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે તેમાં **અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય** ઉપાદાનકારણ છે અને **અનન્તર ઉત્તરક્ષણવર્તી પર્યાય** કાર્ય છે. જેમકે, માટીનો ઘડો થવામાં, માટીનો પિંડ તે ઘડાનો અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય છે અને ઘડારૂપ કાર્ય તે પિંડનો અનન્તર ઉત્તરક્ષણવર્તી પર્યાય છે. અનન્તર **પૂર્વક્ષણવર્તી પર્યાયનો વ્યય તે ક્ષણિક ઉપાદાનકારણ** કહેવાય છે. [પર્યાયાર્થિક નયે છે.]

(૩) એ સમયના પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે સાચું (વાસ્તવિક) કારણ [પર્યાયાર્થિક નયે] છે.

[આધારઃ- ધ્રુવ ઉપાદાન તથા ક્ષણિક ઉપાદાન માટે જુઓ (૧) અષ્ટસહસ્ત્રી શ્લોક ૫૮ ટીકા પા. ૨૧૦, (૨) ચિદ્‌વિલાસ પા. ૩૬, (૩) જ્ઞાનદર્પણ પા. ૨૫-૪૦-૫૬.]

**પ્ર. ૩૯૩ યોગ્યતા કોને કહે છે ?**

ઉ. ૩૯૩ "योग्यतैव विषयप्रतिनियमकारणमिति"

(ન્યાયદીપિકા પૃ. ૨૭)

૧. યોગ્યતા જ વિષયનું પ્રતિનિયામક કારણ છે.

[આ કથન જ્ઞાનની યોગ્યતા (સામર્થ્ય) ને લઈને છે, પરંતુ યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે.]

૨. સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત--એ 'યોગ્યતા' શબ્દના અર્થ છે.

**પ્ર. ૩૮૪ નિમિત્તકારણ કોને કહે છે ?**

ઉ. ૩૮૪ જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના ઉપર આરોપ આવી શકે તે પદાર્થને નિમિત્તકારણ કહે છે; જેમકે ઘડાની ઉત્પત્તિમાં કુંભકાર, દંડ, ચક્ર, વગેરે નિમિત્તકારણો છે. [નિમિત્ત સાચું કારણ નથી.-તે અકારણવત્ --*અહેતુવત્ છે, કારણ કે તે ઉપચારમાત્ર અથવા વ્યવહારકારણ છે.]

**પ્ર. ૩૮૫ નિમિત્ત કારણના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૮૫ બે ભેદ છે- (૧) પ્રેરક નિમિત્ત અને (૨) ઉદાસીન નિમિત્ત.

**પ્ર. ૩૮૬ પ્રેરક નિમિત્ત કોને કહે છે ?**

ઉ. ૩૮૬ ગમનક્રિયાવાળાં જીવ, પુદ્ગલો તથા ઈચ્છાદિ-વાળા જીવો પ્રેરક નિમિત્ત કહેવાય છે, પ્રેરક નિમિત્તો બળજબરીથી ઉપાદાનમાં કાર્ય કરી દે છે કે પ્રભાવાદિ પાડી શકે છે એમ સમજવું નહીં, કારણ કે બન્ને પદાર્થોનો

---

* પંચાધ્યાયી ભા. ૨. ગાથા ૩૫૧.

એકબીજામાં અભાવ છે. પ્રેરક નિમિત્ત ઉપાદાનને પ્રેરણા કરતું નથી.

**પ્ર. ૩૮૭ ઉદાસીન નિમિત્ત કોને કહે છે ?**

ઉ. ૩૮૭ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળાદિ નિષ્ક્રિય (ગમનક્રિયા રહિત) કે રાગ રહિત દ્રવ્યોને ઉદાસીન નિમિત્ત કહે છે.

[નિમિત્તોના પેટાભેદ બતાવવા કોઈ નિમિત્તોને પ્રેરક અને કોઈને ઉદાસીન કહેવામાં આવે છે, પણ સર્વ પ્રકારના નિમિત્તો ઉપાદાન માટે તો ધર્માસ્તિકાયવત્ ઉદાસીન જ છે. નિમિત્તના ભિન્ન-ભિન્ન પ્રકારોનું જ્ઞાન કરાવવા માટે જ તેના આ બે ભેદ પાડવામાં આવ્યા છે.]

**પ્ર. ૩૮૮ 'કુંભારે ચાક, દંડ વગેરેથી ઘડો કર્યો.' તેમાં ઘડારૂપ કાર્યમાં (૧) ત્રિકાલી અને ક્ષણિક ઉપાદાનકારણો કયાં ? (૨) ઉદાસીન અને પ્રેરક નિમિત્ત કયાં ?**

ઉ. ૩૮૮

(૧) ત્રિકાલી ઉપાદાનકારણ માટી, અને ઘડારૂપ કાર્યની અનંતર પૂર્વવર્તીપર્યાય-માટીના પિંડનો અભાવ (વ્યય) તથા ઘડારૂપ થવાની વર્તમાન પર્યાયની યોગ્યતા-એ બંને ક્ષણિક ઉપાદાન છે.

(૨) ઘડો કરવાના રાગવાળો કુંભાર અને ક્રિયાવાન ચાક, દંડાદિ પ્રેરક નિમિત્તો છે.

ચાકની ખીલી, કાલ, આકાશ, ધર્મ, અધર્મ વગેરે ઉદાસીન નિમિત્તો છે, કારણ કે તેઓ ગમનક્રિયારહિત તેમ જ રાગ (ઈચ્છા) રહિત છે.

**પ્ર. ૩૮૯ ઉદાસીન નિમિત્તો ઉપાદાનમાં કંઈ કરી શકે નહિ, પરંતુ પ્રેરક નિમિત્તો ઉપાદાનમાં કંઈ કાર્ય-પ્રભાવ અસર તો કરતાં હશે ?**

ઉ. ૩૮૯ ના; ઉદાસીન કે પ્રેરક નિમિત્તો ઉપાદાનમાં કંઈ કરતાં જ નથી, કારણ કે પરને માટે બધાં નિમિત્તો ઉદાસીન જ છે. શ્રી પૂજ્યપાદ આચાર્ય ઈષ્ટોપદેશની ગાથા ૩૫માં કહે છે કે-

''नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति ।
निमित्तमात्रमन्यस्तु, गतेर्धर्मास्तिकायवत् ॥''

અર્થ:-અજ્ઞાની વિશેષ પ્રકારના જ્ઞાનભાવને પ્રાપ્ત કરતો નથી અને વિશેષ જ્ઞાની અજ્ઞાનપણાને પ્રાપ્ત કરતો નથી. ગતિને જેમ ધર્માસ્તિકાય નિમિત્ત છે તેમ અન્ય તો નિમિત્તમાત્ર છે.

ભાવાર્થ:- તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય અભવ્યાદિ જીવો, ધર્માચાર્યાદિકોના હજારો ઉપદેશોથી પણ તત્ત્વજ્ઞાન પાપ્ત કરી શકતા નથી.'

''કાર્યની ઉત્પત્તિ કરવાને માટે કોઈ પણ પ્રયત્ન, સ્વાભાવિક ગુણની અપેક્ષા કરે છે. સેંકડો વ્યાપારોથી (પ્રયત્નોથી) પણ બગલો પોપટની જેમ ભણાવી શકાતો

નથી.''

અહીં શંકા એ થાય છે કે એમ તો બાહ્ય નિમિત્તોનું નિરાકરણ જ થઈ જશે. આ વિષયમાં જવાબ એ છે કે-અન્ય જે ગુરુ આદિક તથા શત્રુ આદિક છે તે પ્રકૃત કાર્યના ઉત્પાદનમાં તથા વિધ્વંસન (નાશ) માં ફક્ત નિમિત્તમાત્ર છે. વાસ્તવમાં કોઈ કાર્ય થવામાં વા બગડવામાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક હોય છે.

(ઈષ્ટોપદેશ-ગા. ૩૫ ની ટીકા-પા. ૪૨-૪૩)

**પ્ર. ૩૯૦ કોઈ વખત પ્રેરક નિમિત્તો જેવાં કે શીઘ્ર ગતિ કરતી મોટર, ટ્રેન આદિથી અનિચ્છિત સ્થાને ગતિ આદિ જોવામાં આવે છે, તેથી પ્રેરક નિમિત્તને આધીન ઉપાદાનને પરિણમવું પડે છે-એ બરોબર છે?**

ઉ. ૩૯૦ ના; પ્રશ્નમાં આપેલાં પ્રેરક નિમિત્તોને આધીન ઉપાદાનને પરિણમવું પડે છે એમ નથી, પરંતુ એટલું નક્કી થાય છે કે ગતિક્રિયા જીવની ઈચ્છાનુસાર થઈ શકી નહિ. વાસ્તવિક રીતે જોઈએ તો, શરીર અને જીવની ક્રિયાવતી શક્તિની તે સમયની યોગ્યતા જ તેવી હતી તેથી તે પ્રમાણે ગતિ થઈ.

**પ્ર. ૩૯૧ શીઘ્ર ગતિ કરતી મોટરાદિ તો તેમાં નિમિત્તમાત્ર છે; પણ પુદ્ગલ-કર્મ, મન-વચન-કાય, ઈન્દ્રિયોનો ભોગ, ધન, ઘરનાં માણસો, મકાન ઈત્યાદિ જીવને રાગ-દ્વેષરૂપ પરિણામ કરવામાં પ્રેરક છે ?**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૩૯૧ છએ દ્રવ્યો બધાં પોતપોતાના સ્વરૂપથી સદા અસહાય (સ્વતંત્ર) પરિણમન કરે છે; કોઈ કોઈનું પ્રેરક કદી નથી; તેથી કોઈ પણ પરદ્રવ્ય રાગ-દ્વેષનું પ્રેરક નથી, પરંતુ જીવનો મિથ્યાત્વમોહરૂપ ભાવ છે તે જ (અનંતાનુબંધી) રાગ-દ્વેષનું કારણ છે.

[જુઓ, પ્રકરણ ૫, પ્રશ્ન ૩૩૧ નો ઉત્તર-૯.]

**પ્ર. ૩૯૨ પુદ્‌ગલકર્મની જોરાવરીથી જીવને રાગ-દ્વેષ કરવો પડે છે; પુદ્‌ગલ દ્રવ્ય, કર્મોના વેષ ધારણ કરી જ્યાં-જ્યાં બળ કરે છે ત્યાં ત્યાં જીવને રાગ-દ્વેષ અધિક થાય છે એ વાત સત્ય છે ?**

ઉ. ૩૯૨ ના; કારણ કે જગતમાં પુદ્‌ગલનો સંગ તો હંમેશાં રહે છે. જો તેની જોરાવરીથી જીવને રાગાદિ વિકાર થાય તો શુદ્ધભાવ થવાનો કદી અવસર આવી શકે નહિ; તેથી એમ સમજવું જોઈએ કે શુદ્ધ યા અશુદ્ધ પરિણમન કરવામાં ચેતન સ્વયં સમર્થ છે.

(સમયસાર નાટક-સર્વવિશુદ્ધ દ્વાર, કાવ્ય ૬૧ થી ૬૬.)

**પ્ર. ૩૯૩ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કોને કહે છે ?**

ઉ. ૩૯૩ જ્યારે ઉપાદાન સ્વયં કાર્ય રૂપ પરિણમે છે ત્યારે ભાવરૂપ યા અભાવરૂપ કયા ઉચિત (યોગ્ય) નિમિત્તકારણનો તેની સાથે સંબંધ છે તે બતાવવા માટે એ કાર્યને નૈમિત્તિક કહે છે. આવી રીતે ભિન્ન-ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરસ્પરની પરતંત્રતાનો સૂચક નથી, પરંતુ નૈમિત્તિકની સાથમાં કોણ નિમિત્ત રૂપ પદાર્થ છે તેનું તે જ્ઞાન કરાવે છે.

જે કાર્યને નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિક કહ્યું છે, તેને પોતાના ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે.

(૧) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બંને સ્વતંત્ર પર્યાયો વચ્ચે હોય છે.

(૨) નિમિત્ત અને નૈમિત્તિકનું સ્વચતુષ્ટય (દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ) ભિન્ન-ભિન્ન છે.

(૩) ઉપાદાના ઉપાદેય સંબંધ એકજ પદાર્થને લાગુ પડે છે.

(૪) કાર્યને નિમિત્તથી ઓળખાવતાં તે નૈમિત્તિક કહેવાય છે, અને તે જ કાર્યને ઉપાદાનથી ઓળખાવતાં તે ઉપાદેય કહેવાય છે.

**પ્ર. ૩૯૪ પ્રેરક નિમિત્ત અને ઉદાસીન નિમિત્તનાં દૃષ્ટાંતો આપો.**

ઉ. ૩૯૪

૧. ઘટની ઉત્પત્તિમાં દંડ, ચક્ર, કુંભારાદિ પ્રેરક નિમિત્ત છે; કેમકે દંડ, ચક્ર અને કુંભારનો હાથ ગતિમાન છે. અને કુંભકાર તે સમયે ઘડો બનાવવાની ઈચ્છાવાળો છે; ધર્માસ્તિકાય અને ચક્રને ફરવા માટેની

ખીલી-એ ઉદાસીન નિમિત્ત છે; પરંતુ એ બધાં નિમિત્તો માટીરૂપ ઉપાદાન પ્રત્યે (ધર્માસ્તિકાયવત્) ઉદાસીન કારણો છે.

૨. કોઈ મનુષ્ય ઘોડા ઉપર બહારગામ જાય છે. જેમાં ઘોડો ગતિમાન હોવાથી તે પ્રેરક નિમિત્ત છે અને ધર્માસ્તિકાય ઉદાસીન નિમિત્ત છે; પરંતુ એ નિમિત્તો ઉપાદાનરૂપ સવારી કરનાર મનુષ્ય પ્રત્યે (ધર્માસ્તિકાયવત્) ઉદાસીન કારણો છે.

[જે પ્રેરક નિમિત્તકારણો છે તેઓ ગતિ કે ઈચ્છાપણું બતાવવા માટે પ્રેરણા કરે છે-એવું વ્યવહારથી કહેવામાં આવે છે. પણ ખરેખર કોઈ દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાયને પ્રેરક થઈ શકતો નથી.]

## પ્ર. ૩૯૫ ભાવરૂપ નિમિત્ત અને અભાવરૂપ નિમિત્તના દૃષ્ટાંતો આપો.

ઉ. ૩૯૫

૧. "જેમ ઉત્તરંગ (ઉઠતા તરંગોવાળી) અને નિસ્તરંગ (તરંગ વિનાની) અવસ્થાઓને પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મ-પણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો પોતાને એકને જ કરતો

પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી."

૨. ...."તેવી રીતે સંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ (ઉત્પત્તિ) અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સંસાર અથવા નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સંસાર અથવા નિસંસાર એવા પોતાને કરતો થકો પોતાને એકને જ કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો....."

(શ્રી સમયસાર ગાથા ૮૩ ની ટીકા)

[દૃષ્ટાંતમાં-પવનનું વાવું તે સદ્‌ભાવરૂપ નિમિત્ત છે અને પવનનું નહીં વાવું તે અભાવરૂપ નિમિત્ત છે.]

સિદ્ધાંતમાંઃ- પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ તે સદ્‌ભાવરૂપ નિમિત્ત છે અને પુદ્‌ગલકર્મના વિપાકનો અસંભવ તે અભાવરૂપ નિમિત્ત છે.

**પ્ર. ૩૯૬ કર્મના ઉદયથી જીવમાં ખરેખર વિકારભાવ થાય-એ વિધાન બરોબર છે ?**

ઉ. ૩૯૬

૧. ના; કારણકે "જીવમાં થતા વિકારભાવ જીવ પોતે કરે છે, ત્યારે કર્મનો ઉદય નિમિત્ત છે, પણ તે કર્મના રજકણોએ જીવને કાંઈ પણ કર્યું કે કાંઈ અસર કરી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ માનવું તે સર્વથા મિથ્યા છે; (તેમજ જીવ વિકાર કરે ત્યારે પુદ્‌ગલ-કાર્માણવર્ગણા સ્વયં કર્મરૂપે પરિણામે છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.) જીવને વિકારીપણે કર્મનો ઉદય પરિણમાવે અને નવા કર્મને જીવ પરિણમાવે એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવનારું વ્યવહાર-કથન છે. ખરી રીતે જડને કર્મ તરીકે જીવ પરિણમાવી શકે નહિ અને કર્મ જીવને વિકારી કરી શકે નહીં-એમ સમજવું. ગોમ્મટસારાદિ કર્મશાસ્ત્રોના આ પ્રમાણે અર્થ કરવા તેજ ન્યાયસર છે.''

(મોક્ષશાસ્ત્ર-અ. ૧, પરિ. ૧, પાનું ૧૬૨)

૨. કર્મના ઉદયથી જીવને વિકાર થાય છે એમ માનવું તે ભ્રમમૂલક છે. શ્રી દીપચંદજીકૃત 'આત્માવલોકન' પૃષ્ઠ ૧૪૩ માં કહ્યું છે કે-

''હે મિત્ર...અન્યલોક, સ્વાંગ (પુદ્‌ગલ-કર્મ), સ્કંધ, પરજ્ઞેય દ્રવ્યોનો દોષ ન જો, અને એમ ન જાણ કે 'પરજ્ઞેયની સનિધિ (નિકટતા) નિમિત્તમાત્ર દેખી તેણે (નિમિત્તો) મારું દ્રવ્ય મલિન (વિકારયુક્ત) કર્યું. જીવ પોતે આવો જૂઠો ભ્રમ કરે છે, પરંતુ એ પરજ્ઞેયોથી કદી ભેટાયો (સ્પર્શાયો) પણ નથી, છતાં તું તેનો દોષ દેખે છે-જાણે છે એ તારું હરામજાદીપણું છે. એક તું જ જૂઠો છે, તેનો કાંઈ દોષ નથી. તે તો સદા સાચો છે.''

**પ્ર. ૩૯૭ જ્યારે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પુરુષાર્થ થઈ શકતો નથી; ઉપરના ગુણસ્થાનેથી પણ જીવ પડી જાય છે. એવા કથનનો શો અર્થ ?**

ઉ. ૩૯૭ એ કથન વ્યવહાર નયનું છે. જીવમાં આવી યોગ્યતા હોય ત્યારે કેવું નિમિત્ત હોય છે તેનું જ્ઞાન કરાવવા માટેનું એ કથન છે.

૨. જીવ પોતે જયારે પોતાના ઊંધા પુરુષાર્થથી તીવ્ર દોષ કરે છે ત્યારે જ કર્મના ઉદયને તીવ્ર ઉદય કહેવામાં આવે છે; પણ જો જીવ યથાર્થ પુરુષાર્થ કરે તો કર્મનો ગમે તેવો ઉદય હોય તો પણ તેને નિર્જરા કહેવામાં આવે છે. કર્મના ઉદયના કારણે જીવ પડતો જ નથી.

૩. પ્રવચનસાર ગા. ૪૫ ની ટીકામાં શ્રી જયસેનાચાર્ય કહે છે કે, "દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં, જો શુદ્ધ આત્મભાવનાના બળથી મોહભાવરૂપે જીવ ન પરિણમે તો બંધ થતો નથી. વળી કર્મના ઉદય માત્રથી બંધ થતો નથી, જો ઉદય માત્રથી બંધ થાય તો સંસારીને સર્વદા જ કર્મનો ઉદય વિદ્યમાન હોવાથી સર્વદા જ બંધ થતો રહે; મોક્ષ કદી થાય જ નહિ."

૪. "દ્રવ્યકર્મરૂપ પ્રત્યયો (આસ્ત્રવો) નું વિદ્યમાનપણું હોવા છતાં પણ જો જીવ રાગાદિભાવ ન કરે તો બંધાતો નથી, જો રાગાદિના અભાવમાં દ્રવ્યપ્રત્યયના ઉદયમાત્રથી જીવને બંધ થાય તો સર્વદા બંધન ચાલું જ રહે કેમ કે સંસારીને સર્વદા કર્મોદય વિદ્યમાન હોય છે."

('પંચાસ્તિકાય'-ગા. ૧૪૯, શ્રી જયસેનાચાર્યકૃત સં. ટીકા)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પ્ર. ૩૯૮ પરિણમનમાં (કાર્યમાં) ઉપાદાન અને નિમિત્ત એ બંને કારણો હોય છે; તો તેમાં નિમિત્તકારણનું કાર્યક્ષેત્ર કેટલું ?**

ઉ. ૩૯૮

૧. કાર્ય થયા પહેલાં કોઈને નિમિત્ત કહેવાતું નથી. કાર્યકાળે જે ઉચિત (અનુકૂળ) સંયોગરૂપ પર વસ્તુ ઉપસ્થિત હોય તેને નિમિત્તકારણ કહે છે.

ઉપાદાન વિના પરને કાર્યનું નિમિત્ત કહી શકાતું નથી; નિમિત્ત તો માત્ર કયા ઉપાદાને કામ કર્યું તે બતાવનાર વ્યંજક (સ્પષ્ટ કરનાર છે.)

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૮ આધારે)

૨. "**નિમિત્ત તો સાક્ષીભૂત** છે, જેમ બપોરિયા (બપોર ખીલતા) ફૂલને વિકાસરૂપ થવામાં બપોરના સૂર્યનું હોવું સાક્ષીભૂત પ્રત્યક્ષ અવશ્ય દેખાય છે."

(આત્માવલોકન-પાનું ૧૦૨)

૩. નિમિત્ત પર વસ્તુ છે. ઉપાદાનને પરિણમવામાં તેની જરૂર પડે છે કે કેમ એ પ્રશ્ન ઊઠતો નથી, કેમ કે જ્યારે નિશ્ચયકારણ-ઉપાદાનને કાર્યરૂપ પરિણત થવાનો કાળ હોય છે ત્યારે નિમિત્તની ઉપસ્થિતિ સ્વયમેવ હોય છે. તે ન હોય એવું કદી બનતું નથી.

આ વિષયમાં શ્રી પં. ફૂલચંદજી સંપાદિત તત્ત્વાર્થ સૂત્ર અ. ૫, સૂ. ૩૦ ની ટીકા-પા.૨૫૨ માં કહ્યું છે કે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"वे (निमित्त) हैं अत: माने गये हैं, इसलिये उनकी आवश्यकता और अनावश्यकता का तो प्रश्न नहीं उठता ।"

**પ્ર. ૩૯૯ દેહ, ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયોના વિષયો પાસે રહેતાં જ, મનુષ્યોને જ્ઞાન અને સુખ થાય છે તેથી એ દેહાદિ પદાર્થો જ્ઞાન અને સુખ માટે અકિંચિત્કર કેમ હોઈ શકે ?**

ઉ. ૩૯૯

૧. ઉપાદાનકારણના આશ્રયથી–સામર્થ્યથી જ નિમિત્તને હેતુ કહેવામાં આવે છે; પણ ઉપાદાન વિના પરંને કાર્યનું નિમિત્ત કહી શકાતું નથી. નિમિત્ત તો માત્ર કયા ઉપાદાને કાર્ય કર્યું તેને બતાવનારું (અભિવ્યંજક) છે.

(જુઓ, પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૮ આધારે)

૨. "ઉપરના કથનનું સાધક દૃષ્ટાંત એ છે કે–અગ્નિ અગરુ (સુખડ) દ્રવ્યના ગંધનો વ્યંજક થાય છે.'

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૯)

૩. "તેવી રીતે જોકે દેહ, ઈન્દ્રિય અને તેના વિષયો, કોઈ ઠેકાણે જ્ઞાન અને સુખના અભિવ્યંજક હોય છે, પણ તે સ્વયં જ્ઞાન અને સુખરૂપ થઈ શકતાં નથી.

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૬૦)

૪. "....જયાં આત્મા સ્વયં સુખરૂપ પરિણમે છે ત્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિષયો શું કરે છે.'' (પ્રવચનસાર-ગાથા ૬૭.)

૫. ''અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યના ગુણની ઉત્પત્તિ કરી શકાતી નથી; તેથી (એ સિદ્ધાન્ત છે કે) સર્વ દ્રવ્યો પોત-પોતાના સ્વભાવથી ઊપજે છે.'' (સમયસાર-ગાથા ૩૭૨)

આથી સિદ્ધ થાય છે કે આત્માને ઈન્દ્રિયજન્ય જ્ઞાન તથા સુખ થવામાં શરીર-ઈન્દ્રિયો અનુત્પાદક હોવાથી અકિંચિત્કર છે.

નિમિત્તકારણ તે કથનમાત્ર કારણ છે. વાસ્તવિક કારણ નથી. ખરું કારણ એક ઉપાદાનકારણ જ છે. તેનું કથન બે પ્રકારે છે-નિશ્ચયથી અને વ્યવહારથી, નિશ્ચયકારણ તે જ ખરું કારણ છે; વ્યવહારકારણ તો માત્ર સહચારી પદાર્થનું જ્ઞાન કરાવવા માટે જ કહેવામાં આવે છે.

**પ્ર. ૪૦૦ જીવને સંસાર અવસ્થામાં તો વિષયો જ્ઞાન અને સુખ ઉત્પન્ન કરે છે ને ?**

ઉ. ૪૦૦

૧. ''ના; જીવ સંસાર અને મોક્ષ બંને અવસ્થાઓમાં જ્ઞાનાદિ સ્વરૂપવાળો જ છે, તેથી આ આત્મા જ સ્વયં જ્ઞાન અથવા સુખમય હોય છે.''

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૨)

૨. ''મતિજ્ઞાનાદિના સમયમાં જીવ જ સ્પર્શાદિ વિષયોને વિષય કરીને પોતે જ તે જ્ઞાન અને સુખમય થઈ જાય

છે; તેથી આત્માને એ જ્ઞાન તથા સુખમાં તે અચેતન (જડ) સ્પર્શાદિ પર્યાયો શું કરી શકે ?''

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૩)

૩. મતિજ્ઞાનાદિના ઉત્પત્તિ-સમયમાં આત્મા જ ઉપાદાનકારણ છે, તથા દેહ-ઈન્દ્રિય અને એ ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો તો માત્ર બાહ્ય હેતુ છે. તેથી તે અહેતુસમાન (અહેતુવત્) છે.'' (પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૧)

૪. જો સ્પર્શાદિ વિષયો સ્વતંત્રપણે જ્ઞાનને ઉત્પન્ન કરતા હોય તો તે જ્ઞાનશૂન્ય ઘટાદિકમાં પણ તે જ્ઞાન કેમ ઉત્પન્ન કરતા નથી ? (પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૪)

૫. જો એમ કહેવામાં આવે કે ચેતન દ્રવ્યમાં જ કોઈ ઠેકાણે એ સ્પર્શાદિક પદાર્થો જ્ઞાનને ઉત્પન્ન કરે છે, પણ જો આત્મા પોતે ચેતન છે તો પછી અચેતન પદાર્થોએ તેમાં શું ઉત્પન્ન કર્યું ? અર્થાત્ કાંઈ જ નહિ.

(જુઓ, પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૫)

૬. તેથી એમ નક્કી થાય છે કે આત્માને જ્ઞાન અને સુખ ઉત્પન્ન કરવામાં શરીર, પાંચે ઈન્દ્રિયો તથા તેના વિષયોનું અકિંચિત્કરપણું છે. (જુઓ, પંચા. ભા. ૨, ગા. ૩૫૬)

['જે હેતુ કાંઈપણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે.] (સમયસાર ગા. ૨૬૭ નો ભાવાર્થ, પાનું ૩૨૮)

**પ્ર. ૪૦૧ અંતરંગ કારણથી (ઉપાદાન કારણથી) જ કાર્યની ઉત્પત્તિ થાય છે-એમ ન માનવામાં આવે તો શો દોષ આવે ?**

ઉ. ૪૦૧

૧. કાર્યની ઉત્પત્તિમાં સ્વસ્થિતિ કારણ હોય છે, તેમાં અન્ય હેતુ (કારણ) નથી. તેમ છતાં 'કોઈ હેતુ' છે, એમ માનવામાં આવે તો અનવસ્થાનો દોષ આવે.

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૭૯૯ પાનું ૨૭૯ પં. ફૂલચંદજી દ્વારા સંપાદિત)

૨. "અહીં મિત્રદ્વૈતથી એક ઉપાદાન અને બીજું સહકારી કારણ લેવામાં આવ્યું છે.... વસ્તુમાં કાર્યકારીપણાની યોગ્યતા અન્યવસ્તુના નિમિત્તથી નથી આવતી, એ તો તેનો સ્વભાવ છે. એ ઉપરથી જો કોઈ વસ્તુમાં કાર્ય-કારીપણાની યોગ્યતા અન્ય વસ્તુની સહકારિતાથી માનવામાં આવે તો તે અન્ય વસ્તુમાં એવી યોગ્યતા તેનાથી ભિન્ન અન્ય વસ્તુના નિમિત્તથી માનવી પડશે અને એ પ્રકારે ઉત્તરોત્તર હેતુ-પરંપરાની કલ્પના કરવાથી અનવસ્થા-દોષ પ્રાપ્ત થશે......"

(પં. ફૂલચંદજી સંપાદિત પંચાધ્યાયી ભા. ૧, ગા. ૪૦૨-૪૦૪ નો વિશેષ અર્થ.)

૩. ".....સર્વ કાર્ય એકાન્તથી બાહ્ય અર્થની અપેક્ષા કરીને જ ઉત્પન્ન થતાં નથી; અન્યથા ચાવલ ધાન્યના બીજથી જવના અંકુરની ઉત્પત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે, પરંતુ

ત્રણે કાળમાં કોઈ ક્ષેત્રમાં તે પ્રકારનું દ્રવ્ય નથી કે જેના બળે ચાવલ ધાન્યના બીજને જવના અંકુરપણે ઉત્પન્ન કરવાની શકિત હોઈ શકે. જો એવું થવા લાગશે તો અનવસ્થા-દોષ પ્રાપ્ત થશે, માટે **કોઈ પણ સ્થળે (સર્વત્ર) અંતરંગ કારણથી જ કાર્યની ઉત્પત્તિ થાય છે એવો નિશ્ચય કરવો જોઈએ."**

(જુઓ, ધવલ પુસ્તક ૬, પાનું ૧૬૪)

**પ્ર. ૪૦૨ વસ્તુનું પ્રત્યેક પરિણમન પોતાની યોગ્યતાનુસાર જ હોય છે, એ વાત બરાબર છે ?**

ઉ. ૪૦૨

૧. હા; વાસ્તવમાં કોઈ પણ કાર્ય થવામાં કે બગાડવામાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક થાય છે.

"नन्वेव बाह्यनिमित्तक्षेप: प्राप्नोतीत्यत्राह । अन्य: पुनर्गुरुविपक्षादि: प्रकृतार्थसमुत्पादभ्रंशयोर्निमित्तमात्रं स्यात्तत्र योग्यतामेव साक्षात् साधकत्वात् ।"

અર્થ:- અહીં એવી શંકા થાય છે કે એ રીતે તો બાહ્ય નિમિત્તોનું નિરાકરણ જ થઈ જશે. તેનો જવાબ એ છે કે અન્ય જે ગુરુ, શત્રુ વગેરે છે તે પ્રકૃત કાર્યના ઉત્પાદનમાં કે વિધ્વંસમાં ફક્ત નિમિત્તમાત્ર છે. ત્યાં યોગ્યતામાં જ સાક્ષાત્ સાધકપણું છે.

૨. "वैभाविक परिणमन निमित्त सापेक्ष होकर भी वह अपनी इस कालमें प्रगट होनेवाली **योग्यतानुसार** ही

है।...... अपनी **योग्यतावश** ही जीव संसारी है और अपनी **योग्यतावश** ही वह मुक्त होता है । जैसे परिणमनका साधारण कारण काल होते हुए भी द्रव्य अपने उत्पादव्ययस्वभावके कारण ही परिणमन करता है। काल उसका कुछ प्रेरक नहीं है । आगममें निमित्तविशेषका ज्ञान करानेके लिये ही कर्मका उल्लेख किया गया है । **उसे कुछ प्रेरक कारण नहीं मानना चाहिए । जीव** पराधीन है यह कथन निमित्तविशेषका ज्ञान करानेके लिये ही किया जाता है । तत्त्वत: प्रत्येक परिणमन होता है अपनी योग्यतानुसार ही ।

(પં. ફૂલચંદજી સંપાદિત પંચાધ્યાયી ગા. ૬૧ થી ૭૦ નો વિશેષાર્થ, પૃ. ૧૬૩)

૩. શ્રી ગોમ્મટસાર-જીવકાંડ ગા. ૫૮૦ ની સં. ટીકાના શ્લોકમાં કહ્યું છે કેઃ-

निमित्तांतरं तत्र योग्यता वस्तुनि स्थिता ।
बहिर्निश्चयकालस्तु निश्चितं तत्त्वदर्शिभिः ॥१॥

અર્થઃ- ''તે વસ્તુમાં રહેલી પરિણમનરૂપ જે **યોગ્યતા તે અંતરંગ નિમિત્ત છે અને તે પરિણમનનો નિશ્ચયકાલ** બાહ્ય નિમિત્ત છે-એવો તત્ત્વદર્શીઓએ નિશ્ચય કર્યો છે.''

[અહીં અંતરંગ નિમિત્તનો અર્થ ઉપાદાનકારણ થાય છે.]

૪. **'યોગ્યતા'** શબ્દનો ઉપયોગ નીચેના શાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે. જિજ્ઞાસુઓને તે વાંચી યોગ્યતાનો સાચો અર્થ સમજવા ભલામણ છે :-

૧. પ્રવચનસાર ગા. ૪૪, ૧૬૭, ૧૬૮, ૧૬૯ ટીકા.
૨. સમયસાર- ગા. ૧૩, ૨૭૫, ૩૧૮, ૩૭૩ ટીકા.
૩. નિયમસાર-ગા. ૬૩ ટીકા.
૪. પંચાસ્તિકાય-ગા. ૬૪, ૬૬, ૯૯ ટીકા.
૫. ઈષ્ટોપદેશ-ગા. ૩૫ ટીકા, તથા ગા. ૨ મૂલમાં (योग्योपादान-योगेन)
૬. અષ્ટસહસ્ત્રી-શ્લોક ૮૮ ટીકા, પૃ. ૨૫૬.
૭. અષ્ટશતી-શ્લોક-૮૮ ટીકા. પૃ. ૪૦.
૮. પ્રમેયકમલમાર્તણ્ડ-પૃ. ૧૦૫ "योग्यता एव शरणम्"
૯. પ્રમાણ પરીક્ષા-પૃ. ૫૨, પૃ. ૬૭
૧૦. તત્ત્વાર્થસૂત્ર-અ. ૮, સૂ. ૨.
૧૧. તત્ત્વાર્થસાર-પૃ. ૩૭, ૯૫, ૧૬૪, ૧૬૬, ૧૭૬, ૧૮૨, ૧૮૩, ૨૮૪, ૨૮૬, ૩૦૫, ૩૦૯-"योग्यता एवं शरणम्"
૧૨. તત્ત્વાર્થશ્લોકવાર્તિક-પૃ. ૨૩૦, ૨૪૯-સંસ્કૃત.
૧૩. પરીક્ષામુખ-દ્વિ. અ. સૂ. ૯.
૧૪. ગોમ્મટસાર કર્મકાણ્ડ-ગા. ૫૨, ૧૯૦-૨૮૬.

**પ્ર. ૪૦૩ નિમિત્તને ખરેખર અકિંચિત્કર કેમ કહ્યું ?**

ઉ. ૪૦૩

૧. "સંસારમાં કે મોક્ષમાં આત્મા પોતાની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મેળે જ સુખરૂપ પરિણમે છે, તેમાં વિષયો **અકિંચિત્કર** છે અર્થાત્ કાંઈ કરતા નથી. અજ્ઞાનીઓ વિષયોને સુખનાં કારણ માનીને નકામા તેમને અવલંબે છે.''

(પ્રવચનસાર ગાથા ૬૭નો ભાવાર્થ).

૨. ''જે હેતુ કાંઈ પણ ન કરે તે **અકિંચિત્કર** કહેવાય છે. (જુઓ, શ્રી સમયસાર ગા. ૨૬૭ ની ટીકા). એક દ્રવ્યનો વ્યાપાર બીજા દ્રવ્યમાં હોતો જ નથી; ઉક્ત કથનથી સિદ્ધ થાય છે કે આત્માને ઈન્દ્રિયજન્ય જ્ઞાન અને સુખ થવામાં શરીર, ઈન્દ્રિયો તથા તેના વિષયો અનુત્પાદક હોવાથી **અકિંચિત્કર છે**.....''

(પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૫૬નો ભાવાર્થ)

૩. ''તત્ત્વદ્રષ્ટિથી જોતાં રાગ-દ્વેષને ઉપજાવનારું અન્ય દ્રવ્ય જરાય (किंचनापि) દેખાતું નથી.''

(શ્રી સમયસાર કળશ ૨૧૯)

૪. ''આ આત્મામાં જે રાગદ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાય છે ત્યાં પરદ્રવ્યોનો કાંઈ પણ દોષ નથી, ત્યાં તો સ્વયં અપરાધી એવું આ અજ્ઞાન જ ફેલાય છે....''

(સમયસાર, કલશ ૨૨૦)

૫. ''......આમ પોતાના સ્વરૂપથી જ જાણતા એવા આત્માને પોતપોતાના સ્વભાવથી જ પરિણમતા શબ્દાદિક **કિંચિત્ માત્ર** પણ વિકાર કરતા નથી, જેમ પોતાના સ્વરૂપથી જ પ્રકાશતા એવા દીવાને ઘટપટાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પદાર્થો વિકાર કરતા નથી તેમ. આવો વસ્તુસ્વભાવ છે, તો પણ જીવ શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સૂંઘી, રસને આસ્વાદી, સ્પર્શને સ્પર્શી, ગુણદ્રવ્યને જાણી; તેમને **સારાં-નરસાં માની** રાગદ્વેષ કરે છે તે અજ્ઞાન જ છે.

(શ્રી સમયસાર-ગા. ૩૭૩ થી ૩૮૨ નો ભાવાર્થ).

૬. "....વસ્તુસ્વભાવ પર વડે ઉત્પન્ન કરી શકાતો નહિ હોવાથી, તેમજ વસ્તુસ્વભાવ પરને ઉત્પન્ન કરી શકતો નહિ હોવાથી, આત્મા જેમ બાહ્ય પદાર્થોની અસમીપતામાં (પોતાના સ્વરૂપથી જ જાણે છે) તેમ બાહ્ય પદાર્થોની સમીપતામાં પણ પોતાના સ્વરૂપથી જ જાણે છે. (એમ) પોતાના સ્વરૂપથી જ જાણતા એવા તેને (આત્માને), વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિને પામતા એવા મનોહર કે અમનોહર શબ્દાદિ **બાહ્ય પદાર્થો જરાય વિક્રિયા ઉત્પન્ન કરતા નથી.**

(શ્રી સમયસાર-ગા. ૩૭૩ થી ૩૮૨ ની ટીકા)

**પ્ર. ૪૦૪ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ક્યારે કહેવાય ?**

ઉ. ૪૦૪ જે સમયે વસ્તુ કાર્યરૂપે પરિણમે એટલે કે ઉપાદાનમાં કાર્ય થાય તે જ સમયે સંયોગરૂપ પરવસ્તુને નિમિત્ત કહેવાય. જો કાર્ય ન થાય તો કોઈ સામગ્રીને નિમિત્તકારણ કહેવાય નહિ, કારણકે કાર્ય થયા પહેલાં નિમિત્ત કોનું ? કાર્ય-કારણનો સમય એક જ હોય છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સમયના વર્તમાન પર્યાયમા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ હોય છે.

**પ્ર. ૪૦૫ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દૃષ્ટાંત આપી સમજાવો.**

ઉ. ૪૦૫

(૧) કેવળજ્ઞાન નૈમિત્તિક છે અને લોકાલોકરૂપ બધાં જ્ઞેય નિમિત્ત છે. (પ્રવચનસાર ગા. ૨૬ ની ટીકા)

(૨) સમ્યગ્દર્શન નૈમિત્તિક છે અને સમ્યગ્જ્ઞાનીના ઉપદેશાદિ નિમિત્ત છે. (આત્માનુશાસન ગા.૧૦ ની ટીકા)

(૩) સિદ્ધદશા નૈમિત્તિક છે અને પુદ્ગલકર્મનો અભાવ નિમિત્ત છે. (સમયસાર ગા. ૮૩ ની ટીકા)

(૪) "જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહારાદિ) પુદ્ગલદ્રવ્ય તેને નહિ પચ્ચકખતો આત્મા (મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચ્ચકખતો (ત્યાગતો) નથી, તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચ્ચકખતો (નહિ ત્યાગતો) આત્મા તેના નિમિત્ત થતા ભાવને પચ્ચકખતો (ત્યાગતો) નથી."

(સમયસાર ગાથા ૨૮૬-૮૭ ની ટીકા)

આમાં બંધસાધકભાવ નૈમિત્તિક છે અને અધઃકર્મ અને ઉદ્દેશિક આહારાદિ પરદ્રવ્ય નિમિત્ત છે.

૧. 'જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ **અધઃકર્મ** કહેવામાં આવે છે. જે આહાર ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે.” આવા આહાર (અધઃકર્મ અને ઉદ્દેશિક) ના નિમિત્તે જે આત્માના ભાવ થાય છે તે નૈમિત્તિક બંધસાધક ભાવ છે.

૨. **નિમિત્ત-નૈમિત્તિકસંબંધ માત્ર કર્મ અને જીવ વચ્ચે જ હોય છે એ વાત ખરી નથી,** કારણો બતાવવાં હોય ત્યારે ઉપાદાનકારણ અને નિમિત્તકારણ કહેવાય છે.

૩. નિમિત્તકારણ અને તેની સાથેનો સંબંધ બતાવવો હોય ત્યારે ઉપાદાનનું કાર્ય (નિમિત્ત અપેક્ષાએ) નૈમિત્તિક કહેવાય છે.

**પ્ર. ૪૦૬**

**“ગુરુ ઉપદેશ નિમિત્ત વિન, ઉપાદાન બલહીન;**
**જ્યોં નર દૂજે પાંવ બિન, ચલવેકો આધીન.”**
(બનારસી વિલાસ)

અર્થઃ- ગુરુના ઉપદેશરૂપ નિમિત્ત વિના ઉપાદાન (શિષ્યાદિ) બલહીન છે. કારણકે બીજા પગવગર માણસ ચાલી શકે ?

[આ માન્યતા બરાબર છે ? એવો શિષ્યનો પ્રશ્ન છે.]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૪૦૬ એ માન્યતા બરાબર નથી, એમ બતાવવા શ્રીગુરુ દોહાથી જવાબ આપે છે-

(૧) "જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઊ શિવમગધાર;
ઉપાદાન નિહર્ચે જહઁ, તહઁ નિમિત્ત વ્યોહાર."
(બનારસી વિલાસ)

અર્થઃ- સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નેત્ર અને સ્થિરતારૂપ ચરણ (અર્થાત્ લીનતારૂપ ક્રિયા)-એ બંને મળીને મોક્ષમાર્ગ જાણો. જ્યાં **ઉપાદાનરૂપ નિશ્ચયકારણ હોય છે ત્યાં નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય છે જ.**

ભાવાર્થઃ- ઉપાદાન તે નિશ્ચય અર્થાત્ સાચું કારણ છે; નિમિત્ત તો માત્ર વ્યવહાર અર્થાત્ ઉપચારકારણ છે, સાચું કારણ નથી; તેથી તો તેને અકારણવત્ (અહેતુવત્) કહ્યું છે. તેને ઉપચાર (આરોપિત) કારણ એટલા માટે કહ્યું છે કે તે ઉપાદાનનું કંઈ કાર્ય કરતું-કરાવતું નથી, છતાં કાર્યના સમયે તેના ઉપર અનુકૂળપણાનો આરોપ આવે છે. તે કારણે તેને ઉપચારમાત્ર કહ્યું છે.

[સમ્યગ્જ્ઞાન અને ચારિત્રરૂપ લીનતાને મોક્ષમાર્ગ જાણો એવું કહ્યું તેમાં શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને મોક્ષમાર્ગ ન જાણો એ વાત આવી જાય છે.]

(૨) "ઉપાદાન નિજગુણ જહાં, **તહં નિમિત્ત પર હોય.**
ભેદજ્ઞાન પરવાન વિધિ, વિરલા બૂઝે કોય."
(બનારસી વિલાસ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અર્થઃ- **જયાં નિજશક્તિરૂપ ઉપાદાન હોય ત્યાં પર નિમિત્ત હોય છે જ.** એમ ભેદજ્ઞાન પ્રમાણનો વિધિ (વ્યવસ્થા) છે. આ સિદ્ધાંત કોઈ વિરલા જ સમજે છે.

ભાવાર્થઃ- જયાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય જ છે. નિમિત્તની રાહ જોવી પડે તેવું હોતું નથી, અને નિમિત્તને અમે મેળવી શકીએ છીએ, એવું પણ હોતું નથી. નિમિત્તની રાહ જોવી પડે છે યા તેને હું લાગી શકું-એવી માન્યતા પર પદાર્થમાં અભેદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાનસૂચક છે. ઉપાદાન અને નિમિત્ત બંને અસહાયરૂપ સ્વતંત્ર છે એ• તેમની મર્યાદા છે.

(૩) "ઉપાદાન બલ જહઁ તહઁા, નહિં નિમિત્તકો દાવ;
એક ચક્રસોં રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ."
(બનારસી વિલાસ)

અર્થઃ- જયાં જુઓ ત્યાં ઉપાદાનનું જ બળ છે. (નિમિત્ત હોય છે) પરંતુ નિમિત્તનો (કાર્ય કરવામાં) કંઈ પણ દાવ (બળ) નથી. એક ચક્રથી રવિ (સૂર્ય) નો રથ ચાલે છે તે તેનો સ્વભાવ છે.

[તેમ પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતાથી (સામર્થ્ય) થી જ થાય છે.]

**પ્ર. ૪૦૭ "હોં જાને થા એક હી. ઉપાદાનસોં કાજ;
થકૈ સહાઈ પૌન બિન પાની માંહિ જહાજ."**
**(બનારસી વિલાસ)**

અર્થ:- એકલા ઉપાદાનથી કાર્ય થતું હોય તો પવનની મદદ વિના જહાજ પાણીમાં કેમ ચાલતું નથી?

ઉ. ૪૦૭

(૧) "સધૈ વસ્તુ અસહાય જહઁ, તહાં નિમિત્ત હૈ કૌન;
જ્યોં જંહાજ પરવાહમેં, તિરૈ સહજ વિન પૌન."
(બનારસી વિલાસ)

અર્થ:- જ્યાં પ્રત્યેક વસ્તુ સ્વતંત્રપણે પોતાની અવસ્થાને (કાર્યને) પ્રાપ્ત કરે છે ત્યાં નિમિત્ત કોણ ? જેમ જહાજ પ્રવાહમાં સહજ પવન વિના જ તરે છે.

ભાવાર્થ:- જીવ અને પુદ્ગલ દ્રવ્ય શુદ્ધ યા અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રપણે જ પોતાનામાં પરિણમન કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રપણે નિમિત્તાધીન થઈ પરિણમન કરે છે.. કોઈ નિમિત્ત તેને આધીન બનાવી શકતું નથી.

(૨) "ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ,
બસે જુ જૈસે દેશમેં, કરે સુ તૈસે ભેષ."

વિશેષાર્થ:- ઉપાદાનનું કથન નિર્વચન (અર્થાત્ એક "યોગ્યતા" શબ્દ દ્વારા જ થાય) છે; ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે. ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર ભિન્ન-ભિન્ન કારણપણાનો આરોપ (-ભેષ) આવે છે; ઉપાદાનનો વિધિ નિર્વચન હોવાથી નિમિત્ત દ્વારા એ કાર્ય થયું એવું વ્યવહારથી કહેવામાં આવે છે.

ભાવાર્થઃ- ઉપાદાન જ્યારે જેવું કાર્ય કરે છે ત્યારે તેવા કારણપણાનો આરોપ (-ભેષ) નિમિત્ત પર આવે છે; જેમ કે-કોઈ વજ્રકાયવાન મનુષ્ય સાતમી નરકગતિ યોગ્ય મલિન ભાવ ધારણ કરે છે, તો વજ્રકાય પર નરકના કારણપણાનો આરોપ આવે છે; તથા જો જીવ મોક્ષ યોગ્ય નિર્મલ ભાવ કરે છે તો તે નિમિત્ત પર મોક્ષકારણપણાનો આરોપ આવે છે. આવી રીતે ઉપાદાનના કાર્ય અનુસાર નિમિત્તમાં કારણપણાનો ભિન્ન ભિન્ન આરોપ કરવામાં આવે છે. આથી એવું સિદ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય થતું નથી પરંતુ કથન થાય છે, તેથી ઉપાદાન સાચું કારણ છે અને નિમિત્ત આરોપિત કારણ છે.

ખરેખર તો, નિમિત્ત એમ પ્રસિદ્ધ કરે છે કે-નૈમિત્તિક સ્વતંત્ર પોતાના કારણથી પરિણમન કરી રહેલ છે, તો ઉપસ્થિત બીજી અનુકૂળ વસ્તુને નિમિત્ત કહેવાય છે.

**પ્ર. ૪૦૮ નિમિત્ત વિના કાર્ય થાય ?**

ઉ. ૪૦૮

૧. નિશ્ચયથી તો નિમિત્ત વિના જ સર્વત્ર સ્વયં ઉપાદાનની યોગ્યતાથી જ કાર્ય થાય છે; તે કાળે ઉચિત નિમિત્ત હોય છે એ વ્યવહારકથન છે.

નિમિત્ત એવો છે કે-**નિશ્ચયથી ઉપાદાન વિના કોઈ કાર્ય થતું નથી.** કાર્ય તે પર્યાય છે અને નિશ્ચયથી તે પરથી (નિમિત્ત) નિરપેક્ષ થાય છે. [જુઓ, ૧-સમયસાર ગા. ૩૦૮ થી ૧૧ તથા **તેની**

સં. ટીકા; ૨-પંચાસ્તિકાય ગા. ૬૨ સં. ટીકા. ૩-બનારસીદાસના ઉપાદાન-નિમિત્ત દોહા નં. ૪-૫-૬; ૪-પ્રવચનસાર ગા. ૧૦૦ ની શ્રી જયસેનાચાર્ય કૃત ટીકા, અ. ૨ ગા. ૮, પા. ૧૩૬; તથા પ્રવચનસાર ગા. ૧૬૦ તથા તેની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ટીકા]

૨. નિમિત્ત વ્યવહારકારણ છે એમ નહીં માનનારને 'નિમિત્ત વિના કાર્ય થતું નથી.' એમ બતાવવામાં આવે છે; પણ વ્યવહારના કથનોને નિશ્ચયનાં કથનો સમજવાં તે ભૂલ છે.

[જુઓ, સમયસાર ગા. ૩૨૪-૩૨૭ તથા ટીકા.]

૩. એવું નથી કે-કદી કાર્ય માટે નિમિત્તની રાહ જોવી પડે, અથવા નિમિત્ત મેળવવા પડે, અથવા નિમિત્ત છે તેથી ઉપાદાનમાં કાર્ય થાય છે.

૪. પ્રત્યેક સમયે ઉપાદાનમાં નિશ્ચિત કાર્ય થાય છે અને તે કાળે નિમિત્ત પણ નિશ્ચિત હોય છે જ.

૫. દરેક દ્રવ્ય અનાદિથી અનંતકાળ પ્રત્યેક સમયે પરિણમન કરે જ છે, તે પરિણામ પોતે કાર્ય છે અને દરેક સમયના કાર્ય માટે ઉપાદાન અને નિમિત્તકારણો અર્થાત્ ઉપાદાનરૂપ ઉત્પાદક સામગ્રી અને નિમિત્તરૂપ ઉત્પાદક સામગ્રી હોય જ છે. કોઈ સમયે તે ન હોય તેમ બનતું જ નથી.

[જુઓ, પ્રકરણ ૫મું, પ્રશ્ન ૩૬૩.]

**પ્ર. ૪૦૯ પુદ્‌ગલ કર્મની જોરાવરીથી જીવમાં રાગ-દ્વેષના પરિણામ થાય છે એ બરાબર છે ?**

ઉ. ૪૦૯

૧. ના; શ્રી 'સમયસાર-નાટક' માં આવો પ્રશ્ન ઉપસ્થિત કરી તેનું નીચે પ્રમાણે સમાધાન કર્યું છેઃ-

"કોઉ મૂરખ યોં કહે, રાગ દોષ પરિનામ;
પુગ્ગલકી જોરાવરી, વરતૈ આતમરામ.
જ્યોં જ્યોં પુગ્ગલ બલ કરૈ, ધરિ ધરિ કર્મ જ ભેષ;
રાગદોષકૌ પરિનમન, ત્યોં ત્યોં હોઈ વિશેષ."

અર્થઃ- કોઈ કોઈ મૂર્ખ એમ કહે છે કે આત્મામાં રાગ-દ્વેષના ભાવ પુદ્‌ગલની જોરાવરીથી થાય છે. તે કહે છે કે-પુદ્‌ગલ કર્મરૂપ પરિણમનના ઉદયમાં જેવું-જેવું જોર કરે છે તેવું-તેવું બાહુલ્યતાથી રાગ-દ્વેષના પરિણામ થાય છે.

"ઈહિ વિધિ જો વિપરીત પખ, ગહૈ સદહૈ કોઈ;
સો નર રાગ વિરોધસૌં, કબહૂં ભિન્ન ન હોઈ.
સુગુરુ કહૈ જગમૈં રહૈં, પુગ્ગલ સંગ સદીવ;
સહજ શુદ્ધ પરિનમનિકૌ, અવસર લહૈ ન જીવ.
તાતૈં ચિદ્‌ભાવનિ વિષૈ, સમરથ ચેતન રાઉ,
રાગ-વિરોધ મિથ્યાતમૈં સમક્તિમૈં સિવ ભાઉ."

(સમયસાર નાટક પા. ૩૫૩)

અર્થઃ- આવી રીતે કોઈ માણસ વિપરીત પક્ષ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રહણ કરી શ્રદ્ધાન કરે છે કે તે રાગવિરોધરૂપ ભાવોથી કદી ભિન્ન થઈ શકે જ નહિ. સદ્ગુરુ કહે છે કે જગતમાં સંસારી જીવને પુદ્ગલનો સંગ તો સદૈવ રહે છે, તો પછી જીવને સહજ શુદ્ધ પરિણામ કરવાનો અવસર જ રહેશે નહિ; માટે પોતાના (શુદ્ધ યા અશુદ્ધ) ચૈતન્યપરિણામમાં ચેતનરાજા જ સમર્થ છે. રાગ-વિરોધરૂપ પરિણામ પોતાના મિથ્યાત્વભાવમાં છે, અને પોતાના સમક્તિ પરિણામમાં શિવભાવ અર્થાત્ જ્ઞાન-દર્શન-સુખ આદિ ઊપજે છે.

૨. ''અવિદ્યા જડ નાની શક્તિથી તારી મહાન શક્તિ ન હણાઈ જાય; પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી, તારી (ઊંટી) ચિંતવણી તારે ગળે પડી અને તેથી પરને દેખી આત્મા ભૂલ્યો, એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે; તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વને ન જોડે તો જડનું કાંઈ જોર નથી; તેથી અપરંપાર શક્તિ તારી છે....''

(શ્રી દીપચંદજીકૃત 'અનુભવપ્રકાશ'-ગુ. આવૃત્તિ, પા. ૩૭)

**પ્ર. ૪૧૦ સંજ્ઞી પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, કર્મનો મંદ ઉદય, સમ્યગ્જ્ઞાનીનો ઉપદેશ વગેરે નિમિત્તો વિના ખરેખર મોક્ષમાર્ગ પ્રગટ થાય છે ?**

ઉ. ૪૧૦ હા; કારણકે દરેક દ્રવ્યનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પોતાપણે છે અને પરપણે નથી, માટે એક દ્રવ્યને બીજા દ્રવ્યની જરૂર પડતી જ નથી. જ્યાં નિશ્ચયકારણ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉપાદાનકારણ-હોય છે ત્યાં વ્યવહારકારણ-નિમિત્ત કારણ-હોય છે જ.

૨. જીવ નિજ શુદ્ધ સાતા-દ્રષ્ટા સ્વભાવની રુચિ અને તેમાં લીનતારૂપ પુરુષાર્થ ન કરે ત્યાં સુધી કોઈ પદાર્થ ઉપર નિમિત્તપણાનો આરોપ આવતો નથી. જીવ જ્યારે પોતામાં ધર્મ-અવસ્થા પ્રગટ કરે ત્યારે તેને ઉચિત (અનુકૂળ) બાહ્ય પદાર્થ ઉપર નિમિત્તપણાનો આરોપ આવે છે.

૩. નિશ્ચયનયે તો નિમિત્ત વિના ઉપાદાનમાં સ્વથી જ કાર્ય થાય છે, પણ તે કાળે કેવાં નિમિત્તો હોય છે તેનું જ્ઞાન કરાવવા માટે નિમિત્ત વિના કાર્ય થતું નથી એવું વ્યવહાર નયનું કથન છે.

૪. "જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે. તેને તો સત્યાર્થ એમ જ છે" એમ જાણવું; તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે. તેને **"એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે." એમ જાણવું...."**

(શ્રી મોક્ષમાર્ગપ્રકાશક, પા. ૨૫૬)

૫. આ સંબંધમાં શ્રી ભગવતીદાસજીએ 'બ્રહ્મવિલાસ' પૃ. ૨૨૩ પર નિમિત્ત-ઉપાદાનના સંવાદરૂપે કહ્યું છે કેઃ-

નિમિત્તઃ-'દેવ જિનેશ્વર ગુરુ યતિ, અરુ જિન આગમસાર.

ઈહિ નિમિત્તતૈં જીવ સબ; પાવત હૈં ભવપાર.

ઉપાદાનઃ-'યહ નિમિત્ત ઈહ જીવકો, મિલ્યો અનંતી વાર,
ઉપાદાન પલટયો નહીં, તૌ ભટકયો સંસાર.'

નિમિત્તઃ-'કૈ કેવલી કૈ સાધુ કૈ, નિકટ ભવ્ય જો હોય, સો
ક્ષાયિક સમ્યક્ લહૈ, યહ નિમિત્ત બલ જોય.'

ઉપાદાનઃ-'કેવલી અરુ મુનિરાજકે, પાસ રહૈં બહુ લોય,
પૈ જાકો સુલટયો ધની, ક્ષાયિક તાકો હોય.'

આથી સમજાય છે કે નિમિત્ત તો જીવને પૂર્વે અનંત વાર મળ્યાં છે, પણ પોતાના ક્ષણિક ઉપાદાનકારણ વિના તે મોક્ષમાર્ગ પામી શકયો નથી અને તેથી તે સંસાર-અટવીમાં ભટકી રહ્યો છે.

**પ્ર. ૪૧૧ નિમિત્ત ભલે કંઈ ન કરે, પણ નિમિત્ત વિના તો ઉપાદાનમાં કાર્ય થતું નથી ને ?**

ઉ. ૪૧૧

૧. 'નિમિત્ત વિના.... કાર્ય થતું નથી' એ વ્યવહારનયનું કથન છે. તેનો અર્થ એ છે કે-'તેમ નથી;' પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે તેમ કહેવામાં આવે છે, કારણકે દરેક સમયના ઉત્પાદ (કાર્ય) વખતે ઉચિત બહિરંગ સાધનોની (નિમિત્તોની) સંનિધિ (હાજરી-નિકટતા) હોય જ છે; તેનો આધાર છે એ છે કેઃ-

"જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે....."

(શ્રી પ્રવચનસાર ગા. ૯૫ ની ટીકા.)

૨. અહીં આશય એટલો જ છે કે જ્યાં કાર્ય થાય ત્યાં ઉચિત નિમિત્ત હોય જ છે, ન હોય એમ બનતું નથી.

૩. જગતમાં દરેક દ્રવ્યમાં પરિણમન સમયે સમયે થઈ જ રહ્યું છે અને કાર્યને અનુકૂળ નિમિત્ત પણ સદાય દરેક સમયે હોય છે, તો પછી 'નિમિત્તને લીધે કાર્ય થયું, નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય' વગેરે દલીલોને અવકાશ જ ક્યાં રહ્યો ? કાર્યની ઉત્પત્તિ અને તેને ઉચિત નિમિત્તની ઉપસ્થિતિ વચ્ચે સૂક્ષ્મ દૃષ્ટિએ સમયભેદ છે જ નહિ.

૪. નિમિત્તનું અસ્તિત્વ નૈમિત્તિક કાર્યને જાહેર કરે છે, નહિ કે તે કાર્યની પરાધીનતા સૂચવે છે.

૫. ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે જ ઉચિત બહિરંગ સાધન 'નિમિત્ત' નામ પામે છે, તે સિવાય તે નિમિત્ત કહેવાતું નથી.

૬. નિમિત્ત પર હોવાથી તે ઉપાદાનમાં ભળીને કે દૂર રહીને તેને મદદ, અસર, પ્રેરણા, આધાર કે પ્રભાવ આપી શકે નહિ, કારણકે તેનો ઉપાદાનમાં અત્યંત અભાવ છે.

૭. પ્રત્યેક સમયે દરેક દ્રવ્ય ત્રિસ્વભાવસ્પર્શી (એટલે કે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-એ ત્રણ સ્વભાવયુક્ત) હોય છે અને કાર્યના ઉત્પાદ સમયે બહિરંગ સાધનો (નિમિત્ત) ની હાજરી હોય છે જ. (જુઓ, શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૨ ની ટીકા) આથી સિદ્ધ થાય છે કે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય અને બહિરંગ સાધનો (નિમિત્ત) નો સમય એક જ હોય છે એવો સ્વાભાવિક નિયમ જ છે, તેથી કાર્યની ઉત્પત્તિ સમયે ઉચિત નિમિત્ત હોય જ છે; તેથી નિમિત્તની ઉપસ્થિતિ-અનુપસ્થિતિનો કે તેની રાહ જોવાનો પ્રશ્ન જ રહેતો નથી.

૮. નિમિત્ત વિના ઉપાદાન બલહીન છે અને નિમિત્તની સહાય વિના કાર્ય થતું નથી-એવા બે પ્રશ્નો ઉપસ્થિત કરી પં. બનારસીદાસજીએ પોતાના રચેલા દોહામાં, એ માન્યતા ખરી નથી એવો ખુલાસો કરતાં કહ્યું છે કે-

(૧) જ્યાં ઉપાદાન નિશ્ચય હોય છે ત્યાં નિમિત્ત વ્યવહાર હોય છે જ.

(૨) જ્યાં ઉપાદાન નિજગુણ હોય ત્યાં નિમિત્ત પર હોય જ છે.

(૩) જ્યાં જુઓ ત્યાં ઉપાદાનનું જ બળ છે, નિમિત્તનો દાવ કદી પણ નથી.

(૪) જ્યાં દરેક વસ્તુ અસહાય સ્વતંત્રપણે સંધે છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પરિણમે છે), ત્યાં નિમિત્ત કોણ છે ?

[આ દોહા જિજ્ઞાસુએ ખાસ સમજવા જેવા છે.]

**પ્ર. ૪૧૨ નિમિત્ત ઉપાદાનને કંઈ કરી શકતું નથી, તો શરીરમાં સોય પેસી જવાથી જીવને દુઃખ કેમ થાય છે?**

ઉ. ૪૧૨

૧. જીવ સદાય અરૂપી હોવાથી તેને સોયનો સ્પર્શ થઈ શકે નહિ. એક આકાશક્ષેત્રે સોયનો સંયોગ થયો તે દુઃખનું કારણ નથી, પણ અજ્ઞાની જીવને શરીરની અવસ્થા સાથે એકત્વ-મમત્વબુદ્ધિ હોય છે, તેથી તેને જે દુઃખ થાય છે તે સોય શરીરમાં પેસવાના કારણે નહિ પણ તે પ્રસંગે પ્રતિકૂળતાની ખોટી કલ્પનાથી થાય છે.

૨. જ્ઞાનીને નીચલી દશામાં જે અલ્પ રાગ છે તે શરીર સાથે એકત્વબુદ્ધિનો રાગ નથી; પોતાની ક્ષણિક નબળાઈના કારણે, તેને જેટલો રાગ છે તેટલું દુઃખ થાય છે. સોયના કારણે જ્ઞાની કે અજ્ઞાનીને-કોઈને દુઃખ થતું નથી. જ્ઞાની અલ્પ દુઃખરૂપ વિકારનો જ્ઞાતા જ છે, પણ તેનો સ્વામી નથી. અજ્ઞાની પર સાથે એકત્વબુદ્ધિ કરી વિકારનો સ્વામી બની દુઃખી થાય છે.

૩. "....સામગ્રીને આધીન સુખ-દુઃખ નથી, પણ શાતા-અશાતાનો ઉદય થતાં મોહપરિણામોના નિમિત્તથી જ સુખ-દુઃખ માનીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

".....મુનિજનો શરીરની પીડા થતાં પણ તેમાં કાંઈ દુઃખ માનતા નથી, માટે સુખ-દુઃખ માનવું એ મોહના જ આધીન છે. મોહનીય અને વેદનીયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેથી શાતા-અશાતાના ઉદયથી સુખ-દુઃખ થવું ભાસે છે."

".....કેવળી ભગવાનને શાતા-અશાતાનો ઉદય તથા સુખ-દુઃખના કારણરૂપ સામગ્રીનો પણ સંયોગ છે, પરંતુ મોહના અભાવથી તેમને કિંચિત્ માત્ર પણ સુખ-દુઃખ થતું નથી; માટે સુખ-દુઃખ મોહજનિત જ માનવું. એટલા માટે તું સામગ્રીને (નિમિત્તને) દૂર કરવાના વા કાયમ રાખવાના ઉપાયો કરી દુઃખ મટાડવા તથા સુખી થવા ઈચ્છે છે, પણ એ બધાય ઉપાય જૂઠા છે, તો સાચો ઉપાય શો છે ? સમ્યગ્દર્શનાદિકથી ભ્રમ દૂર થાય તો સામગ્રીથી સુખ-દુઃખ ન ભાસતાં પોતાના પરિણામથી જ સુખ-દુઃખ ભાસે....."

(શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પાનું ૬૪)

## પ્ર. ૪૧૩ નિમિત્ત પામીને ઉપાદાન પરિણમે-એ કથનનો અર્થ શો ?

ઉ. ૪૧૩

૧. "જેઓ ગુણોને અને પર્યાયોને પામે પ્રાપ્ત કરે-પહોંચે છે.....એવા 'અર્થો' તે દ્રવ્યો છે; જેઓ દ્રવ્યોને આશ્રય તરીકે પામે-પ્રાપ્ત કરે-પહોંચે છે. એવા 'અર્થો' તે

ગુણો છે. જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે-પ્રાપ્ત કરે-પહોંચે છે એવા 'અર્થો' તે પર્યાયો છે."

(પ્રવચનસાર-ગાથા ૮૭ ની ટીકા)

૨. ઉપાદાન નિમિત્તને પામીને પરિણમે-એ કથન વ્યવહારનયનું છે, તે માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કથન છે. ઉપાદાન કદી પણ નિમિત્તને ખરેખર પામતું નથી, માટે "કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને 'એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે'-એમ જાણવું." (શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, પા. ૨૫૬)

૩. ".....તેવી રીતે જેણે પૂર્વ અવસ્થા પ્રાપ્ત કરેલી છે એવું દ્રવ્ય પણ-કે જે ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્દ્ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે-અંતરંગ સાધનભૂત સ્વરૂપકર્તાના અને સ્વરૂપકરણના સામર્થ્યરૂપ સ્વભાવવડે અનુગ્રહીત થતાં ઉત્તર અવસ્થાએ ઊપજતું થકું તે ઉત્પાદવડે લક્ષિત થાય છે....."

(શ્રી પ્રવચનસાર-ગાથા ૯૫ ની ટીકા)

એ રીતે દરેક સમયના ઉત્પાદ (કાર્ય) વખતે ઉચિત બહિરંગ સાધનોની -કર્માદિ નિમિત્તોની સંનિધિ (હાજરી-નિકટતા) હોય જ છે-એમ અહીં બતાવ્યું છે.

૪. ".....આમ હોવાથી, સર્વ દ્રવ્યોને, નિમિત્તભૂત અન્ય દ્રવ્યો પોતાનાં (અર્થાત્ સર્વ દ્રવ્યોનાં) પરિણામનાં

ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ નિમિત્તભૂત અન્ય દ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઉપજે છે.'' (સમયસાર ગાથા-૩૭૨ ની ટીકા)

૫. ''.....લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી (નક્કી) એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે, કારણ કે અન્ય પ્રકારે તેમાં સંકર, વ્યતિકર આદિ સર્વ દોષો આવી પડે. કેવા છે તે સર્વ પદાર્થો ? પોતાના દ્રવ્યમાં અંતમગ્ન રહેલ પોતાના અંગત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે-તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી...''

(શ્રી સમયસાર-ગાથા ૩ ની ટીકા)

**પ્ર. ૪૧૪ સમ્યગ્દૃષ્ટિ જીવોનો અભિપ્રાય નરકમાં જવાનો હોતો નથી. છતાં કોઈક સમ્યગ્દૃષ્ટિ નરકમાં જાય છે. તો ત્યાં તો જડ કર્મનું જોર છે અને જડ કર્મ જીવને નરકમાં લઈ જાય છે, તેથી જવું પડે છે-આ વાત ખરી છે કે નહિ ?**

ઉ. ૪૧૪

૧. એ વાત ખરી નથી; એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકે નહિ. માટે જડ કર્મ જીવને નરકમાં લઈ જાય એમ બનતું નથી.

૨. સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ કોઈ જીવ નરકમાં જવા

માગતા નથી, છતાં જે જે જીવો નરકક્ષેત્રે જવા લાયક હોય તે તે જીવો પોતાની ક્રિયાવતી શક્તિના પરિણમનના કારણે ત્યાં જાય છે. તે વખતે કાર્મણ અને તૈજસ શરીર પણ તેમની પોતાની (પુદ્‌ગલ પરમાણુઓની) ક્રિયાવતીશક્તિના પરિણામના કારણે તે ક્ષેત્રે જીવની સાથે જાય છે.

૩. વળી અભિપ્રાય તો શ્રદ્ધાગુણનો પર્યાય છે અને ઈચ્છા તે ચારિત્રગુણનો વિકારી પર્યાય છે. દ્રવ્યના દરેક ગુણો સ્વતંત્ર અને અસહાય છે, તેથી જીવની ઈચ્છા કે અભિપ્રાય ગમે તે જાતના હોવા છતાં જીવની ક્રિયાવતીશક્તિનું પરિણમન તેનાથી (અભિપ્રાય અને ઈચ્છાથી) સ્વતંત્રપણે, તે વખતના પર્યાયના ધર્મ અનુસાર થાય છે.....''

૪. નરકગતિનો ભવ પોતાના પુરુષાર્થના દોષથી બંધાયો હતો. તેથી યોગ્ય સમયે તેના ફળરૂપે જીવને પોતાની લાયકાતના કારણે નારકીનું ક્ષેત્ર સંયોગરૂપે હોય છે; કર્મ તેને નરકમાં લઈ જતું નથી. કર્મના કારણે જીવ નરકમાં જાય છે-એમ કહેવું તો તે માત્ર ઉપચાર-કથન છે. જીવનો કર્મની સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા માટે શાસ્ત્રોમાં તે કથન જણાવ્યું છે. પરંતુ ખરેખર જડકર્મ જીવને નરકમાં લઈ જાય છે એમ બતાવવા માટે તે કહ્યું નથી.

(ગુજ. મોક્ષશાસ્ત્ર-અ. ૩, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૪૧૫ ઉપાદાન અને નિમિત્તકારણોને બીજા ક્યા નામોથી કહેવામાં આવે છે ?**

ઉ. ૪૧૫

૧. ઉપાદાનને અંતરંગકારણ અને નિમિત્તને બહિરંગકારણ કહેવામાં આવે છે.

૨. ઉપાદાનને અનુપચાર (નિશ્ચય) અને નિમિત્તને ઉપચાર (વ્યવહાર) કારણ કહેવામાં આવે છે.

૩. નિમિત્ત કારણને સહકારી કારણ પણ કહેવામાં આવે છે.

**પ્ર. ૪૧૬ નિમિત્તકારણોમાં ક્યા ક્યા ભેદ પડે છે ?**

ઉ. ૪૧૬ અનેક નિમિત્ત કારણોમાં જે મુખ્ય નિમિત્ત હોય તેને અંતરંગ (નિમિત્ત) કારણ કહેવામાં આવે છે અને ગૌણ નિમિત્ત હોય તેને બહિરંગ (નિમિત્ત) કારણ કહેવામાં આવે છે. તેનાં દૃષ્ટાંતોઃ-

(૧) કર્મબંધન માટે આત્માના યોગને બહિરંગ (નિમિત્ત) કારણ અને જીવના રાગાદિ ભાવને અંતરંગ (નિમિત્ત) કારણ કહે છે.

(જુઓ, પંચાસ્તિકાય-ગા. ૧૪૮ ની ટીકા)

(૨) ......"વળી વ્રત, દાનાદિક તો કષાય ઘટાડવાનાં બાહ્ય **નિમિત્તસાધન** છે અને કરણાનુયોગનો અભ્યાસ કરતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિક દૂર થાય છે, તેથી તે **અંતરંગ નિમિત્તસાધન છે**......"

(ગુ. મોક્ષમાર્ગપ્રકાશક પા. ૨૯૨)

(૩) "....આ સમ્યકત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. જે મુમુક્ષુઓ છે તેમને પણ **ઉપચારથી** પદાર્થ નિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) **અંતરંગ હેતુઓ** કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીય કર્મના ક્ષયાદિક છે."

(નિયમસાર ગા. ૫૧ થી ૫૫ ની ટીકા)

(૪) "કોઈ પુરુષને બંધનનું **અંતરંગ નિમિત્ત** કર્મ છે, બંધનનો **બહિરંગ હેતુ** કોઈનો કાયવ્યાપાર છે; છેદનનું પણ **અંતરંગ (નિમિત્ત) કારણ** કર્મોદય છે, **બહિરંગ કારણ** પ્રમત્ત જીવની કાયક્રિયા છેં; મરણનો પણ **અંતરંગ** (નિમિત્ત) હેતુ આંતરિક (નિકટ) સંબંધનો (આયુષ્યનો) ક્ષય છે, **બહિરંગ કારણ** કોઈની કાયવિકૃતિ છે......"

(નિયમસાર ગા. ૬૮ ની ટીકા)

**પ્ર. ૪૧૭ ઉત્પાદાનકારણ કોને કહે છે ?**

ઉ. ૪૧૭ "ઉત્પત્તિના કારણને ઉત્પાદાનકારણ કહે છે. **દ્રવ્યોનું ધ્રુવપણું તથા પૂર્વ પર્યાયનો વ્યય તે ઉત્પાદન કારણ છે;** જો આમ ન માનવામાં આવે તો.... "કેવળ સર્ગ (ઉત્પાદ) શોધનાર કુંભની (-વ્યંય અને ધ્રૌવ્યથી જુદો એકલો ઉત્પાદ કરવા જનાર ઘડાની) ઉત્પાદન-કારણના અભાવને લીધે, ઉત્પત્તિ જ ન થાય; અથવા તે અસત્‌નો

જ ઉત્પાદ થાય. ત્યાં, (૧) જો કુંભની ઉત્પત્તિ ન થાય તો બધાય ભાવોની ઉત્પત્તિ જ ન થાય (અર્થાત્ જેમ કુંભની ઉત્પત્તિ ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈ પણ ભાવનો ઉત્પાદ જ ન થાય એ દોષ આવે) અથવા (૨) જો અસત્‌નો ઉત્પાદ થાય તો વ્યોમપુષ્પ (આકાશફૂલ) વગેરેનો પણ ઉત્પાદ થાય (અર્થાત્ શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે.)''

(શ્રી પ્રવચનસાર, ગા. ૧૦૦ ની ટીકા)

**પ્ર. ૪૧૮ સંહાર (વ્યય) કારણ કોને કહે છે ?**

ઉ. ૪૧૮ ''સંહાર (નાશ, વ્યય) ના કારણને સંહારકારણ કહેવામાં આવે છે. ઉત્પાદ અને ધ્રૌવ્યરહિત એકલો વ્યય માનનાર સંહારના કારણને માનતો નથી. તેથી વ્યય (સંહાર) નું કારણ ઉત્પાદ અને ધ્રૌવ્ય છે, તેને ન માનવામાં આવે તો – ''કેવળ સંહાર આરંભનાર મૃત્તિકાપિંડનો (ઉત્પાદ અને ધ્રૌવ્યરહિત એકલો વ્યય કરવા જનાર મૃત્તિકાપિંડનો), સંહારકારણના અભાવને લીધે સંહાર જ ન થાય; અથવા તો સત્‌નો જ ઉચ્છેદ થાય. ત્યાં (૧) જો મૃત્તિકાપિંડનો સંહાર ન થાય તો બધાય ભાવોનો સંહાર જ ન થાય (અર્થાત્ જેમ મૃત્તિકાપિંડનો વ્યય ન થાય તેમ વિશ્વના કોઈ પણ દ્રવ્યમાં કોઈપણ ભાવનો વ્યય જ ન થાય એ દોષ આવે); અથવા (૨) જો સત્‌નો ઉચ્છેદ થાય તો ચૈતન્ય વગેરેનો પણ ઉચ્છેદ થાય (અર્થાત્ સર્વ દ્રવ્યોનો સમૂળગો વિનાશ થાય એ દોષ આવે.)''

[ઉત્પાદનકારણ તથા સંહારકારણ તે ઉપાદાનકારણના ભેદો છે.]

**પ્ર. ૪૧૯ સમર્થકારણ કોને કહે છે ?**

ઉ. ૪૧૯ પ્રતિબંધનો અભાવ તથા સહકારી સમસ્ત સામગ્રીઓના સદ્ભાવને સમર્થકારણ કહે છે. સમર્થકારણના થવાથી કાર્યની ઉત્પત્તિ નિયમથી થાય છે. તેનાં દ્રષ્ટાંતોઃ-

૧. "....હવે આ આત્મા જે કારણથી (ઉપાદાન કારણથી) કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે **કારણરૂપ ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો (નિમિત્તકારણો) અવશ્ય મળે જ અને કાર્યની સિદ્ધિ પણ અવશ્ય થાય જ.....** માટે જે જીવ શ્રી જિનેશ્વરના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો કાળલબ્ધિ વા ભવિતવ્ય પણ થઈ ચુકયાં તથા કર્મના ઉપશમાદિ થયાં છે. ત્યારે તો તે આવો ઉપાય કરે છે, **માટે જે પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળ છે અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે.....**"

(ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશક-પા. ૩૧૧)

[નોટઃ- અહીં એમ બતાવ્યું કે જયાં ક્ષણિક ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિમિત્તકારણો હોય જ છે. અને તે બંનેને સમગ્રપણે સમર્થકારણ કહે છે.]

૨. બનારસીવિલાસ-ઉપાદાન-નિમિત્ત-દોહામાં કહ્યું છે કે-

ઉપાદાન નિજ ગુણ જહૉં, તહૅં નિમિત્ત પર હોય;

ભેદજ્ઞાન પ્રમાણ વિધિ, વિરલા બૂઝે કોય.

અર્થઃ- જ્યાં નિજશક્તિરૂપ ઉપાદાન તૈયાર હોય ત્યાં પર નિમિત્ત હોય જ છે; એવો ભેદજ્ઞાન પ્રમાણનો વિધિ (વ્યવસ્થા) છે; આ સિદ્ધાન્ત કોઈ વિરલા જ સમજે છે.

[અહીં ઉપાદાન-નિમિત્ત બંનેને જ સમગ્રપણે સમર્થકારણ કહેલ છે.]

૩. "…..કોઈ કારણ એવાં છે કે-જેના હોવાથી કાર્ય સિદ્ધ અવશ્ય થાય જ તથા જેના ન હોવાથી કાર્ય સિદ્ધ સર્વથા ન થાય; જેમઃ- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થતાં તો અવશ્ય મોક્ષ થાય અને એમ થયા વિના સર્વથા મોક્ષ ન થાય."

(મોક્ષમાર્ગપ્રકાશક-ગુજરાતી આવૃત્તિ, પા. ૩૧૫)

[અહીં ક્ષણિક ઉપાદાનને સમર્થકારણ કહ્યું છે, પણ ત્યાં ઉચિત કર્મનો અભાવ નિમિત્તકારણ હોય છે એમ સમજવું]

**પ્ર. ૪૨૦ અસમર્થકારણ કોને કહે છે ?**

ઉ. ૪૨૦ 'ભિન્ન-ભિન્ન પ્રત્યેક સામગ્રીને અસમર્થકારણ કહે છે. અસમર્થકારણ કાર્યનો નિયામક નથી.

(જૈ. સિ. પ્રવેશિકા)

તેનાં દ્રષ્ટાંતોઃ-

૧. "…..સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રમાંથી

એક પણ ન હોય તો ત્યાં મોક્ષમાર્ગ થાય જ નહિ."
(મોક્ષમાર્ગપ્રકાશક-ગુજરાતી આ. પા. ૩૧૫.)

૨. "જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે:- જેમ પ્રચંડ અગ્નિવડે તપ્ત થયું થકું પણ સુવર્ણ સુવર્ણત્વ છોડતું નથી **તેમ પ્રચંડ કર્મોદયવડે ઘેરાયું થકું પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતાં છતાં પણ) જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી. કેમકે હજાર કારણો ભેગા થવા છતાં સ્વભાવને છોડવો અશક્ય છે,** કારણ કે તેને છોડતાં સ્વભાવ-માત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય, અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે. આવું જાણતો થકો **જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો) હોવા છતાં પણ રાગી થતોનથી. દ્વેષી થતો નથી, મોહી થતો નથી, પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે......"**
(શ્રી સમયસાર ગા. ૧૮૪-૧૮૫ ની ટીકા. ગુ. આવૃત્તિ)

[અહીં બાહ્ય હજાર કારણોને તથા પ્રચંડ કર્મોદયને અસમર્થ કારણ કહ્યાં છે.]

૩. "હવે કારણ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈ કારણ તો એવાં હોય છે કે જેના હોવા વિના તો કાર્ય ન થાય અને જેના હોવાથી કાર્ય થાય વા ન પણ થાય; જેમ મુનિલિંગ ધાર્યા વિના તો મોક્ષ ન થાય, **મુનિલિંગ**

**ધારતાં મોક્ષ થાય વા ન પણ થાય.....''**

(મોક્ષમાર્ગપ્રકાશક-ગુ. આ. પાનું ૩૧૫)

[૧. ભાવલિંગ વિનાનું બાહ્ય મુનિલિંગ (અર્થાત્ અઠ્ઠાવીસ મૂલગુણનું પાલન, નગ્ન દિગમ્બર દશા) ને અહીં અસમર્થ કારણ કહ્યું છે.

૨. જ્યાં ક્ષણિક ઉપાદાનકારણ હોય ત્યાં નિમિત્તકારણ હોય છે જ, તે બંનેને સમગ્રપણે સમર્થકારણ કહે છે. એકલું ક્ષણિક ઉપાદાનકારણ કદી હોતું જ નથી; તેથી ભાવલિંગ મુનિપણું હોય ત્યાં બાહ્ય મુનિલિંગ નિયમથી હોય છે-એમ સમજવું.]

૪. क्रोधोत्पत्तेः पुनः बहिरंगं यदि भवेत् साक्षात् । न करोति किञ्चिदपि क्रोधं तस्य क्षमा भवति धर्म इति।।

અર્થઃ- ક્રોધ ઉત્પન્ન થવાને **સાક્ષાત બાહ્ય કારણ મળવા છતાં** જે અલ્પ પણ ક્રોધ કરતો નથી તેને ઉત્તમ-ક્ષમા-ધર્મ થાય છે. (શ્રી કુન્દકુન્દાચાર્ય કૃત દ્વાદશાનુપ્રેક્ષા ૭૧.)

[અહીં બાહ્ય કારણ અર્થાત્ નિમિત્તકારણ એકલું છે તેથી તેને અસમર્થ કારણ સમજવું.]

**પ્ર. ૪૨૧ સાધકતમ કારણ કોને કહે છે ?**

ઉ. ૪૨૧ ક્ષણિક ઉપાદાનની યોગ્યતાને સાધકતમ કારણ

કહે છે.
(વિશેષ માટે જુઓ, શ્રી પ્રવચનસાર, ગાથા **૧૨૬**ની ટીકા.)

જીવ સંસારદશામાં કે ધર્મની દશામાં એકલો જ પોતે પોતાનું કારણ છે, કેમકે તે એકલો જ કરણ (કારણ) હતો. અહીં પોતાના કરણ-સાધનને સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) કહેલ છે.

**પ્ર. ૪૨૨ સહકારી કારણનો અર્થ શો ? તે દ્રષ્ટાંત આપી સમજાવો.**

ઉ. ૪૨૨ સ્વયમેવ જ ગમનાદિ ક્રિયારૂપ પ્રવર્તતાં જે જીવ-પુદ્ગલ તેને ધર્માસ્તિકાય **સહકારી કારણ છે. તેમાં તેનું કારણપણું એટલું જ છે કે જયાં ધર્માદિક દ્રવ્ય હોય ત્યાં જ ગમનાદિ ક્રિયારૂપ જીવ-પુદ્ગલ પ્રવર્તે છે.**

(જુઓ, ગોમ્મટસાર-જીવકાંડ, ગા. ૫૬૭ મોટી ટીકા)

**પ્ર. ૪૨૩ અન્વયરૂપ કારણ કોને કહે છે ?**

ઉ. ૪૨૩ સમ્યગ્દ્રષ્ટિને સાધક અવસ્થામાં ચારિત્રગુણના પરિણમનમાં મિશ્રદશા હોય છે તેમાં શુદ્ધ દશા તે ઉપાદાનકારણ છે અને તે સાથે અવિનાભાવપણે રહેતા શુભભાવ નિમિત્ત હોવાથી તેને અન્વય કારણ કહેવામાં આવે છે.

દ્રષ્ટાંતઃ-''.....મહાવ્રત ધાર્યા વિના સકલ ચારિત્ર

કદી પણ હોય નહિ, માટે એ વ્રતોને (મહાવ્રતોને) અન્વયરૂપ કરણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરી તેને ચારિત્ર કહ્યું છે; જેમ અરહંતદેવાદિકનું શ્રદ્ધાન થતાં તો સમ્યક્ત્વ હોય વા ન હોય, પરંતુ અરહંતદેવાદિકના શ્રદ્ધાન થયા વિના તત્ત્વાર્થ-શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ કદી પણ હોય નહિ; માટે અરંહતાદિકના શ્રદ્ધાનને અન્વયરૂપ કારણ જાણવી કારણમાં કાર્યનો ઉપચાર કરી એ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે....''

(ગુજ. મોક્ષમાર્ગ પ્રકાશક-પાનું ૩૨૬.)

**પ્ર. ૪૨૪ સહકારી કારણ કોને કહે છે ?**

ઉ. ૪૨૪ નિમિત્તકારણને સહકારી કારણ પણ કહે છે.

દૃષ્ટાંતઃ- ''અઘાતિકર્મોના ઉદયના નિમિત્તથી શરીરાદિકનો સંયોગ થાય છે; મોહકર્મનો ઉદય થતાં **શરીરાદિકનો સંયોગ** આકુળતાનું **બાહ્ય સહકારી** કારણ છે. અંતરંગ મોહના ઉદયથી રાગાદિક થાય અને બાહ્ય અઘાતિકર્મોના ઉદયથી રાગાદિકના કારણરૂપ શરીરાદિકનો સંયોગ થાય ત્યારે આકુળતા ઊપજે છે. મોહનો ઉદય નાશ થવા છતાં પણ અઘાતિકર્મોનો ઉદય રહે છે, પણ તે આકુળતા ઉપજાવી શકતો નથી, પરંતુ પૂર્વે આકુળતાને સ્ત્રહકારી કારણરૂપ હતો. માટે એ અઘાતિકર્મોનો નાશ પણ આત્માને ઈષ્ટ જ છે.....''

(મોક્ષમાર્ગ પ્રકાશક-પાનું ૩૦૮-૩૦૯.)

[અહીં દ્રવ્યમોહકર્મના ઉદયને અંતરંગ અને

શરીરાદિને બાહ્ય સહકારી કારણ કહ્યાં છે. આકુળતામાં તે બન્ને નિમિત્તકારણો છે.]

**પ્ર. ૪૨૫ જીવને બીજા દ્રવ્યો ઉપકાર કરે છે એવું કથન તત્ત્વાર્થસૂત્રમાં આવે છે તેનો શો અર્થ છે ?**

ઉ. ૪૨૫ શ્રી પરમાત્મપ્રકાશ અ. ૨ ગા. ૨૬-૨૭ માં એવી મતલબે કહ્યું છે કે-પરદ્રવ્યો જીવને ઉપકાર કરે છે તે વ્યવહારકથન છે, અર્થાત્ ખરેખર ઉપકાર કરતાં નથી, પણ સ્વસંવેદન લક્ષણથી વિરુદ્ધ વિભાવ-પરિણતિમાં રત થયેલા જીવને તે જ નિશ્ચયથી દુઃખના કારણ (નિમિત્તકારણ) છે.

એ ગાથાનાં મથાળાં નીચે મુજબ છેઃ-

૧. "હવે જીવને વ્યવહારનયવડે અન્ય પાંચે દ્રવ્યો ઉપકાર કરે છે એમ કહે છે તથા તેઓ જીવને નિશ્ચયથી દુઃખનાં કારણ છે એમ કહે છે."

૨. "હવે પરદ્રવ્યનો સંબંધ નિશ્ચયનયથી દુઃખનું કારણ છે એમ જાણીને હે જીવ ! શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષમાર્ગમાં સ્થિત થા ! એમ કહે છે."

(આ ગાથાઓ અને તેની ટીકા મુમુક્ષુઓએ ખાસ વાંચવા જેવી છે.)

**પ્ર. ૪૨૬ કાર્ય, ઉપાદાનકારણ સદૃશ (-જેવું) થાય છે કે નિમિત્તકારણ જેવું થાય છે કે બંને જેવું કાર્ય**

**થાય છે?**

ઉ. ૪૨૬

૧. उपादानकारणसद्दशं कार्यं भवति-અર્થાત્ -ઉપાદાનકારણ જેવું કાર્ય થાય છે.

(આધાર:- હિંદી સમયસાર શ્રી જયસેનાચાર્ય કૃત ટીકા, પાનું ૧૯૧-૧૯૨-૨૬૪-૩૦૪-૪૭૬ તથા પરમાત્મપ્રકાશ અ. ૨, ગા. ૨૧-ટીકા, પા. ૧૫૧.)

૨. ઉપાદાનકારણ જેવું કાર્ય થાય છે માટે નિમિત્તકારણ જેવું કે બંને જેવું કોઈ કાર્ય થતું નથી.

સદ્દશ=સરખું, જેવું, સમરૂપ, સમાન.

[ભગવદ્ગોમંડલ કોષ પા. ૮૪-૮૮]

**પ્ર. ૪૨૭ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, જીવ અને દ્રવ્યકર્મ વચ્ચે જ હોય છે કે ઉપાદાનકારણ અને નિમિત્તકારણરૂપ સંબંધ પણ તેમની વચ્ચે હોય છે ?**

ઉ. ૪૨૭

૧. બેઉ પ્રકારનો સંબંધ હોય છે. માત્ર નિમિત્ત- નૈમિત્તિક સંબંધ જ હોય છે એમ નથી.

૨. જીવનું રાગાદિ વિકારરૂપ પરિણમન તે જીવનું સ્વતંત્ર નૈમિત્તિક કાર્ય છે અને દ્રવ્યકર્મનો ઉદય તે પુદ્ગલનું સ્વતંત્ર કાર્ય છે તથા જીવના વિકારનું તે નિમિત્તમાત્ર છે.

૩. જીવના રાગાદિ અજ્ઞાનભાવ તે અશુદ્ધ ઉપાદાનકારણ છે-નિશ્ચયકારણ છે અને દ્રવ્યકર્મનો ઉદય તે નિમિત્તકારણ છે-વ્યવહારકારણ છે.

હિંદી સમયસાર ગા. ૧૬૪-૬૫, પા. ૨૩૮ જયસેનાચાર્ય ટીકામાં કહ્યું છે કે-

निर्विकल्पसमाधिभ्रष्टानां मोहसहितकर्मोदयो व्यवहारेण निमित्तं भवति । निश्चयेन पुनः अशुद्धोपादानकारणं स्वकीयरागादि अज्ञानभाव एव ॥ १६४-१६५ ॥

૪. જીવનું રાગાદિ વિકારરૂપ પરિણમન નિશ્ચયથી (ખરી રીતે) નિરપેક્ષ છે, (પંચાસ્તિકાય ગા. ૬૨ ની ટીકાના આધારે.)

૫. તત્ત્વદૃષ્ટિથી આત્મા જ્ઞાતા છે અને કર્મ જ્ઞેય છે, તેથી તેમની વચ્ચે જ્ઞાતા-જ્ઞેય સંબંધ છે. પણ જે આવા જ્ઞાતા-જ્ઞેયના સંબંધને ચૂકે છે તે જ જીવ રાગાદિ વિકારરૂપે પરિણમન કરે છે અને તેને દ્રવ્યકર્મનો ઉદય નિમિત્તમાત્ર કારણ અર્થાત્ વ્યવહારકારણ કહેવાય છે.

આ ઉપરથી એમ સમજવું કેઃ-નિમિત્ત (પરવસ્તુ) જીવને પરાધીન કરે છે, બગાડે છે અથવા સુધારે છે એવું પરતંત્રપણું માનવારૂપ મિથ્યાદૃષ્ટિપણું છોડી સ્વાશ્રયી સાચી દૃષ્ટિ કરવી યોગ્ય છે.

**પ્ર. ૪૨૮ સાક્ષાત્ અને પરંપરા કારણ કોને કહે છે?**

ઉ. ૪૨૮ ઉપાદાનકારણને સાક્ષાત્ કારણ અને નિમિત્તને પરંપરાકારણ કહેવામાં આવે છે. તેનાં દૃષ્ટાંતઃ-

૧. "....એ ચારે લક્ષણ (-૧. દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન, ૨. તત્ત્વશ્રદ્ધાન, ૩. સ્વપરનું શ્રદ્ધાન અને ૪. આત્મશ્રદ્ધાન) મિથ્યાદૃષ્ટિને આભાસમાત્ર છે તે **નિયમરહિતપણે** સમ્યક્ત્વનાં **પરંપરા કારણ** છે તથા સાચા છે તે **નિયમરૂપ** (સમ્યક્ત્વના) **સાક્ષાત્ કારણ છે.**

(મોક્ષમાર્ગ પ્રકાશક-પાનું ૩૩૨.)

૨. મિથ્યાદૃષ્ટિના રાગના અંશથી અનેક દોષોની પરંપરા થાય છે. મિથ્યાદૃષ્ટિનો શુભ રાગ **સર્વ અનર્થોની પરંપરાનું કારણ છે.** (જુઓ, પંચાસ્તિકાય ગા. ૧૬૮ની શ્રી જયસેનાચાર્યકૃત ટીકા.)

३. 'पारम्पर्येण तु आस्त्रवक्रियया नास्ति निर्वाणम् ।
संसारगमनकारणभितिनिन्द्यं आस्त्रवं जानीहि ॥५९॥

અર્થઃ- કર્મનો આસ્ત્રવ કરનારી ક્રિયાથી પરંપરાએ પણ નિર્વાણ પ્રાપ્ત થઈ શકતું નથી; માટે સંસારમાં ભટકાવવાના કારણરૂપ આસ્ત્રવને નિન્દ્ય જાણો. ૫૯.

(જુઓ; શ્રી કુન્દકુન્દાચાર્યકૃત દ્વાદશાનુપ્રેક્ષા ગા. ૫૯)

૪. મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય-કેવલજ્ઞાન અભેદરૂપ

સાક્ષાત્ મોક્ષકારણ છે.

(જુઓ-હિંદી સમયસાર ગા. ૨૧૫, પા. ૩૦૪, શ્રી જયસેનાચાર્યકૃત ટીકા)

તીર્થંકર પ્રકૃતિ આદિ પરંપરા નિર્વાણનું કારણ છે.

(જુઓ-હિંદી સમયસાર ગા. ૧૨૧-૧૨૫ ની શ્રી જયસેનાચાર્યકૃત ટીકા પા. ૧૮૬)

૫. "........વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના **પરંપરાહેતુભૂત** ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતારહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તેજ સમ્યક્ત્વ છે....."

(ગુજ. નિયમસાર. ગા. ૫૧-૫૫ની ટીકા)

**પ્ર. ૪૨૯ સમ્યગ્દષ્ટિનો શુભભાવ તે પરંપરાએ ધર્મનું કારણ છે એમ શાસ્ત્રમાં કેટલીક જગ્યાએ કહેવામાં આવે છે તેનો શો અર્થ છે ?**

ઉ. ૪૨૯ "સમ્યગ્દષ્ટિ જીવો પોતાના સ્વરૂપમાં જ્યારે સ્થિર રહી શકતા નથી ત્યારે રાગ-દ્વેષ તોડવાનો પુરુષાર્થ કરે છે, પણ પુરુષાર્થ નબળો હોવાથી અશુભભાવ ટળે છે અને શુભભાવ રહી જાય છે. તેઓ તે શુભભાવને ધર્મ કે ધર્મનું કારણ માનતા નથી, પણ તેને આસ્રવ જાણીને ટાળવા માગે છે. તેથી જ્યારે તે શુભભાવ ટળી જાય ત્યારે જે શુભભાવ ટળ્યો તેને શુદ્ધભાવ (-ધર્મ) નું પરંપરા કારણ કહેવામાં આવે છે. સાક્ષાત્પણે તે ભાવ શુભાસ્રવ હોવાથી બંધનું કારણ છે. અને જે બંધનું કારણ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તે સંવરનું કારણ થઈ શકે નહિ.”

(ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૭ ની ભૂમિકા, પૃ. ૫૩૮)

પોતાની પ્રજ્ઞાના અપરાધથી શાસ્ત્રના અર્થને તથા આગળ પાછળની ગાથાઓની સંધિને નહિ સમજનારાઓ, જીવની અવસ્થામાં રાગાદિ થવા સંબંધમાં સ્ફટિકના દૃષ્ટાન્ત દ્વારા પ્રરૂપણા કરે તે સંબંધી ખુલાસોઃ-

**પ્ર. ૪૩૦ શ્રી સમયસાર બંધ અધિકાર ગા. ૨૭૮-૭૯ માં સ્ફટિક સ્વભાવથી શુદ્ધ હોવા છતાં લાલ વગેરે રંગના સંયોગથી લાલાદિરૂપે કરાય છે તેમ આત્મા સ્વભાવે શુદ્ધ હોવા છતાં અન્ય દ્રવ્યોવડે રાગી આદિ કરાય છે, એમ કહ્યું છે તે ઉપરથી એમ માનવામાં આવે કે-'જેવો કર્મનો ઉદય હોય તે પ્રમાણે જ-તદ્રૂપ જ-જીવને વિકાર કરવો પડે-એવો વસ્તુનો સ્વભાવ છે તો તે માન્યતા બરાબર છે ?**

ઉ. ૪૩૦

૧. ના; (-એ માન્યતા જૂઠી છે). આ વિષયનો ખુલાસો શ્રી સમયસાર નાટક બંધદ્વારમાં નીચે મુજબ કર્યો છે કેઃ-

“જૈસે નાના બરન પુરી બનાઈ દીજૈ હેઠ,
ઉજ્જવલ વિમલ મનિ સૂરજ કરાંતિ હૈ;
ઉજ્જવલતા ભાસૈ જબ વસ્તુકો વિચાર કીજૈ,
પુરીકી ઝલકસૌં વરન ભાંતિ ભાંતિ હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તૈંસેં જીવ દરવકૌં પુગ્ગલ નિમિત્તરૂપ,
તાકી મમતાસૌં મોહ મદિરાકી માંતિ હૈ;
ભેદગ્યાન દ્રિષ્ટિસૌં સુભાવ સાધિ લીજૈ તહાં,
સાંચી શુદ્ધ ચેતના અવાચી સુખ સાંતિ હૈ. ૩૪.''

અર્થઃ- જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાન્ત અથવા સ્ફટિક મણિની નીચે અનેક પ્રકારના ડાંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ-બેરંગી દેખાવા લાગે છે અને જો વસ્તુનું અસલી સ્વરૂપ વિચારવામાં આવે તો ઉજ્જવલતા જ જણાય છે તેમ **જીવ દ્રવ્યને પુદ્ગળ તો માત્ર નિમિત્તરૂપ છે** (પણ) **તેની મમતાના કારણથી મોહ-મદિરાની ઉન્મત્તતા થાય છે.** તો પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે, તો અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખશાન્તિ પ્રતીત થાય છે. ૩૪.

૨. ઉપરની ગાથા, ટીકા અને તેના કળશના અનુસંધાનમાં સમયસાર ગાથા ૨૮૦ માં આ વિષયનો સ્પષ્ટ ખુલાસો કરવામાં આવ્યો છે. ત્યાં જણાવ્યું છે કે વસ્તુસ્વભાવને જાણતા જ્ઞાનીઓ (આત્માઓ) પોતાના શુદ્ધ સ્વભાવથી જ ચ્યુત થતા નથી, તેઓ કર્મનો ઉદય હોવા છતાં રાગ-દ્વેષ-મોહભાવના કર્તા થતા નથી. અને ગા. ૨૮૧માં કહ્યું કે-વસ્તુસ્વભાવને નહિ જાણતા એવા અજ્ઞાની જીવો, કર્મની સાથે એકતાબુદ્ધિ કરે છે અને ભેદજ્ઞાન કરતા નથી, તેથી તે કર્મના ઉદયમાં જોડાઈ

રાગ-દ્વેષ-મોહાદિ ભાવના કર્તા થાય છે.

૩. સમયસાર બંધ અધિકારની ગાથાઓમાં એમ સમજાવ્યું છે કેઃ- આત્માનો ધ્રુવસ્વભાવ અબંધ છે. તેનો જેઓ આશ્રય કરતા નથી તેને જ ભાવ અને દ્રવ્યબંધ થાય છે; અને જે ધ્રુવસ્વભાવનો આશ્રય કરે છે તેઓને ભાવ અને દ્રવ્યબંધ થતો નથી. [સમ્યગ્દષ્ટિને પોતાની નબળાઈના કારણે અલ્પ બંધ થાય છે તેને ગૌણ કહેલ છે.]

૪. સમયસાર, ગા. ૩૧૨ થી ૩૫૧ માં પણ તે મુજબ જણાવ્યું છે ગા. ૩૧૪ માં તો કહ્યું છે કે-જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વણસવું છોડતો નથી ત્યાં સુધી તે અજ્ઞાયક છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયત છે.

૫. પ્રવચનસાર જ્ઞેય અધિકાર ગા. ૧૮૬ માં અશુદ્ધ પરિણામ આત્મદ્રવ્યથી (द्रव्यजातस्य) સ્વદ્રવ્યથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. અર્થાત્ રાગાદિ વિકાર જીવના પોતાના અશુદ્ધ ઉપાદાનના કારણે થાય છે. દ્રવ્યકર્મ તો નિમિત્તમાત્ર છે. માટે કર્મનો ઉદય જીવને વિકાર કરાવવા માટે નિમિત્ત થઈને આવે છે તેવું નથી, પણ "સંસાર-અવસ્થામાં આત્મા પરદ્રવ્ય-પરિણામને (-પુદ્‌ગલ કર્મપરિણામનો) નિમિત્તમાત્ર કરે છે (નિમિત્ત બનાવે છે) એવા કેવળ સ્વપરિણામમાત્રનું (-તે સ્વપરિણામ સ્વદ્રવ્યપણારૂપ હોવાથી) કર્તાપણું

અનુભવે છે.''

ભાવાર્થ:- ''હમણાં સંસારદશામાં જીવ પૌદ્‌ગલિક કર્મપરિણામને નિમિત્તમાત્ર કરીને પોતાના અશુદ્ધ પરિણામનો જ કર્તા થાય છે.'' (પ્રવચનસાર ગા. ૧૮૬, પા. ૩૦૫)

**પ્ર. ૪૩૧ બલાધાનનો અર્થ શો છે ? બલાધાન કારણ કોને કહે છે ?**

ઉ. ૪૩૧

૧. બલાધાનનો વ્યુત્પત્તિ અર્થ બલ+આધાન=બલનું ધારણ-એવો થાય છે.

૨. ઉપાદાન કારણ પોતાનું કાર્ય કરવાનું પોતે પોતાથી બલ ધારણ કરે ત્યારે જે નિમિત્ત હોય તેને બલાધાન કારણ કહેવામાં આવે છે. નિમિત્ત ખરેખર ઉપાદાનને કાંઈ પણ બળ આપી શકતું નથી-એમ બતાવવા માટે બલાધાન માત્ર નિમિત્તને કહેવામાં આવે છે. જેનાં દૃષ્ટાંત:-

(૧) ''.....એ ઈન્દ્રિયજ્ઞાનવાળો જીવ પોતે અમૂર્ત હોવા છતાં એવા પંચેન્દ્રિયાત્મક શરીરને પ્રાપ્ત થયો થકો, જ્ઞપ્તિ નીપજવામાં બળ-ધારણનું નિમિત્ત થતું હોવાથી જે ઉપલંભક (જણાવનાર, જાણવામાં નિમિત્તભૂત) છે એવા તે મૂર્ત (શરીર) વડે મૂર્ત એવી સ્પર્શાદિપ્રધાન વસ્તુને-કે જે યોગ્ય હોય અર્થાત્ જે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઈન્દ્રિયો દ્વારા) ઉપલભ્ય હોય તેને-અવગ્રહીને, કદાચિત્ તેનાથી ઉપર-ઉપરની (-અવગ્રહથી આગળ-આગળની) શુદ્ધિના સદ્ભાવને લીધે તેને જાણે છે....'' (પ્રવચનસાર ગા. ૫૫ ની ટીકા)

(૨) તત્ત્વાર્થસારનો અધ્યાય બીજો-સૂત્ર ૩૯ માં કહ્યું છે કેઃ-

क्रियाहेतुत्वमेतेषां निष्क्रियाणां न हीयते ।
यतः खलु बलाधानमात्रमत्र विवक्षितम् ॥ ३९ ॥

અર્થઃ- ધર્માસ્તિકાય નિષ્ક્રિય હોવા છતાં તેનું ક્રિયાહેતુપણું નાશ પામતું નથી જેથી ખરેખર તેને બલાધાન માત્ર કહેવામાં આવે છે.

(૩) જેમ ઉપકાર અને આલંબન-એ શબ્દોનો અર્થ નિમિત્ત થાય છે તેમ બલાધાનનો પણ તેવો જ અર્થ થાય છે. રાજવાર્તિક અ. ૫, સૂત્ર ૧૬-૧૭ નીચે કારિકા ૧૬ માં કહ્યું છે કે-

तयोः कर्तृत्वप्रसंग इति चेन्नोपकारवचनाद् यष्ट्यादिवत्॥१६॥

ઉપરોક્ત કારિકાની સંસ્કૃત ટીકાનો અર્થઃ-

''ગતિ-સ્થિતિનો, ધર્મ અને અધર્મ કર્તા છે-એવો અર્થનો પ્રસંગ આવે છે, તો તેમ નથી. શું કારણ ? ઉપકાર-વચનના લીધે. ઉપકાર, બલાધાન, અવલંબન વગેરે પર્યાયવાચક શબ્દો છે. જેનાથી ધર્મ-અધર્મનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગતિ-સ્થિતિ થવામાં, પ્રધાન કર્તૃત્વપણું નકારાયું છે. જેમઃ- પોતાની જાંઘના બળથી જતા આંધળા (માણસ) ને અથવા બીજા કોઈને લાકડી વગેરે ઉપકારક થાય છે-નહિ કે પ્રેરક (થાય છે), તેમ પોતાની શક્તિથી સ્વયમેવ જતા-ઊભા રહેતા જીવ-પુદ્ગલોને, ધર્મ-અધર્મ ઉપકારક છે-નહિ કે પ્રેરક છે.''

**પ્ર. ૪૩૨ મુખ્ય અને ઉપચાર કારણોનો શો અર્થ છે?**

ઉ. ૪૩૨ ઉપાદાન તે મુખ્ય કારણ છે અને નિમિત્ત તે ઉપચાર કારણ છે.

મુખ્યનો અર્થ નિશ્ચય અને ઉપચારનો અર્થ વ્યવહાર થાય છે. (જુઓ, કલકત્તાવાળું પુરુષાર્થસિદ્ધયુપાય ગા. ૨૨૨ ની હિંદી ટીકા-પાનું ૧૨૨; અને છ ઢાલા-ઢાલ ૬ની ગાથા ૧૪.)

**પ્ર. ૪૩૩ નિમિત્ત-ઉપાદાનના પ્રશ્નોમાં શો સિદ્ધાન્ત રહેલો છે ?**

ઉ. ૪૩૩

૧. (૧) કોઈ એકલા ધ્રુવ ઉપાદાનકારણને માને પણ ક્ષણિક ઉપાદાન તથા નિમિત્તકારણોને ન માને. (૨) કોઈ ધ્રુવ ઉપાદાનકારણને તથા નિમિત્તકારણને માંને પણ ક્ષણિક ઉપાદાનકારણને ન માને. (૩) કોઈ ક્ષણિક ઉપાદાનકારણને માને પણ ધ્રુવ ઉપાદાન તથા નિમિત્તકારણોને ન માને, (૪) કોઈ નિમિત્તકારણને

જ માને પણ ધ્રુવ અને ક્ષણિક ઉપાદાનકારણોને ન માને તો તેમની આ ચારે ય પ્રકારની માન્યતાઓ મિથ્યા છે.

૨. ઉપાદાનનું કાર્ય ઉપાદાનથી જ થાય છે. નિમિત્તકારણ કાર્યકાળે હોય છે, પણ તે નિમિત્તકારણની રાહ જોવી પડે કે તેને મેળવવાં પડે એમ કોઈ માને તો તે માન્યતા મિથ્યા છે.

૩. નિમિત્ત પર છે, તેથી તે મેળવી શકાતું નથી. છતાં કોઈ બાહ્ય સામગ્રીરૂપ નિમિત્તકારણો શોધવાના નિરર્થક કાર્યમાં રોકાય તો તેમાં આકુલતા થયા વિના રહે નહિ.

૪. નિમિત્ત સાથેનો સંબંધ એક સમય પૂરતો હોય છે એમ સૂક્ષ્મદ્રષ્ટિવાન જાણે છે. છદ્મસ્થનો જ્ઞાનોપયોગ અસંખ્યાત સમયનો છે, માટે નિમિત્ત મેળવવાની શોધ નિરર્થક છે.

૫. નિમિત્ત પોતાનું ઉપાદાન છે અને સ્વઉપાદાન તરીકે પોતાનું કાર્ય પોતામાં કરે છે. જો તે પર ઉપાદાનનું કાર્ય અંશે પણ કરે અર્થાત્ પર ઉપાદાનને ખરેખર અસર કરે, તેને ટેકો આપે, તેના ઉપર પ્રભાવ પાડે, તેને લાભ–નુકસાન કરે, મદદ કરે, બળ આપે–વગેરે, તો નિમિત્તે બે કાર્યો કર્યાં–એક પોતાનું અને બીજું પર ઉપાદાનનું એમ ઠરે; એમ માનનાર દ્વિક્રિયાવાદી હોવાથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે અરિહંતના મતનો નથી.

૬. ગતિમાનાદિ નિમિત્તોને (અસદ્ભૂત વ્યવહારનયે) નિમિત્તકર્તા-હેતુકર્તા-કહેવામાં આવે છે. બીજા નિમિત્તોથી તેનો પ્રકાર જુદો બતાવવા માટે તેમ કહેવામાં આવે છે, પણ તે નિમિત્ત ઉપાદાનનું કાંઈપણ કામ ખરેખર કરે છે એવું જ્ઞાન કરાવવા માટે નથી. સર્વ પ્રકારનાં નિમિત્તો-ઉપાદાન પ્રત્યે ધર્માસ્તિકાયવત્ ઉદાસીન કારણો છે. (જુઓ, 'ઈષ્ટોપદેશ' -ગા. ૩૫.)

૭. જીવ-પુદ્ગલ ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાયની ઉપસ્થિતિ ન હોય એમ બને નહિ; તેમ જ્યારે ક્ષણિક-ઉપાદાન કાર્ય માટે તૈયાર હોય ત્યારે અનુકૂળ નિમિત્ત ઉપસ્થિત ન હોય એમ બને નહિ.

૮. નિમિત્તકારણ ઉપાદાનકારણ પ્રત્યે નિશ્ચયે (ખરેખર) અકિંચિત્કર (કાંઈ નહિ કરનારું) છે તેથી જ તેને નિમિત્તમાત્ર, બલાધાનમાત્ર, સહાયમાત્ર, અહેતુવત્ એવા શબ્દોથી સંબોધવામાં આવે છે.

૯. નિમિત્ત એમ જાહેર કરે છે કે ઉપાદાનનું કાંઈ કાર્ય મેં કર્યું નથી; મારામાં તેનું કાર્ય કરવાની શક્તિ નથી; પણ તે કાર્ય ઉપાદાને એકલાએ કર્યું છે.

૧૦. નિમિત્ત-વ્યવહાર અને પરદ્રવ્ય છે ખરાં; પણ તે આશ્રય કરવા યોગ્ય નથી તેથી તે હેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

[જુઓ, શ્રી સમયસાર ગા. ૧૧૯ થી ૧૨૦ ની ટીકા શ્રી જયસેનાચાર્યકૃત, પા. ૧૮૨. દ્રવ્યસંગ્રહ ગા. ૨૩ ની ટીકા તથા સિદ્ધચક્રવિધાન પૂજા છઠ્ઠીની જયમાળા (કવિવર સંતલાલકૃત) 'જય પર નિમિત્ત વ્યવહાર ત્યાગ પાયો નિજ....']

૧૧. જેટલાં કાર્યો છે તેટલા નિમિત્તોનાં સ્વભાવભેદ છે, પણ એકેય સ્વભાવભેદ એવો નથી કે જે પરનું-ઉપાદાનનું કાંઈ કાર્ય ખરેખર કરે.

૧૨. કોઈ વખતે ઉપાદાનકારણ નિમિત્તમાં અતિશય ધરી દે છે અને કોઈ વખત નિમિત્તકારણ ઉપાદાનમાં બલાત્કારથી નાના ચમત્કાર ઘુસાડી દે છે-એવી માન્યતા જૂઠી છે. તે બે દ્રવ્યોની એકતાબુદ્ધિ બતાવે છે. નિમિત્તકારણ માટે પાંચમી વિભક્તિ વાપરવામાં આવે છે તેથી તે આરોપિત કારણ મટી નિશ્ચયકારણ થઈ જતું નથી. નિમિત્તકારણ થવા માટે પરિશ્રમ, તીવ્ર યાતના કે ઘોર તપસ્યા કરવી પડે છે. એ માન્યતા જૂઠી છે.

૧૩. કાર્યની ઉત્પત્તિ વખતે ઉપાદાન અને નિમિત્ત- બંને અવિકલ કારણ હોય છે; એવી વસ્તુસ્વભાવની સ્થિતિ છે.

૧૪. પૃથ્વી, જલ, તેજ અને વાયુ-એ નિમિત્તોથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે-એમ માનનારને શ્રી આચાર્ય કહે છે

કે, ઉપાદાન વિના કોઈ કાર્ય ઊપજતું નથી.

૧૫. છયે દ્રવ્યોમાં અનાદિ-અનંત પ્રત્યેક સમયે કાર્ય થયા જ કરે છે; કોઈપણ સમય કોઈપણ દ્રવ્યમાં કાર્ય વિનાનો હોતો નથી, અને તે પ્રત્યેક કાર્ય વખતે ઉપાદાનકારણ અને નિમિત્તકારણ-બંને સુનિશ્ચિતપણે હોય છે. ન હોય તેમ કદી બનતું નથી.

૧૬. ઉપાદાનકારણ હોય અને ગમે તેવું નિમિત્તકારણ હોય-એમ માને તે પણ મિથ્યામતિ છે, કેમકે ઉપાદાનને અનુકૂળ જ ઉચિત નિમિત્તકારણ હોય છે.

૧૭. નિમિત્તકારણ આવે તો જ ઉપાદાનમાં કાર્ય થાય એવી માન્યતા પણ જૂઠી છે, કેમ કે દરેક ક્ષણિક ઉપાદાનકારણ વખતે નિમિત્તકારણ હોય જ છે.

૧૮. ઉપાદાન-નિમિત્ત બંને એક સાથે પોતપોતાના કારણે હોય જ છે.

૧૯. ખરેખર નિશ્ચય કારણ (ઉપાદાન કારણ) તેજ ખરું કારણ છે. પરંતુ તેનું કથન બે પ્રકારે છે. આ નીચે આપેલ 'મોક્ષમાર્ગને લગતો સિદ્ધાન્ત' પણ આ કથનને એકસરખી રીતે લાગુ પડે છે;-

"...મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી, પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી થાય છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે

તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે; અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર-નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો; પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે તથા એક વ્યવહારમોક્ષમાર્ગ છે-એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે.....'' (મોક્ષમાર્ગપ્રકાશક પાનું ૨૫૩-૨૫૪.)

**પ્ર. ૪૩૪ ઉપાદાન-નિમિત્ત સંબંધી પ્રશ્નોના સમાધાનમાં કહ્યા પ્રમાણે પર, નિમિત્ત અને વ્યવહાર હોય છે તો ધ્રુવ ઉપાદાનના આશ્રયે જ ધર્મ થાય છે એવું બતાવનારા કેટલાક શાસ્ત્રાધારો આપો.**

ઉ. ૪૩૪

૧. શ્રી સમયસાર ગા. ૧૧:-

व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः ।
भूतार्थमाश्रितः सम्यग्दृष्टिर्भवति जीवः ॥ ११ ॥

અર્થ:- વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ૠષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દૃષ્ટિ છે.

૨. શ્રી સમયસાર કળશ નં. ૬ માં કહ્યું છે કેઃ-

અર્થઃ- આ આત્માને અન્ય દ્રવ્યોથી જાુદો દેખવો (શ્રદ્ધવો) તે જ નિયમથી સમ્યગ્દર્શન છે. કેવો છે આત્મા? પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપનારો છે. વળી કેવો છે ? શુદ્ધનયથી એકપણામાં નિશ્ચિત કરવામાં આવ્યો છે. વળી કેવો છે ? પૂર્ણજ્ઞાનઘન છે. વળી જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આત્મા છે. તેથી આચાર્ય પ્રાર્થના કરે છે કે આ નવતત્ત્વની પરિપાટી છોડી, આ આત્મા એક જ અમને પ્રાપ્ત હો. ૬.

૩. શ્રી સમયસાર કળશ નં. ૭ માં કહ્યું છે કેઃ-

અર્થઃ- ત્યાર બાદ શુદ્ધનયને આધીન જે ભિન્ન આત્મજ્યોતિ છે તે પ્રગટ થાય છે કે જે નવતત્ત્વમાં પ્રાપ્ત થવા છતાં પોતાના એકપણાને છોડતી નથી.

૪. શ્રી સમયસાર ગા. ૧૩-૧૪-૧૫ માં કહ્યું છે કેઃ-

भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यापापं च ।
आस्त्रवसंवरनिर्जरा बंधो मोक्षश्च सम्यक्त्वम् ॥१३॥

અર્થઃ- ભૂતાર્થનયથી જાણેલ જીવ-અજીવ વળી પુણ્ય-પાપ તથા આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ નવતત્ત્વ સમ્યક્ત્વ છે.

यः पश्यति आत्मानम् अबद्धस्पृष्टमनन्यकं नियतम् ।
अविशेषमसंयुक्तं तं शुद्धनयं जिानीहि ॥१४॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અર્થઃ- જે નય આત્માને બંધરહિત ને પરના સ્પર્શરહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષ રહિત, અન્યના સંયોગ રહિત-એવા પાંચ અભાવરૂપ દેખે છે તેને હે શિષ્ય ! તું શુદ્ધનય જાણ. ૧૪.

यः पश्यति आत्मानं अबद्धस्पृष्टमनन्यकं नियतम् ।
उपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम् ॥१५॥

અર્થઃ- જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ [તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત] દેખે છે તે સર્વજિનશાસનને દેખે છે-કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુત-વાળું છે. ૧૫.

૫. શ્રી સમયસાર ગા. ૧૬ ની ટીકા નીચે કળશ નં.૧૮ માં કહ્યું છે કે-
परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।
सर्वभावांतरध्वंसिस्वभावत्वादमेचकः ॥१८॥

અર્થઃ- શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો પ્રગટ જ્ઞાયક્તાજયોતિમાત્રથી આત્મા એક સ્વરૂપ છે કારણ કે શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સર્વ અન્ય દ્રવ્યના સ્વભાવો તથા અન્યના નિમિત્તથી થતા વિભાવોને દૂર કરવારૂપ તેનો સ્વભાવ છે, તેથી તે 'અમેચક' છે શુદ્ધ એકાકાર છે. ૧૮.

૬. શ્રી સમયસાર ગા. ૧૭૯-૮૦ ની ટીકા નીચે

કળશ નં. ૧૨૨ માં કહ્યું છે કેઃ-

इदमेवात्र तात्पर्य हेय; शुद्धनयो हि ।
नास्ति बंधस्तदत्यागात्तत्यागाद्बंध एव हि ॥१२२॥

અર્થઃ- અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે. ૧૨૨.

૭. શ્રી સમયસાર ગા. ૨૭૧ ની ટીકા કળશ નંબર ૧૭૩ માં કહ્યું છે કેઃ-

(શાર્દૂલવિક્રીડિત)

सर्वत्राध्यवसानमेवखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं ?
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नंति संतो घृतिम्॥१७३॥

અર્થઃ- આચાર્યદેવ કહે છે કે, સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન) જિન ભગવાનોએ, પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે તેથી અમે એમ માનીએ છીએ કે 'પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળો છોડાવ્યો છે.' તો પછી સત્પુરુષો એક સમ્યગ્નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં (-આત્મસ્વરૂપમાં) સ્થિરતા કેમ ધરતા નથી ?

૮. પં. બનારસીદાસજી સમયસાર નાટકના આસ્રવ અધિકાર

શ્લોક ૧૩ માં કહે છે કેઃ-

**અશુદ્ધ નયથી બંધ અને શુદ્ધ નયથી** મુક્તિ.

યહ નિચોર યા ગ્રંથકૌ, યહૈ પરમ રસપોખ,
તજૈ શુદ્ધનય, બંધ હૈ, ગહૈ શુદ્ધનય, મોખ. ૧૩.

અર્થઃ- આ શાસ્ત્રનો નિચોડ એજ છે, અને એ જ પરમ તત્ત્વનો પોષક છે કે શુદ્ધનયની રીતિ છોડવાથી બંધ અને શુદ્ધનયની રીતિ ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે. કેઃ-

૯. શ્રી સમયસાર નાટકના બંધદ્વાર શ્લોક ૩૨ માં કહ્યું છે કેઃ-

અસંખ્યાત લોક પરવાન જે મિથ્યાતભાવ,
તેઈ વિવહાર ભાવ કેવલી-ઉક્ત હૈં;
જિન્હકૌ મિથ્યાત ગયૌ, સમ્યક્દરસ ભયૌ,
તે નિયત-લીન, વિવહારસૌં મુક્ત હૈં.
નિરવિકલ્પ નિરુપાધિ આતમ સમાધિ,
સાધિ જે સુગુન મોખ પંથકૌં ઢુકત હૌં;
તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ હ્વૈ કે,
ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૌ. ૩૨

અર્થઃ- અસંખ્યાત લોકપ્રમાણ જે મિથ્યાત્વભાવ છે તે વ્યવહારભાવ છે એમ કેવળી ભગવાન કહે છે. જે જીવને મિથ્યાત્વનો નાશ થવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તે વ્યવહારથી મુક્ત થઈ નિશ્ચયમાં લીન થાય છે અને તે નિર્વિકલ્પ, નિરુપાધિમય આત્મઅનુભવ

સાધી સાચા મોક્ષમાર્ગમાં લાગે છે અને તે જ પરમ ધ્યાનમાં સ્થિર થઈને નિર્વાણ પ્રાપ્ત કરે છે, કર્મોથી રોકાતો નથી. ૩૨.

૧૦. શ્રી મોક્ષપાહુડ ગા. ૩૧ માં કહ્યું છે કેઃ-

जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे॥३१॥

અર્થઃ- જે યોગી ધ્યાંની મુનિ વ્યવહારમાં સૂતા છે તે પોતાના સ્વરૂપના કાર્યમાં જાગે છે અને જે વ્યવહારમાં જાગે છે તે પોતાના આત્મકાર્યમાં સૂતા છે.

૧૧. શ્રી પ્રવચનસાર ગા. ૨૦૦ માં કહ્યું છે કેઃ-

तस्मात्तथा ज्ञात्त्वात्मानं ज्ञानकं स्वभावेन ।
परिवर्जयामि ममतामुपस्थितो निर्ममत्वे ॥२००॥

અર્થઃ- તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિવડે જ મોક્ષ થતો હોવાથી) એ રીતે આત્માને સ્વભાવથી જ્ઞાયક જાણીને હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો મમતાનો પરિત્યાગ કરું છું. ૨૦૦

૧૨. શ્રી નિયમસાર ગા. ૩૮ તથા ૫૦ માં કહ્યું છે કેઃ-

जीवादिबहिस्तत्त्वं हेयमुपादेयमात्मनः आत्मा ।
कर्म्मोपाधिसमुद्भवगुणपर्य्यायैर्व्यतिरिक्तः ॥३८॥

અર્થઃ- જીવાદિ બાહ્ય તત્ત્વ હેય (ત્યાગવા યોગ્ય) છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા

આત્માને ઉપાદેય છે. ૩૮.

पूर्वोक्तसकलभावाः परद्रव्यं परस्वभावा इति हेयाः।
स्वकद्रव्यमुपादेयं अन्तस्तच्चं भवेदात्मा ॥ ५० ॥

અર્થઃ- પૂર્વોક્ત સર્વ ભાવો પર સ્વભાવો છે, પર દ્રવ્ય છે, તેથી હેય છે, અંતસ્તત્ત્વ એવું સ્વદ્રવ્ય-આત્મા ઉપાદેય છે. ૫૦.

૧૩. શ્રી નિયમસાર ગા. ૧૪ ની ટીકા કળશ નં. ૨૪ તથા ગા. ૧૫ ની ટીકા કળશ ૨૭માં કહ્યું છે કે:-

अथ सति परभावे शुद्धमात्मानमेकं
सहजगुणमणीनामाकरं पूर्णबोधम् ।
भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः ।
स भवति परमश्रीकामिनीकामरूपः ॥२४॥

અર્થઃ- પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.'

अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः
सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः
सपदि समयसारान्नान्यदस्तीति मत्वा
स भवति परमश्रीकामिनीकामरूपः॥२७॥

અર્થઃ- બહુ વિભાવ હોવા છતાં પણ સહજ પરમ

તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે એવો આ શુદ્ધ દૃષ્ટિવાળો પુરુષ, 'સમયસારથી અન્ય કાંઈ નથી'-એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ૨૭.

૧૪. નિયમસાર ગા. ૪૧ ની ટીકામાં કહ્યું છે કે "××× ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા નિરંજન નિજ પરમ પંચમભાવની (પારિણામિકભાવની) ભાવનાથી પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે, જશે અને જતા."

૧૫. શ્રી સમયસાર ગા. ૨૭૨ માં કહ્યું છે કેઃ-

एवं व्यवहारनयः प्रतिषिद्धो जानीहि निश्चयनयेन ।
निश्चयनयाश्रिताः पुनर्मुनयः प्राप्नुवंति निर्वाणम् ॥२७२॥

અર્થઃ- એ રીતે (પૂર્વોક્ત રીતે, (પરાશ્રિત એવો) વ્યવહારનય નિશ્ચયનયવડે નિષિદ્ધ જાણ; નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે. ૨૭૨.

શ્રી સમયસાર ગા. ૧૫૨ થી ૧૫૪ માં કહ્યું છે કેઃ-
પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે.૧૫૨.
વ્રત નિયમને ધારે ભલે તપ શીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.
પરમાર્થ બાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો.
અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.

૧૭. શ્રી સમાધિતંત્રમાં શ્રી પૂજ્યપાદાચાર્ય ગા. ૭૮ માં

કહે છે કેઃ-

व्यवहारे सुषुप्तो यः स जागर्त्यात्मगोचरे ।
जागति व्यवहारेऽस्मिन् सुषुप्तश्चात्मगोचरे ॥७८॥

અર્થઃ- જે કોઈ વ્યવહારમાં સૂતો છે અર્થાત્ તેમાં અપ્રયત્નશીલ છે, તે આત્માના કાર્યમાં-સ્વસંવેદનમાં જાગૃત-તત્પર છે. અને જે આ વ્યવહારમાં જાગે છે -તેની સાધનામાં તત્પર રહે છે તે સ્વાનુભવના વિષયમાં સૂતો છે. ૭૮.

૧૮. શ્રી તત્ત્વાનુશાસનમાં શ્રી નાગદેવમુનિએ કહ્યું છે કેઃ-

स्वपरज्ञप्तिरूपत्वान्न तस्य कारणान्तरम् ।
ततश्चितां परित्यज्य स्वसंवित्यैव वेद्यताम् ॥६२॥

અર્થઃ- આત્મા સ્વપરને જાણનાર સ્વરૂપ હોવાથી તેનું અન્ય કોઈ કારણ નથી માટે અન્ય કારણાન્તરોની ચિંતા છોડીને સ્વસંવેદન દ્વારા જ આત્માનો અનુભવ કરવો જોઈએ. ૧૬૨.

૧૯. શ્રી સમયસાર ગા. ૪૧૩ માં કહ્યું છે કેઃ-

બહુવિધિનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે,
મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને.૪૧૩.

અર્થઃ- જેઓ બહુ પ્રકારનાં મુનિલિંગોમાં અથવા ગૃહસ્થલિંગોમાં મમતા કરે છે (અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનારું છે એમ માને છે), તેમણે સમયસારને જાણ્યો નથી.

ટીકા:- જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક (-શ્રાવક) છું, એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા-અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ (-મોહી) વર્તતા થકા, પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (નિશ્ચયનય) પર અનારૂઢ વર્તતા થકા, પરમાર્થ સત્ય (-જે પરમાર્થે સત્યાર્થ છે એવા) ભગવાન સમયસારને (આત્માને) દેખતા-અનુભવતા નથી.

૨૦. શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના નિશ્ચયપંચાશતમાં ગાથા ૯ તથા ૨૭ માં કહ્યું છે કે:-

व्यवहारोऽभूतार्थो भूतार्थो देशितस्तु शुद्धनय :
शुद्धनय आश्रिता ये प्राप्नुवन्ति यतय: पदं परमम्॥९॥

અર્થ:- વ્યવહારનય તો અસત્યાર્થભૂત કહેવામાં આવેલ છે અને શુદ્ધનય સત્યાર્થભૂત કહેવામાં આવેલ છે, અને જે મુનિ શુદ્ધનયને આશ્રિત છે તે મુનિઓ મોક્ષને પ્રાપ્ત કરે છે. ૯.

अस्पृष्टबद्धमनन्यमयुतमविशेषमभ्रमोपेत: ।
य: पश्यत्यात्मानं स पुमान् खलु शुद्धनयनिष्ठ: ॥१७॥

અર્થ:- જે પુરુષ ભ્રમરહિત થઈને આત્માને અબદ્ધ અસ્પૃષ્ટ, અનન્ય, અસંયુક્ત, અવિશેષ માને છે તે જ પુરુષ શુદ્ધનયમાં સ્થિત છે એમ સમજવું જોઈએ. ૧૭.

૨૧. શ્રી પુરુષાર્થસિદ્ધયુપાય (શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત) માં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યું છે કેઃ-

निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम् ।
भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः ॥५॥

અર્થઃ- આચાર્યદેવ નિશ્ચયનયને ભૂતાર્થ અને વ્યવહારનયને અભૂતાર્થ વર્ણવે છે. ઘણે ભાગે બધા સંસારીઓ ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિમુખ હોય છે.

૨૨. શ્રી નિયમસાર ગા. ૪૩ ની ટીકા કળશ ૬૫ માં કહ્યું છે કેઃ-

(દ્રુતવિલંબિત)

भवभोगपराङ्मुख हे यते । पदमिदं भवहेतुविनाशनम्।
भज निजात्मनिमग्नमते पुन,-स्तव किमध्रुववस्तुनि चिन्तया ॥६५॥

અર્થઃ- નિજ આત્મામાં લીન બુદ્ધિવાળા તથા ભવથી અને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ ! તું ભવહેતુનો વિનાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ; અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે ? ૬૫.

ચારે અનુયોગના કથનનો સાર એ છે કે-શુદ્ધ નિર્મળ અભેદ દ્રવ્યસ્વભાવના આશ્રયે ધર્મની શરૂઆત, વૃદ્ધિ અને પૂર્ણતા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# જૈનસિદ્ધાન્ત પ્રશ્નોત્તરમાળા

## ભાગ- ૨ જો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# ભાગ બીજો

: વિષયો :


| | |
|---|---|
| પ્રકરણ ૭. સાત તત્ત્વ-નવ પદાર્થ અધિકાર | ૨૩૭ |
| પ્રકરણ ૮. પ્રમાણ-નય-નિક્ષેપ અધિકાર | ૨૬૦ |
| પ્રકરણ ૯. અનેકાન્ત અને સ્યાદ્વાદ અધિકાર | ૩૦૭ |
| પ્રકરણ ૧૦. મોક્ષમાર્ગ અધિકાર | ૩૨૭ |
| [મોક્ષમાર્ગ જીવના અસાધારણ ભાવ, ગુણસ્થાનક્રમ] | |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રકરણ સાતમું
# સાત તત્ત્વો-નવ પદાર્થ અધિકાર

## પ્ર. ૧ તત્ત્વ એટલે શું ?

ઉ. ૧ " 'तत् શબ્દ છે તે 'यत्' શબ્દની અપેક્ષાસહિત છે, તેથી જેનું પ્રકરણ હોય તેને 'तत्' કહીએ છીએ અને જેનો જે ભાવ અર્થાત્ સ્વરૂપ છે તેને 'તત્ત્વ' જાણવું; કારણ કે 'तस्य भावस्तत्त्वम्' એવો તત્ત્વ શબ્દનો સમાસ થાય છે." (મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ, પા. ૩૧૧)

૨-" 'તત્ત્વ' શબ્દનો અર્થ 'તત્‌પણું-તેપણું થાય છે. દરેક વસ્તુને-તત્ત્વને સ્વરૂપથી તત્‌પણું છે અને પરરૂપથી અતત્‌પણું છે. જીવ વસ્તુ હોવાથી તેને પોતાના સ્વરૂપથી તત્‌પણું છે અને પરના સ્વરૂપથી અતત્‌પણું છે.

જીવ ચૈતન્યસ્વરૂપ હોવાથી તે જ્ઞાતા છે અને અન્ય સર્વ વસ્તુઓ જ્ઞેય છે, તેથી જીવ બીજા સર્વ પદાર્થોથી તદ્દન ભિન્ન છે. જીવ પોતાની તત્ હોવાથી તેનું જ્ઞાન તેને પોતાથી થાય છે; જીવ પરથી અતત્ હોવાથી જીવને પરથી જ્ઞાન થઈ શકે નહિ.... જીવને જો પરથી જ્ઞાન થાય તો જીવ અને પર એક તત્ત્વ થઈ જાય, પણ તેમ બને નહિ."

(ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂ. ૨ ની ટીકા)

## પ્ર. ૨ તત્ત્વ કેટલાં છે ?

ઉ. ૨ તત્ત્વ સાત છે. ૧. જીવ ૨. અજીવ, ૩. આસ્રવ

૪. બંધ, ૫. સંવર, ૬. નિર્જરા અને ૭. મોક્ષ.

**પ્ર. ૩ સાત તત્ત્વોનું સ્વરૂપ શું ?**

ઉ. ૩

૧. જીવઃ- જીવ અર્થાત્ આત્મા. તે સદા જ્ઞાતાસ્વરૂપ, પરથી ભિન્ન અને ત્રિકાલ સ્થાયી (ટકનારો) છે.

૨. અજીવઃ- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ-એ ચાર અરૂપી છે અને પુદ્‌ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણસહિત છે.

૩. આસ્રવઃ- વિકારી શુભાશુભ ભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે ભાવાસ્રવ છે અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં (સ્વતઃ) આવવું (આત્મા સાથે એક ક્ષેત્રે આવવું) તે દ્રવ્યાસ્રવ છે. (તેમાં જીવનો અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)

પુણ્ય અને પાપ-બંને આસ્રવ અને બંધના પેટાભેદ છે.

પુણ્યઃ- દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના શુભ ભાવ જીવને થાય તે અરૂપી અશુદ્ધ ભાવ છે; ને ભાવપુણ્ય છે; તે સમયે શાતાવેદનીય, શુભનામ આદિ કર્મયોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં (સ્વતઃ) એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય

છે તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવનો અશુદ્ધ ભાવ નિમિત્તમાત્ર છે.)

પાપઃ- મિથ્યાત્વ, હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેના અશુભ ભાવ પાપ છે. તે સમયે જ્ઞાનાવરણીય, મોહનીય, અશાતાવેદનીય આદિ કર્મયોગ પુદ્ગલો સ્વયં સ્વતઃ જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપાપ છે. (તેમાં જીવનો અશુભ ભાવ નિમિત્તમાત્ર છે.

[પરમાર્થતઃ (વાસ્તવમાં) પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે, આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. સમ્યગ્દષ્ટિને પુણ્યભાવથી આંશિક સંવર-નિર્જરા થાય છે એ માન્યતા જૂઠી છે. દ્રવ્યપુણ્ય-પાપ આત્માને હિત-અહિત કરી શકતાં નથી.]

[જુઓ, સમયસાર કળશ ટીકા-પા. ૧૧૨ કળશ ૧૧૦]

૪. બંધઃ- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ વિકારમાં રોકાઈ જવું (અટકી જવું) તે ભાવબંધ છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલોનું સ્વયં સ્વતઃ જીવની સાથે એક ક્ષેત્રાવગાહરૂપે બંધાવું તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવનો અશુદ્ધ ભાવ નિમિત્તમાત્ર છે)

૫. સંવરઃ- પુણ્ય-પાપરૂપ અશુદ્ધ ભાવને (આસ્રવને) આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે અને

તદનુસાર કર્મોનું આવવું સ્વયં સ્વતઃ અટકવું તે દ્રવ્યસંવર છે.

૬. નિર્જરાઃ- અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના બળે આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ ઈચ્છારૂપ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે ભાવનિર્જરા છે; અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરી જવું તે દ્રવ્યનિર્જરા છે.

૭. મોક્ષઃ- અશુદ્ધ અવસ્થાનો સર્વથા-સંપૂર્ણ નાશ થઈ આત્માના પૂર્ણ શુદ્ધ પર્યાયનું પ્રગટ થવું તે ભાવમોક્ષ છે, અને તે સમયે પોતાની યોગ્યતાથી દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે, દ્રવ્યમોક્ષ છે.

[૧. ''સાત તત્ત્વોમાં પહેલાં બે તત્ત્વો 'જીવ' અને 'અજીવ' એ દ્રવ્યો છે અને બીજા પાંચ તત્ત્વો તેમના (જીવ અને અજીવના સંયોગી અને વિયોગી પર્યાયો (વિશેષ અવસ્થાઓ) છે. આસ્ત્રવ અને બંધ તે સંયોગી પર્યાય છે, તથા સંવર, નિર્જરા અને મોક્ષ તે જીવ--અજીવના વિયોગી પર્યાય છે.

જીવ અને અજીવ તત્ત્વો સામાન્ય છે અને બીજા પાંચ તત્ત્વો, પર્યાયો હોવાથી વિશેષ પણ કહેવાય છે.

૨. ''જેની દશાને અશુદ્ધમાંથી શુદ્ધ કરવી છે તેનું નામ તો જરૂર પ્રથમ દેખાડવું જોઈએ, તેથી 'જીવ' તત્ત્વ પ્રથમ કહ્યું; પછી જે તરફના લક્ષે અશુદ્ધતા અર્થાત્

વિકાર થાય છે તેનું નામ આવવું જરૂરી છે; તેથી 'અજીવ' તત્ત્વ કહ્યું. અશુદ્ધ દશામાં કારણ-કાર્યનું જ્ઞાન કરવા માટે 'આસ્રવ' અને 'બંધ' તત્ત્વ કહ્યાં, એ કહ્યા પછી મુક્તિનું કારણ કહેવું જોઈએ; અને મુક્તિનું કમારણ તે જ થઈ શકે જે બંધ થાય અને બંધના કારણથી ઉલટા પ્રકારે હોય; તેથી આસ્રવનો નિરોધ થવો તે 'સંવર' તત્ત્વ કહ્યું અશુદ્ધતા-વિકારના નીકળી જવાના કાર્યને 'નિર્જરા' તત્ત્વ કહ્યું. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય તે દશા 'મોક્ષ' તત્ત્વ છે....] (મોક્ષશાસ્ત્ર-ગુ. આવૃત્તિ-અ. ૧, સૂ. ૪ ની ટીકા)

**પ્ર. ૪ 'જો જીવ અને અજીવ-એ બન્ને દ્રવ્યો એકાન્તે (સર્વથા) પરિણામી જ હોય તો (૧) સંયોગ પર્યાયરૂપ એકજ પદાર્થ સિદ્ધ થાય છે, અને (૨) જો તેઓ સર્વથા અપરિણામી હોય તો જીવ-અજીવ દ્રવ્યરૂપ બે જ પદાર્થ સિદ્ધ થાય છે; જો આમ છે તો આસ્ત્રવાદિ સાત તત્ત્વો કઈ રીતે સિદ્ધ થાય છે ?''**

ઉ. ૪ '....જીવ અને અજીવ દ્રવ્યો 'કથંચિત્ પરિણામી હોવાથી બાકીના પાંચ તત્ત્વોનું કથન ન્યાયમુકત સિદ્ધ થાય છે.

'કથંચિત્ પરિણામીપણું' તેનો અર્થ એ છે કે:-

જેમ સ્ફટિકમણિ જોકે તે સ્વભાવથી નિર્મળ છે તો પણ જાસુદ પુષ્પ વગેરેની સમીપે (પોતાની લાયકાતના

કારણે) પર્યાયાંતર પરિણતિ ગ્રહણ કરે છે, પર્યાયમાં-સ્ફટિકમણિ જોકે ઉપાધિનું ગ્રહણ કરે છે, તો પણ નિશ્ચયથી પોતાનો જે નિર્મળ સ્વભાવ છે તેને તે છોડતો નથી; તેમ જીવનો સ્વભાવ પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો સહજ શુદ્ધ ચિદાનંદ એકરૂપ છે, પરંતુ અનાદિ કર્મબંધરૂપ પર્યાયને પોતે વશ થવાથી તે રાગાદિ પરદ્રવ્ય ઉપાધિ પર્યાયને ગ્રહણ કરે છે. પર્યાયમાં જીવ જોકે પર પર્યાયપણે (પરદ્રવ્યના લક્ષે થતા અશુદ્ધ પર્યાયપણે) પરિણમે છે તો પણ નિશ્ચયનયથી શુદ્ધ સ્વરૂપને છોડતો નથી. પુદ્‌ગલ દ્રવ્યનું પણ તેમ જ થાય છે. આમ જીવ-અજીવનું પરસ્પર અપેક્ષાસહિત પરિણમન હોવું તે જ 'કથંચિત્ પરિણામીપણું' શબ્દનો અર્થ છે."

"પૂર્વોક્ત જીવ અને અજીવ-એ બે દ્રવ્યોને આ પાંચ તત્ત્વોમાં મેળવતાં કુલ સાત તત્ત્વો થાય છે, અને તેમાં પુણ્ય-પાપને (આસ્રવમાંથી) જુદાં જાણવામાં આવે તો નવ પદાર્થ થાય છે. પુણ્ય અને પાપ નામના બે પદાર્થોનો અંતર્ભાવ (સમાવેશ) અભેદનયે આસ્રવ-બંધ પદાર્થમાં કરવામાં આવે ત્યારે સાત તત્ત્વો કહેવામાં આવે છે.

"'કથંચિત્-પરિણામપણું' સિદ્ધ થતાં જીવ અને પુદ્‌ગલના સંયોગની પરિણતિ (પરિણામ) થી રચાયેલાં બાકીનાં આસ્રવાદિ પાંચ તત્ત્વો સિદ્ધ થાય છે. જીવમાં આસ્રવાદિ પાંચ તત્ત્વોના પરિણમન વખતે પુદ્‌ગલકર્મરૂપ નિમિત્તનો સદ્‌ભાવ કે અભાવ હોય છે, અને પુદ્‌ગલમાં

આસ્રવાદિ પાંચ તત્ત્વોના પરિણમનમાં જીવના ભાવરૂપ નિમિત્તનો સદ્ભાવ કે અભાવ હોય છે. આથી જ સાત તત્ત્વોને 'જીવ અને પુદ્ગલના સંયોગની પરિણતિથી રચાયેલાં કહેવાય છે, પરંતુ જીવ અને પુદ્ગલની ભેગી પરિણતિ થઈને બાકીના પાંચ તત્ત્વો થાય છે એમ ન સમજવું.'' (મોક્ષશાસ્ત્ર-ગુ. આવૃત્તિ-અ. ૬ ની ભૂમિકા)

**પ્ર. ૫ જોકે જીવ-અજીવનું કથંચિત્ પરિણામીપણું માનતાં ભેદપ્રધાન પર્યાયાર્થિકનયની અપેક્ષાએ સાત તત્ત્વો સિદ્ધ થઈ ગયાં, તોપણ તેનાથી જીવનું શું પ્રયોજન સિદ્ધ થયું? કારણ કે જેમ અભેદનયથી પુણ્ય-પાપ એ બે પદાર્થોનો સાત તત્ત્વોમાં અંતર્ભાવ પ્રથમ કર્યો છે તેમ વિશેષ અભેદનયની વિવક્ષામાં આસ્ત્રવાદિ પદાર્થોનો પણ જીવ અને અજીવ એ બે જ પદાર્થોમાં અંતર્ભાવ કરી લેવાથી એ બે જ પદાર્થો સિદ્ધ થઈ જશે.''**

ઉ. ૫ '....કયાં તત્ત્વો હેય છે અને કયા તત્ત્વો ઉપાદેય છે તેનું પરિજ્ઞાન થાય એ પ્રયોજનથી આસ્રવાદિ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે છે.

**પ્ર. ૬ ઉપાદેય તત્ત્વો કયાં છે ?**

ઉ. ૬ ''અક્ષય અનંત સુખ તે ઉપાદેય છે, તેનું કારણ મોક્ષ છે. મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે; તેનું કારણ વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવી નિજ આત્મસ્વરૂપમાં સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન તથા આચરણ લક્ષણસ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચય-રત્નત્રય છે. તે નિશ્ચય-રત્નત્રય શું છે તે સમજીને પરદ્રવ્યો તેમ જ રાગ ઉપરથી પોતાનું લક્ષ ઉઠાવી લઈ નિજ આત્માના ત્રિકાલી સ્વરૂપ તરફ પોતાનું લક્ષ વાળવું જોઈએ એ પ્રમાણે કરતાં નિશ્ચય-સમ્યગ્દર્શન પ્રગટે છે, અને તેના જોરે સંવર-નિર્જરા તથા મોક્ષ પ્રગટે છે; માટે એ ત્રણ તત્ત્વો ઉપાદેય છે.

### પ્ર. ૭ હેય તત્ત્વો કયાં છે ?

ઉ. ૭ "....આકુળતાને ઉત્પન્ન કરનારાં એવાં નિગોદ-નરકાદિ ગતિનાં દુઃખ તેમજ ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થયેલ કલ્પિત સુખ તે હેય (છોડવા યોગ્ય) છે; તેનું કારણ સંસાર છે. તે સંસારનું કારણ આસ્રવ અને બંધ-એ બે તત્ત્વો છે; પુણ્ય-પાપ બંને બંધ તત્ત્વ છે; તે આસ્રવ તથા બંધનું કારણ-પૂર્વે કહેલાં નિશ્ચય તેમ જ વ્યવહારરત્નત્રયથી વિપરીત લક્ષણના ધારક એવાં-મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ છે, તેથી આસ્રવ અને બંધ એ બે તત્ત્વો હેય છે.

આ પ્રમાણે હેય અને ઉપાદેય તત્ત્વોના નિરૂપણથી સાત તત્ત્વ અને નવ પદાર્થોનું પ્રયોજન સિદ્ધ થાય છે."

(ગુ. મોક્ષશાસ્ત્ર પા. ૪૭૭)

### પ્ર. ૮ મિથ્યાદૃષ્ટિ જીવ સાત તત્ત્વો સંબંધી કેવી કેવી ભૂલ કરે છે ?

ઉ. ૮

૧. જીવતત્ત્વ સંબંધી ભૂલઃ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જીવ તો ત્રિકાલ જ્ઞાનસ્વરૂપ છે. તેને જીવ અજ્ઞાનવશ જાણતો નથી, અને જે શરીર છે તે જ હું છું, શરીરનું કાર્ય હું કરી શકું છું-એવું માને છે. શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય, બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને બાહ્ય પ્રતિકૂળ સંયોગથી હું દુઃખી; હું નિર્ધન હું ધનવાન, હું બલવાન, હું નિર્બલ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુન્દર છું-એવું માને છે; શરીરાશ્રિત ઉપદેશ અને ઉપવાસાદિ ક્રિયાઓમાં નિજત્વ (પોતાપણું) માને છે.

આવી રીતે અજ્ઞાની જીવ પરને સ્વસ્વરૂપ માનતાં પોતાના સ્વતત્ત્વનો (જીવતત્ત્વનો) ઈન્કાર કરે છે. તેથી તે જીવતત્ત્વ સંબંધી ભૂલ છે.

૨. અજીવ તત્ત્વ સંબંધી ભૂલઃ-

મિથ્યા અભિપ્રાયવશ જીવ એવું માને છે કે શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ; ધન, શરીર ઈત્યાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતાનામાં ઈષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું; શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મન તાવ આવ્યો; શરીરની ભૂખ, તરસ આદિરૂપ અવસ્થા થતાં મને ભૂખ, તરસ વગેરે થઈ રહ્યાં છે-એવું માનવું; શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો, ઈત્યાદિ અજીવની અવસ્થાને અજ્ઞાની જીવ પોતાની અવસ્થા માને છે. આ તેની અજીવ તત્ત્વ સંબંધી ભૂલ છે, કારણ કે તે અજીવને જીવ માને છે. આમાં અજીવને

સ્વતત્ત્વ (જીવ તત્ત્વ) સ્વીકારતાં તે અજીવ તત્ત્વનો અસ્વીકાર કરે છે.

૩. આસ્રવ તત્ત્વ સંબંધી ભૂલઃ-

મિથ્યાત્વ, રાગ-દ્વેષ શુભાશુભભાવ આસ્રવ છે; તે ભાવ આત્માને પ્રગટરૂપે દુઃખ દેવાવાળા છે, પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવ તેમને હિતરૂપ માની નિરંતર તેમનું સેવન કરે છે. આ તેની આસ્રવ તત્ત્વ સંબંધી ભૂલ છે.

૪. બંધ તત્ત્વ સંબંધી ભૂલઃ-

જેવી સોનાની બેડી તેવી જ લોઢાની બેડી-બંને બંધનકારક છે. તેવી રીતે પુણ્ય અને પાપ બંને જીવને બંધનકર્તા છે; પરંતુ મિથ્યાદ્રષ્ટિ જીવ એવું નહીં માનતાં પુણ્યને સારું હિતકારી માને છે. તત્ત્વદ્રષ્ટિએ તો પુણ્ય-પાપ બંને અહિતકર જ છે, પરંતુ અજ્ઞાની તેવું માનતો નથી. આ તેની બંધતત્ત્વ સંબંધી ભૂલ છે.

૫. સંવરતત્ત્વ સંબંધી ભૂલઃ-

નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવને હિતકારી છે, પણ મિથ્યાદ્રષ્ટિ જીવ તેમને કષ્ટદાયક માને છે. એ તેની સંવરતત્ત્વ સંબંધી ભૂલ છે.

૬. નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલઃ-

આત્મામાં એકાગ્ર થઈ શુભ અને અશુભ-બંને પ્રકારની ઈચ્છા રોકવાથી જે નિજાત્માની શુદ્ધિનું પ્રતપન

થવું તે તપ છે. અને તે તપથી નિર્જરા થાય છે, આવું તપ સુખદાયક છે, પરંતુ અજ્ઞાની તેને ક્લેશદાયક માને છે અને આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓને ભૂલી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માની તેમાં પ્રીતિ કરે છે. એ નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ છે. બાલતપથી નિર્જરા માનવી તે પણ ભૂલ છે.

૭. મોક્ષતત્ત્વ સંબંધી ભૂલઃ-

આત્માની પરિપૂર્ણ શુદ્ધદશાનું પ્રગટ થવું તે મોક્ષ છે. તેમાં આકુલતાનો અભાવ છે. પૂર્ણ સ્વાધીન નિરાકુલતા તે સુખ છે, પરંતુ અજ્ઞાની એવું નહિ માનતાં શરીરમાં, મોજ-શોખમાં જ સુખ માને છે. મોક્ષમાં દેહ, ઈન્દ્રિય, ખાવું-પીવું, મિત્રાદિ કંઈપણ હોતું નથી, તેથી અજ્ઞાની અતીન્દ્રિય મોક્ષસુખને માનતો નથી. એ તેની મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ છે.

આ પ્રમાણે સાત તત્ત્વો સંબંધી ભૂલના કારણે અજ્ઞાની જીવ અનંતકાલથી સંસારમાં ભટકી રહ્યો છે.

**પ્ર. ૯ અજ્ઞાનીનું જીવાજીવ તત્ત્વનું શ્રદ્ધાન કેમ અયથાર્થ છે ?**

ઉ. ૯ "જૈન શાસ્ત્રોમાં કહેલા જીવના ત્રસ-સ્થાવર વગેરે ભેદોને" ગુણસ્થાન-માર્ગણા વગેરે ભેદોને તો જીવ જાણે છે, પણ અધ્યાત્મ-શાસ્ત્રોમાં ભેદવિજ્ઞાનના કારણભૂત અને વીતરાગદશા થવાના કારણભૂત વસ્તુનું જેવું નિરૂપણ કર્યું છે તેવું જે જાણતો નથી તેને જીવ-અજીવ તત્ત્વની યથાર્થ

શ્રદ્ધા નથી.....જેમ અન્ય મિથ્યાદૃષ્ટિ નિર્ધાર વિના પર્યાયબુદ્ધિથી જાણપણામાં આ વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ આ પણ આત્માશ્રિત જ્ઞાનાદિ તથા શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે. વળી કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બતાવે, પરંતુ ત્યાં અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધાન નથી, તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા પણ કહે તોપણ તે શાણો નથી, તેમ આને પણ સમ્યગ્દર્શન કહેતા નથી.

વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ, આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે; પરંતુ હું એ શરીરાદિથી ભિન્ન છું-એવો ભાવ ભાસતો નથી. વળી પર્યાયમાં જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી નીપજી માને છે, પણ આ જીવની ક્રિયા છે, તેમાં પુદ્ગલ નિમિત્ત છે તથા આ પુદ્ગલની ક્રિયા છે, તેમાં જીવ નિમિત્ત છે-એમ ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી. ઈત્યાદિ ભાવ ભાસ્યા વિના તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ, કારણ કે જીવ-અજીવ જાણવાનું પ્રયોજન તો એ જ હતું તે આને થયું નહિ.''

(મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પાનું-૨૨૯)

**પ્ર. ૧૦ અજ્ઞાનીને આસ્રવતત્ત્વ સંબંધી કેવી શ્રદ્ધા હોય છે ?**

ઉ. ૧૦ ''....તે આસ્રવ તત્ત્વમાં જે હિંસાદિરૂપ પાપાસ્રવ

છે તેને તો હેય જાણે છે તથા અહિંસારૂપ પુણ્યાસ્રવ છે તેને ઉપાદેય માને છે. હવે એ બંને કર્મબંધનાં જ કારણ છે. તેમાં ઉપાદેયપણું માનવું એ જ મિથ્યાદર્શન છે.....

હિંસામાં મારવાની બુદ્ધિ થાય પણ તેનું આયુ પૂર્ણ થયા વિના તે મરે નહિ અને પોતાની દ્વેષ-પરિણતિથી પોતે જ પાપ બાંધે છે. તથા અહિંસામાં રક્ષા કરવાની બુદ્ધિ થાય પણ તેના આયુ-અવશેષ વિના તે જીવે નહિ, માત્ર પોતાની પ્રશસ્તરાગ-પરિણતિથી પોતે જ પુણ્ય બાંધે છે. એ પ્રમાણે એ બંને હેય છે, પણ જ્યાં વીતરાગ થઈ દ્રષ્ટાજ્ઞાતારૂપ પ્રવર્તે ત્યાં જ નિર્બંધતા છે, માટે તે ઉપાદેય છે. હવે, એવી દશા ન થાય ત્યાં સુધી પ્રશસ્ત રાગરૂપ પ્રવર્તો, પરંતુ શ્રદ્ધાન તો એવું રાખો કે, આ પણ બંધનું કારણ છે-હેય છે; જો શ્રદ્ધાનમાં તેને મોક્ષમાર્ગ જાણે તો તે મિથ્યાદૃષ્ટિ છે.

વળી રાગ-દ્વેષ મોહરૂપ જે આસ્રવભાવ છે તેનો નાશ કરવાની તો (તેને) ચિંતા નથી અને બાહ્યક્રિયા વા બાહ્ય નિમિત્ત મટાડવાનો ઉપાય રાખે છે, પણ એ મટાડવાથી કાંઈ આસ્રવ મટતા નથી....અંતરંગ અભિપ્રાયમાં મિથ્યાત્વાદિરૂપ રાગાદિભાવ છે તે જ આસ્રવ છે. તેને ન ઓળખવાથી આસ્રવતત્ત્વનું પણ તેને સાચું શ્રદ્ધાન નથી.''

(મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ-પાનું ૨૨૮-૨૩૦)

**પ્ર. ૧૧ સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની**

## શ્રદ્ધા કેવી રીતે આવી જાય છે ?

ઉ. ૧૧

૧. મોક્ષતત્ત્વ સર્વજ્ઞ-વીતરાગ સ્વભાવ છે. તેના ધારક શ્રી અરહંત સિદ્ધ છે. તે જ નિર્દોષ દેવ છે; તેથી જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે તેને સાચા દેવની શ્રદ્ધા છે.

૨. સંવર-નિર્જરા નિશ્ચયરત્નત્રય સ્વભાવ છે. તેના ધારક ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે તે જ નિર્ગ્રંથ-દિગમ્બર ગુરુ છે; તેથી જેને સંવર-નિર્જરાની સાચી શ્રદ્ધા છે તેને સાચા ગુરુની શ્રદ્ધા છે.

૩. જીવ તત્ત્વનો સ્વભાવ રાગાદિ ઘાતરહિત શુદ્ધ ચૈતન્ય-પ્રાણમય છે. તેનો સ્વભાવ સહિત અહિંસા-ધર્મ છે; તેથી જેને શુદ્ધ જીવની શ્રદ્ધા છે તેને (પોતાના આત્માની) અહિંસારૂપ ધર્મની શ્રદ્ધા છે.

**પ્ર. ૧૨ દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૧૨ શ્રી અરહંત અને સિદ્ધ પરમેષ્ઠી દેવ છે, અને ભાવલિંગી દિગમ્બર મુનિ-આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ છે.

શ્રી કુન્દકુન્દાચાર્યકૃત નિયમસારમાં દેવ-ગુરુનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છેઃ-

૧. શ્રી અરહંતનું સ્વરૂપઃ-

'ઘનઘાતી કર્મરહિત, કેવલજ્ઞાનાદિ પરમ ગુણોસહિત અને ચોત્રીસ અતિશય સંયુક્ત-આવા અરહંતો હોય

છે.' (ગાથા ૭૧).

[બાહ્ય આભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ શ્રી અરહંતદેવને હોય છે. શ્રી અરહંત અને સિદ્ધ ભગવાનને દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ એકસાથે હોય છે, ક્રમે હોતા નથી]

૨. શ્રી સિદ્ધનું સ્વરૂપઃ-

'આઠ કર્મના બંધને જેમણે નષ્ટ કરેલ છે એવા, આઠ મહાગુણો સહિત, પરમ, લોકના અગ્રે સ્થિત અને નિત્ય-આવા તે સિદ્ધો હોય છે.' (ગાથા ૭૨.)

[સિદ્ધ ભગવાનમાં વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી-અનંત ગુણ છે.]

૩. શ્રી આચાર્યનું સ્વરૂપઃ-

'પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિયરૂપી હાથીના મદનું દલન કરનાર, ધીર અને ગુણગંભીર-આવા આચાર્યો હોય છે.' (ગાથા ૭૩) [આચાર્યને ૩૬ ગુણ હોય છે]

૪. શ્રી ઉપાધ્યાયનું સ્વરૂપઃ-

'રત્નત્રયથી સંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત-આવા ઉપાધ્યાયો હોય છે.' (ગાથા ૭૪).

[ઉપાધ્યાયને ૨૫ ગુણ હોય છે. તેઓ મુનિઓમાં

અધ્યાપક હોય છે.]

૫. શ્રી સાધુનું સ્વરૂપઃ-

'વ્યાપારથી વિમુક્ત, ચતુર્વિધ (ચાર પ્રકારની) આરાધનામાં સદા રક્ત (લીન) નિર્ગ્રંથ અને નિર્મોહ આવા સાધુઓ હોય છે. (ગાથા ૭૫.)

[સાધુને ૨૮ મૂલગુણ હોય છે.]

આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુનું સામાન્ય સ્વરૂપઃ-

જે નિશ્ચય-સમ્યગ્દર્શન સહિત છે, વિરાગી છે, સમસ્ત પરિગ્રહના ત્યાગી છે, જેમણે શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કર્યો છે અને જે અંતરંગમાં તે શુદ્ધોપયોગ દ્વારા આત્માનો અનુભવ કરે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી; પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાનો માને છે. પર ભાવોમાં મમત્વ કરતા નથી. કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ અશુભ ઉપયોગનું તો જેમણે અસ્તિત્વ જ મિટાવી દીધું છે, જે અનેક વાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ-આનંદમાં લીન હોય છે, જયારે છઠ્ઠા ગુણસ્થાનમાં તેઓ આવે છે ત્યારે તેમને ૨૮ મૂલગુણોનું અખંડ પાલન કરવા માટે શુભ વિકલ્પ આવે છે-આવા જ જૈન મુનિ (ગુરુ) હોય છે.

ધર્મનું સ્વરૂપઃ-

નિજ આત્માની અહિંસાને ધર્મ કહે છે.

**પ્ર. ૧૩ શ્રી અરહંતના ૪૬ ગુણ કયા છે ?**

ઉ. ૧૩ તેમને ૪ આભ્યંતર ગુણો અને ૪૨ બાહ્ય ગુણો-એમ સર્વ મળી ૪૬ ગુણો હોય છે.

**પ્ર. ૧૪ ચાર આભ્યંતર ગુણો કયા હોય છે ?**

ઉ. ૧૪ અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય -એમ ચાર આભ્યંતર ગુણો હોય છે.

**પ્ર. ૧૫ તેમને બાહ્ય ગુણો કયા કયા છે ?**

ઉ. ૧૫ તેમને ૩૪ અતિશય અને ૮ પ્રાતિહાર્ય-એમ ૪૨ બાહ્ય ગુણો હોય છે.

**પ્ર. ૧૬ તેમને ૩૪ અતિશયો કયા કયા હોય છે ?**

**ઉ. ૧૬ (અ) દશ અતિશય જન્મથી હોય છેઃ-**

૧. મલ-મૂત્રનો અભાવ, ૨. પરસેવાનો અભાવ, ૩. સફેદ લોહી, ૪. સમચતુરસ્રસંસ્થાન, ૫. વજ્રઋષભ નારાચ સંહનન, ૬. અદ્‌ભુત રૂપ, ૭. અતિ સુગંધી શરીર, ૮. ૧૦૦૮ ઉત્તમ લક્ષણ, ૯. અતુલ બલ, ૧૦. પ્રિય વચન.

**(બ) દશ અતિશય કેવલજ્ઞાન ઉપજતાં હોય છેઃ-**

૧. ઉપસર્ગનો અભાવ, ૨. અદયાનો અભાવ, ૩. શરીરની છાયા પડે નહિ, ૪. ચાર મુખ દેખાય, ૫. સર્વ વિદ્યાનું સ્વામીપણું, ૬. આંખને પલકારો થાય નહીં,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭. સો યોજન સુધી સુભિક્ષતા રહે, ૮. આકાશગમન, (પૃથ્વીથી વીશ હજાર હાથ ઊંચે), ૯. કવલાહારનો અભાવ, ૧૦. નખ-કેશ વધે નહિ.

## (ક) દેવકૃત ચૌદ અતિશયો:-

૧. સકલ અર્ધમાગધી ભાષા, ૨. સર્વ જીવોમાં મૈત્રીભાવ, ૩. સર્વ ઋતુઓનાં ફળ-ફૂલ ફળે, ૪. દર્પણ સમાન ભૂમિ, ૫. કંટકરહિત ભૂમિ, ૬. મંદ સુગંધ પવન, ૭. સર્વ આનંદ, ૮. ગંધોદકવૃષ્ટિ, ૯. પગ તળે કમળ રચના, ૧૦. સર્વ ધાન્ય નીપજે, ૧૧. દશે દિશા નિર્મળ, ૧૨. આકાશમાં દેવોના આહ્વાન શબ્દો તથા જય-જય ધ્વનિ, ૧૩. ધર્મચક્ર આગળ ચાલે, ૧૪. આઠ મંગળ-દ્રવ્ય આગળ ચાલે.

[**આઠ મંગળ-દ્રવ્ય:-** ૧. છત્ર, ૨. ધજા, ૩. દર્પણ, ૪. કળશ, ૫. ચામર, ૬. જારી, ૭. પંખો; ૮. ઠવણાં (સપ્રતિષ્ઠ)]

## (ડ) આઠ પ્રાતિહાર્ય:- (વિશેષ મહિમાબોધક ચિહ્નો:-)

૧. અશોકવૃક્ષ, ૨. પુષ્પવૃષ્ટિ, ૩. દિવ્યધ્વનિ, ૪. ચામર, ૫. સિંહાસન, ૬. ભામંડલ, ૭. દુંદુભિ, ૮. ઉપરાઉપરી ત્રણ છત્ર.

**પ્ર. ૧૭ શ્રી સિદ્ધના આઠ ગુણો કયા છે ?**

ઉ. ૧૭ તેમને નીચેના આઠ ગુણો હોય છે:-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૧. સમ્યક્ત્વ, ૨. દર્શન, ૩. જ્ઞાન, ૪. વીર્ય, ૫. અગુરુલઘુ, ૬. અવગાહન, ૭. સૂક્ષ્મત્વ, ૮. અવ્યાબાધત્વ.

**પ્ર. ૧૮ આચાર્યના ૩૬ ગુણો કયા છે ?**

ઉ. ૧૮ તેમને ૩૬ ગુણો નીચે પ્રમાણે હોય છેઃ-

૧. ઉત્તમક્ષમાદિ, ૧૦ ધર્મ, ૨. બાર પ્રકારનાં તપ

૩. પાંચ આચારઃ- દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર.

૪. છ આવશ્યકઃ- ૧. સામાયિક, ૨. વંદના, ૩. ચોવીશ તીર્થંકરોની અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, ૪. પ્રતિક્રમણ, ૫. સ્વાધ્યાય, ૬. કાયોત્સર્ગ.

૫. ત્રણ ગુપ્તિઃ- મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ

**પ્ર. ૧૯ બાર પ્રકારનાં તપ કયાં છે ?**

ઉ. ૧૯ છ બાહ્ય તપ અને છ આભ્યન્તર તપ-એમ બાર પ્રકારનાં તપ છે.

**૧. છ બાહ્ય તપઃ** ૧. અનશન (સંયમની વૃદ્ધિ માટે ચાર પ્રકારના આહારનો ત્યાગ, ૨. અવમૌદર્ય (રાગભાવ દૂર કરવા માટે ભૂખથી ઓછું ભોજન કરવું), ૩. વૃત્તિપરિસંખ્યાન (ભિક્ષા માટે જતી વખતે ઘર, ગલી વગેરેનો નિયમ કરવો), ૪. રસપરિત્યાગ (ઈન્દ્રિયોનું દમન કરવા માટે ઘી, દુધ આદિ રસનો ત્યાગ કરવો),

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫. વિવિક્ત શય્યાસન (સ્વાધ્યાય, ધ્યાન આદિની સિદ્ધિ માટે એકાન્તપવિત્ર સ્થાનમાં સૂવું, બેસવું), ૬. કાયકલેશ (શરીરથી મમતા નહિ રાખતાં આતાપન યોગાદિ ધારણ કરવા).

૨. **છ અભ્યંતર તપઃ**– ૧. પ્રાયશ્ચિત (પ્રમાદ અથવા અજ્ઞાનથી લાગેલા દોષોની શુદ્ધિ કરવી) ૨. વિનય (પૂજ્ય પુરુષોનો આદર કરવો), ૩. વૈયાવૃત્ય (શરીર અને અન્ય વસ્તુઓથી મુનિઓની સેવા કરવી), ૪. સ્વાધ્યાય (જ્ઞાનની ભાવનામાં આળસ નહિ કરવી), ૫. વ્યુત્સર્ગ (બાહ્ય અને અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો), ૬. ધ્યાન (ચિત્તની ચંચલતાને રોકી તેને કોઈ એક પદાર્થના ચિંતવનમાં લગાવવું.)

**પ્ર. ૨૦ ઉપાધ્યાયના ૨૫ ગુણ કયા છે ?**

ઉ. ૨૦ તેઓ ૧૧ અંગ અને ૧૪ પૂર્વને પોતે ભણે છે તથા પાસે રહેનાર ભવ્ય જીવોને ભણાવે છે. તેથી તેઓને પચીસ ગુણો હોવાનું સમજવું.

**પ્ર. ૨૧ મુનિ (સાધુ-શ્રમણ) ના ૨૮ મૂળગુણ કયા છે?**

ઉ. ૨૧ ૫ મહાવ્રત હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિરૂપ પાંચ પ્રકાર.

૫ સમિતિ-ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫ ઈન્દ્રિયનિરોધ-પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ઈષ્ટ-અનિષ્ટપણું ન માનવું.

૬ આવશ્યક-સામાયિક વંદના, ૨૪ તીર્થંકરની અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ.

૨૧.

૨૨. કેશલોચ, ૨૩ અચેલપણું (વસ્ત્રરહિત -દિગમ્બરપણું) ૨૪. અસ્નાનતા, ૨૫. ભૂમિશયન, ૨૬. દાતણ ન કરવું, ૨૭. ઊભા ઊભા ભોજન કરવું, અને ૨૮. એક વખત આહાર.

[આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે નિશ્ચય-રત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મરૂપ જે આત્મસ્વરૂપનું સાધન છે તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (સાવધાન-જાગૃત) રહે છે, બાહ્યમાં ૨૮ મૂલગુણોના ધારક હોય છે. તેમની પાસે દયાનું ઉપકરણ પીંછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ શાસ્ત્રકથિત ૪૬ દોષ (૩૨ અંતરાય અને ૧૪ આહાર સંબંધી દોષ) થી બચાવીને શુદ્ધ આહાર લે છે. તે જ મોક્ષમાર્ગના સાધક-સાચા સાધુ છે અને તે ગુરુ કહેવાય છે.]

**પ્ર. ૨૨ અરિહંત ભગવાન કયા ૧૮ દોષોથી રહિત છે?**

ઉ. ૨૨ ક્ષુધા, તૃષા, ભય, રોષ (ક્રોધ), રાગ, મોહ, ચિંતા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જરા (ઘડપણ), રોગ, મૃત્યુ, સ્વેદ, (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ–આ ૧૮ દોષ અરિહંત ભગવાનને કદી હોતા નથી. (નિયમસાર ગા. ૬)

દોહા

જન્મ, જરા, તૃષા, ક્ષુધા, વિસ્મય, અરતિ, ખેદ,
રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિંતા, સ્વેદ.
રાગ, દ્વેષ, અરુ, મરણયુત, એ અષ્ટાદશ દોષ,
નહિ હોતે અરહંતકે, સો છબિ લાયક મોક્ષ.

**પ્ર. ૨૩ સાચા શાસ્ત્ર (આગમ) નું સ્વરૂપ શું છે ?**

ઉ. ૨૩

૧. 'જેમાં અનેકાંતરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે. તથા જે સાચો રત્નત્રય–મોક્ષમાર્ગ દેખાડે છે તે સાચા જૈન શાસ્ત્રો છે. (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૨૮)

૨. 'તીર્થંકર પરમદેવની વાણી જે પૂર્વાપર દોષરહિત અને શુદ્ધ છે તેને આગમ (શાસ્ત્ર) કહેલ છે.'

(નિયમસાર ગા. ૮.)

૩. 'ખરેખર આગમ વિના પદાર્થોનો નિશ્ચય કરી શકાતો નથી; કારણ કે આગમ જ જેને ત્રણે કાળ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ) ત્રણ લક્ષણો પ્રવર્તે છે એવા સકળ *પદાર્થસાર્થના યથાર્થજ્ઞાન વડે સુસ્થિત અંતરંગથી ગંભીર છે.'

(પ્રવચનસાર ગુજરાતી ગા. ૨૩૨, પૃ. ૩૭૯.)

* પદાર્થસાર્થના—પદાર્થસમૂહના.

## પ્ર. ૨૪ સર્વજ્ઞનું લક્ષણ શું છે ?

ઉ. ૨૪ શ્રી સમન્તભદ્રાચાર્ય કહે છે કેઃ-

"હે જિનેન્દ્ર ! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; ચરાચર (જંગમ તથા સ્થાવર) જગત્ પ્રતિક્ષણ (પ્રત્યેક સમય) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળું એવું આ તારું વચન સર્વજ્ઞનું ચિહ્ન છે."

(શ્રી બૃહત્ સ્વયંભૂસ્તોત્ર, શ્લોક ૧૧૪.)

## પ્ર. ૨૫ જૈનધર્મ શું છે ?

ઉ. ૨૫ જૈનધર્મ તે રાગ-દ્વેષ-અજ્ઞાનને જીતનાર આત્મસ્વભાવ છે. અજ્ઞાન અને અંશે રાગ-દ્વેષનો અભાવ થતાં જૈનપણાની શરૂઆત નિશ્ચયસમ્યગ્દર્શન થતાં (ચોથા ગુણસ્થાનકે) થાય છે. પછી જેટલે-જેટલે અંશે રાગ-દ્વેષનો અભાવ થાય તેટલે-તેટલે અંશે જૈનપણું વધતું જાય છે, અને કેવલજ્ઞાન થતાં પૂર્ણ જૈનપણું પ્રગટે છે.

# પ્રકરણ આઠમું

# પ્રમાણ, નય અને નિક્ષેપ- અધિકાર

## પ્ર. ૨૬ પદાર્થોને જાણવાના કેટલા ઉપાય છે ?

ઉ. ૨૬ ચાર ઉપાય છે. ૧. લક્ષણ, ૨. પ્રમાણ, ૩. નય અને ૪. નિક્ષેપ.

### લક્ષણ

## પ્ર. ૨૭ લક્ષણ કોને કહે છે ?

ઉ. ૨૭ ઘણા એક મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદા કરનાર હેતુને લક્ષણ કહે છે જેમકે; જીવનું લક્ષણ ચેતના.

## પ્ર. ૨૮ લક્ષ્ય કોને કહે છે ?

ઉ. ૨૮ જેનું લક્ષણ કરવામાં આવે તેને લક્ષ્ય કહે છે. જેમકે-'જીવનું લક્ષણ ચેતના'-તેમાં જીવ તે લક્ષ્ય છે. (લક્ષણથી જેને ઓળખાવતું હોય તે લક્ષ્ય.)

## પ્ર. ૨૯ લક્ષણાભાસ કોને કહે છે ?

ઉ. ૨૯ જે લક્ષણ સદોષ હોય તે લક્ષણાભાસ કહેવાય છે.

## પ્ર. ૩૦ લક્ષણના કેટલા દોષ છે ?

ઉ. ૩૦ ત્રણ છેઃ- ૧. અવ્યાપ્તિ, ૨. અતિવ્યાપ્તિ અને ૩. અસંભવ.

## પ્ર. ૩૧ અવ્યાપ્તિ દોષ કોને કહે છે ?

ઉ. ૩૧ લક્ષ્યના એક દેશમાં (એક ભાગમાં) લક્ષણનું રહેવું

તેને અવ્યાપ્તિ દોષ કહે છે; જેમકે, પશુનું લક્ષણ શીગડું.

વિશેષ:- "જે કોઈ લક્ષ્યમાં હોય તથા કોઈમાં ન હોય-એ પ્રમાણે લક્ષના એક દેશમાં હોય એવું લક્ષણ જયાં કહેવામાં આવે ત્યાં અવ્યાપ્તિપણું જાણવું; જેમ:- આત્માનું લક્ષણ કેવળજ્ઞાન કહીએ ત્યાં કેવળજ્ઞાન તો કોઈ આત્મામાં હોય છે, ત્યારે કોઈમાં નથી હોતું. માટે એ લક્ષણ અવ્યાપ્તિ દોષસહિત છે. કારણકે એ વડે આત્મા ઓળખતાં અલ્પજ્ઞાની જીવ આત્મા ન ઠરે."

(ગુ. મોક્ષમાર્ગ પ્ર. પા. ૩૧૬)

**પ્ર. ૩૨ અતિવ્યાપ્તિદોષ કોને કહે છે ?**

ઉ. ૩૨ લક્ષ્ય તેમજ અલક્ષ્યમાં લક્ષણનું રહેવું તેને અતિવ્યાપ્તિ દોષ કહે છે; જેમકે:- ગાયનું લક્ષણ શીગડાં.

વિશેષ:- "જે લક્ષ્ય અને અલક્ષ્ય બંનેમાં હોય એવું લક્ષણ જયાં કહેવામાં આવે ત્યાં અતિવ્યાપ્તિપણું જાણવું. જેમ આત્માનું લક્ષણ 'અમૂર્તત્વ' કહ્યું. ત્યાં અમૂર્તત્વ લક્ષણ, લક્ષ્ય જે આત્મા તેમાં છે. અને અલક્ષ્ય જે આકાશાદિક તેમાં પણ છે; માટે એ લક્ષણ અતિવ્યાપ્તિ દોષસહિત લક્ષણ છે; કારણકે એ વડે આત્માને ઓળખતાં આકાશાદિક પણ આત્મા થઈ જાય એ દોષ આવે."

(ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક-પા. ૩૧૬)

**પ્ર. ૩૩ અલક્ષ્ય કોને કહે છે ?**

ઉ. ૩૩ લક્ષ્ય સિવાયના બીજા પદાર્થોને અલક્ષ્ય કહે છે.

**પ્ર. ૩૪ અસંભવ દોષ કોને કહે છે ?**

ઉ. ૩૪ લક્ષ્યમાં લક્ષણની અસંભવતાને અસંભવદોષ કહે છે.

વિશેષઃ- 'જે લક્ષણ લક્ષ્યમાં હોય જ નહિ એવું લક્ષણ જયાં કહેવામાં આવે ત્યાં અસંભવપણું જાણવું; જેમ આત્માનું લક્ષણ જડપણું કહીએ ત્યાં એ લક્ષણ પ્રત્યક્ષાદિ પ્રમાણ વડે પણ વિરુદ્ધ છે, માટે એ અસંભવ-દોષસહિત લક્ષણ છે, કારણકે એ વડે આત્માને માનતાં પુદ્‌ગલાદિ પણ આત્મા થઈ જાય અને આત્મા છે તે અનાત્મા થઈ જાય એ દોષ આવે.''

(ગુ. મોક્ષમાર્ગ પ્ર. પૃ. ૩૧૬-૧૭)

**પ્ર. ૩૫ સાચું લક્ષણ કોને કહે છે ?**

ઉ. ૩૫ ''જે લક્ષણ, લક્ષ્યમાં તો સર્વત્ર હોય અને અલક્ષ્યમાં કોઈ પણ ઠેકાણે ન હોય તે જ સાચું લક્ષણ છે; જેમકે- આત્માનું લક્ષણ ચૈતન્ય. હવે એ લક્ષણ બધાય આત્મામાં હોય છે અને અનાત્મામાં કોઈપણ ઠેકાણે હોતું નથી, માટે એ સાચું લક્ષણ છે. એ વડે આત્મા માનતાં આત્મા અને અનાત્માનું યથાર્થ જ્ઞાન થાય છે, કોઈ દોષ આવતો નથી....'' (ગુ. મોક્ષમાર્ગ પ્ર. પા. ૩૧૭)

## પ્રમાણ

**પ્ર. ૩૬ પ્રમાણ કોને કહે છે ?**

ઉ. ૩૬

૧. સ્વ અને પર પદાર્થના નિર્ણય કરનાર જ્ઞાનને

પ્રમાણ અર્થાત્ સાચું જ્ઞાન કહે છે.
(પરીક્ષામુખ-પરિ. ૧, સૂ. ૧)

૨. સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે. (જૈન સિ. પ્ર.)

૩. અનંત ગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પરવસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. પ્રમાણ વસ્તુના સર્વ દેશને (બધાં પડખાંને) ગ્રહણ કરે છે-જાણે છે.'' (ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂ. ૬ ટીકા.)

**પ્ર. ૩૭ પ્રમાણનો વિષય શું છે ?**

ઉ. ૩૭ સામાન્ય અથવા ધર્મી, તથા વિશેષ અથવા ધર્મ-એ બંને અંશોના સમૂહરૂપ વસ્તુ તે પ્રમાણનો વિષય છે.

**પ્ર. ૩૮ પ્રમાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૩૮ પ્રમાણના બે ભેદ છે એક પ્રત્યક્ષ અને બીજો પરોક્ષ.

**પ્ર. ૩૯ પ્રત્યક્ષ પ્રમાણ કોને કહે છે ?**

ઉ. ૩૯ જે પદાર્થને સ્પષ્ટ જાણે તે પ્રત્યક્ષ પ્રમાણ છે. 'કેવળ આત્માર્થી' જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.

**પ્ર. ૪૦ પ્રત્યક્ષ પ્રમાણમાં કેટલા ભેદ છે ?**

ઉ. ૪૦ તેના બે ભેદ છેઃ- (૧) સાંવ્યાવહારિક પ્રત્યક્ષ, અને (૨) પારમાર્થિકપ્રત્યક્ષ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૪૧ સાંવ્યાવહારિક પ્રત્યક્ષ પ્રમાણ કોને કહે છે ?**

ઉ. ૪૧ જે ઈન્દ્રિય અને મનના નિમિત્તના સંબંધથી પદાર્થને એકદેશ (ભાગ) સ્પષ્ટ જાણે તેને સાંવ્યાવહારિક પ્રત્યક્ષ પ્રમાણ કહે છે. તેના અવગ્રહાદિ ચાર ભેદ છે તે સંબંધમાં જુઓ પ્રકરણ ૩ જું, પ્રશ્ન ૨૬૭ થી ૨૭૭.

**પ્ર. ૪૨ પારમાર્થિક પ્રત્યક્ષ પ્રમાણ કોને કહે છે ?**

ઉ. ૪૨ જે કોઈ નિમિત્ત વગર પદાર્થને સ્પષ્ટ જાણે તેને પારમાર્થિક પ્રત્યક્ષ પ્રમાણ કહે છે.

**પ્ર. ૪૩ પારમાર્થિક પ્રત્યક્ષ પ્રમાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૪૩ તેના બે ભેદ છે. વિકલ પારમાર્થિક, અને ૨. સકલ પારમાર્થિક.

**પ્ર. ૪૪ વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ કોને કહે છે ?**

ઉ. ૪૪ જે રૂપી પદાર્થોને કોઈના નિમિત્ત વિના સ્પષ્ટ જાણે તેને વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહે છે. તેના બે ભેદ છેઃ-

૧. અવધિજ્ઞાન અને ૨. મનઃપર્યયજ્ઞાન.

**પ્ર. ૪૫ સકલ પારમાર્થિક પ્રત્યક્ષ કોને કહે છે ?**

ઉ. ૪૫ કેવલજ્ઞાનને સકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહે છે.

**પ્ર. ૪૬ પરોક્ષ પ્રમાણ કોને કહે છે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૪૬

૧. જે નિમિત્તના સંબંધે પદાર્થને અસ્પષ્ટ જાણે તેને પરોક્ષ પ્રમાણ કહે છે. (જૈન સિ. પ્ર.)

૨. "જે ઈન્દ્રિયોથી સ્પર્શાઈ પ્રવર્તે તથા જે ચક્ષુ અને મનથી વગર સ્પર્શ્યે પ્રવર્તે-એમ બે પરદ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે." (ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૪૭ પરોક્ષ પ્રમાણના કેટલા ભેદ છે ?**

ઉ. ૪૭ તેના બે ભેદ છે:- ૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, [મતિ, શ્રુતાદિ પાંચ પ્રમાણજ્ઞાન સંબંધમાં જુઓ પ્રકરણ ૨ જું, પ્રશ્ન ૧૬૦, ૧૬૧ તથા પ્રકરણ ૩ જું, પ્રશ્ન ૨૬૭ થી ૨૭૭]

**પ્ર. ૪૮ પરોક્ષ પ્રમાણના બીજા કઈ રીતે ભેદ છે ?**

ઉ. ૪૮ તેના પાંચ ભેદ છે:- ૧. સ્મૃતિ, ૨. પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક, ૪. અનુમાન, અને ૫. આગમ.

૧. સ્મૃતિ:- પહેલાં અનુભવ કરેલા પદાર્થને યાદ કરવો તેને સ્મૃતિ કહે છે.

૨. પ્રત્યભિજ્ઞાન:- સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે:- આ તે જ મનુષ્ય છે કે જેને કાલે જોયો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતો.

૩. તર્કઃ- ૧. વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહે છે; અર્થાત્ ૨. હેતુથી જે વિચારમાં લીધું તે જ્ઞાનને તર્ક કહે છે.

૪. અનુમાનઃ- સાધનથી સાધ્યના જ્ઞાનને અનુમાન કહે છે.

૫. આગમઃ- આપ્તના વચનોથી ઉત્પન્ન થયેલા અર્થ જ્ઞાનને આગમ કહે છે.

['અહીં તો આગમ-અનુમાનાદિક પરોક્ષજ્ઞાન વડે આત્માનો અનુભવ હોય છે. જૈનાગમમાં જેવું આત્માનું સ્વરૂપ કહ્યું છે તેને તેવું જાણી તેમાં પોતાના પરિણામોને મગ્ન કરે છે, તેથી તેને આગમ પરોક્ષ પ્રમાણ કહીએ.

અથવા હું આત્મા જ છું, તેથી મારામાં જ્ઞાન છે; જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે. જેમકે; સિદ્ધાદિક છે વળી જ્યાં આત્મા નહિ ત્યાં જ્ઞાન પણ નહિ. જેમકેઃ- મૃત કલેવરાદિક છે. એ પ્રમાણે અનુમાનવડે વસ્તુનો નિશ્ચય કરી તેમાં (તે પોતાના) પરિણામોને મગ્ન કરે છે, તેથી તેને અનુમાન પરોક્ષપ્રમાણ કહીએ.

અથવા આગમ-અનુમાનાદિ વડે જે વસ્તુ (સ્વરૂપ) જાણવામાં આવ્યું તેને યાદ રાખીને તેમાં (પોતાના) પરિણામોને મગ્ન કરે છે. તેથી તેને સ્મૃતિ કહીએ છીએ.

ઈત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષપ્રમાણ વડે જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માને જાણવાનું હોય છે....

......અનુભવમાં આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસે છે; આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવું હોય છે-એમ કહીએ તો દોષ નથી....]

(ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક-ટોડરમલ્લજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠી પાનું ૩૪૭-૪૮)

**પ્ર. ૪૯ વ્યાપ્તિ કોને કહે છે ?**

ઉ. ૪૯ અવિનાભાવસંબંધને વ્યાપ્તિ કહે છે.

**પ્ર. ૫૦ અવિનાભાવસંબંધ કોને કહે છે ?**

ઉ. ૫૦ જયાં જયાં સાધન (હેતુ) હોય. ત્યાં ત્યાં સાધ્યનું હોવું, અને જયાં જયાં સાધ્ય ન હોય, ત્યાં ત્યાં સાધનનું પણ નહિ હોવાને અવિનાભાવસંબંધ કહે છે; જેમકેઃ- જયાં જયાં સ્વાત્મદૃષ્ટિ છે ત્યાં ત્યાં ધર્મ હોય છે, અને જયાં જયાં ધર્મ નથી ત્યાં ત્યાં સ્વાત્મદૃષ્ટિ પણ નથી.

**પ્ર. ૫૧ સાધન કોને કહે છે ?**

ઉ. ૫૧ જે સાધ્ય વિના ન હોય તેને સાધન કહે છે. જેમ કેઃ- ધર્મનો હેતુ (સાધન) સ્વાત્મદૃષ્ટિ.

**પ્ર. ૫૨ સાધ્ય કોને કહે છે ?**

ઉ. ૫૨ ઈષ્ટ અબાધિત અસિદ્ધને સાધ્ય કહે છે.

## નય

**પ્ર. ૫૩ નય કોને કહે છે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૫૩

૧. વસ્તુના એક દેશ (ભાગ) ને જાણવાવાળા જ્ઞાનને નય કહે છે. (જૈન સિ. પ્ર.)

૨. પ્રમાણ દ્વારા ગ્રહણ કરેલા પદાર્થના એક ધર્મને મુખ્યતાથી જે અનુભવ કરાવે છે તે નય છે.
(પુરુષાર્થ સિ. ઉપાય-ગા. ૩૧ ની ટીકા)

૩. 'પ્રમાણ દ્વારા નક્કી થયેલી વસ્તુના એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે તેને નય કહે છે.'

૪. પ્રમાણ દ્વારા નક્કી થયેલ અનંતધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે તે નય છે. વસ્તઓમાં ધર્મ અનંત છે, તેથી તેના અવયવો અનંત સુધી થઈ શકે છે, અને તેથી અવયવના જ્ઞાનરૂપ નય પણ અનંત સુધી થઈ શકે છે.

૫. શ્રુત પ્રમાણના વિકલ્પ, ભેદ કે અંશને નય કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. જે નય છે તે પ્રમાણસાપેક્ષરૂપ હોય છે.

(મતિ, અવધિ કે મનઃપર્યયજ્ઞાનમાં નયના ભેદ પડતાં નથી.)' (ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૧, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૫૪ નયના કેટલા પ્રકાર છે ?**

ઉ. ૫૪ તેના બે પ્રકાર છે- ૧. નિશ્ચયનય અને ૨. વ્યવહારનય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૫૫ નિશ્ચયનય કોને કહે છે ?**

ઉ. ૫૫ વસ્તુના કોઈ અસલી (મૂળ) અંશને ગ્રહણ કરવાવાળા જ્ઞાનને નિશ્ચયનય કહે છે; જેમકે:- માટીના ઘડાને માટીનો ઘડો કહેવો. (જૈન સિ. પ્ર.)

**પ્ર. ૫૬ વ્યવહારનય કોને કહે છે ?**

ઉ. ૫૬ કોઈ નિમિત્તના કારણથી એક પદાર્થને બીજા પદાર્થરૂપે જાણવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે. જેમકે:- માટીના ઘડાને ઘીના રહેવાના નિમિત્તથી ઘીનો ઘડો કહેવો. (જૈન સિ. પ્ર.)

**પ્ર. ૫૭ નિશ્ચયનયના કેટલા ભેદ છે ?**

ઉ. ૫૭ તેના બે ભેદ છે-દ્રવ્યાર્થિકનય અને ૨. પર્યાયાર્થિકનય.

**પ્ર. ૫૮ દ્રવ્યાર્થિકનય કોને કહે છે ?**

ઉ. ૫૮ જે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે (અર્થાત્ સામાન્યને ગ્રહણ કરે) તેને દ્રવ્યાર્થિકનય કહે છે.

**પ્ર. ૫૯ પર્યાયાર્થિકનય કોને કહે છે ?**

ઉ. ૫૯ જે મુખ્યપણે વિશેષને (ગુણ અથવા પર્યાયને) વિષય કરે તેને પર્યાયાર્થિકનય કહે છે.

[દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તે બંને (સામાન્ય અને વિશેષ) ને જાણનારાં દ્રવ્યાર્થિકનયરૂપ અને પર્યાયાર્થિકનયરૂપ બે જ્ઞાનચક્ષુઓ છે. ''દ્રવ્યાર્થિકનયરૂપી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક ચક્ષુથી જોતાં દ્રવ્ય સામાન્ય જ જણાય છે, તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે; અને પર્યાયાર્થિકનયરૂપી બીજા (એક) ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે, તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે. બંને નયોરૂપી બંને ચક્ષુઓથી જોતાં દ્રવ્ય સામાન્ય તથા દ્રવ્યના વિશેષો-બંને જણાય છે; તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય અન્ય બંને ભાસે છે.''

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય-બંને નયોવડે વસ્તુનું જે જ્ઞાન થાય છે તે જ પ્રમાણજ્ઞાન છે.

(જુઓ, શ્રી પ્રવચનસાર ગા. ૧૪૪ નો ભાવાર્થ.)

## પ્ર. ૬૦ દ્રવ્યાર્થિકનયના કેટલા ભેદ છે ? (આગમ અપેક્ષાએ)

ઉ. ૬૦ તેના ત્રણ ભેદ છેઃ- ૧. નૈગમનગ, ૨. સંગ્રહનય અને ૩. વ્યવહારનય.

## પ્ર. ૬૧ નૈગમનય કોને કહે છે ?

ઉ. ૬૧

૧. ''જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા વર્તમાન પર્યાયમાં કંઈક નિષ્પન્ન (પ્રગટરૂપ) છે અને કંઈક નિષ્પન્ન નથી તેનો નિષ્પન્નરૂપ સંકલ્પ કરે તે જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે.'' [Figurative]

(ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂ. ૩૩ ની ટીકા)

૨. "જે નય અનિષ્પન્ન અર્થના સંકલ્પ માત્રને ગ્રહણ કરે તેને નૈગમનય છે; જેમકે:- લાકડાં, પાણી આદિ સામગ્રી એકઠી કરનાર પુરુષને કોઈ પૂછે છે કે, 'આપ શું કરી રહ્યા છો ?' તેના ઉત્તરમાં તે કહે છે કે, 'હું રોટલી બનાવી રહ્યો છું' જોકે તે સમયે તે રોટલી બનાવી રહ્યો ન હતો તથાપિ નૈગમનય તેના એ ઉત્તરને સત્યાર્થ માને છે."

[હિન્દી મોક્ષશાસ્ત્ર-અ. ૧, સૂ. ૩૩ ટીકા, અનુવાદક-પં. પન્નાલાલજી]

૩. "બે પદાર્થોમાંથી એકને ગૌણ અને બીજાને પ્રધાન કરી ભેદ અથવા અભેદને વિષય કરવાવાળું (જાણવાવાળું) જ્ઞાન નૈગમનય છે તથા પદાર્થના સંકલ્પને ગ્રહણ કરવાવાળું જ્ઞાન નૈગમનય છે. જેમકે- કોઈ પુરુષ રસોઈમાં ચોખા લઈને વીણતો હતો. તે વખતે કોઈએ તેને પૂછ્યું કે, "તમે શું કરી રહ્યા છો ?" ત્યારે તેણે કહ્યું કે 'હું ભાત બનાવી રહ્યો છું.' અહીં ચોખા અને ભાતમાં અભેદ-વિવક્ષા છે, અથવા ચોખામાં ભાતનો સંકલ્પ છે."

(ગુ. જૈન સિ. પ્રવેશિકા પૃ. ૧૮૦)

**પ્ર. ૬૨ નૈગમનયના કેટલા ભેદ છે ?**

ઉ. ૬૨ તેના ત્રણ ભેદ છે:- ૧. ભૂતનૈગમનય, ભાવિનૈગમનય અને ૩. વર્તમાન નૈગમનય.

**૧. ભૂતનૈગમનય:-**

ભૂતકાળની વાતને વર્તમાનકાળમાં આરોપણ કરી કહેવું તે ભૂતનૈગમનય છે. જેમકેઃ- આજે દિવાલીના દિવસે જ શ્રી મહાવીર ભગવાન મોક્ષ ગયા.

નિશ્ચયમોક્ષમાર્ગ નિર્વિકલ્પ છે, તે કાળે સવિકલ્પ મોક્ષમાર્ગ નથી તો તે સાધક કેમ થાય ? સમાધાનઃ- ભૂતનૈગમનયે તે પરંપરાએ સાધક છે.

(પરમાત્મપ્રકાશ પા. ૧૪૨)

**૨. ભાવિનૈગમનયઃ-**

ભવિષ્યત્‌કાળમાં થવાવાળી વાતને વર્તમાનકાળવત્ થયેલી કહેવી તે ભાવિનૈગમનય છે. જેમકેઃ- અરહંત ભગવાનને સિદ્ધ ભગવાન કહેવા.

**૩. વર્તમાનનૈગમનયઃ-**

કોઈ કાર્ય કરવાનું તો શરૂ કરી દીધું હોય, પણ તે કાર્ય કંઈક થયું-કંઈક ન થયું હોય તોપણ તે પૂર્ણ થયા સમાન કહેવું તે વર્તમાનનૈગમનય છે. જેમકેઃ- ભાત પકવવાના કાર્યનો આરંભ તો કરી દીધો પરંતુ હજુ તે પાકી ગયો નથી, તોપણ તેને ભાત પાકે છે એમ કહેવું.

(અલાપપદ્ધતિ, પાનું ૬૫-૬૬)

**પ્ર. ૬૩ સંગ્રહનય કોને કહે છે ?**

ઉ. ૬૩ જે નય પોતાની જાતિનો વિરોધ નહિ કરી સમસ્ત પદાર્થોને એકપણાથી ગ્રહણ કરે તેને સંગ્રહનય કહે છે. જેમકેઃ- સત્ દ્રવ્ય, ઈત્યાદિ.

## પ્ર. ૬૪ વ્યવહારનય કોને કહે છે ?

ઉ. ૬૪ જે નય સંગ્રહનયથી ગ્રહણ કરેલા પદાર્થોનો વિધિપૂર્વક ભેદ કરે તેને વ્યવહારનય કહે છે. જેમકે:- સત્ બે પ્રકારે છે-દ્રવ્ય અને ગુણ. દ્રવ્યના છ ભેદ છે:- જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ. ગુણના બે ભેદ છે:- સામાન્ય અને વિશેષ. આ રીતે જયાં સુધી ભેદ થઈ શકે છે ત્યાં સુધી આ નય ભેદ કરે છે.

## પ્ર. ૬૫ પર્યાયાર્થિકનયના કેટલા ભેદ છે ?

ઉ. તેના ચાર ભેદ છે:- ૧. ઋજુસૂત્રનય, ૨. શબ્દનય, ૩. સમભિરૂઢનય અને ૪. એવંભૂતનય.

## પ્ર. ૬૬ ઋજુસૂત્રનય કોને કહે છે ?

ઉ. ૬૬ ભૂત-ભવિષ્યકાળ સંબંધી પર્યાયની અપેક્ષા નહિ કરતાં, વર્તમાનકાળ સંબંધી પર્યાયને જે વિષય કરે તેને ઋજુસૂત્રનય કહે છે.

## પ્ર. ૬૭ શબ્દનય કોને કહે છે ?

ઉ. ૬૭ જે નય લિંગ, વચન, કારકાદિના વ્યભિચારને દૂર કરે તેને શબ્દનય કહે છે. જેમકે: દાર (પુ.), ભાર્યા (સ્ત્રી.), કલત્ર (ન.)-એ ત્રણ શબ્દો ભિન્ન લિંગના હોવા છતાં તેઓ એક જ 'સ્ત્રી' પદાર્થના વાચક છે, પણ આ નય સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ત્રણ ભેદરૂપ માને છે.

## પ્ર. ૬૮ સમભિરૂઢનય કોને કહે છે ?

ઉ. ૬૮

૧. જે નય જુદા જુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે તેને સમભિરૂઢનય કહે છે. જેમકેઃ- 'ગો' શબ્દના અનેક અર્થ [વાણી, પૃથ્વી, ગમન આદિ] થાય છે, પણ પ્રચલિત રૂઢિથી તેનો અર્થ ગાય થાય છે.

૨. વળી આ નય પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે છે. જેમકેઃ- ઈન્દ્ર, શક્ર, પુરન્દર-એ ત્રણે શબ્દો એક જ લિંગના પર્યાયવાચી શબ્દના જ વાચક છે; પણ આ નય એ ત્રણેના ભિન્ન ભિન્ન અર્થ કરે છે.

**પ્ર. ૬૯ એવંભૂતનય કોને કહે છે ?**

ઉ. ૬૯ જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ છે તે ક્રિયારૂપ પરિણમતા પદાર્થને જે નય ગ્રહણ કરે તેને એવંભૂતનય કહે છે. જેમકેઃ- પૂજારીને પૂજા કરતી વખતે જ પૂજારી કહેવો.

**પ્ર. ૭૦ વ્યવહારનય અથવા ઉપનયના કેટલા ભેદ છે?**

ઉ. ૭૦ તેના બે ભેદ છે-સદ્ભૂત વ્યવહારનય અને ૨. અસદ્ભૂત વ્યવહારનય.

**પ્ર. ૭૧ સદ્ભૂત વ્યવહારનય કોને કહે છે ?**

ઉ. ૭૧ જે એક પદાર્થમાં ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે તેને સદ્ભુત વ્યવહારનય કહે છે.

(જૈન સિદ્ધાન્ત દર્પણ પા. ૩૪)

**પ્ર. ૭૨ સદ્ભૂત વ્યવહારનયના કેટલા ભેદ છે ?**
ઉ. ૭૨ તેના બે ભેદ છે- ૧. ઉપચરિત સદ્ભુત વ્યવહારનય અને ૨. અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય.

**પ્ર. ૭૩ ઉપચરિતસદ્ભૂત વ્યવહારનય કોને કહે છે ?**
ઉ. ૭૩

૧. જે ઉપાધિ સહિત ગુણ-ગુણીને ભેદરૂપે ગ્રહણ કરે તેને ઉપચરિતસદ્ભૂતવ્યવહારનય કહે છે જેમકે:- જીવના મતિજ્ઞાનાદિક ગુણ. (જૈન સિદ્ધાન્ત દર્પણ)

૨. જે નય કર્મોપાધિસહિત અખંડ દ્રવ્યમાં અશુદ્ધ ગુણ અથવા અશુદ્ધ ગુણી તથા અશુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાયીની ભેદકલ્પના કરે તેને ઉપચરિત સદ્ભૂત-વ્યવહારનય (અશુદ્ધસદ્ભૂતવ્યવહારનય) કહે છે જેમકે:- સંસારી જીવના અશુદ્ધ મતિજ્ઞાનાદિક ગુણ અથવા અશુદ્ધ નરનારકાદિ પર્યાયો. (આલાપપદ્ધતિ)

**પ્ર. ૭૪ અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય કોને કહે છે ?**
ઉ. ૭૪ જે નય નિરુપાધિક ગુણ અને ગુણીને ભેદરૂપ ગ્રહણ કરે તેને અનુપચરિતસદ્ભૂતવ્યવહારનય કહે છે. જેમકે:- જીવના કેવળજ્ઞાનાદિ ગુણ. (જૈન સિદ્ધાન્ત દર્પણ)

**પ્ર. ૭૫ અસદ્ભૂતવ્યવહારનય કોને કહે છે ?**
ઉ. ૭૫ જે મળેલા ભિન્ન પદાર્થોને અભેદરૂપે કથન કરે તેને અસદ્ભૂત વ્યવહારનય કહે છે. જેમકે, આ શરીર મારું છે, અથવા માટીના ઘડાને ઘીનો ઘડો કહેવો.

(જૈન સિ. પ્ર.)

[ભિન્ન પદાર્થો વાસ્તવિકપણે અભેદ થતા નથી, તેથી આ નય સદ્‌ભૂત કહેવાય છે. વળી તે પર સાથેના સંબંધનું કથન કરે તેથી વ્યવહારનય કહેવાય છે.]

**પ્ર. ૭૬ અસદ્‌ભૂતવ્યવહારનયના કેટલા ભેદ છે ?**

ઉ. ૭૬ તેના બે ભેદ છેઃ- ૧. ઉપચરિતઅસદ્‌ભૂત-વ્યવહારનય, અને ૨. અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય.

**પ્ર. ૭૭ ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે ?**

ઉ. ૭૭ અત્યંત ભિન્ન પદાર્થોને જે અભેદરૂપે ગ્રહણ કરે તેને ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય કહે છે. જેમકેઃ- હાથી, ઘોડા, મહેલ, મકાન, વસ્ત્ર આભરણાદિ જીવના કહેવા તે. (જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા)

**પ્ર. ૭૮ અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય કોને કહે છે?**

ઉ. ૭૮ જે નય સંયોગ સંબંધથી યુક્ત બે પદાર્થોના સંબંધને વિષય કરે તેને અનુપચરિત અસદ્‌ભૂતવ્યવહારનય કહે છે. જેમકેઃ- જીવના કર્મ, જીવનું શરીર વગેરે.

૧. જીવ, દ્રવ્યકર્મ અને પુદ્‌ગલશરીર-એ ત્રણેનો આકાશ અપેક્ષાએ એકક્ષેત્રાવગાહ સંબંધ છે; તેથી તેને અનુપચરિત કહેવામાં આવે છે.

૨. જીવનાં કર્મ અને જીવનું શરીર કહેવું તે અસદ્‌ભૂત છે.

અસદ્‌ભૂતનો અર્થ મિથ્યા, અસત્ય, અયથાર્થ છે.

(જુઓ, પરમાત્મપ્રકાશ અ. ૧, મા. ૬૫ ની હિંદી ટીકા; પ્રવચનસાર અ. ૧, ગા. ૧૬ ની હિંદી ટીકા; પ્રવચનસાર અ. ૧, ગા. ૧૬ ની ગુ. ટીકા)

૩. આ નય જીવનો પર પદાર્થ સાથેનો સંબંધ બતાવે છે તેથી તે વ્યવહારનય કહેવાય છે.

૪. વ્યવહારને અભૂતાર્થ પણ કહેવામાં આવે છે; અભૂતાર્થ એટલે અસત્યાર્થ. પદાર્થનું જેું સ્વરૂપ ન હોય તેવું અનેક કલ્પના કરીને વ્યવહારનય પ્રગટ કરે છે, તેથી તેને અભૂતાર્થ કહેવામાં આવે છે. જેમ મૃષાવાદી તુચ્છ પણ (જરાક પણ) કારણનું છળ પામે તો અનેક કલ્પના કરી તાદ્દશ કરી દેખાડે છે; તેમ જોકે જીવ અને પુદ્‌ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે, તો પણ એકક્ષેત્રાવગાહ સંબંધનું છળ પામીને વ્યવહારનય આત્મદ્રવ્યને શરીરાદિક પરદ્રવ્ય સાથે એકપણું બતાવે છે. તેથી તે વ્યવહારનય અસત્યાર્થ છે. મુક્ત દશામાં વ્યવહારનય પોતે જ જીવ અને શરીર બંને જુદાં જ છે એમ પ્રકાશે છે....

(જુઓ, કલકત્તાથી મૂલ ટીકા સહિત પ્રકાશિત પુરુષાર્થસિદ્ધયુપાય પા. ૬-૭)

**પ્ર. ૭૯ આધ્યાત્મિકદ્દષ્ટિએ વ્યવહારનયનું સ્વરૂપ કહો.**

ઉ. ૭૯ પંચાધ્યાયી ભા. ૧ ગાથા પ૨પ થી પ૫૧માં વ્યવહારનયના ચાર પ્રકારોનું વર્ણન કર્યું છે. અહીં સારરૂપેઃ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૧. ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયઃ–

'જ્ઞાન પરને જાણે છે' એમ કહેવું અથવા તો જ્ઞાનમાં રાગ જણાતાં 'રાગનું જ્ઞાન છે' એમ કહેવું અથવા જ્ઞાતાસ્વભાવના ભાનપૂર્વક જ્ઞાની 'વિકારને પણ જાણે છે, એમ કહેવું તે ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે.

## ૨. અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનયઃ–

જ્ઞાન ને આત્મા ઈત્યાદિ ગુણ–ગુણીના ભેદ પાડવા તે અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય છે.

સાધકને રાગરહિત જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ હોય છતાં હજુ પર્યાયમાં રાગ પણ થાય છે. સાધક સ્વભાવની શ્રદ્ધામાં રાગનો નિષેધ થયો હોવા છતાં, તેને ગુણભેદના કારણે ચારિત્રગુણના પર્યાયમાં હજી રાગ થાય છે–આવા ગુણભેદથી આત્માને જાણવો તે અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય છે.

## ૩. ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયઃ–

સાધક એમ જાણે છે કે હજી મારા પર્યાયમાં વિકાર થાય છે. તેમાં જે વ્યક્ત રાગ બુદ્ધિપૂર્વકનો રાગ–પ્રગટ ખ્યાલમાં પકડી શકાય છે તેવા બુદ્ધિપૂર્વકના વિકારને આત્માનો જાણવો તે ઉપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનય.

## ૪. અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયઃ–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે સમયે બુદ્ધિપૂર્વકનો વિકાર છે તે સમયે પોતાના ખ્યાલમાં ન આવી શકે એવો અબુદ્ધિપૂર્વકનો વિકાર પણ છે; તેને જાણવો તે અનુપચરિતઅસદ્-ભૂતવ્યવહારનય છે.

(જુઓ, આત્મધર્મ માસિક વર્ષ ૯, અંક ૪, પૃ. ૭૪ થી ૭૮)

**પ્ર. ૮૦ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો વિષય શો છે ?**

ઉ. ૮૦

૧. દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાલી દ્રવ્ય છે અને પર્યાયાર્થિકનયનો વિષય ક્ષણિક છે. દ્રવ્યાર્થિકનયના વિષયમાં ગુણ જુદો નથી; કેમકે ગુણને જુદો પાડી, લક્ષમાં લેતાં વિકલ્પ ઉઠે છે, અને વિકલ્પ તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

(ગુ. મોક્ષશાસ્ત્ર બીજી આવૃતિ, અ. ૧, સૂ. ૬ ની ટીકા પૃ. ૩૨)

૨. દ્રવ્યાર્થિકનયને નિશ્ચયનય અને પર્યાયાર્થિકનયને વ્યવહારનય કહે છે.

**પ્ર. ૮૧ નિશ્ચયનય અને વ્યવહારનય-એ બંનેના ગ્રહણત્યાગમાં શો વિવેક રાખવો જરૂરી છે ?**

ઉ. ૮૧ જ્ઞાન બંને નયોનું કરવું, પણ તેમાં પરમાર્થે નિશ્ચયનય આદરણીય છે, એમ શ્રદ્ધા કરવી.

શ્રી મોક્ષપાહુડમાં કહ્યું છે કેઃ-

जो सुत्तो ववहारे सो जोई जग्गए सकज्जम्मि ।
जो जग्गदि ववहारे सो सुत्तो अप्पणो कज्जे ॥३१॥

અર્થઃ- જે યોગી વ્યવહારમાં સૂતો છે તે પોતાના કાર્યમાં જાગે છે, અને જે વ્યવહારમાં જાગૃત રહે છે તે પોતાના કાર્યમાં (આત્મકાર્યમાં) સૂતો છે.

“વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાંનથી મિથ્યાત્વ છે, તેથી તેનો ત્યાગ કરવો.”

“નિશ્ચયનય તેને યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈના કોઈમાં મેળવતો નથી, તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે. માટે તેનું શ્રદ્ધાન કરવું.”

“નિશ્ચયનું નિશ્ચયરૂપ તથા વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે, પણ એક જ નયનું શ્રદ્ધાન થતાં તો એકાંત મિથ્યાત્વ થાય છે.

“નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનયવડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.

(જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ-પાનું ૨૫૫-૫૬)

**પ્ર. ૮૨ વ્યવહારનય અને નિશ્ચયનયનું ફળ શું ?**

ઉ. ૮૨ “વીતરાગે કહેલો વ્યવહાર અશુભમાંથી બચાવી જીવને શુભભાવમાં લઈ જાય છે; જેનું દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે. તે ભગવાને કહેલાં વ્રત વગેરે નિરતિચાર

પાળે છે અને તેથી શુભ ભાવવડે નવમી ગ્રૈવેયકે જાય છે. પણ તેનો સંસાર ઊભો રહે છે; અને ભગવાને કહેલો નિશ્ચય, શુભ અને અશુભ-બન્નેથી બચાવી જીવને શુદ્ધ ભાવમાં-મોક્ષમાં લઈ જાય છે. તેનું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ છે કે જે નિયમથી (ચોક્કસ) મોક્ષ પ્રાપ્ત કરે છે.''

(ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૧, સૂત્ર ૬ ની ટીકા)

## પ્ર. ૮૩ જૈનશાસ્ત્રોમાં બંને નયોનું ગ્રહણ કરવા કહ્યું છે તે કઈ રીતે ?

ઉ. ૮૩ ''જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું; તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે, તેને એમ નથી પણ (નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે' એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે, પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી 'આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.''

(મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૫૬)

## પ્ર. ૮૪ નયના બીજી રીતે કયા પ્રકાર છે ?

ઉ. ૮૪ તેના ત્રણ પ્રકાર છેઃ- ૧. શબ્દનય, ૨. અર્થનય અને ૩. જ્ઞાનનય.

૧. શબ્દનયઃ- જ્ઞાન દ્વારા જાણેલા પદાર્થનું પ્રતિપાદન શબ્દ દ્વારા થાય છે, માટે તે શબ્દને શબ્દનય કહે છે.

જેમકેઃ- 'સાકર' શબ્દ તે શબ્દનયનો વિષય છે.

૨. અર્થનયઃ- જ્ઞાનનો વિષય પદાર્થ છે, માટે નયથી પ્રતિપાદિત કરવામાં આવતા પદાર્થને પણ નય કહે છે. આ અર્થનય છે. જેમકે-'સાકર' શબ્દનો વાચ્ય પદાર્થ અર્થનયનો વિષય છે.

'જ્ઞાનાત્મક નય તે પરમાર્થથી નય છે અને વાકય ઉપચારથી નય છે.'

(શ્રી ધવલ-ટીકા પુ. ૯મું. પાનું ૧૬૪)

૩. જ્ઞાનનયઃ- વાસ્તવિક પ્રમાણજ્ઞાન છે, તે જ્યારે એકદેશગ્રાહી થાય ત્યારે તેને નય કહે છે. માટે તેને જ્ઞાનનય કહે છે. જેમકે, 'સાકર' પદાર્થનું અનુભવરૂપ જ્ઞાન તે જ્ઞાન નયનો વિષય છે.

## વિશેષ

૧. શાસ્ત્રોના સાચા રહસ્યને ખોલવા માટે નયાર્થ સમજવો જોઈએ. તેને સમજ્યા વિના ચરણાનુયોગનું કથન પણ સમજવામાં આવે નહિ. ગુરુનો ઉપકાર માનવાનું કથન આવે ત્યાં સમજવું કે ગુરુ પરદ્રવ્ય છે, માટે તે વ્યવહારનું કથન છે.

ચરણાનુયોગના શાસ્ત્રમાં પરદ્રવ્ય છોડવાની વાત આવે ત્યાં સમજવું કે તે રાગને છોડવા માટે વ્યવહારનયનું કથન છે. પ્રવચન સારમાં શુદ્ધતા અને શુભ રાગની મૈત્રી કહી છે, પણ વાસ્તવમાં (નિશ્ચયથી)

તે મિત્રતા નથી. રાગ તો શુદ્ધતાનો શત્રુ છે, પણ ચરણાનુયોગના શાસ્ત્રમાં એવું કથન કરવાની પદ્ધતિ છે, અને તે કથન વ્યવહારનયનું છે. અશુભથી બચવા માટે શુભ રાગને નિમિત્તમાત્ર મિત્ર કહ્યો છે, તેનો ભાવાર્થ તો એ છે કે-વાસ્તવમાં તે વીતરાગતાનો શત્રુ છે, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારનય દ્વારા એવું જ કથન થાય છે.

૨. જે જૈનો પૂજા-વ્રત-દાનાદિ શુભ ક્રિયાથી ધર્મ માને તે જિનમતની બહાર છે, કારણ કે ભાવપાહુડ ગા. ૮૪-૮૫ ના ભાવાર્થમાં કહ્યું છે કેઃ-

"શુભ ક્રિયારૂપ પુણ્યને ધર્મ માની જે તેનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ કરે તેને પુણ્યકર્મનો બંધ થાય છે. તેનાથી સ્વર્ગાદિના ભોગની પ્રાપ્તિ થાય છે, પણ તેનાથી કર્મના ક્ષયરૂપ સંવર-નિર્જરા-મોક્ષ થતો નથી.....મોહક્ષોભરહિત આત્માના પરિણામ તે જ ધર્મ છે. આ ધર્મ જ સંસારથી પાર ઉતારનાર મોક્ષનું કારણ છે. એમ ભગવાને કહ્યું છે."

૩. "લૌકિકજન તથા અન્યમતી કોઈ કહે છે કે પૂજાદિક શુભ-ક્રિયા તથા વ્રત-ક્રિયા સહિત જે હોય તે જૈનધર્મ છે, પણ એમ નથી....ઉપવાસ વ્રતાદિ જે શુભ ક્રિયા છે, જેમાં આત્માના રાગરહિત શુભપરિણામ છે; તેનાથી પુણ્યકર્મ નીપજે છે, તેથી તેને પુણ્ય કહે છે; અને તેનું ફળ સ્વર્ગાદિક ભોગની પ્રાપ્તિ છે....જે

વિકાર રહિત શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ નિશ્ચય હોય તે આત્માનો ધર્મ છે, આ ધર્મથી આત્માને, આગામી કર્મોનો તો આસ્રવ રોકાઈ સંવર થાય છે અને પૂર્વે બાંધેલા કર્મની નિર્જરા થાય છે, સંપૂર્ણ નિર્જરા થતાં મોક્ષ થાય છે....''

(ભાવપાહુડ ગા. ૮૩નો ભાવાર્થ)

૪ જે કોઈ પરમાત્માની પૂજા ભક્તિ આદિ શુભરાગથી પોતાનું હિત થવું માને તથા પરમાત્માનું સ્વરૂપ અન્યથા માને તે મિથ્યામતાવલંબી છે.

**પ્ર. ૮૫ જૈનશાસ્ત્રોના અર્થ સમજવાની રીત શી છે ?**

ઉ. ૮૫ જૈનશાસ્ત્રોના અર્થ સમજવાની રીત પાંચ પ્રકારે છે:-

૧. શબ્દાર્થ, ૨. નયાર્થ, ૩. મતાર્થ, ૪. આગમાર્થ અને ૫. ભાવાર્થ.

૧. શબ્દાર્થ:- પ્રકરણ અનુસાર વાકય કે શબ્દનો યોગ્ય અર્થ સમજવો.

૨. નયાર્થ:- કયા નયનું વાકય છે ? તેમાં ભેદ-નિમિત્તાદિનો ઉપચાર બતાવનાર વ્યવહારનયનું કથન છે કે વસ્તુસ્વરૂપ બતાવનાર નિશ્ચયનયનું કથન છે તે નક્કી કરી અર્થ કરવો તે નયાર્થ છે.

૩. મતાર્થ:- વસ્તુસ્વરૂપથી વિપરીત એવા કયા મત (સાંખ્ય-બૌદ્ધાદિક) નું ખંડન કરે છે અને સ્યાદ્વાદ

મતનું મંડન કરે છે-એવી રીતે શાસ્ત્રનું કથન સમજવું તે મતાર્થ છે.

૪. આગમાર્થઃ- સિદ્ધાન્ત અનુસાર જે અર્થ પ્રસિદ્ધ હોય તે પ્રમાણે કરવો તે આગમાર્થ છે.

૫. ભાવાર્થઃ- શાસ્ત્રકથનનું તાત્પર્ય-સારાંશ, હેય-ઉપાદેયરૂપ હેતુ શું છે તે જે બતાવે તે ભાવાર્થ છે. નિરંજન, જ્ઞાનમયી પરમાત્મદ્રવ્ય જ ઉપાદેય છે; તે સિવાય નિમિત્ત અથવા કોઈ પ્રકારનો રાગ કે વિકલ્પ ઉપાદેય નથી, એ કથનનો ભાવાર્થ સમજવો.

**પ્ર. ૮૬ નીચેના શ્લોકનો શબ્દાર્થાદિ પાંચ પ્રકારે અર્થ સમજાવો.**

ये जाता ध्यानाग्निना कर्मकलङ्कानि दग्ध्वा ।
नित्यनिरञ्जनज्ञानमयास्तान् परमात्मनः नत्वा ॥ २ ॥

(પરમાત્મપ્રકાશ)

૧. શબ્દાર્થઃ- (ये) જે (ध्यानाग्निना) ધ્યાનરૂપી અગ્નિથી (कर्मकलङ्कानि) કર્મરૂપી મેલને (दग्ध्वा) ભસ્મ કરીને (नित्यनिरञ्जनज्ञानमयाः जाताः) નિત્ય, નિરંજન અને જ્ઞાનમયી થયા (तान्) તે (परमात्मनः) સિદ્ધોને (नत्वा) નમસ્કાર કરીને.....

૨. નયાર્થઃ- (कर्म कलङ्कानि दग्ध्वा परमात्मनः जाताः) કર્મમલ ભસ્મ કરી સિદ્ધ થયા;-આ પર્યાયાર્થિક નયની મુખ્યતાથી કથન છે. એનો અર્થ એ છે કે તેમણે પહેલાં કદી સિદ્ધપર્યાય પ્રાપ્ત કર્યો ન હતો તે

હવે તેમણે કર્મનો નાશ કરી પ્રાપ્ત કર્યો. દ્રવ્યાર્થિકનયથી તો તેઓ શક્તિની અપેક્ષાએ સદા શુદ્ધ બુદ્ધ (જ્ઞાન) સ્વભાવે હતા જ, અર્થાત્ શુદ્ધનયથી તેઓ શક્તિરૂપ શુદ્ધ હતા જ, તે હવે પર્યાયાર્થિકનયથી વ્યક્તિરૂપ થયા (સિદ્ધપર્યાયરૂપ થયા.)

૩. મતાર્થઃ- (नित्यनिरञ्जनज्ञानमयाः) 'નિત્ય, નિરંજન અને જ્ઞાનમય'-આ કથનમાં 'નિત્ય' વિશેષણ, એકાંતવાદી બૌદ્ધો જે આત્માને ક્ષણિક માને છે તેમના મતનો પરિહાર કરે છે.

'નિરંજન' વિશેષણ નૈયાયિકોના મતનું ખંડન કરે છે. તેઓ માને છે કે, "કલ્પકાલ પૂરો થતાં બધું જગત શૂન્ય થાય છે, અને તે સમયે બધા જીવો મુક્ત થઈ જાય છે; ત્યારે સદાશિવને જગત્ ઉત્પન્ન કરવાની ચિંતા થાય છે, અને મુક્ત થયેલા બધા જીવોને કર્મરૂપ અંજનનો સંયોગ કરી તેમને સંસારમાં ફરીથી ફેંકે છે."

સિદ્ધોને ભાવકર્મ-દ્રવ્યકર્મ નોકર્મરૂપ અંજનનો સંયોગ કદી હોતો નથી-તેવું 'નિરંજન' શબ્દથી પ્રતિપાદન કરી નૈયાયિક મતનું ખંડન કર્યું છે.

૪. આગમાર્થઃ- અનંતગુણાત્મક, સિદ્ધપરમેષ્ઠી સંસારથી મુક્ત થયા છે-એ સિદ્ધાંતનો અર્થ પ્રસિદ્ધ છે.

૫. ભાવાર્થઃ- નિરંજન જ્ઞાનમયી પરમાત્મ-દ્રવ્ય આદરણીય છે, ઉપાદેય છે-આવો ભાવ કથનમાં ગર્ભિત

છે. (જુઓ, 'પરમાત્મપ્રકાશ' ગાથા ૧ ની ટીકા)

૨. સમ્યક્ શ્રુતજ્ઞાન વિના નિશ્ચય કે વ્યવહાર કોઈ નય હોઈ શકે નહિ; માટે પ્રથમ વ્યવહાર હોય અને પછી નિશ્ચય પ્રગટે-એ માન્યતા ભ્રમમૂલક છે. જીવ સ્વાશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે પૂર્વની સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને (ભૂતનૈગમનયથી) વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

**પ્ર. ૮૭ શું વ્યવહારસમ્યગ્દર્શન નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ છે ?**

ઉ. ૮૭ 'ના; વ્યવહારસમ્યગ્દર્શન તે નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ નથી, વ્યવહારસમ્યગ્દર્શન તો વિકાર છે અને નિશ્ચયસમ્યગ્દર્શન તો શુદ્ધપર્યાય છે. વિકાર તે અધિકારનું કારણ કેમ થઈ શકે ? એટલે વ્યવહારસમ્યગ્દર્શન નિશ્ચયસમ્યગ્દર્શનનું કારણ થઈ શકે નહિ; પણ તેનો વ્યય (અભાવ) થઈ નિશ્ચયસમ્યગ્દર્શનનો ઉત્પાદ સુપાત્ર જીવોને પોતાના પુરુષાર્થથી થાય છે.

શાસ્ત્રોમાં જયાં વ્યવહારસમ્યગ્દર્શનને નિશ્ચય-સમ્યગ્દર્શનનું કારણ કહ્યું છે ત્યાં વ્યવહારસમ્યગ્દર્શનને અભાવરૂપ કારણ કહ્યું છે એમ સમજવું; તેના કારણ બે પ્રકારનાં છે- ૧. નિશ્ચય અને ૨. વ્યવહાર. નિશ્ચય-કારણ તો અવસ્થા રૂપે થનાર દ્રવ્ય પોતે છે અને વ્યવહાર-કારણ પૂર્વના પર્યાયનો વ્યય થાય છે તે છે.''

(ગુ. મોક્ષશાસ્ત્ર, અ. ૧. પરિ. ૧, પૃ. ૧૩૯)

**પ્ર. ૮૮ નિશ્ચયનયના આશ્રય વિના સાચો વ્યવહાર હોઈ શકે ?**

ઉ. ૮૮ ના;....'અજ્ઞાનીઓ વ્યવહારના આશ્રયે ધર્મ થાય એમ માને છે, તેથી તેમનો વ્યવહારનય તે નિશ્ચયનય જ થઈ ગયો, એટલે અજ્ઞાનીને સાચા નય હોતા નથી.

સાધક જીવોને જ તેમના શ્રુતજ્ઞાનમાં નય પડે છે. નિર્વિકલ્પદશા સિવાયના કાળમાં જ્યારે તેમને શ્રુતજ્ઞાનના ભેદરૂપ ઉપયોગ નયપણે હોય છે ત્યારે અને સંસારના કામમાં હોય કે સ્વાધ્યાય, વ્રત, નિયમાદિ કાર્યોમાં હોય ત્યારે, જે વિકલ્પો ઉઠે છે તે બધા વ્યવહારનયના વિષય છે; પરંતુ તે વખતે પણ તેમના જ્ઞાનમાં નિશ્ચયનય એક જ આદરણીય હોવાથી (અને વ્યવહારનય તે વખતે હોવા છતાં પણ તે આદરણીય નહિ હોવાથી) તેમની શુદ્ધતા વધે છે. એ રીતે સવિકલ્પદશામાં નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય ઉપયોગરૂપ હોવા છતાં જ્ઞાનમાં તે જ વખતે હેયપણે છે. એ રીતે નિશ્ચયનય અને વ્યવહારનય એ બંને સાધક જીવોને એકી વખતે હોય છે.

.....નિશ્ચયનયના આશ્રય વિના સાચો વ્યવહારનય હોય જ નહિ. જેને અભિપ્રાયમાં વ્યવહારનયનો આશ્રય હોય તેને તો નિશ્ચયનય રહ્યો જ નહિ, કેમકે તેનો જે વ્યવહારનય છે તે જ નિશ્ચયનય થઈ ગયો.

ચારે અનુયોગમાં કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે અને કોઈ વખતે નિશ્ચયનયને

મુખ્ય કરીને કથન કરવામાં આવે છે, પણ તે દરેક, અનુયોગમાં કથનનો સાર એક જ છે, અને તે એ છે કે નિશ્ચયનય અને વ્યવહારનય બંને જાણવા યોગ્ય છે, પણ શુદ્ધતા માટે આશ્રય કરવા યોગ્ય નિશ્ચયનય એક જ છે, અને વ્યવહારનય કદી પણ આશ્રય કરવા યોગ્ય નથી. તે હંમેશાં હેય જ છે એમ જાણવું.

નિશ્ચયનયનો આશ્રય કરવો-તેનો અર્થ એ છે કે નિશ્ચયનયના વિષયભૂત આત્માના ત્રિકાળી ચૈતન્યસ્વરૂપનો આશ્રય કરવો, અને વ્યવહારનયનો આશ્રય છોડવો-તેને હેય સમજવો તેનો અર્થ એ છે કે વ્યવહારનયના વિષયરૂપ વિકલ્પ, પરદ્રવ્યો કે સ્વદ્રવ્યની અધૂરી અવસ્થા તરફનો આશ્રય છોડવો.

......કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.''

(જુઓ ગુ. મોક્ષશાસ્ત્ર-છેલ્લા અધ્યાય પછીનું પરિશિષ્ટ ૩ પૃ. ૭૯૦-૯૧)

**પ્ર. ૮૯ મિથ્યાદ્રષ્ટિ અને સમ્યગ્દ્રષ્ટિ જીવના ધર્મ સંબંધી વ્યવહારમાં શો ફેર છે ?**

ઉ. ૮૯

૧. ''....મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે છે અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે છે, તેથી તે આગમઅંગને

એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે. અધ્યાત્મઅંગને વ્યવહારથી પણ જાણે નહિ એ મૂઢદૃષ્ટિ જીવનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ કયાંથી ? કારણ કે આગમ અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે. તે બાહ્યક્રિયા કરતો થકો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે. પણ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા જે અંતર્દષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ. કારણ અંતર્દષ્ટિના અભાવથી અંતરક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ; તેથી મિથ્યાદૃષ્ટિ જીવ (ગમે તેટલી બાહ્યક્રિયા કરતો છતો પણ) મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે......

"સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર્દષ્ટિ વડે મોક્ષપદ્ધતિ સાધી જાણે છે. તે બાહ્યભાવને બાહ્યનિમિત્તરૂપ માને છે. તે નિમિત્ત તો નાના પ્રકારનાં છે-એકરૂપ નથી; તેથી અંતર્દષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય છે, એ પ્રમાણે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે.

(શ્રી બનારસીદાસજી રચિત પરમાર્થવચનિકા, અને ગુજ. મોક્ષમાર્ગ-પ્રકાશક. પાનું ૩૫૪-૫૫.)

"મિથ્યાદૃષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ જાણતો નથી, તેથી પર સ્વરૂપ વિષે મગ્ન બની પરકાર્યને તથા પરસ્વરૂપને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના માને છે. તેથી તે કાર્ય કરતો હોવાથી તે અશુદ્ધ વ્યવહારી કહેવાય.

સમ્યગ્દૃષ્ટિ પોતાનું સ્વરૂપ પરોક્ષ પ્રમાણવડે અનુભવે છે, પરસત્તા અને પરસ્વરૂપને પોતાનું કાર્ય નહિ માનતો થકો યોગ (મન, વચન અને કાયા) દ્વારવડે પોતાના સ્વરૂપમાં ધ્યાન-વિચારરૂપ ક્રિયા કરે છે; તે કાર્ય કરતાં તે મિશ્રવ્યવહારી કહેવાય કેવળજ્ઞાની (જીવ) યથાખ્યાતચારિત્રના બળવડે શુદ્ધાત્મસ્વરૂપમાં સ્મરણશીલ છે, તેથી તે શુદ્ધ વ્યવહારી કહેવાય, તેનામાં યોગારૂઢ અવસ્થા વિદ્યમાન છે તેથી તેને વ્યવહારી નામ કહ્યો. શુદ્ધ વ્યવહારની મર્યાદા તેરમા ગુણસ્થાનથી માંડી ચૌદમા ગુણસ્થાન સુધી જાણવી, યથા-असिद्धत्वपरिणमनत्वात् व्यवहारः ।

"જયાં સુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાં સુધી અશુદ્ધ-નિશ્ચયાત્મક દ્રવ્ય અશુદ્ધ વ્યવહારી છે, સમ્યગ્દૃષ્ટિ થતાં માત્ર ચતુર્થ ગુણસ્થાનથી માંડી બારમા ગુણસ્થાનક સુધી મિશ્ર નિશ્ચયાત્મક જીવદ્રવ્યં મિશ્રવ્યવહારી છે, અને કેવળજ્ઞાની શુદ્ધનિશ્ચયાત્મક શુદ્ધવ્યવહારી છે." (શ્રી પરમાર્થવચનિકા, ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૫૨)

**પ્ર. ૯૦ અધ્યાત્મશાસ્ત્રમાં વ્યવહારને અભૂતાર્થ-અસત્યાર્થ કહ્યો છે તેનો શો અર્થ સમજવો ?**

ઉ. ૯૦

૧. અધ્યાત્મશાસ્ત્રમાં નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહારનયને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અભૂતાર્થ-અસત્યાર્થ કહ્યો છે પણ તેનો અર્થ એ નથી કે વ્યવહારનય નથી અને તેનો કોંઈ વિષય નથી, અર્થાત્ સર્વથા કોઈ વસ્તુ જ નથી.

૨. "અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?

તેનું સમાધાનઃ- એ તો ખરું છે, પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કહી ઉપદેશે છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે; તેથી ભેદને ગૌણ કહીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પદશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદ-અભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે. ત્યાં નયનું આલંબન જ રહેતું નથી." (શ્રી સમયસાર, ગા. ૭ નો ભાવાર્થ).

૩. "પહેલાં (શ્રી સમયસાર, ગા. ૧૧ માં) વ્યવહારને અસત્યાર્થ કહ્યો હતો, ત્યાં એમ ન સમજવું કે તે સર્વથા અસત્યાર્થ છે, કથંચિત્ અસત્યાર્થ જાણવો; કારણ કે જ્યારે એક દ્રવ્યને જુદું, સ્વપર્યાયોથી અભેદરૂપ, તેના અસાધારણ ગુણમાત્રને પ્રધાન કરીને કહેવામાં આવે ત્યારે પરસ્પર દ્રવ્યોનો નિમિત્ત-

નૈમિત્તિકભાવ તથા નિમિત્તથી થતા પર્યાયો-તે સર્વ ગૌણ થઈ જાય છે; એક અભેદ દ્રવ્યની દૃષ્ટિમાં તેઓ પ્રતિભાસતા નથી, માટે તે સર્વ તે દ્રવ્યમાં નથી એમ કથંચિત્ નિષેધ કરવામાં આવે છે. જો તે ભાવોને તે દ્રવ્યમાં કહેવામાં આવે તો તે વ્યવહારનયથી કહી શકાય છે. આવો નયવિભાગ છે.''

''....જો નિમિત્ત-નૈમિત્તિકભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો તે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ પણ કહી શકાય છે. જો સર્વથા અસત્યાર્થ જ કહેવામાં આવે તો સર્વ વ્યવહારનો લોપ (અભાવ) થાય અને સર્વ વ્યવહારનો લોપ થતાં પરમાર્થનો પણ લોપ થાય. માટે જિનદેવનો ઉપદેશ સ્યાદ્‌વાદરૂપ સમજ્યે જ સમ્યગ્જ્ઞાન છે, સર્વથા એકાંત તે મિથ્યાત્વ છે.'' (શ્રી સમયસાર ગુ. ગા. ૫૮-૬૦ નો ભાવાર્થ)

૪. ''આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય તો પરાશ્રિત છે, અને જે એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે.... આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કહીને વ્યવહારનયના ત્યાગનો જ ઉપદેશ કર્યો છે તેનું કારણ એ છે કે; જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી.''

(શ્રી સમયસાર ગા. ૨૭૨ નો ભાવાર્થ)

૫. "....આ સંસારની અવસ્થા અને આ મુક્ત અવસ્થા એવા ભેદરૂપ જે આત્માને નિરૂપે છે તે પણ વ્યવહારનો વિષય છે. તેને અધ્યાત્મ-શાસ્ત્રમાં અભૂતાર્થ-અસત્યાર્થ નામે કહી વર્ણવ્યો છે શુદ્ધ આત્મામાં જે સંયોગજનિત અવસ્થા હોય તે તો અસત્યાર્થ જ છે; કાંઈ શુદ્ધ વસ્તુનો એ સ્વભાવ નથી, તેથી તે અસત્ય જ છે.

વળી નિમિત્તથી જે અવસ્થા થઈ તે પણ આત્માનો જ પરિણામ છે, જે આત્માનો પરિણામ છે તે આત્મામાં જ છે. માટે કથંચિત્ તેને સત્ય પણ કહેવાય; ભેદજ્ઞાન થતાં જેવું હોય તેવું જાણે છે.....

વળી દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ છે તે આત્માથી ભિન્ન જ છે; તેને શરીરાદિ સાથે સંયોગ છે, તેથી તે પ્રગટરૂપે આત્માથી ભિન્ન જ છે. તેને આત્માના કહેવાં એ વ્યવહાર પ્રસિદ્ધ જ છે; તે અસત્યાર્થ-ઉપચાર છે."

(સૂત્રપાહુડ-સૂત્ર ૬ ના હિંદી ભાવાર્થ ઉપરથી)

૬. .....જયાં સુધી નિશ્ચયનયથી પ્રરૂપિત વસ્તુને ન ઓળખે ત્યાં સુધી વ્યવહાર-માર્ગવડે વસ્તુનો નિશ્ચય કરે, માટે નીચલી દશામાં વ્યવહારનય પોતાને પણ કાર્યકારી છે; પરંતુ વ્યવહારને ઉપચારમાત્ર માની જો તે દ્વારા વસ્તુનો બરોબર નિર્ણય કરે તો તે કાર્યકારી થાય, પણ જો નિશ્ચયની માફક વ્યવહારને પણ સત્યભૂત માની 'વસ્તુ આમ જ છે' એવું શ્રદ્ધાન કરે તો તે ઊલટો અકાર્યકારી થઈ જાય.'

(ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૫૭)

૭. આ વાતનું સમર્થન કરતાં શ્રી પુરુષાર્થસિદ્ધયુપાયમાં કહ્યું છે કેઃ-

अबुद्धस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।
व्यवहारमे व केवलमवैति यस्तस्य देशना नास्ति ॥६॥

અર્થઃ- અજ્ઞાનીને સમજાવવા મુનીશ્વરો અભૂતાર્થનો (વ્યવહારનો) ઉપદેશ આપે છે, પરંતુ જે કેવળ વ્યવહારને જ (સાધ્ય) જાણે છે તે મિથ્યાદૃષ્ટિઓ માટે (મુનીશ્વરોની) દેશના હોતી નથી.

(નિશ્ચયના ભાવવિનાનાને વ્યવહારનો ઉપદેશ કાર્યકારી નથી, કારણકે અજ્ઞાની વ્યવહારને જ નિશ્ચય માની લે છે.

माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।
व्यवहार एव हि तथा, निश्चयतां यात्यनिश्चयज्ञस्य ॥७॥

અર્થઃ- જેમ કોઈ (સાચા) સિંહને સર્વથા ન જાણતો હોય તેને બિલાડું જ સિંહરૂપ છે (તે બિલાડાને જ સિંહ માને છે), તેમ જે નિશ્ચયના સ્વરૂપને ન જાણતો હોય તેને તો વ્યવહાર જ નિશ્ચયપણાને પ્રાપ્ત થાય છે (તે વ્યવહારને જ નિશ્ચય માની લે છે.)

૮. વ્યવહારનય મ્લેચ્છ ભાષાના સ્થાને છે તેથી પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે; તેમજ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું એ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી.
(સમયસાર ગા. ૮ ની ટીકા)

## પ્ર. ૯૧ વ્રત, શીલ, સંયમાદિ તો વ્યવહાર છે કે કેમ?

ઉ. ૯૧

૧. "કાંઈ વ્રત, શીલ, સંયમાદિકનું નામ વ્યવહાર નથી, પણ તે (વ્રતાદિ) ને મોક્ષમાર્ગ માનવો એ વ્યવહાર છે એ (માન્યતા) છોડી દે. વળી એવા શ્રદ્ધાનથી તેને તો બાહ્ય સહકારી જાણી, ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ એ તો પરદ્રવ્યાશ્રિત છે, અને સાચો મોક્ષમાર્ગ વીતરાગભાવ છે તે સ્વદ્રવ્યાશ્રિત છે. એ પ્રમાણે વ્યવહારને અસત્યાર્થ-હેય સમજવો."

(મોક્ષમાર્ગ પ્રકાશક-પા. ૨૫૮)

૨. "નીચલી દશામાં કોઈ જીવોને શુભોપયોગ અને શુદ્ધોપયોગનું યુક્તપણું હોય છે, તેથી એ વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ વસ્તુવિચારથી જોતાં શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે, આ રીતે જે બંધનું કારણ છે તે જ મોક્ષનું ઘાતક છે-એવું શ્રદ્ધાન કરવું. શુદ્ધોપયોગને જ ઉપાદેય માની તેનો ઉપાય કરવો તથા શુભોપયોગ-અશુભોપયોગને હેય જાણી તેના ત્યાગનો ઉપાય કરવો, અને જ્યાં શુદ્ધોપયોગ ન થઈ શકે ત્યાં અશુભોપયોગને છોડી શુભમાં જ પ્રવર્તવું, કારણ કે શુભોપયોગથી અશુભોપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે; શુદ્ધોપયોગ હોય ત્યારે તો તે પરદ્રવ્યનો સાક્ષીભૂત જ રહે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એટલે ત્યાં તો કોઈ પરદ્રવ્યનું પ્રયોજન જ નથી...."
(મોક્ષમાર્ગ પ્ર.-પા. ૨૬૦-૨૬૧)

૩. શુભ ક્રિયાઓથી ધર્મ માનવો એ અજ્ઞાનતા છે. તે ક્રિયાથી શુભ બંધ થાય, અને તેના ફલસ્વરૂપ અનુકૂળ સારા સંયોગો મળે, પણ તેથી સંસારનો અંત આવે નહિ, તે તો ઊભો જ રહે; કારણ કે-"...ઈન્દ્રિયોના ભોગની ઈચ્છારૂપ નિદાનબંધપૂર્વક જ્ઞાન, તપ, દાનાદિકથી ઉપાર્જન કરેલું જે પુણ્યકર્મ છે તે હેય છે, કારણ કે તે નિદાનબંધથી ઉપાર્જન કરેલ પુણ્યકર્મ જીવને બીજા ભવમાં રાજ્યવૈભવ દે છે. એ રાજ્યવિભૂતિને અજ્ઞાની જીવ પ્રાપ્ત કરી વિષય-ભોગને છોડી શકતો નથી, (ઈન્દ્રિયોના વિષયભોગમાં રચ્યો-પચ્યો રહે છે) તેથી તે રાવણની જેમ નરકાદિનું દુઃખ પામે છે. તે કારણથી પુણ્ય હેય છે....."

૪. "વળી કોઈ એમ માને છે કે-શુભોપયોગ છે તે શુદ્ધોપયોગનું કારણ છે. હવે, ત્યાં જેમ અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય છે તેમ શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય છે-એમ જ જો કારણ-કાર્યપણું હોય તો શુભોપયોગનું કારણ અશુભોપયોગ પણ ઠરે; અથવા દ્રવ્યલિંગીને શુભોપયોગ તો ઉત્કૃષ્ટ હોય છે. ત્યારે શુદ્ધોપયોગ હોતો જ નથી, તેથી વાસ્તવિકપણે એ બંનેમાં કારણ-કાર્યપણું નથી. જેમ કોઈ રોગીને ઘણો રોગ હતો અને પાછળથી અલ્પ રોગ રહ્યો. ત્યાં એ અલ્પ રોગ કાંઈ નિરોગી થવાનું કારણ નથી;

હા, એટલું ખરું કે-અલ્પ રોગ રહે ત્યારે નીરોગી થવાનો ઉપાય કરે તો થઈ જાય, પણ કોઈ જો એ અલ્પ રોગને જ ભલો જાણી તેને રાખવાનો યત્ન કરે તો નીરોગી કેવી રીતે થાય? તેમ કોઈ કષાયીને તીવ્ર કષાયરૂપ અશુભોપયોગ હતો, પાછળથી મંદકષાયરૂપ શુભોપયોગ થયો. હવે, એ શુભોપયોગ કાંઈ નિષ્કષાય શુદ્ધોપયોગ થવાનું કારણ નથી હા, એટલું ખરું કે શુભોપયોગ થતાં શુદ્ધોપયોગનો જો યત્ન કરે તો થઈ જાય-પણ કોઈએ શુભોપયોગને જ ભલો જાણી તેનું જ સાધન કર્યા કરે તો શુદ્ધોપયોગ ક્યાંથી થાય? બીજું, મિથ્યાદષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ છે જ નહિ, પણ સમ્યગ્દષ્ટિને શુભોપયોગ થતાં નિકટ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય છે, એવા મુખ્યપણાથી કોઈ ઠેકાણે શુભોપયોગને પણ શુદ્ધોપયોગનું કારણ કહીએ છીએ એમ સમજવું." (મોક્ષમાર્ગ પ્રા-પા. ૨૬૦-૨૬૧)

૫. "....વ્યવહાર તો ઉપચારનું નામ છે, અને તે ઉપચાર પણ ત્યારે જ બને કે જ્યારે તે સત્યભૂત નિશ્ચય રત્નત્રયના કારણાદિરૂપ થાય, અર્થાત્ જેમ નિશ્ચય રત્નત્રય સધાય તેમ તેને સાધે તો તેમાં વ્યવહારપણું સંભવે...."

(મોક્ષમાર્ગ પ્રકાશક, પા. ૨૬૧)

**પ્ર. ૯૨ અધ્યાત્મશાસ્ત્રોમાં નયોનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૯૨

१. ताबत्मूलनयौं द्वौं निश्चयो व्यवहारश्च ।

અર્થઃ- નયોના મૂલ બે ભેદ છેઃ- ૧. નિશ્ચયનય, ૨. વ્યવહારનય.

२. तत्र निश्चयोऽभेदविषयो व्यवहारो भेदविषयः।

અર્થઃ- તેમાં નિશ્ચયનય (ગુણ-ગુણીના) અભેદવિષય કરવાવાળો અને વ્યવહારનય (ગુણ-ગુણીના) ભેદવિષય કરવાવાળો છે.

३. तत्र निश्चयो द्विविधः शुद्धनिश्चयोऽशुद्धनिश्चयश्च।

અર્થઃ- તેમાં નિશ્ચયનયના બે પ્રકાર છેઃ- ૧. શુદ્ધનિશ્ચયનય, ૨. અશુદ્ધનિશ્ચયનય.

४. तत्र निरूपाधिकगुणगुण्यभेदविषयकः शुद्धनिश्चयो, यथा केवलज्ञानादयो जीव इति ।

અર્થઃ- નિરુપાધિક (શુદ્ધ) ગુણ-ગુણીને અભેદરૂપ વિષય કરવાવાળો શુદ્ધ નિશ્ચયનય છે; જેમકેઃ- જીવ કેવલજ્ઞાનાદિ સ્વરૂપ છે.

५. सोपाधिकविषयोऽशुद्धनिश्चयो यथा, मतिज्ञानादयो जीवः।

અર્થઃ- ઉપાધિ સહિત (ગુણ-ગુણીનો અભેદરૂપ) વિષય કરે તે અશુદ્ધ નિશ્ચયનય છે; જેમકે-જીવ મતિજ્ઞાનાદિ સ્વરૂપ છે.

## વ્યવહારનય

६. व्यवहारो द्विविधः सद्भूतध्यवहाराऽसद्भूतव्यवहारश्च।

અર્થઃ- વ્યવહારનય બે પ્રકારે છે- ૧.

સદ્‌ભૂતવ્યવહારનય, ૨. અસદ્‌ભૂતવ્યવહારનય.

૭. तत्रैकवस्तुविषयः सद्‌भूतव्यवहारः भिन्नवस्तु-विषमोंऽसद्‌भूतव्यवहारः । तत्र सद्‌भूतव्यवहारो द्विविध उपचरितानुपचरितमेंदात् ।

અર્થઃ- એક વસ્તુને (વૃક્ષ અને ડાળીની માફક ભેદરૂપ) વિષય કરે તે સદ્‌ભૂત વ્યવહારનય છે. ભિન્ન-ભિન્ન વસ્તુઓને (અભેદરૂપ-એકરૂપ) ગ્રહણ કરે તે અસદ્‌ભૂત વ્યવહારનય છે.

તેમાં, સદ્‌ભૂતવ્યવહારનયના બે ભેદ છે- ૧. ઉપચરિત, અને ૨. અનુપચરિત.

૮. तत्र सोपाधिगुणगुणिनोर्भेदविषयः उपचरितसद्‌भूतव्यवहारो, यथा जीवस्य मतिज्ञानादयो गुणाः।

અર્થઃ- જે નય ઉપાધિ સહિત ગુણ-ગુણીના ભેદને વિષય કરે તે ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય છે, જેમકેઃ- જીવના મતિજ્ઞાનાદિગુણો કહેવા.

૧૦. निरुपाधिगुणगुणिनोर्भेदविषयोऽनुपचरितसद- भूतव्यवहारो यथा जीवस्य केवलज्ञानादयो गुणाः ।

અર્થઃ- જે નય ઉપાધિરહિત-ગુણ-ગુણીના ભેદને વિષય કરે તેને અનુપચરિતસદ્‌ભૂત વ્યવહારનય કહે છે, જેમકેઃ- જીવના કેવલજ્ઞાનાદિ ગુણો. (પરમાણુના સ્પર્શાદિ ગુણો.)

૧૧. असद्‌भूतव्यवहारो, द्विविधः उपचरितानुपचरितभेदात्।

અર્થઃ- અસદ્ભૂત વ્યવહારનયના બે ભેદ છેઃ- ૧. ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય, ૨. અનુપચરિત-અસદ્ભૂત- વ્યવહારનય.

१२. तत्र संश्लेषरहितवस्तुसम्बन्धविषय उपचरितासद्भूतव्यवहारो, यथा देवदतस्य धनमिति ।

અર્થઃ- જે પૃથક્ વસ્તુઓનો (એકરૂપ) સંબંધરૂપ વિષય કરે તે ઉપચરિતઅસદ્ભૂતવ્યવહારનય છે, જેમકેઃ- દેવદત્તનું ધન.

१३. संश्लेषसहितवस्तुसम्बन्धविषयोऽनुपचरितासद्भूत-व्यवहारो, यथा जीवस्य शरीरमिति ।

અર્થઃ- જે નયસંયોગ સંબંધે યુક્ત ભિન્ન બે પદાર્થોના સંબંધને વિષય કરે તેને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય કહે છે. જેમકેઃ- જીવનું શરીર.

[પં. હજારીલાલજી સંપાદિત આલાપપદ્ધતિ પૃ. ૧૩૬ થી ૧૩૯]

શ્રી પંચાધ્યાયી અનુસાર અધ્યાત્મનયોનું સ્વરૂપ તથા તેનાથી વિરુદ્ધ નયાભાસોનું સ્વરૂપ.

**પ્ર. ૯૩ સમ્યક્નય અને નયાભાસ (મિથ્યાનય) નું સ્વરૂપ શું છે ?**

ઉ. ૯૩

૧. જે નય *તદ્ગુણ સંવિજ્ઞાન સહિત, ઉદાહરણ સહિત,

* જીવના ભાવો તે જીવના તદ્ગુણ છે તથા પુદ્ગલના ભાવો તે પુદ્ગલના તદ્ગુણ છે--એવા વિજ્ઞાન સહિત છે.

હેતુ સહિત અને ફળવાન (પ્રયોજન) હોય તે સમ્યક્નય છે.

તેનાથી જે વિપરીતનય છે તે નયાભાસ (મિથ્યાનય) છે. કેમકે-પરના ભાવને પોતાનો કહેવાથી આત્માને શું સાધ્ય (લાભ) છે ? (કાંઈ નથી.)

૨. જીવને પરનો કર્તા-ભોક્તા માનવામાં આવે તો ભ્રમ થાય છે. વ્યવહારથી પણ જીવ પરનો કર્તા-ભોક્તા નથી, વ્યવહારથી આત્મા (જીવ) રાગનો કર્તા-ભોક્તા છે; કેમકે રાગ તે પોતાના પર્યાયનો ભાવ છે તેથી તેમાં તદ્ગુણ સંવિજ્ઞાન લક્ષણ લાગુ પડે છે. તેનાથી વિરુદ્ધ કહે તે નયાભાસ (મિથ્યાનય) છે.

## પ્રથમ નયાભાસ

(૧) જીવને વર્ણાદિવાળો માનવો.

(પંચાધ્યાયી ભા. ૧, ગા. ૫૬૩)

(૨) મનુષ્ય વગેરે શરીર છે તે જ જીવ છે એમ માનવું તે. (ગા. ૫૬૭-૫૬૮)

(૩) મનુષ્ય-શરીર જીવની સાથે એકક્ષેત્રાવગાહપણે છે તેથી એક છે એમ માનવું તે. (ગા. ૫૬૯)

(૪) શરીર અને આત્માને બંધ્ય-બંધકભાવ માનવો તે. (ગા. ૫૭૦)

(૫) શરીર અને આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ

પ્રયોજનવાન નથી કેમકે, સ્વયં અને સ્વતઃ પરિણમનારી વસ્તુને પરના નિમિત્તથી શું ફાયદો ? (કાંઈ ફાયદો નથી.) (ગા. ૫૭૧)

## બીજો નયાભાસ

૧. જીવ અને જડકર્મો વગેરે જાુદાં-જાુદાં દ્રવ્યો હોવાથી અને તેમને પરસ્પર ગુણોનું (પર્યાયોનું) સંક્રમણ થઈ શકતું નહિ હોવાથી, જીવ, કર્મ-નોકર્મ (શરીરાદિ) કે કોઈ મૂર્તિક વસ્તુનો કર્ત્તા-ભોક્તા થઈ શકતો નથી, છતાં તેમાં નય લાગુ પાડવો તે નયાભાસ છે- મિથ્યાનય છે. (ગા. ૫૭૨)

૨. ગુણસંક્રમણ વિના જ જો આત્મા, કર્મો વગેરેનો કર્તા-ભોક્તા થાય તો સર્વ પદાર્થોમાં સર્વ સંકરદોષ, તેમ જ સર્વ શૂન્યદોષ આવે. (ગા. ૫૭૩-૭૪)

૩. મૂર્ત્તિમાન એવું પુદ્‌ગળ દ્રવ્ય પોતાની મેળે જ જીવની અશુદ્ધ પરિણતિની ઉપસ્થિતિમાં કર્મરૂપે પરિણમી જાય છે, એ જ આ વિષયમાં ભ્રમનું કારણ છે. (ગા. ૫૭૫)

૪. જે કોઈ પણ કર્તા-ભોક્તા હોય છે તે પોતાના ભાવનો જ હોય છે. જેમ કુંભાર ખરેખર પોતાના ભાવનો કર્તા-ભોક્તા છે પણ પરભાવરૂપ જે ઘડો તેનો કર્તા કે ભોક્તા તે કદી પણ થઈ શકતો નથી. (ગા. ૫૭૭)

૫. કુંભાર ઘડાનો કર્તા છે એવો લોકવ્યવહાર નયાભાસ છે. (ગા. ૫૭૯)

## ત્રીજા નયાભાસનું સ્વરૂપ

૧. જેઓ બંધ (એકપણા) ને પ્રાપ્ત નથી થતા એવા પર પદાર્થોમાં પણ અન્ય પદાર્થનો કર્તા-ભોક્તા માનવો તે નયાભાસ છે.

૨. ઘર, ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર વગેરેને જીવ સ્વયં કરે છે અને વળી તેમને ભોગવે છે-એમ માનવું તે નયાભાસ છે. (ગા. ૫૮૦-૮૧)

[જીવનો વ્યવહાર પર પદાર્થમાં હોતો નથી પણ પોતાનામાં જ હોય છે. જીવને પરદ્રવ્ય સાથે સંબંધ બતાવનારા બધાય કથન અધ્યાત્મદષ્ટિએ નયાભાસ છે.]

## ચોથા નયાભાસનું સ્વરૂપ

૧. જ્ઞેય-જ્ઞાયક સંબંધને લઈને જ્ઞાનને જ્ઞેયગત કહેવું, તથા જ્ઞેયને જ્ઞાનગત કહેવા તે પણ નયાભાસ છે.

(ગા. ૫૮૫)

## નિક્ષેપ

**પ્ર. ૯૪ નિક્ષેપ કોને કહે છે ?**

ઉ. ૯૪

૧. યુક્તિ દ્વારા (નય-પ્રમાણજ્ઞાન દ્વારા) સુયુક્ત માર્ગ પ્રાપ્ત થતાં કાર્યવશથી નામ, સ્થાપના, દ્રવ્ય [-યોગ્યતારૂપ શક્તિ) અને ભાવમાં પદાર્થના સ્થાપનને નિક્ષેપ કહે છે.

(જૈન સિ. પ્રવેશિકા)

૨. પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા લોકવ્યવહારને નિક્ષેપ કહે છે. જ્ઞેય પદાર્થ અખંડ છે, છતાં તેને જાણતાં જ્ઞેય પદાર્થના જે ભેદો (અંશો-પડખાં) કરવામાં આવે છે તેને નિક્ષેપ કહે છે.

(ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૧, સૂ. ૫ ની ટીકા)

[નિક્ષેપ, નયનો વિષય છે. નય, નિક્ષેપનો વિષય કરનાર (વિષયી) છે.]

**પ્ર. ૯૫ નામનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. ૯૫ ગુણ જાતિ, દ્રવ્ય અને ક્રિયાની અપેક્ષારહિત માત્ર ઈચ્છાનુસાર કોઈનું નામ લખવું તે નામનિક્ષેપ છે. જેમકેઃ- કોઈનું નામ 'જિનદત્ત' રાખવામાં આવ્યું. જો કે તે જિન દેવનો દીધેલો નથી, તોપણ લોકવ્યવહાર (ઓળખવા) માટે તેનું નામ 'જિનદત' રાખવામાં આવ્યું છે.

**પ્ર. ૯૬ સ્થાપનાનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. ૯૬ અનુપસ્થિત (હાજર ન હોય એવી) કોઈ વસ્તુનો બીજી ઉપસ્થિત (હાજર) વસ્તુમાં સંબંધ યા મનોભાવના જોડીને આરોપ કરી દેવો કે 'આ તે જ છે'-એવી ભાવનાને સ્થાપના કહેવામાં આવે છે. અન્ય પદાર્થમાં તે સ્થાપના વડે આરોપ કરવો અર્થાત્ અન્ય પદાર્થમાં અન્ય પદાર્થની સ્થાપના કરવી તે. જેમકેઃ- પાર્શ્વનાથની પ્રતિમાને પાર્શ્વનાથ પ્રભુ કહેવા.

સ્થાપનાનિક્ષેપના બે પ્રકાર છેઃ- ૧. તદાકાર સ્થાપના

અને ૨. અતદાકાર સ્થાપના.

જે પદાર્થનો જેવો આકાર હોય તેવો આકાર તેની સ્થાપનામાં કરવો તે 'તદાકાર સ્થાપના' છે, અને ગમે તે આકાર કરવામાં આવ્યો હોય તે 'અતદાકાર સ્થાપના' છે, સદ્રશતાને સ્થાપના નિક્ષેપનું કારણ સમજવું નહિ, પણ કેવળ મનોભાવના જ તેનું કારણ છે.

[નામનિક્ષેપ અને સ્થાપના નિક્ષેપમાં એ અંતર છે કેઃ-નામનિક્ષેપમાં પૂજ્ય-અપૂજ્યનો વ્યવહાર હોતો નથી, પણ સ્થાપનાનિક્ષેપમાં પૂજ્ય-અપૂજ્યનો વ્યવહાર હોય છે.]

**પ્ર. ૯૭ દ્રવ્યનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. ૯૭ ભૂતકાળમાં પ્રાપ્ત થઈ ગયેલ અવસ્થાને અથવા ભવિષ્યકાળમાં પ્રાપ્ત થનાર અવસ્થાને વર્તમાનમાં કહેવી તે દ્રવ્યનિક્ષેપ છે. શ્રેણિક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે, તેમને વર્તમાનમાં તીર્થંકર કહેવા, અને મહાવીર ભગવાનાદિ ભૂતકાળમાં થયેલા તીર્થંકરોને વર્તમાન તીર્થંકરો ગણી તેમની સ્તુતિ કરવી તે દ્રવ્યનિક્ષેપ છે.

**પ્ર. ૯૮ ભાવનિક્ષેપ કોને કહે છે ?**

ઉ. ૯૮ કેવળ વર્તમાનપર્યાયની મુખ્યતાથી અર્થાત્ જે પદાર્થ વર્તમાન દશામાં જે રૂપે છે તેને તે રૂપે વ્યવહાર કરવો તે ભાવનિક્ષેપ છે; જેમકેઃ- શ્રી સીમંધર ભગવાન વર્તમાન તીર્થંકરપદે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે તેમને તીર્થંકર કહેવા અને મહાવીર ભગવાન જે હાલ સિદ્ધ છે

તેમને સિદ્ધ કહેવા, તે ભાવનિક્ષેપ છે.

[નામ, સ્થાપના અને દ્રવ્ય-એ ત્રણ નિક્ષેપો દ્રવ્યને વિષય કરે છે, માટે તેઓ દ્રવ્યાર્થિકનયને આધીન છે અને ભાવનિક્ષેપ પર્યાયને વિષય કરે છે માટે તે પર્યાયાર્થિકનયને આધીન છે.] (આલાપપદ્ધતિ)

**પ્ર. ૯૯ નૈગમનય અને દ્રવ્યનિક્ષેપમાં શો તફાવત છે ?**

ઉ. ૯૯ "જો કે નૈગમનય અને દ્રવ્યનિક્ષેપના વિષય સમાન માલૂમ પડે છે, તથાપિ તેઓ એક નથી. નૈગમનય જ્ઞાનનો ભેદ છે તેથી તે વિષયી (જાણવાવાળો) છે, અને દ્રવ્યનિક્ષેપ પદાર્થોની અવસ્થારૂપ છે. માટે તે વિષય (જાણવા યોગ્ય જ્ઞેય) છે. તાત્પર્ય એ છે કે એમાં જ્ઞાયક-જ્ઞેય યા વિષયી-વિષયનો સંબંધ છે. તેટલા માટે બંને એક નથી.

(જુઓ, આલાપપદ્ધતિન પાનું ૧૧૮)

**પ્ર. ૧૦૦ ૠજુસૂત્રનય અને ભાવનિક્ષેપમાં શો તફાવત છે ?**

ઉ. ૧૦૦ "ભાવનિક્ષેપ દ્રવ્યના વર્તમાનપર્યાય માત્રને ગ્રહણ કરે છે. જો કે એનો વિષય પણ ૠજુસૂત્રનય સાથે મળતો છે, તથાપિ તેઓ એક નથી. ૠજુસૂત્રનય પ્રમાણનો અંશ હોવાથી તે વિષયી છે અને ભાવનિક્ષેપ પદાર્થનું પર્યાયસ્વરૂપ હોવાથી વિષયસ્વરૂપ છે. તેટલા માટે બંને ભિન્ન-ભિન્ન છે."

(આલાપપદ્ધતિ પાનું-૧૧૯)

# પ્રકરણ નવમું

# અનેકાન્ત અને સ્યાદ્વાદ અધિકાર

## પ્ર. ૧૦૧ અનેકાન્ત કોને કહે છે ?

ઉ. ૧૦૧ ૧. પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાની સિદ્ધિ કરનારી અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું એકી સાથે પ્રકાશિત થવું તેને અનેકાન્ત કહે છે.

આત્મા સદા સ્વ-રૂપે છે અને પર-રૂપે નથી, એવી જે દૃષ્ટિ તે જ સાચી અનેકાન્ત-દૃષ્ટિ છે.

૨. "સત્-અસત્, નિત્ય-અનિત્ય, એક-અનેક ઈત્યાદિ સર્વથા એકાન્તનું નિરાકરણ (નકાર) તે અનેકાંત છે."

(આપ્તમીમાંસા-ગા. ૧૦૩ ની ટીકા)

## પ્ર. ૧૦૨ અનેકાન્તસ્વરૂપ કેવી રીતે સિદ્ધ થાય છે ?

ઉ. ૧૦૨ પદાર્થ અનેક ધર્મવાન છે, કેમકે તેમાં નિત્યાદિ એકાન્તસ્વરૂપનો અભાવ છે. અહીં અનેકાન્તરૂપપણાથી વિરુદ્ધ સ્વરૂપનો અભાવ, વસ્તુના અનેકાન્ત સ્વરૂપને જ સિદ્ધ કરે છે. (પરીક્ષામુખ-અ. ૩, સૂ. ૮૫ ની ટીકા)

## પ્ર. ૧૦૩ બે વિરુદ્ધ ધર્મસહિત વસ્તુ સત્યાર્થ હોય ?

ઉ. ૧૦૩ "હા, વસ્તુ છે તે તત્-અતત્ એવાં બેઉ રૂપ છે. માટે જે વાણી વસ્તુને તત્ જ કહે છે તે સત્ય કેમ હોય ? -ન હોય....અહીં એમ સમજવું કે વસ્તુ છે તે તો પ્રત્યક્ષાદિ પ્રમાણના વિષયરૂપ સત્-અસત્ (અસ્તિ-નાસ્તિ) આદિ વિરુદ્ધ ધર્મના આધારરૂપ છે. તે

અવિરુદ્ધ (યથાર્થ) છે. અન્ય મતવાદી (વસ્તુને) સતરૂપ જ અથવા અસતરૂપ જ છે-એમ એકાન્ત કહે છે-તો કહો. વસ્તુ તો એવી નથી. વસ્તુ જ પોતાનું સ્વરૂપ અનેકાન્તસ્વરૂપ પોતે દેખાડે છે તો અમે શું કરીએ. વાદી પોકારે છે, 'વિરુદ્ધ છે રે... વિરુદ્ધ છે રે.....' તો પોકારો. કાંઈ નિરર્થક પોકારમાં સાધ્ય નથી....."

(જુઓ, આપ્તમીમાંસા-ગા. ૧૧૦ ની ટીકા)

**પ્ર. ૧૦૪ અનેકાંત અને એકાંતનો નિરુક્તિ અર્થ શો ? તે દરેકના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૦૪ અનેકાન્ત=અનેક+અંત-અનેક ધર્મો.

એકાન્ત=એક+અંત-એક ધર્મ.

અનેકાન્તના બે ભેદ છેઃ- ૧. સમ્યક્ અનેકાન્ત અને ૨. મિથ્યા અનેકાન્ત.

એકાંતના બે ભેદ છેઃ- ૧. સમ્યક્ એકાંત અને ૨. મિથ્યા એકાંત.

સમ્યક્ અનેકાંત તે પ્રમાણ છે અને મિથ્યા અનેકાંત તે પ્રમાણાભાસ છે.

સમ્યક્ એકાંત તે નય છે અને મિથ્યા એકાંત તે નયાભાસ છે.

**પ્ર. ૧૦૫ સમ્યક્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્તનું સ્વરૂપ શું ?**

ઉ. ૧૦૫ સમ્યક્ અનેકાન્તઃ- પ્રત્યક્ષ, અનુમાન તથા આગમપ્રમાણથી અવિરુદ્ધ એક વસ્તુમાં જે અનેક ધર્મો છે તેને નિરૂપણ કરવામાં તત્પર છે તે સમ્યક્ અનેકાન્ત છે. દરેક ચીજ પોતાપણે છે અને પરપણે નથી. આત્મા સ્વસ્વરૂપે છે અને પરસ્વરૂપે નથી; પર તેના સ્વરૂપે છે અને આત્માના સ્વરૂપે નથી-આ પ્રમાણે જાણવું તે સમ્યક્ અનેકાન્ત છે.

મિથ્યા અનેકાન્તઃ- તત્-અતત્ સ્વભાવની જે ખોટી કલ્પના કરવામાં આવે તે મિથ્યા અનેકાન્ત છે. જીવ પોતાનું કરી શકે અને બીજા જીવનું પણ કરી શકે-એમાં જીવનું પોતાથી અને પરથી એમ બંનેથી તત્પણું થયું. તેથી તે મિથ્યા અનેકાન્ત છે.

(જુઓ, મોક્ષશાસ્ત્ર-ગુ.-અ. ૧, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૧૦૬ સમ્યક્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્તનાં દૃષ્ટાંતો આપો.**

ઉ. ૧૦૬

૧. આત્મા પોતાપણે છે અને પરપણે નથી-એમ જાણવું તે સમ્યક્ (સાચું) અનેકાન્ત છે;

આત્મા પોતાપણે છે અને પરપણે પણ છે-એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત છે.

૨. આત્મા પોતાનું કરી શકે છે અને શરીરાદિ પર વસ્તુઓનું કાંઈ કરી શકતો નથી-એમ જાણવું તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ અનેકાન્ત છે.

આત્મા પોતાનું કરી શકે છે અને શરીરાદિ પરનું પણ કરી શકે છે-એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત છે.

૩. આત્માને શુદ્ધભાવથી ધર્મ થાય અને શુભભાવથી ધર્મ ન થાય-એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત છે; આત્માને શુદ્ધભાવથી ધર્મ થાય અને શુભભાવથી પણ ધર્મ થાય-એમ જાણવું તે મિથ્યા અનેકાન્ત છે.

૪. નિશ્ચયને આશ્રયે ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે ધર્મ ન થાય-એમ જાણવું તે સમ્યક્ અનેકાન્ત છે.

નિશ્ચયને આશ્રયે ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે પણ ધર્મ થાય-એમ સમજવું તે મિથ્યાઅનેકાન્ત છે.

૫. વ્યવહારનો અભાવ થતાં નિશ્ચય પ્રગટે-એમ જાણવું તે સમ્યક્અનેકાન્ત છે;

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રગટે-એમ જાણવું તે મિથ્યાઅનેકાન્ત છે.

૬. આત્માને પોતાની શુદ્ધ ક્રિયાથી લાભ થાય અને શરીરની ક્રિયાથી લાભ કે નુકશાન ન થાય-એમ સમજવું તે સમ્યક્અનેકાન્ત છે.

આત્માને પોતાની શુદ્ધ ક્રિયાથી લાભ થાય અને શરીરની ક્રિયાથી પણ લાભ થાય-એમ જાણવું તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાઅનેકાન્ત છે.

૭. એક વસ્તુમાં પરસ્પર બે વિરોધી શક્તિઓ (સત્-અસત્, તત્-અતત્, નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે) પ્રકાશીને વસ્તુને સિદ્ધ કરે તે સમ્યક્અનેકાન્ત છે.

એક વસ્તુમાં બીજી વસ્તુની શક્તિ પ્રકાશીને એક વસ્તુ બે વસ્તુનું કાર્ય કરે એમ માનવું તે મિથ્યા અનેકાન્ત છે, અથવા તો સમ્યક્અનેકાન્તથી વસ્તુનું જે સ્વરૂપ નિશ્ચિત છે તેનાથી વિપરીત વસ્તુસ્વરૂપની કેવળ કલ્પના કરી તેમાં ન હોય તેવા સ્વભાવોની કલ્પના કરવી તે મિથ્યા અનેકાન્ત છે;

૮. જીવ પોતાના ભાવ કરી શકે અને પરવસ્તુને કાંઈ ન કરી શકે-એમ જાણવું તે સમ્યક્અનેકાન્ત છે;

જીવ સૂક્ષ્મ પુદ્ગલોનું કાંઈ ન કરી શકે પણ સ્થૂળ પુદ્ગલોનું કરી શકે-એમ જાણવું તે મિથ્યાઅનેકાન્ત છે.
(જુઓ, મોક્ષશાસ્ત્ર-ગુ. અ. ૧, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૧૦૭ સમ્યક્એકાંત અને મિથ્યાએકાંત કોને કહે છે?**

ઉ. ૧૦૭ સમ્યક્એકાંતઃ- પોતાના સ્વરૂપે હોવાપણું અને પરરૂપે નહિ હોવાપણું આદિ વસ્તુનું જે સ્વરૂપ છે તેની અપેક્ષા રાખીને પ્રમાણ દ્વારા જાણેલ પદાર્થના એકદેશનો (એક પડખાનો) વિષય કરનાર નય તે સમ્યક્એકાંત છે.

કોઈ વસ્તુના એક ધર્મનો નિશ્ચય કરી તે વસ્તુમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રહેલા અન્ય ધર્મોનો નિષેધ કરવો તે મિથ્યાએકાંત છે.

**પ્ર. ૧૦૮ સમ્યક્એકાંત અને મિથ્યાએકાંતના વિશેષ દૃષ્ટાંતો આપો.**

ઉ. ૧૦૮

૧. 'સિદ્ધ ભગવાનો એકાંત સુખી છે'-એમ જાણવું તે સમ્યક્એકાંત છે, 'કેમકે 'સિદ્ધ જીવોને બિલકુલ દુઃખ નથી'-એમ ગર્ભિતપણે તેમાં આવી જાય છે.

'સર્વ જીવો એકાંતસુખી છે'-એમ જાણવું તે મિથ્યા એકાંત છે. કેમકે તેમાં અજ્ઞાની જીવો વર્તમાન દુઃખી છે તેનો નકાર થાય છે.

૨. 'સમ્યગ્જ્ઞાન તે ધર્મ છે-એમ જાણવું તે સમ્યક્એકાંત છે. કેમકે, 'સમ્યગ્જ્ઞાનપૂર્વક વૈરાગ્ય હોય છે'-એમ ગર્ભિતપણે તેમાં આવી જાય છે.

'ત્યાગ તે જ ધર્મ છે'-એમ જાણવું તે મિથ્યાએકાંત છે; કેમકે, 'ત્યાગ સાથે સમ્યગ્જ્ઞાન હોવું જ જોઈએ'-એમ તેમાં આવતું નથી.

(જુઓ, મોક્ષશાસ્ત્ર-ગુ. અ. ૧, સૂ. ૬ ની ટીકા)

**પ્ર. ૧૦૯ સ્યાદ્વાદ કોને કહે છે ?**

ઉ. ૧૦૯

૧. વસ્તુના અનેકાન્ત સ્વરૂપને સમજાવવાવાળી કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

[સ્યાત્=કથંચિત્; કોઈ પ્રકારે; કોઈ સમ્યક્અપેક્ષાએ;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાદ=કથન.]

સ્યાદ્વાદ અનેકાન્તનો દ્યોતક છે (બતાવનાર છે.) અનેકાન્ત અને સ્યાદ્વાદને દ્યોત્ય-દ્યોતક સંબંધ છે.

૨. "....એવું જે અનંતધર્મોવાળું દ્રવ્ય તેના એક-એક ધર્મનો આશ્રય કરીને વિવક્ષિત અવિવક્ષિતના વિધિ-નિષેધ વડે પ્રગટ થતી સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતાં 'સ્યાત્ કારરૂપી અમોઘ મંત્રપદ વડે, 'જ' કારમાં રહેલા સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે."

(શ્રી પ્રવચનસાર-ગા. ૧૧૫ ની ટીકા.)

૩. "વિવક્ષિત (કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારેલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.

સ્યાદ્વાદમાં અનેકાન્તને સૂચવતો 'સ્યાત્' શબ્દ સમ્યક્પણે વપરાય છે. 'સ્યાત્' પદ એકાન્તવાદમાં રહેલા સમસ્ત વિરોધરૂપી વિષના ભ્રમને નષ્ટ કરવામાં રામબાણ મંત્ર છે.

...અનેકાન્ત વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂકયા વિના જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિર્ણીતપણું નિયમબદ્ધપણું-નિરપવાદપણું બતાવવા માટે જે 'જ' શબ્દ વાપરવામાં આવે છે તેનો અહીં નિષેધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન સમજવો.'' (શ્રી પ્રવચનસાર-ગાથા ૧૧૫ ની ફૂટનોટ.)

૪. ''પદાર્થોમાં અનન્ત ધર્મ છે અને તે બધા ધર્મ એકસાથે એક જ સમયે હોય છે, કોઈ આગળ-પાછળ હોતા નથી; પરંતુ વચનથી તો એક વખતે એક જ ધર્મ કહી શકાય છે. બધા એક સાથે કહી શકાતા નથી, એટલા માટે અપેક્ષાવાચી શબ્દ 'સ્યાત્' યા 'કથંચિત્' લગાડવામાં ન આવે, તો વિવક્ષિત પદાર્થનો એક વિવક્ષિત ધર્મ જ સમજવામાં આવશે, એને અન્ય સમસ્ત ધર્મોનો લોપ થઈ જશે; એવી દશામાં પદાર્થનું પૂર્ણ સ્વરૂપ સમજાશે નહિ યા અધૂરું જ સમજાશે; પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી, તેથી એવું કથન એકાન્ત કથન થઈ જશે; એવા એકાંતકથનને મિથ્યા એકાન્ત કહ્યું છે.''

(આલાપપદ્ધતિ-હિન્દી અનુવાદ, પા. ૪૯-૫૦)

૫. ''આપ્તમીમાંસાની ૧૧૧ મી કારિકાના વ્યાખ્યાનમાં શ્રી અકલંકદેવ કહે છે કે-વચનનો એવો સ્વભાવ છે કે સ્વવિષયનું અસ્તિત્વ દેખાડતા તે તેનાથી ઈતરનું (પર વસ્તુનું) નિરાકરણ કરે છે; તેથી અસ્તિત્વ અને નાસ્તિત્વ બે મૂળ ધર્મોના આશ્રયથી સપ્તભંગીરૂપ સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે.''

(તત્ત્વાર્થસાર પા. ૧૨૫ ની ફૂટનોટ)

**પ્ર. ૧૧૦ જીવ દ્રવ્યને 'સપ્તભંગી' માં ઉતારી સમજાવો.**

ઉ. ૧૧૦ પહેલો ભંગ:- 'સ્યાત્ અસ્તિ.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जीवः स्याद् अस्ति एव । જીવ સ્વરૂપની અપેક્ષાએ જ (અર્થાત્ જીવ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી જ) છે. આ કથનમાં 'જીવ સ્વરૂપની અપેક્ષાએ છે-એ વાત મુખ્યપણે છે' અને 'જીવ પરરૂપની અપેક્ષાએ નથી' એ વાત ગૌણપણે તેમાં ગર્ભિત છે.

આમ જે જાણે તેણે જ જીવનો 'સ્યાત્ અસ્તિ' ભંગ સાચો જાણ્યો, પણ જો જીવ પરની (અજીવ સ્વરૂપે) અપેક્ષાએ નથી'-એવું તેના લક્ષમાં ગર્ભિતપણે ન આવે તો તે જીવનું 'સ્યાત્ અસ્તિ સ્વરૂપ'-જીવનું આખું સ્વરૂપ સમજ્યો નથી, અને તેથી તે બીજા છ ભંગ પણ સમજ્યો નથી.

બીજો ભંગઃ- 'સ્યાત્ નાસ્તિ.'

जीवः स्यात् नास्ति एव-જીવ પરરૂપની અપેક્ષાએ (અર્થાત્ જીવ પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી) નથી જ.

આ કથનમાં 'જીવ પરરૂપની અપેક્ષાએ નથી એ 'વાત મુખ્યપણે છે,' અને 'જીવ સ્વરૂપની અપેક્ષાએ છે, એ વાત ગૌણપણે તેમાં ગર્ભિત છે.

જીવ અને પર એકબીજા પ્રત્યે અવસ્તુ છે-એમ ' સ્યાત્ નાસ્તિ' પદ સૂચવે છે. આમ બંને ભંગ સ્વ-પરની અપેક્ષાએ વિધિ-નિષેધરૂપ જીવના જ ધર્મો છે.

ત્રીજો ભંગઃ- 'સ્યાત્ અસ્તિ-નાસ્તિ.'

जीवः स्याद् अस्ति नास्ति एव-જીવ સ્વરૂપની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ છેં અને પરરૂપની અપેક્ષાએ નથી જ જીવમાં વિધિ નિષેધરૂપ બંને ધર્મો એકી સાથે હોવા છતાં તેઓ વચન દ્વારા ક્રમથી કહેવામાં આવે છે.

ચોથો ભંગઃ- 'સ્યાત્ અવક્તવ્ય.'

जीवः स्याद् अवक्तव्य एव । જીવ સ્વરૂપ પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

જીવમાં અસ્તિ અને નાસ્તિ એ બંને ધર્મો એક કાળ માં હોય છે, તોપણ વચન દ્વારા એક કાળમાં (યુગપદ્) તે કહેવા અશક્ય છે, તેથી તે કોઈ પ્રકારથી અવક્તવ્ય છે.

પાંચમો ભંગઃ- 'સ્યાત્ અસ્તિ અવક્તવ્ય.'

जीवः स्याद् अस्ति अवक्तव्य एव । જીવ સ્વરૂપની અપેક્ષાએ અસ્તિ અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ અવક્તવ્યજ છે.

જીવનું સ્વરૂપ જે વખતે 'અસ્તિ' થી કહી શકાય છે તે વખતે નાસ્તિ તથા બીજા ધર્મો વગેરે યુગપદ્ કહી શકાતા નથી, માટે આ ભંગ 'સ્યાત્ અસ્તિ અવક્તવ્ય' કહેવાય છે.

છઠ્ઠો ભંગઃ- 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય.'

जीवः स्याद् नास्ति अवक्तव्य एव । જીવ પરરૂપની અપેક્ષાએ નાસ્તિ અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્‌પણાની અપેક્ષાએ 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય' જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જીવનું સ્વરૂપ જે વખતે 'નાસ્તિ' થી કહી શકાય તે વખતે 'અસ્તિ' તથા બીજા ધર્મો વગેરે યુગપદ્ કહી શકાતા નથી (અવક્તવ્ય છે), માટે આ ભંગ 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય' કહેવાય છે.

સાતમો ભંગઃ- 'સ્યાત્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય.'

जीवः स्याद् अस्ति नास्ति-अवक्तव्य एव । જીવ ક્રમે સ્વરૂપ-પરરૂપની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણાની અપેક્ષાએ અવક્તવ્ય જ છે.

'સ્યાત્ અસ્તિ' અને 'સ્યાત્ નાસ્તિ'-એ બંને ભંગ દ્વારા જીવ ક્રમથી વક્તવ્ય છે, પણ યુગપદ્ વક્તવ્ય નથી, તેથી આ ભંગ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય કહેવાય છે.

[સ્યાદ્વાદ સમસ્ત વસ્તુઓના સ્વરૂપને સાધનારું અર્હત્સર્વજ્ઞનું અસ્ખલિત શાસન છે. તે બધું અનેકાન્તાત્મક છે-એમ ઉપદેશે છે. તે વસ્તુના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરાવે છે. તે સંશયવાદ નથી. કેટલાક કહે છે કે સ્યાદ્વાદ વસ્તુને નિત્ય અને અનિત્ય વગેરે બે પ્રકારે બંને પક્ષથી કહે છે, માટે સંશયનું કારણ છે; પણ તે ખોટું છે. અનેકાન્તમાં તો બન્ને પણ નિશ્ચિત છે તેથી તે સંશયનું કારણ નથી.)

(જુઓ, શ્રી પ્રવચનસાર-ગા. ૧૧૫ ની ટીકા, મોક્ષશાસ્ત્ર-ગુ. અ. ૪ નો ઉપસંહાર અને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા-ગા. ૩૧૧-૧૨ નો ભાવાર્થ.)

**પ્ર. ૧૧૧ સિદ્ધ ભગવાનને કોઈ અપેક્ષાએ સુખનું પ્રગટપણું અને કોઈ અપેક્ષાએ દુઃખનું પ્રગટપણું માનવું તે અનેકાન્ત સિદ્ધાન્ત પ્રમાણે બરોબર છે ?**

ઉ. ૧૧૧ ના; કારણકે વાસ્તવમાં ગુણ અને પર્યાય-એ બંનેમાં ગૌણ અને મુખ્ય વ્યવસ્થાની અપેક્ષાએ જ અનેકાન્ત પ્રમાણ માનવામાં આવ્યું છે; સુખ અને દુઃખ એ બંને પર્યાય છે. તેથી પર્યાયરૂપથી તેમનું (સુખ-દુઃખનું) દ્વૈત ભગવાનને બની શકતું નથી. ભગવાનને પર્યાયમાં દુઃખ છે જ નહિ. જે કાંઈ હોય તેમાં જ અનેકાન્ત લાગુ પડી શકે.

(જુઓ, પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૩૩ થી ૩૩૫)

**પ્ર. ૧૧૨ પર્યાયમાં ક્રમબદ્ધ અને અક્રમબદ્ધ-એવું માનવું તે અનેકાન્તસિદ્ધાન્ત પ્રમાણે બરોબર છે ?**

ઉ. ૧૧૨ ના; પર્યાય ક્રમબદ્ધ જ હોય છે, અક્રમબદ્ધ હોતા જ નથી એ અનેકાન્ત છે. પંચાધ્યાયી ભા. ૨, ગા. ૩૩૪ પ્રમાણે ગુણો અક્રમ છે અને પર્યાયો ક્રમબદ્ધ જ છે.

**પ્ર. ૧૧૩ અનેકાન્ત શું બતાવે છે ?**

ઉ. ૧૧૩

૧. "અનેકાન્ત વસ્તુને પરથી અસંગ બતાવે છે. અસંગપણાની સ્વતંત્ર શ્રદ્ધા તે અસંગપણાની ખીલવટનો ઉપાય છે, પરથી જુદાપણું તે વસ્તુ સ્વભાવ છે.

૨. અનેકાન્ત, વસ્તુને 'સ્વપણે છે અને પરપણે નથી' એમ બતાવે છે. પરપણે આત્મા નથી, તેથી પરવસ્તુનું કાંઈ

પણ કરવા આત્મા સમર્થ નથી; અને પરવસ્તુ ન હોય તેથી આત્મા દુ:ખી પણ નથી.

'તું તારાપણે છો' તો પરપણે નથી, અને પરવસ્તુ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તેને ફેરવવા તું સમર્થ નથી બસ ! આટલું નક્કી કરે તો શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તારી પાસે જ છે.

૩. અનેકાંત વસ્તુને સ્વપણે સત્ બતાવે છે. સત્‌ને સામગ્રીની જરૂર નથી. સંયોગની જરૂર નથી, પણ સત્‌ને સત્‌ના નિર્ણયની જરૂર છે કે 'સત્‌પણે છું, પરપણે નથી.'

૪. અનેકાન્ત વસ્તુને એક-અનેક સ્વરૂપ બતાવે છે. 'એક' કહેતાં જ 'અનેક' ની અપેક્ષા આવી જાય છે. તું તારામાં એક છો અને તારામાં જ અનેક છો. તારા ગુણપર્યાયથી અનેક છો, વસ્તુથી એક છો.

૫. અનેકાન્ત, વસ્તુને નિત્ય-અનિત્ય સ્વરૂપ બતાવે છે. પોતે નિત્ય છે અને પોતે જ પર્યાયે અનિત્ય છે; તેમાં જે તરફની રુચિ તે તરફનો પલટો (પરિણામ) થાય. નિત્ય વસ્તુની રુચિ કરે તો નિત્ય ટકનારી એવી વીતરાગતા થાય અને અનિત્ય એવા પર્યાયની રુચિ કરે તો ક્ષણિક રાગ-દ્વેષ થાય.

૬. અનેકાન્ત દરેક વસ્તુની સ્વતંત્રતા જાહેર કરે છે. વસ્તુ સ્વથી છે અને પરથી નથી-એમ કહ્યું તેમાં 'સ્વઅપેક્ષાએ

દરેક વસ્તુ પરિપૂર્ણ જ છે' એ આવી જાય છે. વસ્તુને પરની જરૂર નથી, પોતાથી જ પોતે સ્વાધીન પરિપૂર્ણ છે.

૭. અનેકાન્ત એકેક વસ્તુમાં અસ્તિ-નાસ્તિ આદિ બે વિરુદ્ધ શક્તિઓ બતાવે છે. એક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી બે વિરુદ્ધ શક્તિઓ થઈને જ તત્ત્વની પૂર્ણતા છે; એવી બે વિરુદ્ધ શક્તિઓનું હોવું તે વસ્તુનો સ્વભાવ છે.''

(મોક્ષશાસ્ત્ર ગુ. અ. ૪ નો ઉપસંહાર)

**પ્ર. ૧૧૪ સાધક જીવને અસ્તિ-નાસ્તિના જ્ઞાનથી શું લાભ થાય ?**

ઉ. ૧૧૪ 'જીવ સ્વરૂપે છે અને પરરૂપે નથી', એવી અનાદિ વસ્તુસ્થિતિ હોવા છતાં, ''જીવ અનાદિ અવિદ્યાના કારણે શરીરને પોતાનું માને છે અને તેથી શરીર ઉપજતાં પોતે ઊપજયો તથા શરીરનો નાશ થતાં પોતાનો નાશ થાય એમ માને છે. આમ તેને 'જીવતત્ત્વ' ની અને ' અજીવતત્ત્વ'ની વિપરીત શ્રદ્ધા હોય છે.

આ વિપરીત શ્રદ્ધાને કારણે જીવ શરીરનું કરી શકે, હલાવી-ચલાવી-ઉઠાડી-સુવડાવી શકે, શરીરની સંભાળ કરી શકે-એવી માન્યતા કરે છે; જીવતત્ત્વ સંબંધી આ ઊંધી શ્રદ્ધા અસ્તિ-નાસ્તિ ભંગના યથાર્થ જ્ઞાનવડે ટળે છે.

શરીર સારું હોય તો જીવને લાભ થાય, ખરાબ હોય તો નુકશાન થાય, શરીર સારું હોય તો જીવ ધર્મ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી શકે, ખરાબ હોય તો ધર્મ ન કરી શકે-એ વગેરે પ્રકારે તે અજીવતત્ત્વ સંબંધી ઊંધી શ્રદ્ધા કર્યા કરે છે. તે ભૂલ પણ અસ્તિ-નાસ્તિ ભંગના યથાર્થ જ્ઞાનવડે ટળે છે.

જીવ અજીવથી અસ્તિરૂપે છે અને પરથી અસ્તિરૂપે નથી પણ નાસ્તિરૂપે છે-એમ જયારે યથાર્થપણે જ્ઞાનમાં નક્કી કરે છે ત્યારે દરેક તત્ત્વ યથાર્થપણે ભાસે છે; તેમ જ જીવ પરદ્રવ્યોને સંપૂર્ણપણે અકિંચિત્કર છે તથા પરદ્રવ્યો જીવને સંપૂર્ણપણે અકિંચિત્કર છે; કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે નાસ્તિ છે.-આમ ખાતરી થાય છે અને તેથી જીવ પરાશ્રયી-પરાલંબીપણું મટાડી સ્વાશ્રયી-સ્વાવલંબી થાય છે. તે જ ધર્મની શરૂઆત છે.

જીવનો પર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવો છે. તેનું જ્ઞાન આ બે ભંગો વડે કરી શકાય છે. નિમિત્ત તે પરદ્રવ્ય હોવાથી નૈમિત્તિક જીવને કાંઈ કરી શકે નહિ. માત્ર આકાશપ્રદેશે એકક્ષેત્રાવગાહરૂપે કે સંયોગ-અવસ્થા રૂપે હાજર હોય; પણ નૈમિત્તિક તે નિમિત્તથી પર છે અને નિમિત્ત તે નૈમિત્તિકથી પર છે, તેથી એકબીજાને કાંઈ કરી શકે નહિ. નૈમિત્તિકના જ્ઞાનમાં નિમિત્ત પરજ્ઞેયરૂપે જણાય છે.”

(મોક્ષશાસ્ત્ર ગુ-અ. ૪ નો ઉપસંહાર)

**પ્ર. ૧૧૫ અર્પિત અને અનર્પિત કથન દ્વારા અનેકાન્તસ્વરૂપ કેવી રીતે સમજાય છે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૧૫૫ अर्पितानर्पितसिद्धेः ।

(તત્ત્વાર્થસૂત્ર-અ. ૫, સૂ.-૩૨)

૧. "દરેક વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે. એ સિદ્ધાન્ત આ સૂત્રમાં સ્યાદ્‌વાદ દ્વારા કહ્યો છે. નિત્યતા અને અનિત્યતા પરસ્પર વિરુદ્ધ ધર્મો હોવા છતાં તેઓ વસ્તુને નીપજાવનારા છે તેથી તે દરેક દ્રવ્યમાં હોય જ. તેનું કથન મુખ્ય-ગૌણપણે થાય છે, કેમકે ધર્મો એકી સાથે કહી શકાતા નથી. જે વખતે જે ધર્મ સિદ્ધ કરવો હોય તે વખતે તેની મુખ્યતા લેવાય છે. તે મુખ્યતા-પ્રધાનતાને 'અર્પિત' કહેવામાં આવે છે અને તે વખતે જે ધર્મ ગૌણ રાખ્યા હોય તેને 'અનર્પિત' કહેવામાં આવે છે. અનર્પિત રાખેલ ધર્મ તે વખતે કહેવામાં આવ્યા નથી, તોપણ વસ્તુમાં તે ધર્મો રહેલા છે એમ જ્ઞાની જાણે છે.

૨. જે વખતે દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્યને નિત્ય કહ્યું તે જ વખતે, તે પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. માત્ર તે વખતે 'અનિત્યતા' કહી નથી પણ ગર્ભિત રાખી છે. તેમજ જ્યારે પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અનિત્ય કહ્યું તે જ વખતે તે દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે, માત્ર તે વખતે 'નિત્યતા' કહી નથી (ગર્ભિત રાખી છે); કારણકે બંને ધર્મો એકી સાથે કહી શકાતા નથી.

૩. 'એક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે."

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"જેમકે, જે વસ્તુ સત્ છે તે જ અસત્ છે અર્થાત્ જે અસ્તિ છે તે નાસ્તિ છે; જે એક છે તે અનેક છે. જે નિત્ય છે તેજ અનિત્ય છે," વગેરે.

(જુઓ, સમયસાર-કલશ ૨૪૭ નો ભાવાર્થ.)

[શાસ્ત્રમાં કોઈપણ કથન કર્યું હોય તેના નીચે પ્રમાણે અર્થો કરવા:-

પ્રથય શબ્દાર્થ કરીને તે કથન કયા નયે કર્યું છે તે નક્કી કરવું. તેમાં જે કથન જે નયે કર્યું હોય તે કથન તે 'અર્પિત' છે એમ સમજવું; અને સિદ્ધાન્ત અનુસાર ગૌણપણે બીજા જે ભાવ તેમાં ગર્ભિતપણે આવી જાય છે તે ભાવ જોકે ત્યાં શબ્દોમાં કહ્યા નથી તો પણ તે ભાવ પણ ગર્ભિતપણે કહ્યા છે એમ સમજી લેવું, આ 'અનર્પિત' કથન છે.

આ પ્રમાણે અર્પિત અને અનર્પિત-બંને પડખાંને સમજીને જે જીવ અર્થ કરે તેજ જીવને પ્રમાણ અને નયનું સત્ય જ્ઞાન થાય. જો બંને પડખાં યથાર્થ ન સમજે તો તેનું જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમ્યું છે. તેથી તેનું જ્ઞાન અપ્રમાણ અને કુનયરૂપ છે.....]

(જુઓ, મોક્ષશાસ્ત્ર-ગુ.-અ. ૫. સૂ. ૩૨ ની ટીકા)

**પ્ર. ૧૧૬ એકજ દ્રવ્યમાં નિત્યતા અને અનિત્યતા એ બંને વિરુદ્ધ ધર્મો કેવી રીતે રહે છે ?**

ઉ. ૧૧૬ "વિવક્ષિત અને અવિવક્ષિત રૂપે એક જ દ્રવ્યમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાના (ભિન્ન) ધર્મો રહે છે. વક્તા જે ધર્મને કહેવાની ઈચ્છા કરે છે તેને અર્પિત-વિવક્ષિત કહે છે, અને વક્તા તે સમયે જે ધર્મને કહેવા ઈચ્છતો નથી તે અનર્પિત-અવિવક્ષિત છે; જેમકેઃ- વક્તા જો દ્રવ્યાર્થિકનયથી વસ્તુનું પ્રતિપાદન કરશે તો 'નિત્યતા' વિવક્ષિત કહેવાશે, અને જો તે પર્યાયાર્થિકનયથી પ્રતિપાદન કરશે તો 'અનિત્યતા' વિવક્ષિત છે, જે સમયે કોઈ પદાર્થને દ્રવ્યની અપેક્ષાએ 'નિત્ય' કહેવાઈ રહ્યો તે સમયે તે પદાર્થ પર્યાયની અપેક્ષાએ અનિત્ય પણ છે, પિતા, પુત્ર, મામા, ભાણેજ આદિની માફક એક જ પદાર્થમાં અનેક ધર્મ રહેવા છતાં પણ વિરોધ આવતો નથી.''

(તત્ત્વાર્થસૂત્ર-હિન્દી, અનુવાદક પં. પન્નાલાલજી,
અ. ૫, સૂત્ર ૩૨ નો અર્થ)

## પ્ર. ૧૧૭ 'આત્મા સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી'-તે અનેકાન્ત-સિદ્ધાન્ત ઉપરથી શું સમજવું ?

ઉ. ૧૧૭

૧. કોઈ આત્મા કે તેનો પર્યાય પરનું કાંઈ કરી શકે નહિ, કરાવી શકે નહિ. અસર, પ્રભાવ, પ્રેરણા, મદદ, લાભ, નુકશાન વગેરે કાંઈ કરી શકે નહિ, કારણ કે દરેક વસ્તુ પર વસ્તુની અપેક્ષાએ અવસ્તુ છે, એટલે કે તે અદ્રવ્ય, અક્ષેત્ર, અકાલ અને અભાવરૂપે છે. દરેક દ્રવ્યનો પર્યાય બીજા દ્રવ્યના પર્યાય પ્રત્યે નિમિત્તરૂપ હોય પણ તેથી તે પરદ્રવ્યના પર્યાયને અસર વગેરે કાંઈ કરી શકે નહિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૨. આ સિદ્ધાન્ત છયે દ્રવ્યોને લાગુ પડે છે. એક પરમાણુ પણ બીજા પુદ્‌ગલોનું-પુદ્‌ગલના પર્યાયનું કે બાકીના કોઈ દ્રવ્યોનું કાંઈ કરી-કરાવી શકે નહિ કે અસર વગેરે કાંઈ કરી શકે નહિ.

૩. આવો સ્વતંત્ર વસ્તુસ્વભાવ જે સમજે તે જ સ્વપરનો ભેદવિજ્ઞાન થઈ, સ્વસન્મુખ થઈ નિશ્ચિતપણે અંતરંગ સુખનો સાચો ઉપાય કરી શકે.

**પ્ર. ૧૧૮ જીવ અને શરીરમાં અનેકાંત શી રીતે લાગુ પડે છે ?**

ઉ. ૧૧૮ આ સંબંધમાં શ્રી પ્રબોધસાર (શ્રાવકાચાર) ની ગાથા ૧૬૮ (પા. ૧૪૪) માં નીચે પ્રમાણે કહ્યું છે-

परद्रव्यं परद्रव्यं स्वद्रव्यं द्रव्यमात्मनः
सम्बन्धोऽपि तयोर्नास्ति यथायं सह्यविन्ध्ययोः ॥

અર્થઃ- પરદ્રવ્ય સદા પરદ્રવ્ય જ રહે છે; અને સ્વદ્રવ્ય સદા સ્વદ્રવ્ય જ રહે છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય-બંનેને કાંઈ પણ સંબંધ નથી; જેમ સહ્ય પર્વત અને વિંધ્ય પર્વતને પરસ્પર કાંઈ સંબંધ નથી.

ભાવાર્થ- જેમ સહ્યાદ્રિ અને વિંધ્યાદ્રિ બંને પર્વત સર્વથા ભિન્ન ભિન્ન છે, તેમને પરસ્પર કોઈ સંબંધ નથી, તેમ આત્મા અને શરીરાદિક પરદ્રવ્ય બંને સર્વથા ભિન્ન છે. તેમને પરસ્પર કોઈપણ પ્રકારનો સંબંધ નથી.

# પ્રકરણ દશમું
# મોક્ષમાર્ગ અધિકાર

**પ્ર. ૧૧૯ (૧) કાળલબ્ધિ, (૨) ભવિતવ્ય=નિયત, (૩) કર્મના ઉપશમાદિ, (૪) પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ–આમાંથી કયા કારણ વડે મોક્ષનો ઉપાય બને છે ?**

ઉ. ૧૧૯

૧. મોક્ષનો ઉપાય થવામાં પાંચ બાબતો એકી સાથે હોય છે, એટલે કે જીવ જ્યારે પોતાના [૧]જ્ઞાયકસ્વભાવ સન્મુખ થઈ [૨]પુરુષાર્થ કરે ત્યારે [૩]કાળલબ્ધિ. [૪]ભવિતવ્ય અને [૫]કર્મની ઉપશમાદિ અવસ્થા–એ પાંચ બાબતો ધર્મ કરનારને એકી સાથે હોય છે. તેથી તેને પાંચ સમવાય (મેળાપ, એકઠાપણું) કહે છે.

૨. શ્રી સમયસાર નાટક–સર્વવિશુદ્ધિદ્વાર (પૃ. ૩૩૫) માં કહ્યું છે કે આ પાંચને સર્વાંગી માનવા તે શિવમાર્ગ છે, અને કોઈ એકને જ માનવું તે પક્ષપાત હોવાથી મિથ્યામાર્ગ છે.

**પ્ર. ૧૨૦ કાળલબ્ધિ શું છે ?**

ઉ. ૧૨૦ તે કોઈ વસ્તુ નથી પણ જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ છે. (મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૧)

**પ્ર. ૧૨૧ કાળલબ્ધિ કયા દ્રવ્યમાં હોય છે ?**

ઉ. ૧૨૧ છએ દ્રવ્યોમાં દરેક સમયે હોય છે. તે સંબંધમાં શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૨૧૯ માં કહ્યું છે કે:–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालाइलद्धिजुता णाणसतीहिं संजुदा जत्था ।
परिणममाणा हि सयं ण सक्कदे को वि वारेदुं ॥२१९॥

અર્થઃ- બધાય પદાર્થો કાળાદિ લબ્ધિ સહિત, અનેક પ્રકારની શક્તિસહિત છે, તેમ જ સ્વયં પરિણમન કરે છે, તેને તેમ પરિણમન કરતાં રોકવા કોઈ સમર્થ નથી.

ભાવાર્થઃ- બધાં દ્રવ્યો પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ સામગ્રીને પામીને પોતે જ ભાવરૂપે પરિણમે છે, તેને કોઈ અટકાવી શકતું નથી.

૧. અહીં કાળાદિલબ્ધિમાં કાળલબ્ધિનો અર્થ સ્વકાળની પ્રાપ્તિ થાય છે.

૨. દ્રવ્યસ્વભાવ સન્મુખ થયેલો વર્તમાન પુરુષાર્થ તે ક્ષણિક ઉપાદાન છે.

૩. (પર) કાળલબ્ધિ તે નિમિત્ત છે અને જો સ્વકાળલબ્ધિ ગણવામાં આવે તો તે ક્ષણિક ઉપાદાન છે.

૪. ભવિતવ્ય અથવા નિયતિ તે તે સમયની યોગ્યતા છે, તે પણ ક્ષણિક ઉપાદાન છે.

૫. કર્મ તે દ્રવ્યકર્મની અવસ્થા નિમિત્ત છે, અને જો કર્મના આશ્રયે ન પરિણમવારૂપ જીવનો ભાવ લેવામાં આવે તો તે ક્ષણિક ઉપાદાન છે.

**પ્ર. ૧૨૨ કાળલબ્ધિ પાકશે ત્યારે જ ધર્મ થશે-એ માન્યતા બરાબર છે ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉ. ૧૨૨ એ માન્યતા મિથ્યા છે, કેમકે તેમ માનનાર જીવે પોતાનો જ્ઞાયકસ્વભાવ, પુરુષાર્થ આદિ પાંચ સમવાયને એકી સાથે માન્યા નહિ પરંતુ એક કાળનેજ માન્યો. તેથી તે માન્યતાવાળાને એકાંત કાળવાદી ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.

(ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૮૭૯)

**પ્ર. ૧૨૩ જગતમાં બધું ભવિતવ્ય (નિયતિ) આધીન છે, તેથી ધર્મ થવાનો હશે ત્યારે થશે-એ માન્યતા બરાબર છે ?**

ઉ. ૧૨૩ ના; કેમકે તેમ માનનાર જીવે પોતાનો જ્ઞાયકસ્વભાવ, પુરુષાર્થ આદિ પાંચ સમવાયને એકી સાથે માન્યા નહિ પરંતુ એકલા ભવિતવ્યનેજ માન્યું, તેથી તે માન્યતાવાળાને શાસ્ત્રમાં એકાંત નિયતિવાદી ગૃહીત-મિથ્યાદૃષ્ટિ કહ્યા છે.

(ગોમ્મટસાર કર્મકાંડ, ગાથા ૮૮૨.)

**પ્ર. ૧૨૪ પાંચેય સમવાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય કોણ કોણ છે?**

ઉ. ૧૨૪ સામાન્ય જ્ઞાયકસ્વભાવ તે દ્રવ્ય અને બાકીના ચાર પર્યાય છે.

**પ્ર. ૧૨૫ જ્યાં સુધી દર્શનમોહકર્મ માર્ગ ન આપે ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય-એ માન્યતા બરાબર છે ?**

ઉ. ૧૨૫ ના; એ માન્યતા મિથ્યા છે, કેમકે તે જીવે પુરુષાર્થ વડે જ્ઞાયકસ્વભાવી આત્માની સન્મુખ થઈને એકી સાથે પાંચ સમવાય માન્યા નથી; તે તો માત્ર કર્મની

ઉપશમાદિ અવસ્થાને જ માને છે. તેથી તેવા વિપરીત માન્યતાવાળા જીવને એકાંત કર્મવાદી (દૈવવાદી) ગૃહીત-મિથ્યાદષ્ટિ કહ્યો છે.

(ગોમ્મટસાર કર્મકાંડ, ગાથા ૮૯૧.)

**પ્ર. ૧૨૬ ત્યારે મોક્ષના ઉપાય માટે શું કરવું ?**

ઉ. ૧૨૬ જિનેશ્વરદેવના ઉપદેશ અનુસાર પુરુષાર્થપૂર્વક યથાર્થ ઉપાય કરવો. કેમકે, જે જીવ પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે છે અને અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે. કાળલબ્ધિ, ભવિતવ્ય અને ઉપદેશાદિ કારણો મેળવવાં પડતાં નથી; પણ જે જીવ પુરુષાર્થપૂર્વક મોક્ષનો ઉપાય કરે છે તેને તો સર્વ કારણો મળે છે અને જે ઉપાય કરતો નથી તેને તો કોઈપણ કારણો મળતાં નથી અને તેથી ધર્મની પ્રાપ્તિ પણ થતી નથી-એવો નિશ્ચય કરવો.

વિશેષ એમ છે કે-જીવને કાળલબ્ધિ, ભવિતવ્ય, કર્મના ઉપશમાદિક મેળવવાના હોતા નથી, પણ જ્યારે જીવ સ્વભાવસન્મુખ પુરુષાર્થ કરે છે ત્યારે તે કારણો આવી મળે છે.

વળી, કર્મનાં ઉપશમાદિક તો પુદ્‌ગલના પર્યાય છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી, પણ આત્મા જ્યારે યથાર્થ પુરુષાર્થ કરે છે ત્યારે કર્મના ઉપશમાદિ સ્વયં થઈ જાય છે. કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્‌ગલની શક્તિ છે, તેનો કર્તા-હર્તા આત્મા નથી.

જીવનું કર્તવ્ય તો તત્ત્વનિર્ણયનો અભ્યાસ જ છે. તે કરે ત્યારે દર્શનમોહનો ઉપશમ સ્વયં થાય છે, પણ કર્મની અવસ્થામાં જીવનું કાંઈ કર્તવ્ય નથી.

**પ્ર. ૧૨૭ જો પુરુષાર્થથી જ ધર્મ થાય છે તો દ્રવ્યલિંગી મુનિએ મોક્ષને અર્થે ગૃહસ્થપણું છોડી ઘણો પુરુષાર્થ તો કર્યો; છતાં તેને કાર્યસિદ્ધિ કેમ ન થઈ ?**

ઉ. ૧૨૭ તેણે ઊંધો પુરુષાર્થ કર્યો છે. અન્યથા પુરુષાર્થ કરી મોક્ષનું ફળ ઈચ્છે પણ તેથી કેવી રીતે ફળસિદ્ધિ થાય? ન જ થાય. વળી તપશ્ચરણાદિ વ્યવહારસાધનમાં અનુરાગી થઈ પ્રવર્તવાનું ફળ તો શાસ્ત્રમાં શુભબંધ કહ્યો છે, અને દ્રવ્યલિંગી મુનિ વ્યવહાર સાધનથી ધર્મ થશે એમ માની તેમાં અનુરાગી થાય છે અને તેનાથી મોક્ષ ઈચ્છે છે, તે કેવી રીતે બને ?

વ્યવહાર સાધન કરતાં કરતાં નિશ્ચયધર્મ થાય એમ માનવું તે તો એક ભ્રમ છે.

**પ્ર. ૧૨૮ હજારો શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિ પાળે, તોપણ દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિને સ્વ-પરના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કેમ થતો નથી?**

ઉ. ૧૨૮

૧. તે જીવ તેના જ્ઞાનમાંથી કારણવિપરીતતા, સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદવિપરીતતાને ટાળતો નથી; તેથી તેને સ્વ-પરના સ્વરૂપનો સાચો નિર્ણય થતો નથી.

૨. તત્ત્વજ્ઞાનનો તેને અભાવ હોવાથી તેના શાસ્ત્રજ્ઞાનને અજ્ઞાન કહે છે.

૩. પોતાનું પ્રયોજન સાધતું નથી માટે તેને જ કુજ્ઞાન કહે છે.

૪. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવામાં તે જ્ઞાન લાગતું નથી એ જ જ્ઞાનમાં દોષ થયો. તેથી તે જ જ્ઞાનને મિથ્યા જ્ઞાન કહ્યું છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃષ્ટ ૯૧-૯૨)

**પ્ર. ૧૨૯ કારણવિપરીતતા કોને કહે છે ?**

ઉ. ૧૨૯ જેને તે જાણે છે તેના મૂળ કારણને છો ન ઓળખે અને અન્યથા કારણ માને તે કારણ-વિપરીતતા છે.

**પ્ર. ૧૩૦ સ્વરૂપવિપરીતતા કોને કહે છે ?**

ઉ. ૧૩૦ જેને તે જાણે છે તેના મૂળ વસ્તુસ્વરૂપને તો ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે સ્વરૂપવિપરીતતા છે.

**પ્ર. ૧૩૧ ભેદાભેદવિપરીતતા કોને કહે છે ?**

ઉ. ૧૩૧ જેને તે જાણે છે તેને "એ એનાથી ભિન્ન છે તથા એ આનાથી અભિન્ન છે" એમ યથાર્થ ન ઓળખતાં અન્યથા ભિન્ન-અભિન્નપણું માને તે ભેદાભેદવિપરીતતા છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-હિન્દી, દિલ્હી પ્રકાશિત પૃ. ૧૨૩
ગુજરાતી આવૃત્તિ-પૃષ્ટ ૮૯)

**પ્ર. ૧૩૨ નિમિત્ત અને ઉપાદાન-બંને ભેગાં મળીને કાર્ય કરે છે એમ જાણે તેના જ્ઞાનમાં શો દોષ છે ?**

ઉ. ૧૩૨

૧. મૂળ (ખરું) કારણ તો ઉપાદાન છે, તેને તેણે ઓળખ્યું નહિ, અને નિમિત્ત-ઉપાદાન બંનેને મૂળકારણપણે જાણ્યાં, તેથી તેને કારણવિપરીતતા થઈ.

૨. ઉપાદાન પોતાનું કાર્ય કરે ત્યારે ઉચિત નિમિત્ત સ્વયં ઉપસ્થિત હોય છે; તેથી નિમિત્તને ઉપચારમાત્ર કારણ કહેવામાં આવે છે-એવા સ્વરૂપને તેણે ન ઓળખ્યું એટલે ઉપાદાન-નિમિત્તના મૂળભૂત વસ્તુસ્વરૂપને ન ઓળખ્યું, તેથી તેને સ્વરૂપવિપરીતતા થઈ.

૩. દરેક દ્રવ્ય હંમેશાં પોતાનું કાર્ય કરી શકે છે અને પરનું કાર્ય કરી શકે નહિ-એવી ભિન્નતા ન માનતા ઉપાદાન અને નિમિત્ત બંને મળીને કાર્ય કરે એમ માન્યું, તેથી બંનેની અભિન્નતાને લીધે તેને ભેદાભેદવિપરીતતા થઈ.

**પ્ર. ૧૩૩ દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિમુનિની ધર્મસાધનામાં અન્યથા પણ શું છે ?**

ઉ. ૧૩૩ દ્રવ્યલિંગી મુનિ, વિષયસુખાદિનાં ફળ નરકાદિ છે, શરીર અશુચિમય છે, વિનાશિક છે, પોષણ કરવા યોગ્ય નથી. તથા કુટુંબાદિક સ્વાર્થનાં સગા છે-ઈત્યાદિ પરદ્રવ્યોના દોષ વિચારી, તેનો તો ત્યાગ કરે છે; તથા

વ્રતાદિનું ફળ સ્વર્ગ-મોક્ષ છે, તપશ્ચરણાદિ પવિત્ર ફળનાં આપનારાં છે, એ વડે શરીર શોષણ કરવા યોગ્ય છે તથા દેવ-ગુરુ-શાસ્ત્રાદિ હિતકારી છે-ઈત્યાદિ પરદ્રવ્યોનો ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે.

ઈત્યાદિ પ્રકારથી કોઈ પરદ્રવ્યોને બુરા જાણી અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે તથા કોઈ પરદ્રવ્યોને ભલાં જાણી ઈષ્ટરૂપ શ્રદ્ધાન કરે છે. હવે, પરદ્રવ્યોમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ શ્રદ્ધાન કરવું એ મિથ્યાત્વ છે. વળી એ જ શ્રદ્ધાનથી તેને ઉદાસીનતા પણ દ્વેષબુદ્ધિરૂપ હોય છે કારણકે કોઈને બુરા જાણવાં તેનું જ નામ દ્વેષ છે.

**પ્ર. ૧૩૪ દ્રવ્યલિંગી મુનિ વગેરેને ભ્રમ થાય છે તેનું કારણ કોઈ કર્મ જ હશે ને ? ત્યાં પુરુષાર્થ શો કરે ?**

ઉ. ૧૩૪ ના; ત્યાં કર્મનો દોષ નથી. સાચા ઉપદેશથી નિર્ણય કરતાં ભ્રમ દૂર થાય છે. પણ સાચો પુરુષાર્થ કરતો નથી કે જેથી ભ્રમ દૂર થાય. જો નિર્ણય કરવાનો પુરુષાર્થ કરે તો ભ્રમનું નિમિત્તકારણ જે મોહકર્મ તેનો પણ ઉપશમ થાય અને ભ્રમ દૂર થાય. કારણકે તત્ત્વનિર્ણય કરતાં પરિણામોની વિશુદ્ધતા થાય છે અને મોહનાં સ્થિતિ-અનુભાગ પણ ઘટે છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃષ્ટ- ૩૧૨)

**પ્ર. ૧૩૫ સમ્યગ્દર્શન પ્રગટ ન થવામાં નિમિત્તકારણ**

**દર્શનમોહ છે અને ચારિત્ર પ્રગટ ન થવામાં નિમિત્તકારણ ચારિત્રમોહ છે-તેનો અભાવ થયા વિના જીવ ધર્મ કેમ કરી શકે ? માટે ધર્મ ન થવામાં જડ કર્મનો દોષ છે ને ?**

ઉ. ૧૩૫ ના; પોતાના ઊંધા પુરુષાર્થનો જ દોષ છે. જો સવળા પુરુષાર્થપૂર્વક તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવે તો સ્વયમેવ મોહનો અભાવ થાય છે અને મોહના ઉપાયનો પુરુષાર્થ બને છે; તેથી પ્રથમ જ તત્ત્વનો નિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરવો અને ઉપદેશ પણ એ જ પુરુષાર્થ અર્થે આપવામાં આવે છે, અને એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયના પુરુષાર્થની સિદ્ધિ આપોઆપ થાય છે.

તત્ત્વનિર્ણય કરવામાં કર્મનો કાંઈ પણ દોષ નથી પણ જીવનો જ દોષ છે. જે જીવ કર્મનો દોષ કાઢે છે તે પોતાનો દોષ હોવા છતાં કર્મ ઉપર દોષ નાંખે છે-એ અનીતિ છે. શ્રી સર્વજ્ઞભગવાનની આજ્ઞા માને તેને એવી અનીતિ હોઈ શકે નહિ. જેને ધર્મ કરવો રુચતો નથી તે જ આવું જૂઠું બોલે છે. જેને મોક્ષસુખની સાચી અભિલાષા છે તે આવી જૂઠી યુક્તિ બતાવે. નહિ.

જીવનું કર્તવ્ય તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જ છે અને તેનાથી જ દર્શનમોહનો ઉપશમ સ્વયં થાય છે. દર્શનમોહના ઉપશમાદિમાં જીવનું કર્તવ્ય કાંઈ નથી. વળી ત્યાર પછી જેમ જેમ જીવ સ્વસન્મુખતા વડે વીતરાગતા વધારે છે તેમ

તેમ તેને ચારિત્રમોહનો અભાવ થાય છે અને તેમ થતાં તે જીવને નગ્ન દિગંબરદશા, ૨૮ મૂલગુણ અને ભાવલિંગી મુનિપણું પ્રગટ થાય છે તે દશામાં પણ જીવ પોતાના જ્ઞાયકસ્વભાવમાં રમણતારૂપ પુરુષાર્થ વડે ધર્મપરિણતિને વધારે છે, ત્યાં પરિણામ સર્વથા શુદ્ધ થતાં કેવળજ્ઞાન અને મોક્ષદશારૂપ સિદ્ધપદ પામે છે.

**પ્ર. ૧૩૬ જેને જાણવાથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય તેવું અવશ્ય જાણવા યોગ્ય પ્રયોજનભૂત શું શું છે ?**

ઉ. ૧૩૬ સર્વ પ્રથમ-

૧. હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી.

૨. જીવાદિ દ્રવ્યો વા સાત તત્ત્વો તથા સુદેવ-ગુરુ-ધર્મને ઓળખવા.

૩. ત્યાગવાયોગ્ય મિથ્યાત્વ-રાગાદિક તથા ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શન-જ્ઞાનાદિકનું સ્વરૂપ ઓળખવું.

૪. નિમિત્ત-નૈમિત્તિક આદિને જેમ છે તેમ ઓળખવાં.

-ઈત્યાદિ જેને જાણવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય તેને અવશ્ય જાણવા. કેમ કે તે પ્રયોજનભૂત છે.

**પ્ર. ૧૩૭ દેવ-ગુરુ-ધર્મ તથા સત્‌શાસ્ત્ર અને તત્ત્વાદિનો નિર્ધાર ન કરીએ તો ન ચાલે ?**

ઉ. ૧૩૭ તેના નિર્ધાર વિના કોઈ રીતે મોક્ષમાર્ગ થાય

નહિ એવો નિયમ છે.

**પ્ર. ૧૩૮ મોક્ષમાર્ગ (ઉપાય) નિરપેક્ષ છે ?**

ઉ. ૧૩૮ હા, પરમ નિરપેક્ષ છે; આ સંબંધી શ્રી નિયમસારની બીજી ગાથાની ટીકામાં કહ્યું છે કેઃ-'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ (અનુષ્ઠાન) રૂપ શુદ્ધ રત્નત્રયાત્મકમાર્ગ પરમનિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.''

**પ્ર. ૧૩૯ 'પરમનિરપેક્ષ' કહેવાથી એકાંત નથી થઈ જતો?**

ઉ. ૧૩૯ ના; મોક્ષમાર્ગ પરમ નિરપેક્ષ છે, એ તો સમ્યક્એકાંત છે.

**પ્ર. ૧૪૦ તો મોક્ષમાર્ગને સમ્યક્અનેકાંત શી રીતે લાગુ પડે ?**

ઉ. ૧૪૦ મોક્ષમાર્ગ પરથી પરમ નિરપેક્ષ છે અને સ્વથી પરમ સાપેક્ષ છે, તેમ જાણવું તે સમ્યક્ અનેકાંત છે.

**પ્ર. ૧૪૧ દેવાદિક તથા તત્ત્વાદિકનો નિર્ધાર (નિર્ણય) અત્યારે થઈ શકે ?**

ઉ. ૧૪૧ હા; પ્રમાદ છોડી સાચો ઉદ્યમ કરે તો તે બધાનો સાચો નિર્ણય થઈ શકે છે. જો કોઈ તેનું સ્વરૂપ વિરુદ્ધ કહે તો જીવને પોતાને જ તે ભાસી જાય છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃષ્ટ ૨૨૧-૩૦૪)

**પ્ર. ૧૪૨ પ્રયોજનભૂત તત્ત્વોને જીવ યથાર્થ જાણે-માને**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**તો તેને શું લાભ થાય ?**

ઉ. ૧૪૨ જો તેને યથાર્થ જાણે-શ્રદ્ધે તો તેને સાચો સુધાર થાય છે અર્થાત્ તેથી તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

**પ્ર. ૧૪૩ જીવને ધર્મ સમજવા માટેનો ક્રમ શો છે ?**

ઉ. ૧૪૩

૧. પ્રથમ તો પરીક્ષા વડે કુદેવ, કુગુરુ અને કુધર્મની માન્યતા છોડી અરહંતદેવાદિકનું શ્રદ્ધાન કરવું, કારણકે એનું શ્રદ્ધાન કરતાં ગૃહીત-મિથ્યાત્વનો અભાવ થાય છે.

૨. પછી જિનમતમાં કહેલાં જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ-લક્ષણાદિ શીખવાં, કારણકે તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે.

૩. પછી સ્વ-પરનું ભિન્નપણું જેથી ભાસે તેવા વિચારો કર્યા કરવા, કારણકે એ અભ્યાસથી ભેદવિજ્ઞાન થાય છે.

૪. ત્યાર પછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કર્યા કરવો, કારણકે એ અભ્યાસથી આત્મા અનુભવની પ્રાપ્તિ થાય છે.

એ પ્રમાણે અનુક્રમથી તેને અંગીકાર કરી પછી તેમાંથી જ કોઈ વેળા દેવાદિના વિચારમાં, કોઈ વેળા તત્ત્વ વિચારમાં, કોઈ વેળા સ્વ-પરના વિચારમાં તથા કોઈ વેળા આત્મવિચારમાં ઉપયોગને લગાવવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ પ્રમાણે અભ્યાસથી દર્શનમોહ મંદ થતો જાય છે અને જીવ એ પુરુષાર્થ ચાલુ રાખે તો એ જ અનુક્રમથી તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ જાય છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃષ્ટ ૩૩૦)

**પ્ર. ૧૪૪ એ ક્રમ ન સ્વીકારે તો શું થાય ?**

ઉ. ૧૪૪ એ ક્રમનું ઉલ્લંઘન કરે એવા જીવને દેવાદિકની માન્યતાનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી. પોતાને તે જ્ઞાની માને પણ એ બધી ચતુરાઈની વાતો છે; માટે જ્યાં સુધી જીવને સાચા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ક્રમથી ઉપર કહ્યા પ્રમાણે કાર્ય કરવું જોઈએ.

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૨૯)

**પ્ર. ૧૪૫ સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કેવી રીતે આવી જાય છે ?**

ઉ. ૧૪૫

૧. મોક્ષતત્ત્વ સર્વજ્ઞ-વીતરાગસ્વભાવ છે, તેના ધારક શ્રી અરહંત-સિદ્ધ છે તે જ નિર્દોષ દેવ છે, માટે જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે તેને સાચા દેવની શ્રદ્ધા છે.

૨. સંવર-નિર્જરા નિશ્ચયરત્નત્રયસ્વભાવ છે, તેના ધારક ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. તે જ નિર્ગ્રંથ-દિગંબર મુનિ ગુરુ છે; માટે જેને સંવર-નિર્જરાના સ્વરૂપની સાચી શ્રદ્ધા છે તેને સાચા ગુરુની શ્રદ્ધા છે. (મોક્ષમાર્ગ પ્રકાશક-૯મો અધિકાર.)

૩. જીવતત્ત્વનો સ્વભાવ રાગાદિ ઘાતરહિત શુદ્ધિ ચૈતન્ય-પ્રાણમય, તે સ્વભાવસહિત અહિંસાધર્મ છે, માટે જેને શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા છે તેને (નિજ આત્માના) અહિંસા-ધર્મની શ્રદ્ધા છે.

(વિદ્વજ્જનબોધક ભાગ-૧, પૃ. ૭૯.)

**પ્ર. ૧૪૬ સમ્યક્ત્વ કોને કહે છે ?**

ઉ. ૧૪૬

૧. જે ગુણની નિર્મળદશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધાત્માનો પ્રતિભાસ થાય. અખંડ જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ થાય.

૨. સાચા દેવ-ગુરુ-ધર્મમાં દૃઢ પ્રતીતિ થાય.

૩. જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ થાય.

૪. સ્વ-પરનું શ્રદ્ધાન થાય.

૫. આત્મશ્રદ્ધાન થાય.

તેને સમ્યક્ત્વ કહે છે. આ લક્ષણોથી અવિનાભાવ સહિત જે શ્રદ્ધા થાય છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. [તે પર્યાયનો ધારક સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણ છે, સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેના પર્યાયો છે.]

**પ્ર. ૧૪૭ સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધા કેવી થાય છે ?**

ઉ. ૧૪૭ હું આત્મા છું, મારે રાગાદિક ન કરવા.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃ. ૩૧૪.)

**પ્ર. ૧૪૮ તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવ વિષયાદિકમાં કેમ પ્રવર્તે છે ?**

ઉ. ૧૪૮ સમ્યગ્દર્શન થયા પછી પણ ચારિત્રગુણનો પર્યાય નબળો હોવાથી જેટલા અંશે ચારિત્રમોહના ઉદયમાં જોડાય છે તેટલા અંશે તેને રાગદિ થાય છે, પણ તે પરવસ્તુથી રાગાદિનું થવું માનતો નથી. સમ્યગ્દૃષ્ટિ જીવને દેહાદિ પર પદાર્થ, દ્રવ્યકર્મ તથા શુભાશુભ રાગમાં એકત્વબુદ્ધિ હોતી નથી.

**પ્ર. ૧૪૯ સમ્યગ્દર્શન થયા પછી દેશચારિત્ર અથવા સકળચારિત્રનો પુરુષાર્થ ક્યારે પ્રગટે છે ?**

ઉ. ૧૪૯ ધર્મી જીવ પોતાના પુરુષાર્થથી ધર્મકાર્યોમાં તથા વૈરાગ્ય આદિની ભાવનામાં (એકાગ્રતામાં) જેમ જેમ વિશેષ ઉપયોગને લગાવે છે તેમ તેમ તેના બળથી ચારિત્રમોહ મંદ થતો જાય છે. એ પ્રમાણે યથાર્થ પુરુષાર્થ વધતાં દેશચારિત્ર પ્રગટે છે અને વિશેષ શુદ્ધિ થતાં સકળ ચારિત્રનો પુરુષાર્થ પ્રગટ થાય છે.

**પ્ર. ૧૫૦ સમ્યક્ચારિત્ર પ્રગટ કર્યા પછી ધર્મી જીવ શું કરે છે ?**

ઉ. ૧૫૦

૧. એકાકાર નિજ જ્ઞાયકસ્વભાવમાં વિશેષ-વિશેષ રમણતા કરતાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ રીતે ધર્મપરિણતિની વૃત્તિ અનુસાર શુદ્ધતા વધતી જાય છે અને શુદ્ધતાના પ્રમાણમાં ઘાતિ કર્મોનાં સ્થિતિ-અનુભાગ

સ્વયં ઘટે છે અને ક્રમે-ક્રમે આગળ વધતાં પૂર્ણ વીતરાગતા પ્રગટે છે અને ત્યારે દ્રવ્યમોહકર્મનો પણ સ્વયં નાશ થાય છે.

૨. ત્યારપછી પરિણામ વિશેષ શુદ્ધ થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે, ત્યાં ત્રણ ઘાતિકર્મોનો સ્વયં નાશ થાય છે. પછી બાકીના ગુણોના પર્યાયોની પૂર્ણ શુદ્ધતા થતાં અઘાતિ કર્મોનો પણ સ્વયં નાશ થાય છે અને જીવ સિદ્ધપદને પામે છે.

**પ્ર. ૧૫૧ નિશ્ચય અને વ્યવહાર-બે પ્રકારનાં સમ્યગ્દર્શન છે ?**

ઉ. ૧૫૧ ના; સમ્યગ્દર્શન એક જ પ્રકારનું છે, બે પ્રકારનું નથી; પણ તેનું કથન બે પ્રકારે છે. જ્યાં સાચા સમ્યગ્દર્શનનું નિરૂપણ કર્યું છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે તથા જે સમ્યગ્દર્શન તો નથી પણ સમ્યગ્દર્શનનું નિમિત્ત છે અથવા સહચારી છે તેને ઉપચારથી સમ્યગ્દર્શન કહેવાય છે પણ વ્યવહાર સમ્યગ્દર્શનને સાચું સમ્યગ્દર્શન માને તો તે શ્રદ્ધા ખોટી છે; કારણ કે નિશ્ચય અને વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય અને ઉપચારનિરૂપણ તે વ્યવહાર છે.

નિરૂપણની અપેક્ષાએ સમ્યગ્દર્શનના બે પ્રકાર કહ્યા છે, પણ એક નિશ્ચયસમ્યગ્દર્શન છે તથા એક વ્યવહારસમ્યગ્દર્શન છે-એમ બે સમ્યગ્દર્શન માનવાં તે મિથ્યા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૧૫૨ નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન-એમ સમ્યગ્જ્ઞાન બે પ્રકારનું છે ?**

ઉ. ૧૫૨ ના; સમ્યગ્જ્ઞાન કાંઈ બે પ્રકારનાં નથી પણ તેનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા સમ્યગ્જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહ્યું છે તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે; પણ જે સમ્યગ્જ્ઞાન તો નથી પણ સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત છે અથવા સહચારી છે તેને ઉપચારથી સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે; માટે નિશ્ચય વડે જે નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહારનય વડે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની શ્રદ્ધાન છોડવું.

**પ્ર. ૧૫૩ નિશ્ચયચારિત્ર અને વ્યવહારચારિત્ર બે પ્રકારનું છે ?**

ઉ. ૧૫૩ ના; ચારિત્ર તો કાંઈ બે નથી. પણ તેનું નિરૂપણ બે પ્રકારે છે. જ્યાં સાચા ચારિત્રને ચારિત્ર નિરૂપણ કર્યું છે તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે, તથા જે સમ્યક્ચારિત્ર તો નથી પણ સમ્યક્ચારિત્રનું નિમિત્ત છે અથવા સહચારી છે તેને ઉપચારથી ચારિત્ર કહીએ છીએ-તે વ્યવહાર સમ્યક્ચારિત્ર છે. નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને સત્યાર્થ માની, તેનું શ્રદ્ધાન કરવું અને વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની, તેનું શ્રદ્ધાન છોડવું.

**પ્ર. ૧૫૪ જો એમ છે તો જિનમાર્ગમાં બંને નયોનું ગ્રહણ કરવાનું કહ્યું છે તેનું શું કારણ ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૧૫૪

૧. જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો "સત્યાર્થ-એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે. તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું અને એ પ્રમાણે જાણવાનું નામ જ બંને નયોનું ગ્રહણ છે; પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

(મોક્ષમાર્ગ પ્રકાશક-પૃ. ૨૫૬)

૨. શ્રી સમયસાર ગા. ૨૭૬-૨૭૭ ની ટીકામાં કહ્યું છે કે-"આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે, કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે; જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે. અને છ જીવ-નિકાય ચારિત્ર છે કારણ કે તે (છ જીવ નિકાય), ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે વ્યવહાર છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે; શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે અને શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે. તેમાં વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાન્તિક છે–વ્યભિચારયુક્ત છે; (શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયરૂપ માનવામાં વ્યભિચાર આવે છે, કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાનાદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે:) અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધ્યક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાનાદિનું આશ્રયપણું ઐકાન્તિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી કેમકે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન–દર્શન–ચારિત્ર હોય છે જ.)"

**પ્ર. ૧૫૫ મોક્ષમાર્ગ એક જ છે કે વધારે છે ?**

ઉ. ૧૫૫ મોક્ષમાર્ગ એક જ છે અને તે નિશ્ચયસમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા જ છે.

૨. શ્રી પ્રવચનસાર ગાથા ૧૯૯ ની ટીકામાં કહ્યું છે કે:– "બધાય સામાન્ય ચરમશરીરીઓ, તીર્થંકરો અને અચરમશરીરી મુમુક્ષુઓ આ જ યથોક્ત શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિ લક્ષણ વિધિ વડે પ્રવર્તતા મોક્ષના માર્ગને પ્રાપ્ત કરીને સિદ્ધો થયા પરંતુ એમ નથી કે બીજી રીતે પણ થયા હોય; તેથી નક્કી થાય છે કે કેવળ આ એક જ મોક્ષનો માર્ગ છે, બીજો નથી."

૩. શ્રી પ્રવચનસાર ગાથા ૮૨ તથા તેની ટીકામાં કહ્યું છે કે:– "બધાય અરહંત ભગવંતો તે જ વિધિથી કર્માંશોનો ક્ષય કરીને તથા અન્યને પણ એ જ પ્રકારે ઉપદેશ કરીને મોક્ષ પામ્યા છે."

ટીકાઃ- અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકર ભગવંતો, પ્રકારાંતરનો અસંભવ હોવાને લીધે જેમાં દ્વૈત સંભવતું નથી એવા આ જ એક પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને, તથા પરમ આપ્તપણાને લીધે ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (કર્મક્ષયનો) ઉપદેશ કરીને, નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે; માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે.''

૪. નિયમસાર ગાથા ૯૦, કળશ ૧૨૧ માં કહ્યું છે કેઃ- ''મોક્ષનું કાંઈક કથનમાત્ર (કહેવામાત્ર) કારણ છે તેને (વ્યવહાર રત્નત્રયને) પણ ભવસાગરમાં ડૂબેલા જીવે પૂર્વે ભવ-ભવમાં (ઘણા ભવમાં) સાંભળ્યું છે અને આચર્યું (અમલમાં મૂક્યું) છે; પરંતુ અરેરે !! ખેદ છે કે જે સર્વદા એક જ્ઞાન છે તેને (અર્થાત્ જે સદા એક જ્ઞાનસ્વરૂપ જ છે એવા પરમાત્મતત્ત્વને) જીવે સાંભળ્યું-આચર્યું નથી.''

૫. શ્રી નિયમસાર ગાથા ૧૧૯, કળશ ૧૫૫ માં કહ્યું છે કેઃ- જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે, અને જે પુરાણ (સનાતન) છે એવો આત્મા પરમસંયમીઓના ચિત્તકમળમાં સ્પષ્ટ છે, તે આત્મા સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત (વચન અને મનના માર્ગથી અગોચર) છે. આ નિકટ પરમપુરુષોમાં વિધિ શો ? અને નિષેધ શો ?

–આમ આ પદ્ય વડે પરમ જિન યોગીશ્વરે ખરેખર વ્યવહાર આલોચનાના પ્રપંચનો ઉપહાસ (મશ્કરી, હાંસી, તિરસ્કાર) કર્યો છે.'

एवमनेन पद्येन व्यवहारालोचनाप्रपंचमुपहसति किल परमजिनयोगीश्वरः । (શ્રી નિયમસાર પૃ. ૨૧૫)

૬. શ્રી નિયમસાર ગાથા ૩ માં કહ્યું છે કેઃ–

"નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવા યોગ્ય હોય અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્રથી વિપરીતતા પરિહાર અર્થે (–જ્ઞાન, દર્શન, ચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે), ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે.'

શ્રી સમયસાર ગાથા ૧૫૬ ની ટીકામાં પણ કહ્યું છે કેઃ– "પરમાર્થ મોક્ષહેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મસ્વરૂપ મોક્ષહેતુ કેટલાક લોકો માને છે, તે આખોય નિષેધવામાં આવ્યો છે; કારણ કે તે (મોક્ષહેતુ) અન્ય દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ પુદ્‌ગલસ્વભાવી) હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થતું નથી,–માત્ર પરમાર્થ મોક્ષહેતુ જ એક દ્રવ્યના સ્વભાવવાળો (અર્થાત્ જીવસ્વભાવી હોવાથી તેના સ્વભાવ વડે જ્ઞાનનું ભવન થાય છે."

૮. "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એવું (શાસ્ત્રનું) વચન હોવાથી માર્ગ તો શુદ્ધ રત્નત્રય છે.

(શ્રી નિયમસાર ગાથા ૨ ની ટીકા)

૯. નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન- અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે. (શ્રી નિયમસાર ગાથા ૨ ની ટીકા)

**પ્ર. ૧૫૬ સમ્યગ્દર્શનમાં 'સમ્યક્' શબ્દ શું સૂચવે છે?**

ઉ. ૧૫૬ વિપરીત અભિનિવેશ (અભિપ્રાય) ના નિરાકરણ અર્થે સમ્યક્ પદ વાપર્યું છે, કારણ કે 'સમ્યક્' એવો શબ્દ પ્રશંસાવાચક છે તેથી શ્રદ્ધાનમાં વિપરીત અભિનિવેશનો અભાવ થતાં જ પ્રશંસા સંભવે છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૭)

**પ્ર. ૧૫૭ ચારિત્રમાં 'સમ્યક્', શબ્દ શા માટે છે ?**

ઉ. ૧૫૮૭ અજ્ઞાનપૂર્વકના આચરણની નિવૃત્તિ માટે છે; કેમકે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક આત્મામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે.

**પ્ર. ૧૫૮ તત્ત્વાર્થ શ્રદ્ધાન કોને કહેવામાં આવે છે ?**

ઉ. ૧૫૮ જીવ-અજીવ આદિ સાત તત્ત્વાર્થ છે એનું જે શ્રદ્ધાન અર્થાત્ 'આમ જ છે, અન્યથા નથી' એવો પ્રતીતિભાવ તે તત્ત્વાર્થશ્રદ્ધાન છે તથા વિપરીત અભિનિવેશ અર્થાત્ અન્યથા અભિપ્રાય રહિત શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૭)

**પ્ર. ૧૫૯ વિપરીત અભિપ્રાય રહિત શ્રદ્ધાન કરવું-એમ કહેવાનું શું કારણ છે ?**

ઉ. ૧૫૯ તત્ત્વાર્થશ્રદ્ધાન કરાવવાનો આશય માત્ર નિશ્ચય

કરવો એટલું જ નથી પણ ત્યાં એવો અભિપ્રાય છે કે જીવ-અજીવને ઓળખી પોતાને તથા પરને જેમ છે તેમ માનવા. આસ્રવને ઓળખી તેને હેય માનવો, બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો, સંવરને ઓળખી તેને ઉપાદેયરૂપ માનવો, નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું, મોક્ષને ઓળખી તેને પોતાનું પરમ હિત માનવું-એ પ્રમાણે તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભિપ્રાય છે. તેનાથી ઊંધા અભિપ્રાયનું નામ વિપરીત અભિનિવેશ છે, સત્ય તત્ત્વાર્થશ્રદ્ધાન થતાં તેનો અભાવ થાય છે.

**પ્ર. ૧૬૦ આવી વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધા કયા કાળે કરવા યોગ્ય છે ?**

ઉ. ૧૬૦ વિપરીત અભિનિવેશ રહિત જીવ-અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન સદાકાળ કરવા યોગ્ય છે. એ શ્રદ્ધાન આત્માનું જ સ્વરૂપ છે. ચોથા ગુણસ્થાનથી જ તે પ્રગટ થાય છે અને તે નિરંતર ચાલુ રહી સિદ્ધ અવસ્થામાં પણ સદાકાળ તેનો સદ્ભાવ રહે છે. માટે નિશ્ચયસમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી પ્રગટ થાય છે અને તેનાં ઉપરનાં બધાં ગુણસ્થાનમાં તથા સિદ્ધ ભગવંતોમાં સદાય રહે છે-એમ સમજવું.

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૨૦)

**પ્ર. ૧૬૧ તત્ત્વાર્થસૂત્રમાં "તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્" કહ્યું છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે કે વ્યવહારસમ્યગ્દર્શન છે ?**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૧૬૧ તે નિશ્ચયસમ્યગ્દર્શન છે અને તે સિદ્ધ અવસ્થામાં પણ સદાય રહે છે, માટે તેને વ્યવહારસમ્યગ્દર્શન માની શકાય નહિ. (મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૨૦, ૩૨૩)

**પ્ર. ૧૬૨ તિર્યંચાદિ જે અલ્પજ્ઞાનવાળા છે. તેને અને કેવળી તથા સિદ્ધભગવાનને નિશ્ચયસમ્યગ્દર્શન સમાન જ હોય છે ?**

ઉ. ૧૬૨ હા.

૧. તિર્યંચ અને કેવળી ભગવાનમાં જ્ઞાનાદિકની હીનતા–અધિકતા હોવા છતાં તેમનામાં સમ્યગ્દર્શન તો સમાન કહ્યું છે. જેવું સાત તત્ત્વોનું શ્રદ્ધાન છદ્મસ્થને હોય છે, તેવું જ કેવળી તથા સિદ્ધભગવાનને પણ હોય છે. છદ્મસ્થને શ્રુતજ્ઞાન અનુસાર પ્રતીતિ હોય છે તેમ કેવળી અને સિદ્ધભગવાનને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે.

૨. મૂળભૂત જીવાદિના સ્વરૂપનું શ્રદ્ધાન જેવું છદ્મસ્થને હોય છે તેવું જ કેવળીને તથા સિદ્ધભગવાન હોય છે.

૩. કેવળી–સિદ્ધભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર–અવસ્થાને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનું જ બળ જાણવું. (ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ટ–૩૨૩)

**પ્ર. ૧૬૩ બાહ્યસામગ્રી અનુસાર સુખ–દુઃખ છે એ માન્યતા ખરી છે ?**

ઉ. ૧૬૩ ના; પરદ્રવ્યરૂપ બાહ્ય સામગ્રી અનુસાર સુખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખ નથી પણ કષાયથી ઈચ્છા ઉત્પન્ન થાય તથા ઈચ્છાનુસાર બાહ્ય સામગ્રી મળે અને કંઈક કષાય ઉપશમવાથી આકુળતા ઘટે ત્યારે સુખ માને છે, તથા ઈચ્છાનુસાર સામગ્રી ન મળતાં કષાય વધવાથી આકુળતા વધે ત્યારે દુઃખ માને છે; પણ અજ્ઞાની માને છે કે મને પરદ્રવ્યના નિમિત્તથી સુખ-દુઃખ થાય છે પણ એમ માનવું એ ભ્રમ જ છે.

(ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૦)

**પ્ર. ૧૬૪ જિનદેવના સર્વ ઉપદેશનું તાત્પર્ય શું છે ?**

ઉ. ૧૬૪ મોક્ષને હિતરૂપ જાણી, એક મોક્ષનો ઉપાય કરવો એ જ સર્વ ઉપદેશનું તાત્પર્ય છે

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૧)

**પ્ર. ૧૬૫ જ્ઞાની પુરુષોનો ઉપદેશ મળ્યો પણ જે જીવ તત્ત્વ નિર્ણય કરવાનો પુરુષાર્થ ન કરે અને વ્યવહાર ધર્મ કાર્યોમાં પ્રવર્તે છે તેનું શું ફળ આવે ?**

ઉ. ૧૬૫ તે જીવને મળેલો અવસર ચાલ્યો જાય અને સંસાર પરિભ્રમણ જ રહે. (ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૩૧૪)

**પ્ર. ૧૬૬ વ્યવહારસમ્યક્ત્વ તે કયા ગુણનો પર્યાય છે ?**

ઉ. ૧૬૬ સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્યો અને સાત તત્ત્વોની શ્રદ્ધાનો રાગ (વિકલ્પ) હોવાથી તે ચારિત્રગુણનો અશુદ્ધ પર્યાય છે; પણ તે શ્રદ્ધાગુણનો પર્યાય નથી; કેમકે તેના તો મિથ્યાદર્શન અને નિશ્ચયસમ્યગ્દર્શન-એ બેજ પર્યાયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હોય છે. વ્યવહારસમ્યક્ત્વ આ બેમાંથી એકે ય નથી. (ત્રીજા ગુણસ્થાને શ્રદ્ધાગુણનો મિશ્ર પર્યાય હોય છે તે વિષય આનાથી જુદો છે.

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૦૭, જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા)

**પ્ર. ૧૬૭ ચારિત્રનું લક્ષણ (સ્વરૂપ) શું છે ?**

ઉ. ૧૬૭

૧. મોહ અને ક્ષોભ રહિત આત્માનો પરિણામ.

૨. સ્વરૂપમાં ચરવું (રમવું) તે ચારિત્ર છે; અથવા

૩. પોતાના સ્વભાવમાં પ્રવર્તવું, શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે.

૪. તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે.

૫. તે જ યથાસ્તિ આત્મગુણ હોવાથી (વિષમતા વિનાનો-સુસ્થિત-આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે અને

૬. મોહ-ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. (શ્રી પ્રવચનસાર ગા. ૭ તથા ટીકા)

**પ્ર. ૧૬૮ આસ્ત્રવોના અભાવનો ક્રમ શું છે ?**

ઉ. ૧૬૮

૧. ચોથું ગુણસ્થાન (અવિરતિ સમ્યગ્દષ્ટિ) પ્રગટ થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના અભાવ થાય છે. અને સાથે તે સંબંધી અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો

પણ અભાવ થાય છે.

(શ્રી સમયસાર ગાથા ૭૩ થી ૭૬ નો ભાવાર્થ)

૨. પાંચમા ગુણસ્થાનમાં તે ઉપરાંત પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો અભાવ થતાં તે સંબંધી આંશિક અવિરતિ આદિનો અભાવ થાય છે.

૩. છઠ્ઠા ગુણસ્થાનમાં તે ઉપરાંત અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો અભાવ થતાં તે સંબંધી આંશિક પ્રમાદાદિનો અભાવ થાય છે.

૪. સાતમા ગુણસ્થાનમાં તે ઉપરાંત સંજ્વલન કષાયના તીવ્રપણાનો અભાવ થતાં તે સંબંધી પ્રમાદાદિનો અભાવ થાય છે.

૫. આઠમા ગુણસ્થાનથી સ્વભાવભાવનું સારી રીતે આલંબન લેવાથી શ્રેણિ ચઢીને તે જીવ ક્ષીણમોહ જિન-વીતરાગ-એવા ૧૨મા ગુણસ્થાનને પામે છે. ૧૨મા ગુણસ્થાને કષાયનો સર્વથા અભાવ થાય છે પણ યોગ રહે છે.

૬. તેરમા ગુણસ્થાનમાં યોગના નિમિત્તે એક સમયનો આસ્રવ છે અને ૧૪ મા ગુણસ્થાનમાં તે યોગનો પણ અભાવ થાય છે.

**પ્ર. ૧૬૯ કેવળજ્ઞાન સ્વને નિશ્ચયથી જાણે છે અને પરને વ્યવહારથી જાણે છે-તેનો શો અર્થ છે ?**

ઉ. ૧૬૯ ૧. જ્ઞાન પરની સાથે તન્મય થઈને જાણે તો નિશ્ચયથી જાણ્યું કહેવાય, પણ જ્ઞાન પરમાં તન્મય (એકમેક) થયા વિના પરને જાણે છે, તેથી તે પરને વ્યવહારથી જાણે છે એમ કહેવાય છે. પણ પરસંબંધીનું જ્ઞાન જીવને થતું નથી એવો તેનો અર્થ નથી.

૨. જ્ઞાન પોતામાં તન્મય થઈને પોતાને જાણે છે તે નિશ્ચય છે.

**પ્ર. ૧૭૦ હેય, જ્ઞેય અને ઉપાદેયનો શું અર્થ છે ?**

ઉ. ૧૭૦

૧. હેય=ત્યાગવા યોગ્ય. ૨. જ્ઞેય=જાણવા યોગ્ય.
૩. ઉપાદેય=આદરવા યોગ્ય. ગ્રહણ કરવા યોગ્ય.

**પ્ર. ૧૭૧ હેય શું છે ?**

ઉ. ૧૭૧ ૧. જીવદ્રવ્યની અશુદ્ધ અવસ્થા દુઃખરૂપ હોવાથી ત્યાગવા યોગ્ય-હેય છે; તથા પર નિમિત્ત, વિકાર અને વ્યવહારનો આશ્રય હેય છે.

(જુઓ, નિયમસાર ગાથા ૩૮ તથા ૫૦ અને તેની ટીકા)

૨. वही आत्मबोधको प्राप्त होता है जो व्यवहारमें अनादरवान है-अनासक्त है-और जो व्यवहारमें आदरवान् है-आसक्त है-वह आत्मबोधको प्राप्त नहीं होता । (समाधिशतक: श्लोक ७८ की उत्थानिका)

**પ્ર. ૧૭૨ જ્ઞેય શું છે ?**

પ્ર. ૧૭૨ સ્વ-પર અર્થાત્ તત્ત્વો સહિત જીવાદિ છએ

દ્રવ્યોનું સ્વરૂપ.

**પ્ર. ૧૭૩ ઉપાદેય શું છે ?**

ઉ. ૧૭૩

૧. એકાકાર ધ્રુવ જ્ઞાયકસ્વભાવરૂપ નિજ આત્મા જ ઉપાદેય છે. (નિયમસાર ગા. ૩૮ તથા ૫૦ અને તેની ટીકા.)

૨. નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માનવા તે પણ ભ્રમ છે. (ગુ. મોક્ષમાર્ગ પ્રકાશક-પૃ. ૨૫૪)

## જીવના અસાધારણ ભાવો

**પ્ર. ૧૭૪ જીવના અસાધારણ ભાવો કેટલા છે ?**

ઉ. ૧૭૪ પાંચ છે.

૧. ઔપશમિક, ૨. ક્ષાયિક, ૩. ક્ષાયોપશમિક, ૪. ઔદયિક અને ૫. પારિણામિક-આ પાંચ ભાવો જીવોના નિજભાવ છે. જીવ સિવાય બીજા કોઈમાં હોતા નથી.

**પ્ર. ૧૭૫ ઔપશમિકભાવ કોને કહે છે ?**

ઉ. ૧૭૫ કર્મોના ઉપશમ સાથેના સંબંધવાળો આત્માનો જે ભાવ થાય છે તેને ઔપશમિકભાવ કહે છે.

"આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડકર્મનું પ્રગટરૂપ ફલ જડકર્મમાં ન આવવું તે કર્મનો ઉપશમ છે." (ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૨, સૂ. ૧ ની ટીકા)

**પ્ર. ૧૭૬ ક્ષાયિકભાવ કોને કહે છે ?**

ઉ. ૧૭૬ કર્મોનો સર્વથા નાશ સાથેના સંબંધવાળો આત્માનો જે અત્યંત શુદ્ધ ભાવ પ્રગટ થાય તેને ક્ષાયિકભાવ કહે છે.

આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મ-આવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે......"

(ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૨, સૂ. ૧ ની ટીકા)

**પ્ર. ૧૭૭ ક્ષાયોપશમિકભાવ કોને કહે છે ?**

ઉ. ૧૭૭ કર્મોના ક્ષયોપશમ સાથેના સંબંધવાળો જે ભાવ થાય છે તેને ક્ષાયોપશમિકભાવ કહે છે.

'આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશે ક્ષય અને સ્વયં અંશે ઉપશમ તે કર્મનો ક્ષયોપશમ છે....." (ગુ. મોક્ષશાસ્ત્ર અ. ૨, સૂ. ૧ ની ટીકા)

"વર્તમાન નિષેકમાં સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય તથા દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય અને આગામી કાળમાં ઉદય આવવાવાળા નિષેકોને સદવસ્થારૂપ -એવી કર્મની અવસ્થાને ક્ષયોપશમ કહે છે."

(જૈન સિ. પ્રવેશિકા)

૧. એક સમયમાં કર્મના જેટલા પરમાણુઓ ઉદયમાં આવે તે સર્વના સમૂહને નિષેક કહે છે.

૨. જીવના સમ્યક્ત્વ જ્ઞાનાદિ અનુજીવી ગુણોને જે પૂરી રીતે ઘાત થવામાં નિમિત્ત છે તેને સર્વઘાતી કહે છે.

૩. વર્ગણાઓના સમૂહને સ્પર્દ્ધક કહે છે.

૪. ફલ આપ્યા સિવાય ઉદયમાં આવેલા કર્મોનું ખરી જવું તેને ઉદયાભાવી ક્ષય કહે છે.

૫. જે જીવના જ્ઞાનાદિ ગુણોને એકદેશ ઘાત થવામાં નિમિત્ત છે તેને દેશઘાતી કહે છે.

**પ્ર. ૧૭૮ ઔદયિકભાવ કોને કહે છે ?**

ઉ. ૧૭૮ કર્મોના ઉદય સાથે સંબંધ રાખતો આત્માનો જે વિકારી ભાવ થાય છે તેને ઔદયિકભાવ છે.

**પ્ર. ૧૭૯ પારિણામિકભાવ કોને કહે છે ?**

ઉ. ૧૭૯ કર્મોનો ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અથવા ઉદયની અપેક્ષા રાખ્યા વિના જીવનો જે સ્વભાવ માત્ર હોય તેને પારિણામિકભાવ કહે છે.

“જેનો નિરંતર સદ્ભાવ રહે તેને પારિણામિક-ભાવ કહે છે. સર્વ ભેદ જેમાં ગર્ભિત છે એવો ચૈતન્યભાવ તે જ જીવનો પારિણામિકભાવ છે. મતિજ્ઞાનાદિ તથા કેવલજ્ઞાનાદિ જે અવસ્થાઓ છે તે પારિણામિકભાવ નથી.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મનઃપર્યયજ્ઞાન-એ અવસ્થાઓ ક્ષાયોપશમિકભાવ છે; કેવળજ્ઞાન અવસ્થા ક્ષાયિકભાવ છે.

કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાં જ્ઞાનના ઉઘાડનો

જેટલો અભાવ છે તે ઔદયિકભાવ છે.

જ્ઞાન, દર્શન અને વીર્યગુણની અવસ્થામાં ઔપશમિક ભાવ હોતો જ નથી. મોહનો જ ઉપશમ થાય છે; તેમાં પ્રથમ મિથ્યાત્વનો (દર્શનમોહનો) ઉપશમ થતાં જે સમ્યક્ત્વ પ્રગટે છે તે શ્રદ્ધાગુણનો ઔપશમિકભાવ છે."

(ગુ. મોક્ષશાસ્ત્ર-અ. ૨, સૂ. ૧ ની ટીકા)

**પ્ર. ૧૮૦ જીવના અસાધારણ પાંચ ભાવો શું બતાવે છે?**

ઉ. ૧૮૦

૧. જીવનો અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે એમ પારિણામિકભાવ સાબિત કરે છે.

૨. જીવનો અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યસ્વભાવ હોવા છતાં તેની અવસ્થામાં વિકાર છે-એમ ઔદયિકભાવ સાબિત કરે છે.

૩. જડ કર્મની સાથે જીવને અનાદિનો સંબંધ છે અને જીવ તેને વશ થાય છે તેથી વિકાર થાય છે, પણ કર્મના કારણે વિકારભાવ થતો નથી-એમ પણ ઔદયિકભાવ સાબિત કરે છે.

૪. જીવ અનાદિથી વિકાર કરતો હોવા છતાં તે જડ થઈ જતો નથી અને તેના જ્ઞાન, દર્શન અને વીર્યનો અંશે ઉઘાડ તો સદા રહે છે એમ ક્ષાયોપશમિકભાવ સાબિત કરે છે.

૫. સાચી સમજણ પછી જીવ જેમ-જેમ સત્ય પુરુષાર્થ વધારે છે તેમ તેમ મોહ અંશે ટળતો જાય છે-એમ પણ ક્ષાયોપશમિકભાવ સાબિત કરે છે.

૬. આત્માનું સ્વરૂપ યથાર્થપણે સમજીને જ્યારે પોતાના પારિણામિકભાવનો જીવ આશ્રય કરે છે ત્યારે ઔદયિકભાવ ટળવાની શરૂઆત થાય છે, અને પ્રથમ શ્રદ્ધા ગુણનો ઔદયિકભાવ ટળે છે એમ ઔપશમિકભાવ સાબિત કરે છે.

૭. જીવ જો અપ્રતિહતભાવે પુરુષાર્થમાં આગળ વધે તો ચારિત્રમોહ સ્વયં દબાઈ જાય છે (ઉપશમ પામે છે) એમ પણ ઔપશમિકભાવ સાબિત કરે છે.

૮. અપ્રતિહત પુરુષાર્થવડે પારિણામિકભાવનો આશ્રય વધતાં વિકારનો નાશ થઈ શકે છે એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

૯. જોકે કર્મ સાથેનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે તો પણ સમયે સમયે જૂનાં કર્મ જાય છે અને નવાં કર્મનો સંબંધ થતો રહે છે તે અપેક્ષાએ તેમાં શરૂઆતપણું રહેતું હોવાથી (સાદિ હોવાથી) તે કર્મ સાથેનો સંબંધ સર્વથા ટળી જાય છે-એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

૧૦. કોઈ નિમિત્ત વિકાર કરાવતું નથી પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે. જીવ જ્યારે પારિણામિકભાવરૂપ પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરી

સ્વાધીનપણું પ્રગટ કરે છે ત્યારે નિમિત્તાધીનપણું ટળી શુદ્ધતા પ્રગટે છે-એમ ઔપશમિકભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ એ ત્રણે સાબિત કરે છે."

(ગુ. મોક્ષશાસ્ત્ર, અ. ૨, સૂ. ૧ ની ટીકા)

**પ્ર. ૧૮૧ ઔપશમિકભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૮૧ તેના બે ભેદ છેઃ- ૧. સમ્યક્ત્વભાવ અને ૨. ચારિત્રભાવ.

**પ્ર. ૧૮૨ ક્ષાયિકભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૨ તેના નવ ભેદ છેઃ- ૧. ક્ષાયિકસમ્યક્ત્વ ૨. ક્ષાયિકચારિત્ર, ૩. ક્ષાયિકદર્શન, ૪. ક્ષાયિકજ્ઞાન, ૫. ક્ષાયિકદાન, ૬. ક્ષાયિકલાભ, ૭. ક્ષાયિકભોગ, ૮. ક્ષાયિકઉપભોગ, ૯. ક્ષાયિકવીર્ય.

**પ્ર. ૧૮૩ ક્ષાયોપશમિકભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૮૩ તેના ૧૮ ભેદ છેઃ- ૧. સમ્યક્ત્વ, ૨. ચારિત્ર, ૩. ચક્ષુદર્શન, ૪. અચક્ષુદર્શન, ૫. અવધિદર્શન, ૬. દેશસંયમ, ૭. મતિજ્ઞાન, ૮. શ્રુતજ્ઞાન, ૯. અવધિજ્ઞાન, ૧૦. મનઃપર્યયજ્ઞાન, ૧૧. કુમતિજ્ઞાન, ૧૨. કુશ્રુતજ્ઞાન, ૧૩. કુઅવધિજ્ઞાન, ૧૪. દાન, ૧૫. લાભ, ૧૬. ભોગ, ૧૭. ઉપભોગ અને ૧૮. વીર્ય.

**પ્ર. ૧૮૪ ઔદયિકભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૮૪ તેના ૨૧ ભેદ છેઃ- ગતિ ૪, કષાય ૪, લિંગ

૩, મિથ્યા દર્શન ૧, અજ્ઞાન ૧, અસંયમ ૧, અસિદ્ધત્વ ૧, લેશ્યા ૬ (પીત, પદ્મ, શુક્લ, કૃષ્ણ, નીલ અને કાપોત.)

**પ્ર. ૧૮૫ લેશ્યા કોને કહે છે ?**

ઉ. ૧૮૫ કષાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિને ભાવલેશ્યા કહે છે, અને શરીરના પીત, પદ્માદિ વર્ણોને દ્રવ્યલેશ્યા કહે છે.

**પ્ર. ૧૮૬ પારિણામિકભાવના કેટલા ભેદ છે ?**

ઉ. ૧૮૬ તેના ત્રણ ભેદ છેઃ- ૧. જીવત્વ, ૨. ભવ્યત્વ અને ૩. અભવ્યત્વ.

**પ્ર. ૧૮૭ ઉપરોક્ત પાંચ ભાવોમાંથી ક્યા ભાવ તરફના વલણવડે ધર્મની શરૂઆત અને પૂર્ણતા થાય ?**

ઉ. ૧૮૭ "પારિણામિકભાવ સિવાયના ચારે ભાવો ક્ષણિક છે, એક સમય પૂરતા છે; વળી તેમાં પણ ક્ષાયિકભાવ તો વર્તમાનમાં છે નહિ; ઉપશમભાવ પણ હોય તો તે થોડો વખત ટકે છે અને ઉદય ક્ષયોપશમ ભાવો પણ સમયે-સમયે પલટે છે, માટે તે ભાવો ઉપર લક્ષ કરે તો ત્યાં એકાગ્રતા થઈ શકે નહિ અને ધર્મ પ્રગટે નહિ. ત્રિકાલ સ્વભાવી પારિણામિકભાવનું માહાત્મ્ય જાણીને તે તરફ જીવ પોતાનું વલણ કરે તો ધર્મની શરૂઆત થાય છે. અને તે ભાવની એકાગ્રતાના જોરે જ ધર્મની પૂર્ણતા થાય છે."

(ગુ. મોક્ષશાસ્ત્ર, અ ૨, સૂ. ૧ ની ટીકા)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૧૮૮ સર્વ ઔદયિકભાવો બંધનું કારણ છે ?**

ઉ. ૧૮૮

૧. "સર્વે ઔદયિકભાવો બંધનું કારણ છે એમ ન સમજવું; પણ માત્ર મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ–એ ચાર ભાવો બંધનું કારણ છે."

(જુઓ, શ્રી ધવલા, પુ. ૭, પાનું ૯)

૨. "...જો જીવ મોહના ઉદયમાં જોડાય તો બંધ થાય, દ્રવ્યમોહનો ઉદય હોવા છતાં જો જીવ શુદ્ધાત્મભાવનાના બળવડે ભાવમોહરૂપે ન પરિણમે તો બંધ થતો નથી. જો જીવને કર્મના ઉદયના કારણે બંધ થતો હોય તો સંસારીને સર્વદા કર્મનો ઉદય વિદ્યમાન છે, તેથી તેને સર્વદા બંધ થાય, કદી મોક્ષ થાય જ નહિ." માટે એમ સમજવું કે કર્મનો ઉદય બંધનું કારણ નથી, પણ જીવનું ભાવમોહરૂપે પરિણમન તે બંધનું કારણ છે.

(હિંદી પ્રવચનસાર પા. ૫૮–૫૯ શ્રી જયસેનાચાર્યકૃત ટીકા)

**પ્ર. ૧૮૯ ઔદયિકભાવમાં જે અજ્ઞાનભાવ છે અને ક્ષાયોપશમિકભાવમાં જે અજ્ઞાનભાવ છે તેમાં શો ફેર છે?**

ઉ. ૧૮૯ "ઔદયિકભાવમાં જે અજ્ઞાનભાવ છે તે અભાવરૂપ હોય છે અને ક્ષાયોપશમિક અજ્ઞાનભાવ મિથ્યાદર્શનનાં કારણે દૂષિત હોય છે.

(હિંદી મોક્ષશાસ્ત્ર, પં. ફૂલચંદજી સંપાદિત, પા. ૩૧ ફૂટનોટ) [આ પાંચ ભાવો સંબંધી વધુ વિગત માટે વાંચો–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્ર. ૧૯૦ જીવના ઔપશમિક, ક્ષાયિક, ઔદયિક, ક્ષાયોપશમિક ભાવોને પારિણામિકભાવ કઈ અપેક્ષાએ કહેવામાં આવે છે ?**

ઉ. ૧૯૦

૧. જીવના પર્યાયના દરેક ભાવને, તે પોતાના પરિણામ હોવાથી પોતાની અપેક્ષાએ પારિણામિકભાવ કહેવામાં આવે છે.

(જયધવલા પુ. ૧, પાનું ૩૧૯-ધવલા પુ. ૫ પાનું ૧૯૬)

૨. આ ચાર ભાવોને કર્મની અપેક્ષાએ (કર્મની સાથે અભાવ અથવા સદ્‌ભાવ સંબંધ બતાવવા માટે) ઔપશમિક વગેરે કહેવામાં આવે છે.

૩. પાંચમા પારિણામિકભાવને પરમપારિણામિકભાવ કહેવામાં આવે છે. અને તેને આશ્રયે જ ધર્મની શરૂઆત વૃદ્ધિ પૂર્ણતા થાય છે.

(નિયમસાર ગા. ૧૩, ૧૫, ૪૧, ૧૧૦, ૧૧૯, ૧૭૮ ની ટીકા તથા ગાથા ૧૭૮ નો કળશ નં. ૨૯૭)

[આ સંબંધમાં પ્રકરણ ૪ માં પ્ર. ૩૪૧ છે તે પણ જુઓ]

**પ્ર. ૧૯૧ જીવનું ક્ષાયિકજ્ઞાન જે સર્વજ્ઞતા છે તેનો મહિમા કહો.**

ઉ. ૧૯૧ ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. તેમના મહિમા માટે જુઓ પરિશિષ્ટ ૧ પૃષ્ઠ ૩૮૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## ગુણસ્થાનક્રમ

**પ્ર. ૧૯૨ સંસારમાં સમસ્ત પ્રાણી સુખને ચાહે છે અને સુખનો જ ઉપાય કરે છે, પરંતુ સુખ કેમ પ્રાપ્ત કરતા નથી ?**

ઉ. ૧૯૨ સંસારી જીવ અસલી (ખરા) સુખનું સ્વરૂપ અને તેનો ઉપાય જાણતા નથી, અને તેનું સાધન પણ કરતા નથી, તેથી તેઓ ખરા સુખને પ્રાપ્ત કરી શકતા નથી.

**પ્ર. ૧૯૩ અસલી સુખનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૧૯૩ આહ્લાદસ્વરૂપ જીવના અનુજીવી સુખગુણની શુદ્ધ દશાને અસલી સુખ કહે છે. એ જ જીવનો ખાસ સ્વભાવ છે; પરંતુ સંસારી જીવોએ ભ્રમવશ શાતાવેદનીય કર્મના નિમિત્તે થતા વૈભાવિક પરિણતિરૂપ શાતાપરિણામને જ સુખ માની રાખ્યું છે.

**પ્ર. ૧૯૪ સંસારી જીવને અસલી સુખ કેમ મળતું નથી?**

ઉ. ૧૯૪ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના કારણથી સંસારી જીવને અસલી સુખ મળતું નથી.

**પ્ર. ૧૯૫ સંસારી જીવને અસલી સુખ કયારે મળે છે?**

ઉ. ૧૯૫ સંસારી જીવને પરિપૂર્ણ સુખ મોક્ષ થવાથી મળે છે. તેને ખરા સુખની આંશિક શરૂઆત નિશ્ચય-સમ્યગ્દર્શનથી (ચોથા ગુણસ્થાને) શરૂ થાય છે.

**પ્ર. ૧૯૬ મોક્ષનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૧૯૬ આત્માથી સમસ્ત ભાવકર્મ તથા દ્રવ્યકર્મોના વિપ્રમોક્ષને (અત્યંત વિયોગને) મોક્ષ કહે છે.

**પ્ર. ૧૯૭ તે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય કયો છે ?**

ઉ. ૧૯૭ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય સંવર અને નિર્જરા છે.

**પ્ર. ૧૯૮ સંવર કોને કહે છે ?**

ઉ. ૧૯૮ આસ્રવના નિરોધને સંવર કહે છે, અર્થાત્ નવો વિકાર અટકવો તથા અનાગત (નવીન) કર્મોનો આત્માની સાથે સંબંધ ન થવાને સંવર કહે છે.

**પ્ર. ૧૯૯ નિર્જરા કોને કહે છે ?**

ઉ. ૧૯૯ આત્માના એકદેશ વિકારનું ઘટવું તથા પૂર્વે બાંધેલાં કર્મોથી અંશતઃ સંબંધ છૂટવાને નિર્જરા કહે છે.

**પ્ર. ૨૦૦ સંવર અને નિર્જરા થવાનો ઉપાય શો છે ?**

ઉ. ૨૦૦ નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણની ઐકયતા સંવર અને નિર્જરા થવાનો ઉગ્ર ઉપાય છે. ચોથા ગુણસ્થાને નિશ્ચય સમ્યગ્દર્શન થતાં સંવર-નિર્જરા શરૂ થાય છે.

**પ્ર. ૨૦૧ એ ત્રણેની પૂર્ણ ઐકયતા એક સાથે થાય છે કે અનુક્રમથી થાય છે ?**

ઉ. ૨૦૧ અનુક્રમથી થાય છે.

**પ્ર. ૨૦૨ એ ત્રણેની પૂર્ણ ઐકયતા થવાનો ક્રમ કેવી રીતે છે ?**

ઉ. ૨૦૨ જેમ જેમ જીવ ગુણસ્થાનમાં આગળ વધે છે તેમ તેમ એ ગુણોના પર્યાયોની શુદ્ધતા પણ વધતાં વધતાં અંતમાં પૂર્ણ થાય છે.

**પ્ર. ૨૦૩ ગુણસ્થાન કોને કહે છે ?**

ઉ. ૨૦૩ મોહ અને યોગના નિમિત્તથી થવાવાળી આત્માના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ગુણોની અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. (ગો. જીવકાંડ ગાથા ૨ ની ટીકા)

**પ્ર. ૨૦૪ ગુણસ્થાનના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૦૪ ચૌદ ભેદ છેઃ- ૧. મિથ્યાત્વ, ૨. સાસાદન, ૩. મિશ્ર, ૪. અવિરત સમ્યગ્દ્રષ્ટિ, ૫. દેશવિરત, ૬. પ્રમત્તવિરત, ૭. અપ્રમત્તવિરત, ૮. અપૂર્વકરણ, ૯. અનિવૃત્તિકરણ, ૧૦. સૂક્ષ્મસામ્પરાય, ૧૧. ઉપશાન્તમોહ, ૧૨. ક્ષીણમોહ, ૧૩. સયોગીકેવલી, અને ૧૪. અયોગીકેવલી.

**પ્ર. ૨૦૫ ગુણસ્થાનોનું આ નામ હોવાનું કારણ શું છે?**

ઉ. ૨૦૫ ગુણસ્થાનોનાં આ નામ હોવાનું કારણ મોહનીયકર્મ અને યોગ છે.

**પ્ર. ૨૦૬ કયા કયા ગુણસ્થાનોનું કયું કયું નિમિત્ત છે ?**

ઉ. ૨૦૬ આદિનાં ચાર ગુણસ્થાન માટે દર્શનમોહનીયકર્મનું નિમિત્ત છે. પાંચમા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન પર્યંત આઠ ગુણસ્થાન માટે ચારિત્રમોહનીયકર્મનું નિમિત્ત

છે; અને તેરમા અને ચૌદમા ગુણસ્થાન માટે યોગનું નિમિત્ત છે.

પહેલું મિથ્યાત્વ ગુણસ્થાન દર્શનમોહનીયકર્મના ઉદય નિમિત્તે થાય છે. તેમાં આત્માના પરિણામ મિથ્યાત્વરૂપ થાય છે.

ચોથા ગુણસ્થાન માટે દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમનું નિમિત્ત છે. આ ગુણસ્થાનમાં આત્માના નિશ્ચયસમ્યગ્દર્શનપર્યાયનો પ્રાદુર્ભાવ થઈ જાય છે.

ત્રીજા ગુણસ્થાન સમ્યગ્‌મિથ્યાત્વ (મિશ્ર) માટે દર્શનમોહનીયકર્મનો ઉદય નિમિત્ત છે. આ ગુણસ્થાનમાં આત્માના પરિણામ સમ્યગ્‌મિથ્યાત્વ અથવા ઉભયરૂપ થાય છે.

પહેલા ગુણસ્થાનમાં ઔદયિકભાવ, ચોથા ગુણસ્થાનમાં ઔપશમિક, ક્ષાયિક અથવા ક્ષાયોપશમિકભાવ અને ત્રીજા ગુણસ્થાનમાં ઔદયિકભાવ થાય છે. પરંતુ બીજું ગુણસ્થાન દર્શનમોહનીયકર્મની ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ એ ચાર અવસ્થાઓમાંથી કોઈપણ અવસ્થાની અપેક્ષા રાખતું નથી; તેથી અહીં દર્શનમોહનીય- કર્મની અપેક્ષાથી પારિણામિકભાવ છે. કિન્તુ અનન્તાનુબંધી રૂપ ચારિત્રમોહનીયકર્મનો ઉદય હોવાથી આ ગુણસ્થાનમાં ચારિત્રમોહનીયકર્મની

અપેક્ષાથી ઔદયિકભાવ પણ કહી શકાય છે. આ ગુણસ્થાનમાં અનન્તાનુબંધીના ઉદયથી સમ્યક્ત્વને ઘાત થઈ ગયો છે, તેથી અહીં સમ્યક્ત્વ નથી અને મિથ્યાત્વનો પણ ઉદય આવ્યો નથી, તેથી મિથ્યાત્વ અને સમ્યક્ત્વની અપેક્ષાથી અનુદયરૂપ છે.

પાંચમા ગુણસ્થાનથી દશમા ગુણસ્થાન સુધી (દેશવિરત, પ્રમત્તવિરત, અપ્રમત્તવિરત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મસાંપરાય એ) છ ગુણસ્થાન માટે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ નિમિત્ત છે. તેથી આ ગુણસ્થાનોમાં ક્ષાયોપશમિકભાવ થાય છે. આ ગુણસ્થાનોમાં નિશ્ચયસમ્યક્ચારિત્ર પર્યાયની અસ્ત્રક્રમે વૃદ્ધિ થતી જાય છે.

અગિયારમું ઉપશાંતમોહ ગુણસ્થાન આત્માના પુરુષાર્થથી પ્રગટે ત્યારે ચારિત્રમોહનીયકર્મનો સ્વયં ઉપશમ થાય છે, તેથી અગિયારમા ગુણસ્થાનમાં ઔપશમિકભાવ થાય છે. જોકે અહીં ચારિત્રમોહનીયકર્મનો પૂર્ણપણે ઉપશમ થઈ ગયો છે, તોપણ યોગનો સદ્ભાવ હોવાથી પૂર્ણ ચારિત્ર નથી. કેમકે સમ્યક્ચારિત્રના લક્ષણમાં યોગ અને કષાય વગેરેના અભાવથી પૂર્ણ સમ્યક્ચારિત્ર થાય છે.

બારમું ક્ષીણમોહ ગુણસ્થાન આત્માના પુરુષાર્થથી પ્રગટે ત્યારે ચારિત્રમોહનીયકર્મનો સ્વયં ક્ષય થાય છે; તેથી અહીં ક્ષાયિકભાવ થાય છે. આ ગુણસ્થાનમાં પણ

અગિયારમા ગુણસ્થાનની માફક સમ્યક્ચારિત્રની પૂર્ણતા નથી. સમ્યગ્જ્ઞાન જોકે ચોથા ગુણસ્થાનમાં જ પ્રગટ થઈ ગયું હોય છે.

ભાવાર્થ:- જોકે આત્માના જ્ઞાનગુણનો ઉઘાડ અનાદિકાળથી પ્રવાહરૂપ ચાલી રહ્યો છે તોપણ મિથ્યા માન્યતાના કારણે તે જ્ઞાન મિથ્યારૂપ હતું. પરંતુ ચોથા ગુણસ્થાનમાં જ્યારે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટયું ત્યારે તે જ આત્માનો જ્ઞાનપર્યાય સમ્યગ્જ્ઞાન કહેવાવા લાગ્યો અને પંચમાદિ ગુણસ્થાનમાં તપશ્ચરણાદિના નિમિત્તના સંબંધે અવધિ, મનઃપર્યયજ્ઞાન પણ કોઈ કોઈ જીવને પ્રગટ થઈ જાય છે. તથાપિ કેવળજ્ઞાન થયા વિના સમ્યગ્જ્ઞાનની પૂર્ણતા થઈ શકતી નથી; તેથી બારમાં ગુણસ્થાન સુધી જોકે સમ્યગ્દર્શનની પૂર્ણતા થઈ ગઈ છે, (કેમકે, ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે ક્ષપકશ્રેણી ચડાતી નથી અને ક્ષપકશ્રેણી વિના બારમા ગુણસ્થાને જવાય નહિ) તોપણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રગુણ અત્યાર સુધી અપૂર્ણ છે, તેથી અત્યાર સુધી મોક્ષ થતો નથી.

તેરમું સયોગકેવળી ગુણસ્થાન યોગોના સદ્ભાવની અપેક્ષાથી થાય છે, તેથી તેનું નામ સયોગ અને કેવળ જ્ઞાનના સદ્ભાવથી સયોગકેવળી છે. આ ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાનની પૂર્ણતા થઈ જાય છે, પરંતુ બધા ગુણોના ચારિત્રની પૂર્ણતા ન હોવાથી મોક્ષ થતો નથી.

ચૌદમું અયોગીકેવળી ગુણસ્થાન યોગના અભાવની

અપેક્ષાએ છે, તેથી તેનું નામ અયોગીકેવળી છે. આ ગુણસ્થાનને અંતે સમ્યક્ચારિત્રની પૂર્ણતા થઈ જાય છે; આ ગુણસ્થાનથી મોક્ષ પણ હવે દૂર રહ્યો નથી, અર્થાત્ અ, ઈ, ઉ, ૠ, લૃ એ પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર કરવામાં જેટલો સમય લાગે છે તેટલા જ વખતમાં મોક્ષ થઈ જાય છે.

**પ્ર. ૨૦૭ (૧) મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૨૦૭ મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયમાં જોડાવાથી અતત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ આત્માના પરિણામ વિશેષને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનમાં રહેવાવાળો જીવ વિપરીત શ્રદ્ધાન કરે છે, અને સાચા ધર્મ તરફ તેની રુચિ (પ્રીતિ) હોતી નથી; જેમકે પિત્તજવરવાળા રોગીને દૂધ વગેરે રસ કડવા લાગે છે, તેવી જ રીતે તેને પણ સત્યધર્મ સારો લાગતો નથી.

**પ્ર. ૨૦૮ (૨) સાસાદન ગુણસ્થાન કોને કહે છે ?**

ઉ. ૨૦૮ પ્રથમોપશમ સમ્યક્ત્વના કાળમાં જ્યારે વધારેમાં વધારે છ આવલી અને ઓછામાં ઓછો એક સમય બાકી રહે તે સમયમાં કોઈ એક અનન્તાનુબંધી કષાયના ઉદયમાં જોડાતાં જેનું સમ્યક્ત્વ નાશ થઈ ગયું છે એવો જીવ સાસાદન ગુણસ્થાનવાળો થાય છે.

**પ્ર. ૨૦૯ નિશ્ચયસમ્યક્ત્વના કેટલા ભેદ છે ?**

ઉ. ૨૦૯ નિશ્ચય સમ્યક્ત્વના ત્રણ ભેદ છેઃ- ૧. ઉપશમ સમ્યક્ત્વ, ૨. ક્ષાયિક સમ્યક્ત્વ, ૩. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૧. ઉપશમ સમ્યક્ત્વ-જીવનો સ્વસન્મુખ પુરુષાર્થ- પૂર્વક ઉદ્યમ થાય ત્યારે દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિ (મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિ)* અને અનન્તાનુબંધી ચાર પ્રકૃતિ (ક્રોધ, માન, માયા અને લોભ) એ સાત પ્રકૃતિઓનો સ્વયં ઉપશમ થાય છે; ત્યારે જીવનો જે ભાવ થાય તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે.

૨. ક્ષાયિક સમ્યક્ત્વ-જીવનો સ્વસન્મુખ પુરુષાર્થપૂર્વક ઉદ્યમ થાય ત્યારે સાતે પ્રકૃતિઓનો ક્ષય થાય છે; જીવનો જે ભાવ આ સમયે થાય તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે.

૩. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-છ પ્રકૃતિઓ (મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ, અનન્તાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ) ના અનુદય અને સમ્યક્પ્રકૃતિ નામની પ્રકૃતિના ઉદયમાં જોડાવાથી જે ભાવ ઉત્પન્ન થાય તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહે છે.

ઉપશમ સમ્યક્ત્વના બે ભેદ છેઃ- ૧. પ્રથમોપશમ સમ્યક્ત્વ અને ૨. દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

**પ્ર. ૨૧૦ પ્રથમોપશમ સમ્યક્ત્વ કોને કહે છે ?**

ઉ. ૨૧૦ અનાદિ મિથ્યાદ્રષ્ટિને પાંચ (મિથ્યાત્વ અને

---

* અનાદિ મિથ્યાદ્રષ્ટિને પાંચ પ્રકૃતિનો ઉપશમ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનન્તાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ) પ્રકૃતિઓ અને સાદિ મિથ્યાદૃષ્ટિને સાત પ્રકૃતિઓના ઉપશમથી જે ઉત્પન્ન થાય તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે.

**પ્ર. ૨૧૧ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કોને કહે છે ?**

ઉ. ૨૧૧ સાતમા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રેણી ચડવાની સન્મુખ અવસ્થામાં અનન્તાનુબંધી ચતુષ્ટય (ક્રોધ-માન-માયા-લોભ) નું વિસંયોજન (અપ્રત્યાખ્યાનાદિ રૂપ) કરીને દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓના ઉપશમ કાળે જીવ જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે તેને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

**પ્ર. ૨૧૨ (૩) મિશ્ર ગુણસ્થાન કોને કહે છે ?**

ઉ. ૨૧૨ સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયને વશ થવાથી જીવને કેવળ સમ્યક્ત્વ પરિણામ પ્રાપ્ત થતો નથી, અથવા કેવળ મિથ્યાત્વરૂપ પરિણામ પણ પ્રાપ્ત થતો નથી, પરંતુ મળેલા દહીં ગોળના સ્વાદની માફક એક ભિન્ન જાતિનો મિશ્ર પરિણામ થાય છે, તેને મિશ્ર ગુણસ્થાન કહે છે.

**પ્ર. ૨૧૩ (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૨૧૩ દર્શનમોહનીયની ત્રણ અને અનંતાનુબંધીની ચાર પ્રકૃતિ-એ સાત પ્રકૃતિઓના ઉપશમ અથવા ક્ષય અથવા ક્ષયોપશમના સંબંધથી અને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉદયમાં જોડાતાં વ્રતરહિત અને અંશે સ્વરૂપાચરણસહિત નિશ્ચય સમ્યક્ત્વધારી ચોથા

ગુણસ્થાનવર્તી હોય છે (અનાદિ મિથ્યાદૃષ્ટિને પાંચ પ્રકૃતિનો ઉપશમ થાય છે.)

**પ્ર. ૨૧૪ (૫) દેશવિરત ગુણસ્થાનનું સ્વરૂપ છે ?**

ઉ. ૨૧૪ પ્રત્યાખ્યાનવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉદયમાં જોડાવાથી જોકે સંયમભાવ થતો નથી. તોપણ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના અભાવથી શ્રાવકનું નિશ્ચયદેશચારિત્ર થાય છે. તેને જ દેશવિરત નામનું પાંચમું ગુણસ્થાન કહે છે.

પાંચમા આદિ (ઉપરના) સર્વ ગુણસ્થાનોમાં પણ નિશ્ચયસમ્યગ્દર્શન અને તેનું અવિનાભાવી સમ્યગ્જ્ઞાન અવશ્ય હોય છે; એના વિના પાંચમા છઠ્ઠા આદિ ગુણસ્થાનો થતા નથી.

**પ્ર. ૨૧૫ (૬) પ્રમત્તવિરત નામના ગુણસ્થાનનું સ્વરૂપ શું છે ?**

ઉ. ૨૧૫ સંજ્વલન અને નોકષાયના તીવ્ર ઉદયમાં જોડાવાથી સંયમભાવ તથા મલજનક પ્રમાદ એ બંનેય એક સાથે થાય છે. (જોકે સંજ્વલન અને નોકષાયનો ઉદય ચારિત્રગુણના વિરોધમાં નિમિત્ત છે, તથાપિ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો અભાવ થવાથી પ્રાદુર્ભૂત સકલ સંયમ છે) તેથી આ ગુણસ્થાનવર્તી મુનિને પ્રમત્તવિરત અર્થાત્ ચિત્રલાચરણી કહે છે.

**પ્ર. ૨૧૬ (૭) અપ્રમત્તવિરત નામના ગુણસ્થાનનું**

**સ્વરૂપ શું છે ?**
ઉ. ૨૧૬ જીવના પુરુષાર્થથી સંજ્વલન અને નોકષાયનો મંદ ઉદય થાય છે અને ત્યારે પ્રમાદરહિત સંયમભાવ પ્રગટે છે, તે કારણથી આ ગુણસ્થાનવર્તી મુનિને અપ્રમત્તવિરત કહે છે.

**પ્ર. ૨૧૭ અપ્રમત્તવિરત ગુણસ્થાનના કેટલા ભેદ છે ?**
ઉ. ૨૧૭ તેના બે ભેદ છેઃ- ૧. સ્વસ્થાન અપ્રમત્તવિરત અને ૨. સાતિશય અપ્રમત્તવિરત.

**પ્ર. ૨૧૮ સ્વસ્થાન અપ્રમત્તવિરત કોને કહે છે ?**
ઉ. ૨૧૮ જે હજારો વખત છઠ્ઠાથી સાતમા ગુણસ્થાનમાં અને સાતમાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં આવે અને જાય તેને સ્વસ્થાન અપ્રમત્તવિરત કહે છે.

**પ્ર. ૨૧૯ સાતિશય અપ્રમત્તવિરત કોને કહે છે ?**
ઉ. ૨૧૯ જે શ્રેણી ચડવાની સન્મુખ હોય તેને સાતિશય અપ્રમત્તવિરત કહે છે.

**પ્ર. ૨૨૦ શ્રેણી ચડવાને પાત્ર કોણ છે ?**
ઉ. ૨૨૦ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિ જ શ્રેણી ચડે છે, પ્રથમોપશમ સમ્યક્ત્વવાળા તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા શ્રેણી ચડી શકતા નથી.

પ્રથમોપશમ સમ્યક્ત્વવાળા જીવ પ્રથમોપશમ

સમ્યક્ત્વને છોડીને ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ થઈને પ્રથમ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનું વિસંયોજન કરીને, દર્શનમોહનીયકર્મની ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ કરીને યા તો દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિ થઈ જાય અથવા ત્રણે પ્રકૃતિઓના ક્ષય કરીને ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઈ જાય ત્યારે તે શ્રેણી ચડવાન પાત્ર થાય છે.

**પ્ર. ૨૨૧ શ્રેણી કોને કહે છે ?**

ઉ. ૨૨૧ જીવના જે શુદ્ધભાવના નિમિત્તે ચારિત્રમોહનીય કર્મની બાકી રહેલી ૨૧ પ્રકૃત્તિઓનો ક્રમથી ઉપશમ તથા ક્ષય થાય તે શુદ્ધ ભાવને શ્રેણી કહે છે.

**પ્ર. ૨૨૨ શ્રેણીના કેટલા ભેદ છે ?**

ઉ. તેના બે ભેદ છે ૧. ઉપશમશ્રેણી અને ૨. ક્ષપકશ્રેણી.

**પ્ર. ૨૨૩ ઉપશમશ્રેણી કોને કહે છે ?**

ઉ. ૨૨૩ જે શ્રેણીમાં ચારિત્ર મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ થાય તેને ઉપશમશ્રેણી કહે છે.

**પ્ર. ૨૨૪ ક્ષપકશ્રેણી કોને કહે છે ?**

ઉ. ૨૨૪ જે શ્રેણીમાં ઉપરની ૨૧ પ્રકૃતિઓનો ક્ષય થાય તેને ક્ષપકશ્રેણી કહે છે.

**પ્ર. ૨૨૫ આ બંને શ્રેણીઓમાં કયા કયા જીવ ચડે છે?**

ઉ. ૨૨૫ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તો બંનેય શ્રેણીએ ચડે છે, અને દ્વિતીયોપશમ સમ્યગ્દષ્ટિ ઉપશમશ્રેણીએ જ ચડે છે; તે ક્ષપકશ્રેણીએ ચડતો નથી.

**પ્ર. ૨૨૬ ઉપશમશ્રેણીને કયા કયા ગુણસ્થાન છે ?**

ઉ. ૨૨૬ ઉપશમશ્રેણીને ચાર ગુણસ્થાન છેઃ- ૧. આઠમું અપૂર્વકરણ, ૨. નવમું અનિવૃત્તિકરણ, ૩. દશમું સૂક્ષ્મસામ્પરાય અને ૪. અગિયારમું ઉપશાન્તમોહ ગુણસ્થાન છે.

**પ્ર. ૨૨૭ ક્ષપકશ્રેણીને કયા કયા ગુણસ્થાન છે ?**

ઉ. ૨૨૭ તેને આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું સૂક્ષ્મસામ્પરાય અને બારમું ક્ષીણમોહ એ ચાર ગુણસ્થાન છે.

**પ્ર. ૨૨૮ ચારિત્રમોહનીયની ૧૧ પ્રકૃતિઓના ઉપશમને તથા ક્ષયને આત્માના કયા પરિણામ નિમિત્ત-કારણ છે ?**

ઉ. ૨૨૮ અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ પરિણામ નિમિત્તકારણ છે.

**પ્ર. ૨૨૯ અધઃકરણ પરિણામ કોને કહે છે ?**

ઉ. ૨૨૯ જે કરણમાં (પરિણામસમૂહમાં) ઉપરિતન સમયવર્તી તથા અધસ્તન સમયવર્તી જીવોના પરિણામ સદ્રશ અને વિસદ્રશ હોય તેને અધઃકરણ કહે છે. તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધઃકરણ સાતમા ગુણસ્થાનમાં થાય છે.

**પ્ર. ૨૩૦ (૮) અપૂર્વકરણ પરિણામ કોને કહે છે ?**

ઉ. ૨૩૦ જે કરણમાં ઉત્તરોતર અપૂર્વ અને અપૂર્વ પરિણામ થતા જાય અર્થાત્ ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સદા વિસદ્દેશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદ્દેશ પણ હોય અને વિસદ્દેશ પણ હોય તેને અપૂર્વકરણ કહે છે, અને એ જ આઠમું ગુણસ્થાન છે.

**પ્ર. ૨૩૧ (૯) અનિવૃત્તિકરણ કોને કહે છે ?**

ઉ. ૨૩૧ જે કરણમાં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદ્દેશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદ્દેશ જ હોય તેને અનિવૃત્તિકરણ કહે છે. આ જ નવમું ગુણસ્થાન છે.

એ ત્રણેય કરણોમાં પરિણમનની પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધતા થાય છે.

**પ્ર. ૨૩૨ (૧૦) સૂક્ષ્મસામ્પરાયગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

ઉ. ૨૩૨ અત્યંત સૂક્ષ્મઅવસ્થાને પ્રાપ્ત લોભકષાયના ઉદયને વશ થતા જીવને સૂક્ષ્મસામ્પરાય નામનું દશમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

**પ્ર. ૨૩૩ (૧૧) ઉપશાન્તમોહ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉ. ૨૩૩ ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ થવાથી યથાખ્યાત-ચારિત્રને ધારણ કરવાવાળા મુનિને અગિયારમું ઉપશાન્તમોહ નામનું ગુણસ્થાન થાય છે. આ ગુણસ્થાનના કાળ સમાપ્ત થતાં મોહનીયના ઉદયમાં જોડાતાં જીવ નીચલા ગુણસ્થાનોમાં આવી જાય છે.

**પ્ર. ૨૩૪ (૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનનું સ્વરૂપ શું છે? અને તે કોને પ્રાપ્ત થાય છે ?**

ઉ. ૨૩૪ મોહનીય કર્મનો અત્યંત ક્ષય થવાથી સ્ફટિક ભાજનગત જળની માફક અત્યંત નિર્મળ અવિનાશી યથાખ્યાતચારિત્રના ધારક મુનિને ક્ષીણમોહ નામનું બારમું ગુણસ્થાન થાય છે.

**પ્ર. ૨૩૫ (૧૩) સયોગીકેવળી ગુણસ્થાનનું સ્વરૂપ શું છે? અને તે કોને પ્રાપ્ત થાય છે ?**

ઉ. ૨૩૫ ઘાતિયા કર્મોની ૪૮ પ્રકૃતિઓ અને અઘાતિયા કર્મોની ૧૬ પ્રકૃતિઓ મળીને ૬૪ પ્રકૃતિઓને ક્ષય થવાથી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન તથા આત્મપ્રદેશોના કંપનરૂપ યોગના ધારક અરહંત ભટ્ટારકને સયોગીકેવળી નામનું તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

તે જ કેવળ ભગવાન પોતાના દિવ્યધ્વનિથી ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને સંસારમાં મોક્ષમાર્ગનો પ્રકાશ કરે છે.

(૬૩ પ્રકૃતિઓ માટે જુઓ શ્રી 'જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા.')

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**પ્ર. ૨૩૬ (૧૪) અયોગીકેવળી ગુણસ્થાનનું સ્વરૂપ શું છે? અને તે કોને પ્રાપ્ત થાય છે ?**
ઉ. ૨૩૬ યોગોથી રહિત અને કેવળજ્ઞાન સહિત અરહંત ભટ્ટારક (ભગવાન) ને ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાનનો કાળ અ, ઇ, ઉ, ઋ, લૃ-એ પાંચ હ્રસ્વ સ્વરોનો ઉચ્ચાર કરતાં જેટલો કાળ થાય તેટલો છે. પોતાના ગુણસ્થાનના કાળના દ્વિચરમ્ સમયમાં સત્તાની ૮૫ પ્રકૃતિઓમાંથી ૭૨ પ્રકૃતિઓનો અને ચરમ સમયમાં ૧૩ પ્રકૃતિઓનો નાશ કરીને અરહંત ભગવાન્ મોક્ષધામે (સિદ્ધશિલાએ) પધારે છે.

[સૂચનાઃ દરેક ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓ સત્તામાં હોય છે અને કર્મ પ્રકૃતિઓના ઉદય હોય છે વગેરે સંબંધી જ્ઞાન માટે જુઓ, શ્રી 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા.']

**પ્ર. ૨૩૭ નવ દેવનાં નામ કહો.**
ઉ. ૨૩૭ અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જિનધર્મ, જિનવચન, (શૃંગારાદિ દોષ રહિત અને સાક્ષાત્ જિનેશ્વર સમાન હોય એવી જ) જિનપ્રતિમા અને જિનમંદિર-એ નવ દેવ છે. (શ્રી 'લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા.')

**પ્ર. ૨૩૮ અવિરત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે, તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ?**

ઉ. ૨૩૮ સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે; કારણકે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી, સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; પણ જ્યાં સુધી તે ચારિત્રમોહના ઉદયમાં જોડાય છે ત્યાં સુધી ભૂમિકાનુસાર આસ્રવ-બંધ થાય છે; તોપણ તેનું સ્વામિત્વ તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે; તેથી તે જ્ઞાની જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પરિશિષ્ટ - ૧

## સર્વજ્ઞતાનો મહિમા

* મોક્ષમાર્ગના મૂળ ઉપદેશક શ્રી સર્વજ્ઞદેવ છે; તેથી જેને ધર્મ કરવો હોય તેણે સર્વજ્ઞને ઓળખવા જોઈએ.

* નિશ્ચયથી જેવો સર્વજ્ઞ ભગવાનનો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે; તેથી સર્વજ્ઞને ઓળખતાં પોતાનો આત્મા ઓળખાય છે; જે જીવ સર્વજ્ઞને ન ઓળખે તે પોતાના આત્માને પણ ઓળખતો નથી.

* સમસ્ત પદાર્થોને જાણવાના સામર્થ્યરૂપ સર્વજ્ઞત્વ-શક્તિ આત્મામાં ત્રિકાળ છે, પણ પરમાં કાંઈ ફેરફાર કરે એવી શક્તિ આત્મામાં કદી નથી.

* અહો ! સમસ્ત પદાર્થોને જાણવાની તાકાત આત્મામાં સદાય પડી છે, તેની પ્રતીતિ કરનાર જીવ ધર્મી છે.

* તે ધર્મી જીવ જાણે છે કે હું મારી જ્ઞાન- ક્રિયાનો સ્વામી છું પણ પરની ક્રિયાનો સ્વામી હું નથી.

* આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, તે શક્તિનો વિકાસ થતાં પોતામાં સર્વજ્ઞપણું પ્રગટે; પણ આત્માની શક્તિનો વિકાસ તે પરનું કાંઈ કરી દે

એમ બનતું નથી.

* સાધકને પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટી ન હોવા છતાં તે પોતાની સર્વશક્તિની પ્રતીત કરે છે.

* તે પ્રતીત પર્યાયની સામે જોઈને કરી નથી પણ સ્વભાવ સામે જોઈને કરી છે. વર્તમાન પર્યાય તો પોતે જ અલ્પજ્ઞ છે. તે અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કેમ થાય ?

* અલ્પજ્ઞ પર્યાય વડે સર્વજ્ઞતાની પ્રતીત થાય, પણ અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત ન થાય; ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ સર્વજ્ઞતાની પ્રતીત થાય છે.

* પ્રતીત કરનાર તો પર્યાય છે, પણ તેને આશ્રય દ્રવ્યનો છે.

* દ્રવ્યના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીત કરનાર જીવને સર્વજ્ઞતારૂપે પરિણમન થયા વગર રહે નહિ.

* અલ્પજ્ઞ પર્યાય વખતે પણ પોતામાં સર્વજ્ઞત્વશક્તિ હોવાનો જેણે નિર્ણય કર્યો તેની રુચિનું જોર અલ્પજ્ઞપર્યાય ઉપરથી ખસીને અખંડ સ્વભાવમાં વળી ગયું છે, એટલે તે જીવ 'સર્વજ્ઞ ભગવાનનો નંદન' થયો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* હજુ પોતાને સર્વજ્ઞપણું પ્રગટયા પહેલાં પણ 'મારો આત્મા ત્રણે કાળે સર્વજ્ઞતાપણે પરિણમવાની તાકાતવાળો છે'–એમ જેણે સ્વસન્મુખ થઈને નક્કી કર્યું તે જીવ અલ્પજ્ઞતાને રાગને કે પરને પોતાનું સ્વરૂપ ન માને; પોતાના પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ઉપર જ તેની દ્રષ્ટિ હોય.

* જે આત્મા પોતાની પૂર્ણ જ્ઞાનશક્તિની પ્રતીત કરે તેજ ખરો જૈન અને સર્વજ્ઞદેવનો ભક્ત છે.

* આત્મા પરને લ્યે-મૂકે, કે તેમાં ફેરફાર કરે એમ જે માને છે તે જીવ આત્માની શક્તિને સર્વજ્ઞદેવને કે જૈનશાસનને માનતો નથી. તે ખરેખર જૈન નથી.

* જુઓ ભાઈ ! આત્માનો સ્વભાવ જ 'સર્વજ્ઞ' છે. સર્વજ્ઞશક્તિ બધા આત્મામાં ભરી છે. 'સર્વજ્ઞ' એટલે બધાને જાણનાર. બધાને જાણે એવો મોટો મહિમાવંત પોતાનો સ્વભાવ છે, તેને અન્યપણે વિકારીસ્વરૂપે માની લેવો તે આત્માની મોટી હિંસા છે. આત્મા મોટો ભગવાન છે, તેની મોટાઈનાં આ ગાણાં ગવાય છે.

* ભાઈ રે ! તું સર્વનો જ્ઞ એટલે જાણનાર છો પણ પરમાં ફેરફાર કરનાર તું નથી. જયાં દરેક-દરેક વસ્તુ જુદી છે ત્યાં જુદી ચીજનું તું શું કરે ? તું સ્વતંત્ર અને તે પણ સ્વતંત્ર. અહો ! આવી સ્વતંત્રતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રતીતમાં એકલી વીતરાગતા છે.

* 'અનેકાન્ત' એટલે હું મારા જ્ઞાનતત્ત્વપણે છું ને પરપણે નથી-એમ નક્કી કરતાં જ જીવ સ્વતત્ત્વમાં રહી ગયો ને અનંત પરતત્ત્વોથી ઉદાસીનતા થઈ ગઈ. આ રીતે અનેકાંતમાં વીતરાગતા આવી જાય છે.

* જ્ઞાનતત્ત્વની પ્રતીત વગર પર પ્રત્યેથી સાચી ઉદાસીનતા થાય નહિ.

* સ્વ-પરના ભેદજ્ઞાન વગર વીતરાગતા થાય નહિ. જ્ઞાનતત્ત્વને ચૂકીને 'હું પરનું કરું' એમ માનવું તે એકાંત છે, તેમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભરેલા છે, તે જ સંસાર ભ્રમણનું મૂળ છે.

* 'હું જ્ઞાનપણે છું ને પરપણે નથી'-એવા અનેકાંતમાં ભેદજ્ઞાન અને વીતરાગતા છે, તે જ મોક્ષમાર્ગ છે અને તે પરમઅમૃત છે.

જગતમાં સ્વ અને પર બધા તત્ત્વો નિજ નિજ સ્વરૂપે સત્ છે, આત્માનો સ્વભાવ તેને જાણવાનો છે; છતાં, 'હું પરને ફેરવું' એવા ઊંધા અભિપ્રાયમાં સત્‌નું ખૂન થાય છે તેથી તે ઊંધા અભિપ્રાયને મહાન હિંસા કહેવામાં આવી છે અને તે જ મહાન પાપ છે.

* અહો ! હું તો જ્ઞાન છું, આખું જગત એમ ને એમ પોતપોતાના સ્વરૂપમાં બિરાજી રહ્યું છે ને હું મારા જ્ઞાનતત્ત્વમાં બિરાજું છું; તો પછી કયાં રાગ ને કયાં દ્વેષ ? રાગ-દ્વેષ ક્યાંય છે જ નહિ. હું તો બધાયને જાણનાર સર્વજ્ઞતાનો પિંડ છું, મારા જ્ઞાનતત્ત્વમાં રાગ-દ્વેષ છે જ નહિ.-આમ ધર્મી જાણે છે.

* હે જીવ ! જ્ઞાની તને તારો આત્મવૈભવ દેખાડે છે. પોતાના જ્ઞાનમાં જ સ્થિર રહીને એક સમયમાં ત્રણકાળ-ત્રણલોકને જાણે એવો જ્ઞાન-વૈભવ તારામાં ભર્યો છે જો તારી સર્વજ્ઞશક્તિનો વિશ્વાસ કર તો ક્યાંય ફેરફાર કરવાની બુદ્ધિ ઉડી જાય.

* વસ્તુની પર્યાયમાં જે સમયે જે કાર્ય થવાનું છે તેજ નિયમથી થાય છે અને સર્વજ્ઞના જ્ઞાનમાં તે જ પ્રમાણે જણાયું છે; -આમ જે નથી માનતો અને નિમિત્તને લીધે તેમાં ફેરફાર થવાનું માને છે તેને વસ્તુના સ્વરૂપની કે સર્વજ્ઞતાની પ્રતીત નથી.

* 'સર્વજ્ઞતા' કહેતાં જ બધા પદાર્થોનું ત્રણે-કાળનું ક્રમબદ્ધ પરિણમન સિદ્ધ થઈ જાય છે. જો પદાર્થમાં ત્રણે કાળના પર્યાયો ચોક્કસ ક્રમબદ્ધ ન થતા હોય, ને આડાઅવળા થતા હોય તો સર્વજ્ઞતા જ સિદ્ધ

ન થઈ શકે, માટે સર્વજ્ઞતા કબૂલ કરનારે એ બધું કબૂલ કરવું જ પડશે.

* આત્મામાં સર્વજ્ઞશક્તિ છે તે 'આત્મજ્ઞાનમયી' છે. આત્મા પરની સન્મુખ થઈને પરને નથી જાણતો પણ આત્મસન્મુખ રહીને આત્માને જાણતાં લોકાલોક જણાઈ જાય છે. માટે સર્વજ્ઞત્વશક્તિ આત્મજ્ઞાનમય છે. જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

* હે જીવ ! તારા જ્ઞાનમાત્ર આત્માના પરિણમનમાં અનંતધર્મો એક સાથે ઊછળી રહ્યા છે; તેમાં જ ડોકિયું કરીને તારા ધર્મને શોધ, કયાંક બહારમાં તારા ધર્મને ન શોધ. તારી અંતરશક્તિના અવલંબને જ સર્વજ્ઞપણું પ્રગટ થશે.

* જેણે પોતામાં સર્વજ્ઞતા પ્રગટ થવાની તાકાત માની તે જીવ દેહાદિની ક્રિયાનો જ્ઞાતા રહ્યો; પરની ક્રિયાને તો ફેરવવાની વાત તો દૂર રહી પણ પોતાના પર્યાયને આઘાપાછા ફેરવવાની પણ બુદ્ધિ તેને હોતી નથી. જ્ઞાન ક્યાંય ફેરફાર કરતું નથી, માત્ર જાણે છે. જેણે આવા જ્ઞાનની પ્રતીત કરી તેને સ્વસન્મુખદૃષ્ટિને લીધે પર્યાયે-પર્યાયે શુદ્ધતા વધતી જાય છે ને રાગ છૂટતો જાય છે. આ રીતે જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ તે મુક્તિનું કારણ છે.

* 'સર્વજ્ઞતા' કહેતાં દૂરના કે નજીકના પદાર્થોને

જાણવામાં ભેદ ન રહ્યા; પદાર્થો દૂર હો કે નજીક હો તેને લીધે જ્ઞાન કરવામાં કાંઈ ફેર પડતો નથી. દૂરના પદાર્થને નજીક કરવા કે નજીકના પદાર્થને દૂર કરવા તે જ્ઞાનનું કાર્ય નથી, પણ નજીકના પદાર્થની જેમ જ દૂરના પદાર્થને પણ સ્પષ્ટ જાણવાનું જ્ઞાનનું કાર્ય છે. 'સર્વજ્ઞતા' કહેતાં બધાને જાણવાનું આવ્યું પણ તેમાં ક્યાંય 'આ ઠીક ને આ અઠીક'–એવી બુદ્ધિ કે રાગ-દ્વેષ કરવાનું ન આવ્યું.

* કેવળી ભગવાનને સમુદ્ઘાત થવા પહેલાં તેને જાણવારૂપ પરિણમન થઈ ગયું છે, સિદ્ધદશા થયા પહેલા તેનું જ્ઞાન થઈ ગયું છે; ભવિષ્યના અનંત-અનંત સુખપર્યાયોનું વેદન થયા પહેલાં સર્વજ્ઞત્વશક્તિ તેને જાણવારૂપે પરિણમી ગઈ છે. –આ રીતે જ્ઞાન ત્રણે કાળના પર્યાયોને જાણી લેવાના સામર્થ્યવાળું છે, પણ તેમાં કોઈ પર્યાયના ક્રમને આઘો-પાછો કરીને ભવિષ્યમાં થનાર પર્યાયને વર્તમાનમાં લાવે–એમ બની શકતું નથી.

* શ્રી આચાર્યદેવ સર્વજ્ઞત્વશક્તિ ઓળખાવે છે કે હે જીવ ! તારા જ્ઞાનનું કાર્ય તો માત્ર 'જાણવું' તે જ છે. રાગ-દ્વેષ કરવાનું તો તારું સ્વરૂપ નથી અને અધૂરું જાણવારૂપે પરિણમે એવું પણ તારા જ્ઞાનનું મૂળ સ્વરૂપ નથી, સર્વને જાણવારૂપે પરિણમે એવું તારા જ્ઞાનનું પૂર્ણ સામર્થ્ય છે.–આવી તારી જ્ઞાનશક્તિને

ઓળખ તો સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થઈને અપૂર્વ આનંદનો અનુભવ થાય.

* મારા આત્મામાં સર્વજ્ઞત્વશક્તિ છે એમ જેણે સ્વીકાર્યું તેણે પોતાના સ્વભાવમાં રાગ-દ્વેષનો અભાવ પણ સ્વીકાર્યો, કેમકે જ્યાં સર્વજ્ઞતા હોય ત્યાં રાગ-દ્વેષ હોતા નથી અને જ્યાં રાગ-દ્વેષ હોય ત્યાં સર્વજ્ઞતા હોતી નથી. તેથી સર્વજ્ઞસ્વભાવને સ્વીકારનાર કદી રાગ-દ્વેષથી લાભ માની શકે નહિ, અને રાગ-દ્વેષથી લાભ માનનાર સર્વજ્ઞસ્વભાવને સ્વીકારી શકે નહિ.

* જ્ઞાની કહે છે કે તણખલાના બે કટકા કરવાની શક્તિ પણ અમે ધરાવતા નથી:- એનો આશય એમ છે કે અમે તો જ્ઞાયક છીએ, એક પરમાણુમાત્રને ફેરવવાનું કર્તૃત્વ અમે માનતા નથી. તણખલાનાં બે કટકા થાય તેને કરવાની અમારી કે કોઈ આત્માની તાકાત નથી પણ જાણવાની તાકાત છે-અને તે પણ એટલું જ જાણવાની તાકાત નથી પણ પરિપૂર્ણ જાણવાની તાકાત છે.

* જે જીવ પોતાના જ્ઞાનની પૂર્ણ જાણવાની શક્તિને માને તથા તેનો જ આદર અને મહિમા કરે તે જીવ અધૂરી દશાને કે રાગને પોતાનું સ્વરૂપ ન માને તથા તેનો આદર અને મહિમા ન કરે, એટલે તેને જ્ઞાનના ઉઘાડનો અહંકાર ક્યાંથી થાય ? જ્યાં પૂર્ણ સ્વભાવનો

આદર છે ત્યાં અલ્પ જ્ઞાનનો અહંકાર હોતો જ નથી.

* જ્ઞાનસ્વભાવી આત્મા સંયોગ વિનાનો તેમજ પરમાં અટકવાના ભાવ વિનાનો છે. કોઈ બીજા વડે તેનું માન કે અપમાન નથી. આત્માનો જ્ઞાન-સ્વભાવ પોતે પોતાથીજ પરિપૂર્ણ અને સુખથી ભરપૂર છે.

* સર્વજ્ઞતા એટલે એકલું જ્ઞાન....પૂરેપૂરું જ્ઞાન. એવા જ્ઞાનથી ભરેલા આત્માની પ્રતીત કરવી તે ધર્મનો મૂળ પાયો છે.

* મારામાં જ સર્વજ્ઞપણે પરિણમવાની શક્તિ છે. તેનાથી જ મારું જ્ઞાન પરિણમે છે-એમ ન માનતાં શાસ્ત્ર વગેરે નિમિત્તને લીધે મારું જ્ઞાન પરિણમે છે એમ જેણે માન્યું તેણે સંયોગથી લાભ માન્યો, એટલે તેને સંયોગમાં સુખબુદ્ધિ છે; કેમકે, જે જેનાથી લાભ માને તેને તેમાં સુખબુદ્ધિ હોય જ. ચૈતન્યબિંબ સ્વતત્ત્વ સિવાય બીજાથી લાભ માનવો તે મિથ્યાબુદ્ધિ છે.

મારો આત્મા જ સર્વજ્ઞતા અને પરમ સુખથી ભરેલો છે'-એવી જેને પ્રતીત નથી તે જીવ ભોગહેતુ ધર્મને એટલે કે પુણ્યને જ શ્રદ્ધે છે; ચૈતન્યના નિર્વિષય સુખનો તેને અનુભવ નથી એટલે ઊંડાણમાં તેને ભોગનો જ હેતુ પડયો છે.

* સર્વજ્ઞત્વપણે પરિણમવાની આત્માની જ શક્તિ છે તેનો આશ્રય કરવાને બદલે, નિમિત્તના આશ્રયે જ્ઞાન ખીલે, એમ જે માને છે તેને પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ ટળી નથી. નિમિત્ત અને વિષયો બંને એક છે. નિમિત્તના આશ્રયથી લાભ માનનાર કે વિષયોમાં સુખ માનનાર–એ બંનેની એક જ વાત છે; તેઓ આત્મસ્વભાવનો આશ્રય કરીને ન પરિણમતાં સંયોગનો આશ્રય કરીને જ પરિણમી રહ્યા છે. ભલે શુભભાવ હો, તો પણ તેમને વિષયોની રુચિ ટાળી નથી ને સ્વભાવના અતીન્દ્રિયસુખની રુચિ થઈ નથી; તેઓએ પોતાના આત્માને નહિ, પણ વિષયોને જ ધ્યેયરૂપ બનાવ્યા છે.

* પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવ સિવાયના બધાય પદાર્થો પર વિષયો છે, તેમના આશ્રયથી જે લાભ માને તેને પરવિષયોની પ્રીતિ છે. જે પોતાના સ્વભાવની પ્રતીત કરે તેને કોઈ પર વિષયોમાં સુખબુદ્ધિ રહેતી નથી.

* અહો ! મારા આત્મામાં સર્વજ્ઞતાનું સામર્થ્ય છે એમ જેણે પ્રતીત કરી તેણે તે પ્રતીત પોતાની શક્તિ સામે જોઈને કરી છે કે પર સામે જોઈને કરી છે ? આત્માની શક્તિથી પ્રતીત આત્માને ધ્યેય બનાવીને થાય કે પરને ધ્યેય બનાવીને થાય ? કોઈ નિમિત્ત, રાગ કે અધૂરી પર્યાયના લક્ષે પૂર્ણ શક્તિની પ્રતીત

થતી નથી પણ અખંડ સ્વભાવના લક્ષે જ પૂર્ણતાની પ્રતીત થાય છે.

* અરિહંત ભગવાન જેવી આત્માની સર્વજ્ઞશક્તિ પોતામાં ભરી છે. જો અરિહંત ભગવાન સામે જ જોયા કરે ને પોતાના આત્મા તરફ વળીને નિજશક્તિને ન સંભાળે તો મોહનો ક્ષય થાય નહિ જેવા શુદ્ધ અરિહંત ભગવાન છે તેવો જ હું છું એમ જો પોતાના આત્મા તરફ વળીને જાણે તો સમ્યગ્દર્શન પ્રગટીને મોહનો ક્ષય થાય છે, તેથી પરમાર્થે અરિહંત ભગવાન આ આત્માના ધ્યેય નથી, પણ અરિહંત જેવા સામર્થ્ય-વાળો પોતાનો આત્મા જ પોતાનું ધ્યેય છે. અરિહંત ભગવાનની શક્તિ તેમનામાં છે. તેમની પાસેથી કાંઈ આ આત્માની શક્તિ આવતી નથી; તેમના લક્ષે તો રાગ થાય છે.

* પ્રભો ! તારી ચૈતન્યસત્તાના અસંખ્યપ્રદેશી ખેતરમાં અચિંત્ય નિધાન ભર્યા છે, તારી સર્વજ્ઞશક્તિ તારા જ નિધાનમાં પડી છે, તેની પ્રતીત કરીને સ્થિરતા દ્વારા તે ખોદ તો તારા નિધાનમાંથી સર્વજ્ઞતા પ્રગટે.

* જેમ પૂર્ણતાને પામેલા જ્ઞાનમાં નિમિત્તનું અવલંબન નથી, તેમ નીચલી દશામાં પણ જ્ઞાન નિમિત્તને લીધે થતું નથી, એટલે ખરેખર પૂર્ણતાની પ્રતીત કરનારો સાધક જ્ઞાનને પરાવલંબને માનતો નથી, પણ સ્વભાવના અવલંબને માનીને સ્વ તરફ ઢળે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* સર્વજ્ઞશક્તિવાળા પોતાના આત્મા સામે જુઓ તો સર્વજ્ઞતા મળે તેમ છે, પર સામે જોયે આત્માનું કાંઈ વળે તેમ નથી. અનંતકાળ પર સામે જોયા કરે તો ત્યાંથી સર્વજ્ઞતા મળવાની નથી, ને નિજસ્વભાવ સામે જોઈને સ્થિર થતાં ક્ષણમાત્રમાં સર્વજ્ઞતા પ્રગટી જાય તેવું છે.

* સર્વજ્ઞતા પ્રગટયા પહેલાં સાધકદશામાં જ આત્માની પૂર્ણ શક્તિની પ્રતીત હોય છે. પૂર્ણ શક્તિની પ્રતીત કરીને તેનો આશ્રય લેવાથી જ સાધકદશા શરૂ થઈને પૂર્ણ દશા પ્રગટે છે.

* અહો ! મારું સર્વજ્ઞપદ પ્રગટવાની તાકાત મારામાં વર્તમાન ભરી જ છે'-આમ સ્વભાવસામર્થ્યની શ્રદ્ધા કરતાં જ તે અપૂર્વ શ્રદ્ધા જીવને બહારમાં ઉછાળા મારતો અટકાવી દે છે ને તેના પરિણમનને અંતર્મુખ કરી દે છે. સ્વભાવસન્મુખ થયા વિના સર્વજ્ઞત્વશક્તિની પ્રતીત થાય નહિ.

* અંતર્મુખ થઈને સર્વજ્ઞશક્તિની પ્રતીત કરતાં તેમાં મોક્ષની ક્રિયા-ધર્મની ક્રિયા આવી જાય છે. જે જીવ સ્વભાવસન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી અને નિમિત્તની સન્મુખતાથી લાભ માને છે તે જીવને વિષયોમાંથી સુખબુદ્ધિ ટળી નથી ને સ્વભાવબુદ્ધિ થઈ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

* સ્વભાવની બુદ્ધિવાળો ધર્મી જીવ એમ જાણે છે કે માથું કાપનાર કસાઈ કે દિવ્યવાણી સંભળાવનાર વીતરાગદેવ એ બંને મારા જ્ઞાનના જ્ઞેયો છે તે જ્ઞેયોને કારણે મને કાંઈ નુકસાન કે લાભ નથી તેમ જ તે જ્ઞેયોને કારણે હું તેને જાણતો નથી. રાગ-દ્વેષ વગર સમસ્ત જ્ઞેયોને જાણી લેવાની સર્વજ્ઞશક્તિ મારામાં છે. કદાચ અસ્થિરતાનો વિકલ્પ આવી જાય તોપણ ધર્મીને આવી શ્રદ્ધા તો ખસતી જ નથી.

* પોતાના જે પૂર્ણસ્વભાવને પ્રતીતમાં લીધો છે તેના જ અવલંબનના બળે અલ્પકાળમાં ધર્મીને પૂર્ણ સર્વજ્ઞતા ખીલી જાય છે.

* જય હો તે સર્વજ્ઞતાનો અને સર્વજ્ઞતાના સાધક સંતોનો ! (આત્મધર્મ અંક નં. ૧૨૦)

# પરિશિષ્ટ - ૨

## દ્રવ્યાનુયોગમાં દોષકલ્પનાનું નિરાકરણ

કોઈ જીવ કહે છે કે, દ્રવ્યાનુયોગમાં વ્રત, સંયમાદિક વ્યવહારધર્મનું હીનપણું પ્રગટ કર્યું છે, સમ્યગ્દષ્ટિના વિષયભોગાદિને નિર્જરાના કારણ કહ્યાં છે, ઈત્યાદિ કથન સાંભળી જીવ સ્વચ્છંદી બની પુણ્ય છોડી પાપમાં પ્રવર્તશે, તેથી તેને વાંચવા-સાંભળવા યોગ્ય નથી. તેને કહીએ છીએ કે:-

જેમ સાકર ખાતાં ગધેડું મરી જાય તો તેથી કાંઈ મનુષ્ય તો સાકર ખાવી ન છોડે, તેમ કોઈ વિપરીતબુદ્ધિ જીવ અધ્યાત્મ-ગ્રંથો સાંભળી સ્વચ્છંદી થાય તો તેથી કાંઈ વિવેકી જીવ તો અધ્યાત્મ-ગ્રંથોનો અભ્યાસ ન છોડે. હા, એટલું કરે કે, જેને સ્વચ્છંદી થતો જાણે તેને જેમ તે સ્વચ્છંદી ન થાય તેવો ઉપદેશ આપે; વળી અધ્યાત્મ-ગ્રંથોમાં પણ સ્વચ્છંદી થવાનો ઠામઠામ નિષેધ કરવામાં આવે છે, તેથી જે તેને બરાબર સાંભળે છે તે તો સ્વચ્છંદી થતો નથી; છતાં કોઈ એકાદ વાત સાંભળી કોઈ પોતાના અભિપ્રાયથી સ્વચ્છંદી થાય તો ત્યાં ગ્રંથનો દોષ નથી પણ તે જીવનો જ દોષ છે. વળી જો જૂઠી દોષકલ્પના વડે અધ્યાત્મ શાસ્ત્રોના વાંચન-શ્રવણનો નિષેધ કરવામાં આવે તો મોક્ષમાર્ગનો મૂળ ઉપદેશ તો ત્યાં જ છે ! એટલે તેનો નિષેધ કરતાં મોક્ષમાર્ગનો નિષેધ થાય છે. જેમ મેઘવૃષ્ટિ થતાં ઘણા જીવોનું કલ્યાણ થાય છે, છતાં

કોઈને ઉલટું નુકશાન થાય તો તેની મુખ્યતા કરી મેઘનો તો નિષેધ ન કરવો; તેમ સભામાં અધ્યાત્મોપદેશ થતાં ઘણા જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે; છતાં કોઈ ઊલટો પાપમાં પ્રવર્તે તો તેની મુખ્યતા કરી અધ્યાત્મશાસ્ત્રોનો તો નિષેધ ન કરવો.

બીજું, અંધ્યાત્મ-ગ્રંથોથી કોઈ સ્વચ્છંદી થાય, તો તે પહેલાં પણ મિથ્યાદૃષ્ટિ હતો અને આજે પણ મિથ્યાદૃષ્ટિ જ રહ્યો; હા; એટલું જ નુકશાન થાય કે, તેને સુગતિ ન થતાં કુગતિ થાય.

વળી અધ્યાત્મોપદેશ ન થતાં ઘણા જીવોને મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અભાવ થાય છે એટલે તેથી તો ઘણા જીવોનું ઘણું બુરું થાય છે માટે અધ્યાત્મ-ઉપદેશનો નિષેધ કરવો યોગ્ય નથી.

શંકાઃ- દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ-ઉપદેશ છે તે ઉત્કૃષ્ટ છે અને ઉચ્ચ દશાને પ્રાપ્ત હોય તેને જ કાર્યકારી છે; પણ નીચલી દશાવાળાઓને તો વ્રત, સંયમાદિનો જ ઉપદેશ આપવો યોગ્ય છે.

સમાધાનઃ- જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દૃષ્ટિ થાય

અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય. એ પ્રમાણે મુખ્યપણે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે, તથા ગૌણપણે જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી ન જણાય તેને પહેલાં કોઈ વ્રત આદિનો ઉપદેશ આપવામાં આવે છે. માટે ઉચ્ચ દશાવાળાને અધ્યાત્મ-ઉપદેશ અભ્યાસ કરવા યોગ્ય છે, એમ જાણી નીચલી દશાવાળાઓએ ત્યાંથી પરાઙ્મુખ થવું યોગ્ય નથી.

શંકાઃ- ઊંચા ઉપદેશનું સ્વરૂપ નીચલી દશાવાળાઓને ભાસે નહિ.

સમાધાનઃ- અન્ય (બીજે) તો અનેક પ્રકારની ચતુરાઈ જાણે છે અને અહીં મૂર્ખપણું પ્રગટ કરે છે તે યોગ્ય નથી. અભ્યાસ કરતાં સ્વરૂપ બરાબર ભાસે છે, તથા પોતાની બુદ્ધિ અનુસાર થોડું ઘણું ભાસે છે, પરંતુ સર્વથા નિરુદ્યમી થવાને પોષણ કરીએ એ તો જિનમાર્ગના દ્વેષી થવા જેવું છે.

શંકાઃ- આ કાળ નિકૃષ્ટ (હલકો) છે, માટે ઉત્કૃષ્ટ અધ્યાત્મના ઉપદેશની મુખ્યતા કરવી યોગ્ય નથી.

સમાધાનઃ- આ કાળ સાક્ષાત્ મોક્ષ થવાની અપેક્ષાએ નિકૃષ્ટ છે; પણ આત્માનુભવનાદિ વડે સમ્યક્ત્વાદિ હોવાની આ કાળમાં મના નથી. માટે આત્માનુભવનાદિ અર્થે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવો. શ્રી કુન્દકુન્દાચાર્યદેવ રચિત મોક્ષપાહુડમાં કહ્યું છે કેઃ-

अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं ॥
लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुर्दि जंती ॥ ७७ ॥

અર્થઃ- આજ પણ ત્રિરત્નવડે શુદ્ધ આત્માને ધ્યાયી ઈન્દ્રપણું પામે છે, લૌકાંતિક (સ્વર્ગ) માં દેવત્વ પામે છે અને ત્યાંથી ચવી (મનુષ્ય થઈ) મોક્ષ જાય છે.

માટે આ કાળે પણ દ્રવ્યાનુયોગનો ઉપદેશ મુખ્ય જરૂરનો છે. [શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. પૃ. ૨૯૪-૨૯૫]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# બીજા ભાગની પ્રશ્ન-સૂચી


| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| (અ) | |
| અચેલપણું | ૨૧ |
| અજીવ તત્ત્વ સંબંધી ભૂલ | ૮ |
| અજ્ઞાનીને આસ્રવ તત્ત્વ સંબંધી શ્રદ્ધા | ૧૦ |
| અજ્ઞાનીને જીવાજીવ તત્ત્વનું શ્રદ્ધાન | ૯ |
| અઢાર દોષ | ૨૨ |
| અતિવ્યાપ્તિ દોષ | ૩૧ |
| અવ્યાપ્તિ | ૩૨ |
| અસંભવ | ૩૪ |
| અર્થનય | ૮૪ |
| અધ:કરણ | ૨૨૯ |
| અધ્યાત્મશાસ્ત્રોમાં નયોનું સ્વરૂપ | ૯૨ |
| અધ્યાત્મશાસ્ત્રોમાં વ્યવહારનયને અભૂતાર્થ કેમ કહ્યો? | ૯૦ |
| અનિવૃત્તિકરણ | ૨૩૧ |
| અનેકાન્ત | ૧૦૧-૫ |
| અનેકાન્ત અને નિરુક્તિ અર્થ | ૧૦૪ |
| અનેકાન્ત અને સ્યાદ્‌વાદ | ૬૭ |
| અનેકાન્ત શું બતાવે છે ? | ૧૧૩ |
| અર્પિત (મુખ્ય) અનર્પિત (ગૌણ) ના કથન દ્વારા અનેકાન્તનું સ્વરૂપ | ૧૧૫ |
| અપ્રમત્તવિરત ગુણસ્થાનનું સ્વરૂપ અને તેના ભેદ | ૨૧૬થી૨૧૯ |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| અપૂર્વકરણ | ૨૩૦ |
| અનુમાન | ૪૮ |
| અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય | ૭૪ - ૭૮ |
| અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય | ૭૮ - ૭૯ |
| અયોગી જિન ગુણસ્થાનક | ૨૩૬ |
| અલક્ષ્ય | ૩૩ |
| અવિનાભાવ સંબંધ | ૫૦ |
| અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન | ૨૧૩ |
| અસદ્ભૂત વ્યવહારનય | ૭૫ - ૭૬ |
| અસલી સુખ | ૧૯૩-૧૯૫ |
| અર્હન્તનું સ્વરૂપ | ૧૨ |
| અર્હન્તના ૪૬ ગુણ | ૧ ૩ ૧ ૬ |
| અર્હન્તના ચાર ગુણ આભ્યંતર | ૧૪ |
| અર્હન્તના ચાર ગુણ બાહ્યના | ૧૫ |
| અર્હન્ત ૧૮ દોષ રહિત છે તે દોષનાં નામ | ૨૨ |
| અર્હન્તના ૩૪ અતિશય | ૧૬ |

(આ)

| | |
|---|---|
| આગમ | ૨૩-૪૮ |
| આગમાર્થ | ૮૫-૮૬ |
| આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું સામાન્ય સ્વરૂપ | ૧૨ |
| આત્મા સ્વચતુષ્ટયથી છે, પરચતુષ્ટયથી નથી તે અનેકાન્ત સિદ્ધાંત ઉપરથી શું સમજવું ? | ૧૧૭ |
| આઠ મંગળદ્રવ્ય | ૧૬ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| આઠ પ્રાતિહાર્ય | ૧૭ |
| આધ્યાત્મિક દૃષ્ટિએ વ્યવહારનયો | ૭૯ |
| આવશ્યક | ૨૧ |
| આસ્રવ | ૩ |
| આસ્રવાદિ સંબંધી ભૂલ | ૮ |
| અસ્રવાદિ સાત તત્ત્વની સિદ્ધિ કઈ રીતે | ૪ – ૫ |
| આસ્રવના અભાવનો ક્રમ | ૧૬૮ |

(ઈ)

| | |
|---|---|
| ઈન્દ્રિયનિરોધ | ૨૧ |

(ઉ)

| | |
|---|---|
| ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય | ૭૭–૭૯ |
| ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય | ૭૩–૭૯ |
| ઉપશમ શ્રેણી | ૨૨૩ |
| ઉપશમ શ્રેણીના ગુણસ્થાનક | ૨૨૬ |
| ઉપશમમોહ ગુણસ્થાનક | ૨૩૩ |
| ઉપાદેય તત્ત્વો | ૬ |
| ઉપાદેય | ૧૭૩ |
| ઉપાધ્યાયના ૨૫ ગુણ | ૧૨–૨૦ |

(ઋ)

| | |
|---|---|
| ઋજુસૂત્રનય | ૯૯ |
| ઋજાુસૂત્રનય અને ભાવનિક્ષેપમાં અંતર | ૧૦૦ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | પ્રશ્નાંક |
| --- | --- |
| (એ) | |
| એક જ દ્રવ્યમાં બે વિરુદ્ધ ધર્મો કેમ? | ૧૧૬ |
| એવંભૂતનય | ૬૯ |
| (ઔ) | |
| ઔદયિક ભાવ | ૧૭૮ |
| ઔદયિક ભાવના ભેદ | ૧૮૪ |
| ઔદયિક ભાવો બંધનું જ કારણ છે ? | ૧૮૮ |
| ઔદયિક અજ્ઞાનભાવ અને ક્ષાયોપશમિક અજ્ઞાનભાવમાં ફેર | ૧૮૯ |
| ઔપશમિકભાવ | ૧૭૫ |
| ઔપશમિકભાવના ભેદ | ૧૮૧ |
| ઔપશમિકાદિ પાંચે ભાવ કઈ અપેક્ષાએ કહેવામાં આવ્યા છે ? | ૧૯૦ |
| (ક) | |
| કાળલબ્ધિ, ભવિતવ્ય (નિયતિ), કર્મના ઉપશમાદિ, પુરુષાર્થ-પૂર્વક ઉદ્યમ, આમાંથી કયા કારણ વડે મોક્ષનો ઉપાય બને છે ? | ૧૧૯-૧૨૨ |
| કારણવિપરીતતા | ૧૨૯ |
| કેવળજ્ઞાન સ્વને નિશ્ચયથી જાણે અને પરને વ્યવહારથી જાણે તેનો અર્થ | ૧૬૯ |
| (ગ) | |
| ગુરુનું સ્વરૂપ | ૧૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પ્રશ્ન | પ્રશ્નાંક |
| --- | --- |
| ગુણસ્થાન | ૨૦૩, ૨૦૫ |
| ગુણસ્થાનના ભેદ | ૨૦૪ |
| ગુણસ્થાન અનુસાર કોણ નિમિત્ત | ૨૦૬ |
| ગુણસ્થાન પહેલું | ૨૦૭ |
| " બીજું | ૨૦૮ |
| " ત્રીજું | ૨૧૨ |
| " ચોથું | ૨૧૩ |
| " પાંચમું | ૨૧૪ |
| " છઠ્ઠું | ૨૧૫ |
| " સાતમું | ૨૧૬ |
| " આઠમું | ૨૩૦ |
| " નવમું | ૨૩૧ |
| " દશમું | ૨૩૨ |
| " અગિયારમું | ૨૩૩ |
| " બારમું | ૨૩૪ |
| " તેરમું | ૨૩૫ |
| " ચૌદમું | ૨૩૬ |

(ચ)

| | |
| --- | --- |
| ચાર આભ્યંતર ગુણ | ૧૪ |
| ચારિત્રમાં સમ્યક્ શબ્દ શું સૂચવે છે ? | ૧૫૭ |
| ચારિત્રનું લક્ષણ (સ્વરૂપ) | ૧૬૭ |
| ચારિત્રમોહનીયના ઉપશમને તથા ક્ષયને | |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| આત્માના કયા ભાવ નિમિત્ત છે ? | ૨૨૮ |
| (છ) | |
| છ આભ્યંતર તપ | ૧૯ |
| છ આવશ્યક | ૧૮ |
| છ બાહ્ય તપ | ૧૯ |
| (જ) | |
| જગતમાં બધું ભવિતવ્ય (નિયતિ) આધીન છે તેથી ધર્મ થવાનો હશે તો થશે–એ માન્યતા ઠીક છે ? | ૧૨૩ |
| જીવને ધર્મ સમજવા માટે ક્રમ શું ? | ૧૪૩ |
| જીવ દ્રવ્યને સપ્તભંગીમાં | ૧૧૦ |
| જીવ અને શરીરમાં અનેકાન્ત | ૧૧૮ |
| જીવતત્ત્વ સંબંધી ભૂલ | ૮ |
| જીવનું ક્ષાયિકજ્ઞાન જે સર્વજ્ઞતાનો મહિમા કહો ! (પરિશિષ્ટ) | ૧૨૯ |
| જીવના અસાધારણ ભાવો | ૧૭૪–૧૮૦ |
| જિનદેવના સર્વ ઉપદેશનું તાત્પર્ય | ૧૬૪ |
| જિનમાર્ગમાં બે નયો ગ્રહણ કરવા કહ્યાનો અર્થ શું ? | ૧૫૪ |
| જૈનધર્મ શું છે ? | ૨૫ |
| જૈન શાસ્ત્રોમાં બંને નયોનું ગ્રહણ | ૮૩ |
| જ્યાં સુધી કર્મ માર્ગ ન આપે ત્યાં સુધી ધર્મ ન થાય? | ૧૨૫ |
| જૈને જાણવાથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય એવું પ્રયોજનભૂત | ૧૩૬ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| **(ત)** | |
| તર્ક | ૪૮ |
| તત્ત્વ | ૧–૨ |
| તત્ત્વાર્થસૂત્રમાં જે સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે તે નિશ્ચયસમ્યગ્દર્શનનું છે ? | ૧૬૧ |
| તત્ત્વાદિનો નિર્ધાર ન કરીએ તો ન ચાલે ? | ૧૩૭ |
| ત્રણ ગુપ્તિ | ૧૮ |
| તિર્યંચ અને કેવળી ભગવાનનું સમ્યગ્દર્શન સમાન જ છે? | ૧૬૨ |
| **(દ)** | |
| દર્શનમોહકર્મ ખસે નહિ ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય? | ૧૨૫ |
| દશ અતિશય (તીર્થંકરના જન્મથી) | ૧૬ |
| દશ અતિશય (કેવળજ્ઞાન ઉપજતાં) | ૧૬ |
| દ્રવ્યનિક્ષેપ | ૯૭ |
| દ્રવ્યલિંગી મુનિની ધર્મસાધનામાં અન્યથાપણું શું છે ? | ૧૩૩–૧૩૪ |
| દ્રવ્યાર્થિક નયનાભેદ | ૫૮ |
| દ્રવ્યાર્થિક નયના આગમ અપેક્ષાએ ભેદ | ૬૦ |
| દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષય | ૮૦ |
| દ્વિતીયોપશમ સમ્યગ્દર્શન | ૨૧૧ |
| દેવકૃત ૧૪ અતિશયો | ૧૨ |
| દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ | ૧૨ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| દેવાદિ તથા તત્ત્વાદિનો નિર્ધાર અત્યારે થઈ શકે ? | ૧૪૧-૧૩૭ |
| (ધ) | |
| ધર્મનું સ્વરૂપ | ૧૨ |
| ધર્મ સમજવા માટે ક્રમ | ૧૪૩-૧૪૪ |
| (ન) | |
| નયાભાસ | ૯૩ |
| નામનિક્ષેપ | ૯૫ |
| નિક્ષેપ | ૯૪-૯૮ |
| નિર્જરા | ૩-૧૯૯ |
| નિર્જરાતત્ત્વ સંબંધી ભૂલ | ૮ |
| નિયમસાર શાસ્ત્રમાં અરહંતાદિકનું સ્વરૂપ | ૧૨ |
| નયાર્થ | ૮૫ |
| નૈગમનય | ૬૧-૬૨-૯૯ |
| નય | ૫૩-૫૪-૯૩ |
| નયના બીજી રીતે કયા પ્રકાર છે ? | ૮૪ |
| નિશ્ચયનય | ૫૫-૫૭ |
| નિશ્ચયનય, વ્યવહારનયના ગ્રહણ-ત્યાગમાં વિવેક | ૮૧ |
| નિશ્ચયનયના આશ્રય વિના સાચો વ્યવહાર હોઈ શકે ? | ૮૮ |
| નિશ્ચય સમ્યગ્દર્શનના ભેદ | ૨૦૯ |
| નિશ્ચય અને વ્યવહાર-એમ બે પ્રકારે સમ્યગ્દર્શન છે? | ૧૫૧ |
| નિશ્ચય અને વ્યવહાર-એમ બે પ્રકારે સમ્યગ્દર્શન અને ચારિત્ર છે ? | ૧૫૨-૫૩ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| નિશ્ચય રત્નત્રયની પૂર્ણ એકતા એક સાથે છે ? | ૨૦૧-૨૦૨ |
| નિમિત્ત અને ઉપાદાન બંને ભેગા મળીને કામ કરે છે એમ માનવામાં શો દોષ ? | ૧૩૨ |
| (પ) | |
| પદાર્થોને જાણવાના કેટલા ઉપાય છે ? | ૨૬ |
| પર્યાયાર્થિકનય | ૫૯-૬૫ |
| પરોક્ષ પ્રમાણ | ૪૬-૪૭-૪૮ |
| પંચાધ્યાયી અનુસાર અધ્યાત્મનયો તથા નયાભાસોનું સ્વરૂપ | ૯૩ |
| પર્યાયમાં ક્રમબદ્ધ અને અક્રમબદ્ધ એવું અનેકાન્ત છે? | ૧૧૨ |
| પ્રથમોપશમ સમ્યગ્દર્શન | ૨૧૦ |
| પ્રયોજનભૂત તત્ત્વોને યથાર્થ જાણ્યે શું લાભ ? | ૧૪૨ |
| પ્રત્યભિજ્ઞાન | ૪૮ |
| પ્રમત્તવિરત નામે ગુણસ્થાનનું સ્વરૂપ | ૨૧૫ |
| પ્રમાણ | ૩૬,૩૮ |
| પ્રત્યક્ષ પ્રમાણ | ૩૯ |
| પ્રત્યક્ષ પ્રમાણના ભેદ | ૪૦ |
| પાંચ સમવાય | ૧૧૯ |
| પાંચેય સમવાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય | ૧૨૪ |
| પાંચ આચાર | ૧૮ |

| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| પાંચ ભાવોમાંથી કયા ભાવના આશ્રયે ધર્મની શરૂઆત અને પૂર્ણતા થાય ? | ૧૮૭ |
| પાપ | ૩ |
| પારમાર્થિક પ્રત્યક્ષ | ૪૨-૪૩ |
| પારિણામિકભાવ | ૧૭૯ |
| પારિણામિક ભાવના ભેદ | ૧૮૪ |
| પુણ્ય | ૩ |
| પુરુષાર્થથી જ ધર્મ થાય તો દ્રવ્યલિંગી મુનિએ મોક્ષ માટે ગૃહસ્થપણું છોડી ઘણો પુરુષાર્થ કર્યો છતાં તેને કાર્યસિદ્ધિ કેમ ન થઈ ? | ૧૨૭ |

(બ)

| | |
|---|---|
| બે વિરુદ્ધધર્મ સહિત વસ્તુ સત્યાર્થ હોય ? | ૧૦૩ |
| બંધતત્ત્વની ભૂલ | ૮ |
| બાહ્યસામગ્રી અનુસાર સુખ-દુઃખ છે ? | ૧૬૩ |

(ભ)

| | |
|---|---|
| ભાવિ નૈગમનય | ૬૨ |
| ભાવનિક્ષેપ | ૯૮ |
| ભાવાર્થ | ૮૫-૮૬ |
| ભેદાભેદ વિપરીતતા | ૧૩૧ |
| ભૂત નૈગમનય | ૬૨ |

(મ)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| મતાર્થ | ૮૫-૮૬ |
| મહાવ્રત | ૨૧ |
| મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ જીવના ધર્મસંબંધી વ્યવહારમાં શો ફેર ? | ૮૯ |
| મિથ્યા અનેકાન્ત | ૧૦૫-૧૦૬ |
| મિથ્યાદૃષ્ટિ જીવ સાત તત્ત્વો સંબંધી કેવી રીતે ભૂલ કરે છે ? | ૮ |
| મિશ્ર ગુણસ્થાન | ૨૧૨ |
| મુનિ (સાધુ) ના ૨૮ મૂળગુણ | ૨૧ |
| મોક્ષતત્ત્વ સંબંધી ભૂલ | ૮ |
| મોક્ષનું સ્વરૂપ | ૧૯૬ |
| મોક્ષની પ્રાપ્તિનો ઉપાય | ૧૯૭ |
| મોક્ષના ઉપાય માટે શું કરવું ? | ૧૨૬ |
| મોક્ષમાર્ગ માટે પ્રયોજનભૂત શું ? | ૧૩૬ |
| મોક્ષમાર્ગ નિરક્ષેપ છે | ૧૩૮-૧૩૯ |
| મોક્ષમાર્ગ ને સમ્યક્ અનેકાન્ત | ૧૪૦ |
| મોક્ષમાર્ગ એક છે કે વધારે ? | ૧૫૫ |

(લ)

| | |
|---|---|
| લક્ષણ | ૨૭-૩૫ |
| લક્ષ્ય | ૨૮ |
| લક્ષણાભાસ | ૨૯ |
| લક્ષણના દોષ | ૩૦ |
| લેશ્યા | ૧૮૫ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




પ્રશ્ન પ્રશ્નાંક

(વ)

વર્તમાન નૈગમનય ૨૨
વ્રત, શીલ, સંયમાદિ તો વ્યવહાર છે કે કેમ ? ૯૧
વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ ૪૪
વિપરીત અભિપ્રાય રહિત શ્રદ્ધાન કરવું કેમ કહ્યું ? ૧૫૯-૧૬૦
વ્યવહારનય ૫૬-૬૪-૯૨-૭૦
વ્યવહાર સમ્યગ્દર્શન તે કયા ગુણના પર્યાય ૧૬૬
વ્યવહારનય તે નિશ્ચયનયનું ફળ ૮૨
વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે? ૮૭
વ્યાપ્તિ ૪૯

(શ)

શબ્દનય ૬૭-૬૮
શબ્દાર્થ ૮૫-૮૬
શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિ પાળે તોપણ સ્વ-પરના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કેમ કરતો નથી ? ૧૨૮

(શ્ર)

શ્રેણી ને તેના ભેદ ૨૨૧-૨૨
શ્રેણી ચઢવાને પાત્ર ૨૨૦
શ્રેણી ચઢનાર ૨૨૫

(સ)


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| સકલ પારમાર્થિક પ્રત્યક્ષ | ૪૫ |
| સદ્ભૂત વ્યવહારનય | ૭ ૧ - ૭ ૨ |
| સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર પ્રગટ ન થવામાં નિમિત્ત-કારણ કર્મ છે માટે ધર્મ ન થવામાં જડ કર્મનો દોષ છે ? | ૧૩૫ |
| સમ્યગ્દર્શન બે પ્રકારે છે ? | ૧૫૧ |
| સમ્યગ્દર્શન થયા પછી દેશચારિત્ર કે સકળ-ચારિત્રનો પુરુષાર્થ ક્યારે પ્રગટે ? | ૧૪૯ |
| સમ્યગ્દર્શનમાં સમ્યક્શબ્દ શું બતાવે છે ? | ૧૫૬ |
| સમ્યક્ત્વ | ૧૪૬ |
| સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધા કેવી થાય છે ? | ૧૪૭ |
| સમ્યક્નય અને નયાભાસ (મિથ્યાનય) | ૯૩ |
| સમકિતી જીવ વિષયોમાં કેમ વર્તે છે ? | ૧૪૮ |
| સમ્યક્ અનેકાન્ત અને મિથ્યા અનેકાન્ત | ૧૦૫-૧૦૮ |
| સમ્યક્ચારિત્ર પ્રગટ કર્યા પછી ધર્મી જીવ શું કરે છે? | ૧૫૦ |
| સપ્તભંગી | ૧૧૦ |
| સર્વજ્ઞતાનો મહિમા | ૧૯૧ |
| સર્વજ્ઞનું લક્ષણ | ૨૪ |
| સંવર | ૩-૧-૯૮ |
| સંવર-નિર્જરાનો ઉપાય | ૨૦૦ |
| સંવર તત્ત્વ સંબંધી ભૂલ | |
| સંગ્રહનય | |
| સમભિરૂઢનય | ૩૮ |
| સમિતિ | ૨૧ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| સયોગી ગુણસ્થાનક | ૨૩૫ |
| સ્યાદ્વાદ | ૧૦૯ |
| સ્વરૂપ વિપરીતતા | ૧૩૦ |
| સ્વસ્થાન અપ્રમત્તવિરત (સાતમું ગુણસ્થાન) | ૨૧૮ |
| સ્મૃતિ | ૪૮ |
| સર્વ પ્રાણી સુખ ચાહે છે, તેનો ઉપાય કરે છે, છતાં કેમ પામતા નથી ? | ૧૯૨ |
| સાચા શાસ્ત્રનું સ્વરૂપ | ૨૩ |
| સાત તત્ત્વોની શ્રદ્ધામાં દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા | ૧૧-૧૪૫ |
| સાતિશય અપ્રમત્તવિરત (સાતમું ગુણસ્થાન) | ૨૧૯ |
| સાધન | ૫૧ |
| સાધકને અસ્તિ-નાસ્તિના જ્ઞાનથી શું લાભ ? | ૧૧૪ |
| સાંવ્યાવહારિક પ્રત્યક્ષ | ૪૧ |
| સાધ્ય | ૫૨ |
| સાધુનું સ્વરૂપ | ૧૨ |
| સ્થાપના નિક્ષેપ | ૯૬ |
| સિદ્ધનું સ્વરૂપ | ૧૨ |
| સિદ્ધ ભગવાનને કોઈ અપેક્ષાએ સુખ અને કોઈ અપેક્ષાએ દુઃખ પ્રગટે છે એવું અનેકાન્ત છે ? | ૧૧૧ |
| સુખનું સ્વરૂપ | ૧૯૩, ૧૯૪, ૧૯૫ |
| સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન | ૨૩૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| (હ) | |
| હેય તત્ત્વો | ૭, ૧૭૧ |
| હેય, જ્ઞેય, ઉપાદેય | ૧૭૦ |
| (ક્ષ) | |
| ક્ષપકશ્રેણી | ૨૨૪ |
| ક્ષપકશ્રેણીના ગુણસ્થાનક | ૨૨૭ |
| ક્ષાયિકભાવ | ૧૭૬ |
| ક્ષાયિકભાવના ભેદ | ૧૮૨ |
| ક્ષાયોપશમિકભાવ | ૧૭૭ |
| ક્ષાયોપશમિકના ભેદ | ૧૮૩ |
| ક્ષીણમોહ ગુણસ્થાનક | ૨૩૪ |
| (જ્ઞ) | |
| જ્ઞાનનય | ૮૪ |
| જ્ઞાનીને ઉપદેશ મળ્યા છતાં તત્ત્વનિર્ણયનો પુરુષાર્થ ન કરે, વ્યવહાર ધર્મકાર્યમાં પ્રવર્તે તો તેનું ફળ શું ? | ૧૬૫ |
| જ્ઞેય | ૧૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

| પ્રશ્ન | પ્રશ્નાંક |
|---|---|
| **(હ)** | |
| હેય તત્ત્વો | ૭, ૧૭૧ |
| હેય, જ્ઞેય, ઉપાદેય | ૧૭૦ |
| **(ક્ષ)** | |
| ક્ષપકશ્રેણી | ૨૨૪ |
| ક્ષપકશ્રેણીના ગુણસ્થાનક | ૨૨૭ |
| ક્ષાયિકભાવ | ૧૭૬ |
| ક્ષાયિકભાવના ભેદ | ૧૮૨ |
| ક્ષાયોપશમિકભાવ | ૧૭૭ |
| ક્ષાયોપશમિકના ભેદ | ૧૮૩ |
| ક્ષીણમોહ ગુણસ્થાનક | ૨૩૪ |
| **(જ્ઞ)** | |
| જ્ઞાનનય | ૮૪ |
| જ્ઞાનીને ઉપદેશ મળ્યા છતાં તત્ત્વનિર્ણયનો પુરુષાર્થ ન કરે, વ્યવહાર ધર્મકાર્યમાં પ્રવર્તે તો તેનું ફળ શું ? | ૧૬૫ |
| જ્ઞેય | ૧૭૨ |

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# આધારભૂત ગ્રંથોની યાદી

શ્રી જૈનસિદ્ધાન્ત પ્રવેશિકા
શ્રી લઘુ જૈનસિદ્ધાન્ત પ્રવેશિકા
શ્રી પરમાર્થવચનિકા
શ્રી જૈનસિદ્ધાન્તદર્પણ
શ્રી પ્રવચનસાર ગુજરાતી તથા હિન્દી
શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક-ગુજ.-હિન્દી
શ્રી બૃહદ્ દ્રવ્યસંગ્રહ
શ્રી મોક્ષશાસ્ત્ર-ગુજરાતી
શ્રી ગોમ્મટસાર જીવકાંડ-કર્મકાંડ
શ્રી પંચાધ્યાયી હિન્દી પં. ફૂલચંદજી ૧૩ મું
શ્રી પંચાધ્યાયી ગુજરાતી પૂર્વાર્દ્ધ-ઉત્તરાર્ધ ૭ મું
શ્રી આત્મધર્મ વીર સં. ૨૪૮૧
અંક ૧૨૦ આશ્વિન
શ્રી ચિદ્‌વિલાસ
શ્રી સમયસાર ગુજરાતી
શ્રી સમાધિશતક
શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા
શ્રી આત્માવલોકન
શ્રી દ્યાનતરાયકૃત જયમાલા
શ્રી સર્વાર્થસિદ્ધ
શ્રી તત્ત્વાર્થ રાજવાર્તિક ટીકા
શ્રી અર્થપ્રકાશિકા
શ્રી શ્રુતસાગરી ટીકા
શ્રી તત્ત્વાર્થ સૂત્ર અંગ્રેજી
શ્રી બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર
શ્રી આલાપપદ્ધતિ
શ્રી મોક્ષશાસ્ત્ર પં. પન્નાલાલજી